# સિધ્ધાંત સૂક્તિ

શ્રીમહાપ્રભુજી વિરચિત ષોડશ ગ્રન્થો પૈકી :
ભક્તિવર્ધિની, નવરત્ન, જલભેદ, સિધ્ધાંત મુક્તાવલી
આ ચાર ગ્રંથોમાની ઉક્તિઓ

**ગોસ્વામી શ્રીશ્યામમનોહરજી**
**(પાર્લા-કીશનગઢ)**

**:: પ્રકાશન એવં પ્રાપ્તિસ્થાન ::**
ષોડશગ્રંથ પ્રવચનમાલા સમિતી
(પ્રવિણ વી. ડઢાણીયા)
૨૧૪, અમરદીપ કોમ્પલેક્ષ, રજપુતપરા, રાજકોટ.
**મો. ૯૪૨૭૪૯૫૧૫૯**

પ્રથમ આવૃત્તિ : ૨૦૪૩
દ્વિતીય આવૃત્તિ : ૨૦૪૪
તૃતીય આવૃત્તિ : ૨૦૬૨, પ્રત ૨૦૦૦
ચતુર્થ આવૃત્તિ : ૨૦૬૮, પ્રત ૨૦૦૦

**નિ:શુલ્ક વિતરણાર્થ**
(પોસ્ટેજ-પેકેજિંગ્ : રૂ. ૫/-)

**મુદ્રક :** પૂર્વીપ્રેસ પ્રા. લીમીટેડ, રાજકોટ.

# પ્રાક્કથન

દિવ્ય રત્નો જેવા સિદ્ધાંતો, શ્રુતિ-સ્મૃતિ-સૂત્ર-પુરાણ આદિના સાગરનું મંથન કરનાર શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુ, શ્રીવિઠ્ઠલનાથ પ્રભુચરણ પ્રભૃતિ, પૂર્વાચાર્યોએ પ્રગટ કરેલા તે.

તેની ઉક્તિ, મહાપ્રભુવિરચિત ષોડશ ગ્રન્થો પૈકી ભક્તિવર્ધિની નવરત્ન, જલભેદ અને સિદ્ધાંતમુક્તાવલી ઉપરના સત્રોમાં સત્રાર્થિઓને અભ્યાસ કરાવતા તેમજ સત્રમાં મારી વાણીને પવિત્ર કરવા, પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણે પ્રેરી તે.

તેના સુસંકલન દ્વારા તેને સૂક્તિ તરીકે ચયન કરનાર સત્રાર્થી શ્રીમતી દક્ષાબેન. તેમજ પ્રેસકોપી તૈયાર કરનાર સત્રાર્થી પ્રિય ગોવિન્દભાઇ પુરુષોત્તમભાઇ વગેરે.

આવી રીતે 'સિદ્ધાંતસૂક્તિ' પ્રકાશનાર્થ તૈયાર થતાં તેને પ્રકાશિત કરાવનારા અમારા પિતૃચરણ નિ.લી.ગો.શ્રીદીક્ષિતજી મહારાજના કૃપાપાત્ર મનોહરભાઇ લિલ્સનવાલા તથા સત્રાર્થી પ્રિય ધનેશગુરુ.

પ્રકાશનકાર્યમાં પ્રુફરીડીંગ વિગેરે ભાંજગડથી મને મુકત રાખનાર સત્રાર્થી પ્રિય અંશુ તથા પ્રિય અસિત.

આમ આમાં જે કાંઇ સુંદર શુભ કે તાત્ત્વિક હોય તે ચોક્કસ મહાપ્રભુ પ્રભૃતિ પૂર્વાચાર્યોનું જ છે. પણ જે કાંઇ ત્રુટિપૂર્ણ અપસિદ્ધાંત કે અગડંબગડં બફાયું હોય તે બધું અમારું જ છે. અંતે જેવું હોય તેવું શ્રીમહાપ્રભુજીના ચરણારવિન્દમાં સદૈન્ય સોલ્લાસ સમર્પિત કરતા...

**અમે બધા**

**ષોડશ ગ્રંથસત્રાર્થિઓ**

ડોલોત્સવ, વિ.સં.૨૦૪૪

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | સિધ્ધાન્તસુક્તિ : ભક્તિવર્ધિની | ૦૧ |
| ૨. | સિધ્ધાન્તસુક્તિ : નવરત્ન | ૩૩ |
| ૩. | સિધ્ધાન્તસુક્તિ : જલભેદ | ૪૮ |
| ૪. | સિધ્ધાન્તસુક્તિ : સિધ્ધાન્ત મુક્તાવલી | ૬૪ |

।। શ્રીમદાચાર્ય ચરણકમલેભ્યો નમઃ ।।

।। શ્રીકૃષ્ણાય નમઃ ।।

# સિધ્ધાન્ત સૂક્તિ

## ભક્તિવર્ધિની

૧. શ્રીહરિરાયજીએ કહ્યું છે કે ભક્તના હૃદયમાં રહેલ ભગવત્પ્રેમ ભગવદ્રૂપ છે. તેથી પ્રભુ સ્થાયિભાવાત્મક છે અને સ્થાયિભાવ રસાત્મક હોવાથી પોતાના આધારપાત્ર એવા હૃદયની બહાર રહી શકતો નથી. આપ આગળ કહે છે કે હૃદયનો ભાવ એ લોકવેદાતીત પુરુષોત્તમ છે. જ્યારે હૃદયની બહાર રહેલ ભગવત્સ્વરૂપ લોકવેદ પ્રસિદ્ધ પુરુષોત્તમ છે. આમાં જાણવા જેવું એ કે આલંબન વિભાવ અને સ્થાયિભાવ આ બેમાં શ્રેષ્ઠ શું છે તે કહી શકાતું નથી. કેમકે કોણ કોને મહત્તા આપે છે તેના પર ન્યૂનાધિકપણાનો આધાર રહેલો છે. હકીકતમાં બાહ્ય રહેલ આલંબન વિભાવ (દા.ત. વીજળીનો બલ્બ) જ હૃદયમાં સ્થાયિભાવ (દા.ત. પ્રકાશ) ના રૂપમાં પ્રગટ થાય છે. તેથી બન્ને અભિન્ન છે.

૨. રૂમમાં અંધારુ હોય ત્યારે તેમાં રહેલ આસન, પુસ્તક, સોફા એકેના રંગ દેખાતા નથી પરંતુ બત્તી જોડવાથી દરેક વસ્તુના જુદા જુદા રંગ દેખાવા માંડશે. આ રંગ દેખાવાનું કારણ પ્રકાશ અને તે વસ્તુનો ખુદનો રંગ. કેવલ વસ્તુ સ્વભાવથી મહાનતા નથી આવતી કેવલ હૃદયની ભાવનાથી મહાનતા નથી આવતી, પણ બન્નેનાં સંયોજનને કારણે મહાનતા આવે છે.

૩. ભક્તિ એ કેવલ મનોવૃત્તિ નથી; પણ ભક્તિ એક સ્વતંત્ર રસ છે. મનોવૃત્તિ સ્થાયી અથવા તો અસ્થાયી પણ હોઈ શકે, રસ નહિ. કેમકે સ્થાયી મનોવૃત્તિને જ ‘રસ’ કહેવાય છે. રસ સ્થાયી હોય, પરિણામે જ્ઞાનાર્થ ભક્તિ અને મુકત્યર્થ ભક્તિ આપોઆપ રદ થઈ જાય છે. કારણ

જ્ઞાન અને મુક્તિ મળ્યા પછી ભક્તિ સંચારી બની જાય છે.

જે નાટયકારો ભક્તિને કેવલ મનોભાવ માને છે, તેનું કારણ આ કે તેઓને ભક્તિના રસ સાથે સ્નાનસૂતકનો સંબંધ નથી.

ચૈતન્ય સંપ્રદાય, આપણો સંપ્રદાય અને શંકરાચાર્યજીના પંથના મધુસૂદન સરસ્વતી વગેરે ભક્તિને સ્વતંત્ર રસ માને છે.

૪. જે રીતથી રસ પ્રગટ થાય છે અથવા જેના આલંબન ઉદ્દીપન કે સંચારી ભાવથી રસ પ્રગટ થાય છે; તેટલી ક્ષણ તે શૃંગાર રસ, હાસ્ય રસ કે કરૂણ રસની ઝલક દેખાડશે પણ અંતે તો તે આનંદ-આનંદ જ છે. બ્રહ્માનંદ નથી શૃંગાર, નથી હાસ્ય કે નથી કરૂણ રસ; પણ જ્યારે તે લોકમાં ક્ષુદ્ર અંશરૂપે પ્રગટ થાય છે ત્યારે તેણે શૃંગાર, વીર, હાસ્ય વગેરે કોઈ રંગ લીધો હોય છે. અંતે તો તે એક કેવળ આનંદ કે રસ જ છે.

૫. **ગુપ્તાનંદો યતો જીવા નિરાનંદં જગદ્યતઃ**
**પૂર્ણાનંદો હરિસ્તસ્માત્ જીવૈઃ સેવ્યઃ સર્વે સુખાર્થિભિઃ ।।**

આ સૃષ્ટિ જે રીતે પ્રગટ થઈ છે તે રીતમાં જીવમાં આનંદ કોઈક અંશે ગુપ્ત છે. જ્યારે કે જગતમાં આનંદ પૂરેપૂરો છુપાઈ ગયો છે. પણ હરિ પૂર્ણાનંદ છે. તેથી જેને જે સુખ જોઈએ તેને માટે હરિ જ સેવનીય છે. આનંદની અનુભૂતિ જડમાં નથી કારણ કે જડમાં તો ચેતન જ તિરોહિત છે. તેથી ચેતનની ભીતરનો આનંદ તો દેખીતી રીતે સાવ જ તિરોહિત થયો છે પણ જીવમાં આનંદ તિરોહિત છે તે સ્વરૂપતઃ તિરોહિત છે, ધર્મતઃ તિરોહિત નથી.

૬. શ્રીમહાપ્રભુજી કહેવા માંગે છે કે જે રીતે લાકડામાં અગ્નિ તિરોહિત છે તેવી રીતે જીવમાં આનંદ તિરોહિત છે. જ્યારે બહિઃસ્થિત અગ્નિ કાષ્ટના સંપર્કમાં આવે છે ત્યારે અંતઃસ્થિત અગ્નિ પ્રજ્વલિત થાય છે. પછી સમગ્ર કાષ્ટ અગ્નિમય થઈ જાય છે. (પથ્થરમાં અગ્નિ તિરોહિત ન હોવાથી તેને સળગાવી નથી શકાતો).

ભીતર સ્થિત અગ્નિ બહાર આવે છે અને લાકડું સળગવા માંડે છે. તે ક્યા રૂપમાં ? સ્થાયી ભાવના રૂપમાં, તેવી જ રીતે આલંબન વિભાવરૂપ આનંદમૂર્તિ શ્રીકૃષ્ણ જ્યારે જીવના સંપર્કમાં આવે છે ત્યારે તેનો ગુપ્તાનંદ પ્રગટ થાય છે અને તે જીવને આનંદમય બનાવે છે. લાકડું સળગવા માંડે પછી તે લાકડું ન કહેવાય, તે અગ્નિ જ કહેવાય. તેમ જીવનો ગુપ્તાનંદ પ્રજ્વલિત થાય છે ત્યારે તે ફક્ત જીવ નથી રહી જતો પણ આનંદરૂપ પણ બની જાય છે.

૭. 'કિરાતાર્જુનિયમ્' કાવ્યમાં ભીમે યુધિષ્ઠિરને કહ્યું કે તમે ભીના લાકડા જેવા છો તેથી દુષ્ટ દુર્યોધન તમારી ઉપર પગ મૂકે છે પણ તમારા અંદરનો ક્ષાત્ર અગ્નિ પ્રગટ કરો. પછી કોણ તમારી ઉપર પગ ધરશે ?

તેવી જ રીતે માયા કે સંસારનો પગ તમારા આત્મા પર ક્યાં સુધી? જ્યાં સુધી તમારા આત્મામાં આનંદાગ્નિ પ્રજ્વલિત થયો નથી, સળગતા લાકડા પર કોણ પગ મૂકી શકે ?

૮. એક જીવાત્મારૂપી લાકડું ભગવદ્ભાવની આનંદાગ્નિથી સળગતું હોય ત્યાં સુધી તેને સ્થાયી ભાવ કહેશું પણ તે લાકડાને પરિણામે આસપાસનું બધું જ સળગવા માંડે પછી તેને સર્વાત્મભાવ કહીશું.

૯. લૌકિક, અલૌકિક બંનેમાં મૂળભૂત ફરક એ છે કે લૌકિકમાં કોઈ વસ્તુ સ્થાયી નથી, બીજું લૌકિકમાં આલંબન વિભાવ અને સ્થાયી ભાવ એક થઈ શકતા નથી. લૌકિકમાં આલંબન વિભાવ હૃદયમાં ભીતર ન જઈ શકે પરંતુ અલૌકિકમાં આલંબન વિભાવ રૂપ પ્રભુ હૃદયમાં ભીતર પ્રવિષ્ટ થઈ શકે ભક્તિનાં રૂપમાં.

**દિલકે આઈનેમેં હૈ તસ્વીરે યાર,**
**જબ જરા ગરદન ઝુકાયી દેખલી.**

લૌકિકમાં જ્યારે કહીએ કે મેં કોઈને જોયો અને તેની તસવીર મારા હૃદયમાં સમાઈ ગઈ, અહીંયા લૌકિકમાં યારની તસવીર હૃદયમાં આવી શકે

પણ પાર ખુદ ન આવી શકે. પરંતુ પ્રભુ તો હૃદયમાં સાક્ષાત્ પ્રગટ થાય છે કારણ કે ધર્મ અને ધર્મી ઉભય રૂપ પોતે છે, પ્રકાશ અને સૂર્યની માફક. સ્નેહ, પ્રકાશ સ્થાનીય છે. પ્રભુ સૂર્ય સ્થાનીય છે.

૧૦. અંદરનો ભક્તિરસાત્મક સ્થાયીભાવ એ હૃદયના સામર્થ્યથી પ્રગટ નથી થતો પરંતુ પ્રભુને કારણે પ્રગટ થાય છે.

બ્રહ્માનંદ સ્વતઃ સિદ્ધ નથી પણ અંદર આવી રહ્યો છે, અને આવવાનું કારણ ? હૃદયની પાત્રતા–હૃદયની રસ ઝીલવાની પાત્રતાને કારણે આવે છે. પણ હૃદયના સામર્થ્યના આધારે રસ પ્રગટ નથી થતો.

૧૧. હૃદય એ દીવડો છે. બીજભાવ તેમાં રહેલું તેલ છે. જ્યોત એ સ્થાયી ભાવ છે. ઉદ્દીપન એ બહારની કોઈ જ્વાલા છે. ઉદ્દીપન આલંબન એ બહારનો દીવો છે. દીવો જ દીવાને જલાવે છે. જલતું તેલ જ હોય છે, વાટ નહીં, વાટ તો માત્ર ઈશારો છે. બીજભાવ જ દીપશિખા બની રહ્યો છે.

૧૨. જેમ તેલ વધારે તેમ જ્યોત વધુ પ્રજ્વલિત થાય; તેમ જેટલો અનુગ્રહ વધુ તેટલી ભક્તિ વધુ થાય છે.

૧૩. આપણી અંદર જ્યોત જગાડનાર જે બહારની જ્વાલા છે તે ઘણી વસ્તુ હોઈ શકે. પ્રભુની અપરોક્ષ લીલા, પ્રભુનું સ્વરૂપ, પ્રભુના ગુણ, શાસ્ત્ર, ગુરુ, ભગવદીયનો સંગ, સંસાર પ્રત્યેની અનાસક્તિ... આમાંની કોઈની પણ મદદથી ભીતરની જ્વાલા પ્રગટે છે.

૧૪. ઘણીવાર લૌકિકાસક્તિ દૂર થવાથી ભગવાનમાં અનન્યાસક્તિ પ્રગટ થઈ જાય છે. નંદદાસજી, રસખાનજી અને બિલ્વમંગળ આના ઉદાહરણ છે. આ પાત્રો તૈયાર જ હતાં રસ ઝીલવા માટે, જે કંઈ દૂરી હતી તે અન્યાસક્તિને કારણે જ હતી.

૧૫. પ્રભુ અગ્નિ છે, તેની ઉષ્ણતા અનુગ્રહ છે. પ્રભુ જેટલા નજીક આવતા જાય અથવા જીવ જેટલો પ્રભુની નિકટ જતો જાય તેટલી તેની ઉષ્ણતા

વધુ અનુભવાતી જાય. છેવટે ઉષ્ણતા એટલી વધે કે જીવ પ્રેમાગ્નિથી સળગી ઊઠે છે.

૧૬. હૃદય એ પાત્ર છે. તેમાં અનુગ્રહની વર્ષા થઈ રહી છે. વરસે છે ત્યાં સુધી અનુગ્રહ છે, પરંતુ નદી કે તળાવના પાત્રની માફક છલકાય છે અને વહે ત્યારે ભક્તિ બની જાય છે.

૧૭. વિપ્રયોગ, સ્થાયીભાવ પ્રગટ થયા પહેલાં પણ પ્રગટ થઈ શકે અને પછી પણ પ્રગટ થઈ શકે છે. વિપ્રયોગ એ સ્નેહનું થર્મોમીટર છે. તે સાધના નથી પણ સિદ્ધિ છે. વિપ્રયોગ થતો હોય એ ઘણી ઉંચી અવસ્થા છે. પણ આ તાપ ક્લેશનો માર્ગ છે માટે મોઢું વીલું કરીને ફરવાની જરૂર નથી. વિપ્રયોગ કરાતો નથી, થઈ જાય છે.

૧૮. સાચા ભક્તને સેવ્યની ચિંતા હોવી જોઈએ, સ્નેહની નહીં. સ્નેહની ચિંતા બતાવે છે કે ભક્તના મનમાં કોઈ ગણત્રી છે, વેપારી બુદ્ધિ છે.

૧૯. શ્રીઠાકોરજીની સેવા છોડીને ઘણાં વિપ્રયોગ કરે છે એ વિપ્રયોગ નથી. એક તો પતિને ધક્કા મારી બહાર કાઢો છો પછી કહો છો કે હું તમારા માટે વિપ્રયોગ કરીશ; આ સ્નેહ નથી, સ્નેહનું કૌભાંડ છે.

૨૦. ઘણા કહે છે કે પ્રભુકૃપા પ્રાપ્ત કરવા માટેની ભક્તિ તે પુષ્ટિભક્તિ છે, પરંતુ તે ખોટું છે. પુષ્ટિભક્તિ એટલે પ્રભુની કૃપાથી પ્રાપ્ત થતી ભક્તિ.

૨૧. વિપ્રયોગ કેવલ અનુભૂતિ નથી કે કેવલ વસ્તુસ્થિતિ પણ નથી, વ્યુચ્ચરણ પછી જે દૂરી થઈ છે તે દૂરી માનીએ તો જ વિપ્રયોગ થાય. જ્ઞાની બની જાઓ તો તે 'દૂરી' રહી જતી નથી.

૨૨. 'દૂરી' અનુભવ થવાનું કારણ ડીસ્ટન્સ (દૂરી) નથી પરંતુ તમારે અમુક જગ્યાએ ઉતાવળથી પહોંચવું છે કે નહિ તેના પર આધાર છે. પહોંચવાની જેમ ગતિ વધારીએ તેમ અંતર વધુ લાગે. ક્યાંક જલદી પહોંચવાની ક્યારેક ઉતાવળ હોતી નથી ત્યારે દૂરી દૂરી લાગતી નથી કારણ કે મનનો ભાવ ઠંડો પડી ગયો હોય છે.

૨૩. તાપ સહ્ય છે પરંતુ ક્લેશ અસહ્ય છે, તેમાં પરેશાનીનો ભાવ છે. તાપ-ક્લેશને કારણે જ્યારે પ્રભુમાં તન્મયતા થઈ જાય ત્યારે તે તન્મયતાને કારણે તેમાં આનંદની અનુભૂતિ થાય છે. તન્મયતાના અભાવમાં તાપકલેશ દુઃખાત્મક લાગે છે.

૨૪. પ્રભુના વિપ્રયોગમાં બે જાતની અનુભૂતિ થતી હોય છે; બાહોશ (અતન્મય) હોઈએ ત્યારે દુઃખાત્મક અનુભૂતિ થાય છે અને બેહોશ (તન્મય) હોઈએ ત્યારે સુખાત્મક અનુભૂતિ થાય છે. તાપકલેશ પહેલાં થાય છે. તે સાધન દશામાં થાય છે અને આનંદ ફલદશામાં થાય છે.

૨૫. ભક્તિશાસ્ત્ર, દર્શનશાસ્ત્ર અને રસશાસ્ત્રની વચ્ચે અવસ્થિત છે. તે બન્નેનાં સંમિશ્રણથી ખીલી રહ્યું છે. ભક્તિશાસ્ત્ર જીવનમાં પરમાત્માની રસાત્મક પ્રતિષ્ઠા કરવા માંગે છે. તેથી કીર્તનમાં કહ્યું છે કે ''જો પે શ્રીવલ્લભ પ્રગટ ન હોતે, ભૂતલ ભૂષણ વિષ્ણુ સ્વામી પથ શૃંગાર શાસ્ત્ર સબ રોતે...'' ઋષિઓએ કોઈ વાત એવી કરી જ નથી કે જેની કોઈ ઉદાત્ત ભૂમિકા ન હોય.

૨૬. ભક્તિ માટે ઘર છોડવાની છૂટ છે; આજ્ઞા નથી. જે દર્દી ઓછો માંદો છે, તેને ડોકટર કહે છે આમ પરેજી રાખશો તો દવા વગર પણ સારું થઈ જશે, (દવા ન લેવાની છૂટ છે) જ્યારે વધુ માંદા દર્દીને ડોકટર દવા લેવાની કડકાઈથી આજ્ઞા કરે છે. તેવી જ રીતે દઢ બીજભાવવાળા ઘર છોડશે ને શ્રવણ કીર્તન કરશે, તો પણ ભક્તિનો પ્રરોહ થઈ શકશે. અદઢ બીજભાવવાળાને શ્રવણ કીર્તન જ પર્યાપ્ત નથી, તેના કુમળા પાંગરતા છોડને ઘરરૂપી વાડ અનિવાર્ય છે.

૨૭. **પ્રશ્ન : સાંનિધ્ય સુખ અને તત્ સુખ બે અલગ છે ?** .... શ્રીમહાપ્રભુજી કહે છે કે શરૂઆતમાં ભોગ્ય બનીને ચાલો, ભોક્તા પછી બનજો. તમારા ભોકતૃભાવને ભક્તિના રેપર(આવરણ)માં છુપાવીને પ્રભુને ગીફ્ટ(ભેટ) આપજો. આ ગીફ્ટ પ્રભુ ખોલે તેમાં જ તેની મજા છે, તેની ડીસેન્સી છે. અને તમારી ડીગ્નીટી છે. દા.ત. ઘણાં લગ્નમાં પોતે

જ ગીફ્ટ ખોલે છે અને તે સાથે ફોટો પડાવે છે. આમાં પરણનાર દંપતી પ્રત્યે તત્ સુખનો ભાવ નથી, પરંતુ પોતાના અહ્મની પુષ્ટિનો ભાવ છે.

૨૮. આપણા આલંબન વિભાવ પ્રભુ છે, સેવા નથી. ભક્તિ સેવાત્મિકા હોય ત્યારે આલંબન વિભાવ પ્રભુનું સેવ્ય સ્વરૂપ છે; અને જ્યારે ભક્તિ કથાત્મિકા હોય ત્યારે પ્રભુનું શ્રાવ્ય સ્વરૂપ આલંબન વિભાવ બને છે.

૨૯. સેવાને જો આલંબન વિભાવ બનાવવામાં આવે તો સેવા એક કર્મકાંડ બની જાય. અર્થઃ સેવા એક કર્તવ્ય બની જાય, ભક્તિ હોય કે ન હોય, એટલે આપણે સેવાના ભક્ત નથી પરંતુ સેવ્યના ભક્ત છીએ. સેવા અને તેની વિધિનો જેને અત્યાગ્રહ છે તેણે સેવાની વેલ્યુ માની છે; સેવ્યની નહીં.

**''દિલ હૈ કદમોં પે કિસી કે સિર ઝુકા હો યા ન હો**
**બંદગી હૈ અપની ફિતરત અબ ખુદા હો યા ન હો''**

૩૦. ઘણા કહે છે કે સેવા-ભક્તિ એ આપણું કર્તવ્ય છે તેથી કરવી જોઈએ, પણ આ તો ક્રૂરતા છે પ્રભુ પ્રત્યેની. આ તો આના જેવું છે કે વધુ વરને કહે છે કે મને તારા માટે સ્નેહ નથી, કે નથી સાથે રહેવાની ઈચ્છા. માત્ર આદર્શ વૈવાહિક સંસ્થાના રક્ષણ ખાતર તારી સાથે પરણું છું, અથવા તો પંચયજ્ઞમાંનો એક યજ્ઞ પશુપંખીને ચણ નાખવું એ છે અને તે કર્તવ્યને નભાવવા પક્ષીને પાંજરામાં પૂરો તેના જેવું છે.

તમારું કર્તવય એ તમારો હેડેક (દુખાવો) છે. તેને માટે પ્રભુને તમારી સાથે રહેવા શા માટે ફરજ પાડો છો ?

૩૧. જાહેરસભામાં સાંભળવા જનાર ઘણાને વિષય કરતાં વક્તા અને તેની વક્તૃત્વશક્તિમાં વધુ અભિરુચિ હોય છે. વક્તા વિદ્વાન હોય પણ છટાદાર બોલવાની શક્તિ જો ન હોય તો તેની પાસે સિદ્ધાંત સમજવા જનાર ઓછા હોય છે.

૩૨. શ્રવણ અને કીર્તન બન્ને જોડલાં છે. સાંભળવાની ટેવ હોય પણ તેને કીર્તન કરવાની વૃત્તિ ન જાગે તો કાંઈક ગરબડ છે અને કીર્તન કરનારને

સાંભળવાની પરવા ન હોય તો તેની અહંતા-મમતા ક્યાંય છલ કરી રહી છે. (અમુક ઘરાનાનો સાંભળવાની વૃત્તિવાળાને વિષયનો આગ્રહ નથી.) અહંતા-મમતાને સાણસામાં પકડવા શ્રવણ-કીર્તનનું જોડલું છે. (કીર્તન એટલે રાગ-રાગીણી ગાવા નહીં પણ તેના ભાવમાં રહેવું, અંદર પણ લેવું અને બહાર પણ કાઢવું)

૩૩. જ્યાં રમણ થાય, મન રમી જાય, તે રતિ.

૩૪. ષોડશગ્રંથોમાં સર્વ વાત આધુનિકો માટે જ છે કારણ કે ઉપદેશાત્મક છે. પણ સુબોધિનીમાં તેમ નથી, કારણ ઘણાં વચનો વ્યાખ્યામુદ્રામાં છે. ષોડશગ્રંથમાં વાંચનારને પકડવામાં આવે છે, સુબોધિનીમાં ફક્ત દેખાડવામાં આવે છે કે લેવાનો અધિકાર હોય તો લ્યો, નહિંતર છોડી દો.

૩૫. માર્ગમાં ૯૯ ટકા લોકોનાં મનમાં એ ભાવ છે કે માર્ગનો પ્રચાર થવો જોઈએ. સંપ્રદાયના પ્રચાર માટે મંદિર બનાવવા એ શ્રીઠાકોરજીને તમે પ્રચારનું સાધન બનાવી રહ્યા છો, જે શ્રીઠાકોરજી જગન્નિયંતા છે. માર્ગ શ્રીઠાકોરજી માટે છે, શ્રીઠાકોરજી માર્ગ માટે નથી. માર્ગ રહ્યો તો પણ શું અને ન રહ્યો તો પણ શું ? અત્યાર સુધી અનેક માર્ગ લુપ્ત થઈ ગયા છે. માલીકથી ઘરકામ કરાવીને માલીકની નોકરી કરવા જેવી બાલિશતા આનુ નામ છે. એટલે સ્વમાર્ગનો પ્રચાર સ્વમાર્ગીય બીજભાવવાળા જીવો માટે થવો જોઈએ, અને તે સેવાના કે સેવ્યના જાહેર પ્રદર્શનથી નહિ પણ સિલ્દ્ધાંતના ઉપદેશથી, સત્સંગથી અથવા બીજી રીતે કહું તો ભગવત્કૃપાલબ્ધ આપણા પુરુષાર્થથી જ, ભગવત સ્વરૂપના મનોરથોના, ભક્તિના પ્રદર્શનના ભૂંડા ભવાડા દ્વારા નહીં.

૩૬. સ્વતંત્ર પુરુષાર્થના રૂપમાં ભક્તિ થવી જોઈએ, આવી ભક્તિનો આનંદ જ એવો છે કે તેને માણનારો પુરુષાર્થોને ઠુકરાવી દે છે. મનોરથીઓ લાડુ માટે કે પ્રતિષ્ઠાની કામના માટે, મુખિયા ભીતરીયા પૈસા માટે, મહારાજો કદાચ સંપ્રદાયના પ્રચાર માટે પણ ભક્તિ કરતા હોય તો આવી ભક્તિમાં મસ્તી ન જ આવી શકે.

૩૭. જો યોગ્ય ગુરૂ ન મળે તો શ્રીમહાપ્રભુજીમાં ગુરુબુદ્ધિ રાખવી, પોસ્ટઓફીસ દ્વારા પત્ર કે મનીઓર્ડર મોકલીએ છીએ ત્યારે પોસ્ટમેનને ભરોસે નથી મોકલતા પરંતુ પોસ્ટ ઓર્ગેનીઝેશન સદ્ધર છે માટે મોકલીએ છીએ.

૩૮. પુષ્ટ કરવાનો અર્થ શું ? પુષ્ટ કરવાથી તેમાં ભગવાન ઘૂસી નથી જતા, તે ભગવાન તો સર્વત્ર છે જ, પરંતુ પુષ્ટ કરવાનો અર્થ શ્રીઆચાર્યચરણને અભિપ્રેત ભાવાત્મકતાના અનુસંધાન સાથે પ્રભુમાં સેવ્યભાવના કરવી.

૩૯. સેવામાં આત્મકેન્દ્રતા નથી, સેવ્યકેન્દ્રિતતા છે.

૪૦. શાસ્ત્રમાં કહ્યું છે કે દેવતાઓને તેનો હિસ્સો, કર આપી દીધા પછી તેની સાથે ભાવાત્મક સંબંધ બાંધવાની જરૂર નથી, દેવતાઓ સાથે લેન-દેનનો જ સંબંધ હોય. જેવી રીતે ધંધાકીય સંબંધોમાં કામની વાત પત્યા પછી કોઈ કારણ વગર ગપશપ કરતું નથી.

૪૧. સેવામાર્ગમાં પ્રભુ કરેલા કર્મને ધ્યાનમાં લેતા નથી, પણ કર્મ કરવાના હેતુ રૂપ હૃદયમાં નીતરતા ભાવને ગ્રહણ કરે છે.

૪૨. શ્રીમદ્ ભાગવતમાં શ્રીઠાકોરજીના શૃંગારનું "બર્હાપીડમ્..." શ્લોકમાં વર્ણન છે પણ તે અનુસાર આપને ક્યાં શણગાર ધરાવીએ છીએ ? શ્રીઠાકોરજી કમ્બલ ઓઢતા પરંતુ તે પણ આપણે ધરાવતા નથી કારણ કે આપણે શ્રીમહાપ્રભુજી નિર્દિષ્ટ ગૃહસેવાનો પ્રકાર અપનાવ્યો છે. ગૌચારણ લીલાને પણ સેવામાં વર્ણવવામાં નથી આવી. સંપૂર્ણપણે શ્રીમદ્ભાગવતને આધારે સેવાપ્રકાર ઘડી જ ન શકાય.

૪૩. મનોરથમાં સજાવટ કરવામાં કેટલા કલાક થાય, પણ શ્રીઠાકોરજી તેમાં અડધો કલાક બિરાજે, આમાં કેટલી મહેનતના બદલામાં કેટલો લાભ મળ્યો એવી જમા-ખર્ચની ગણતરી કરતાં સેવાનો ભાવ ખંડિત થઈ જાય.

મહેમાન આવવાના હોય તેમને માટે જમણની તૈયારી સવારથી કરીએ, તેઓ જમે માત્ર અડધા કલાકમાં, એવરેસ્ટ ચડતા કેટલા દિવસ

લાગે; પણ ત્યાં પહોંચીને ઝંડો રોપવાનું કામ તો દશ મિનિટમાં થઈ જાય.

આની પાછળ સમય, મહેનત અને પૈસાની ગણતરી કરશો તો તમે ખોટમાં જ છો. પરંતુ આવા દરેક મનોરથ પાછળ કિંમત છે તમારા ભાવની, તમારા ઉત્સાહની.

''સમય બહુ કિંમતી છે, તેને બરબાદ ન કરવો'' સમયની દરેક ક્ષણો ધંધાકીય દષ્ટિએ જોવી, કેટલી મહેનત, કેટલા લાભની ગણત્રી કરવી એ સુવિચાર પશ્ચિમની દેન છે. આમાં મજા કેટલી લઈએ છીએ તેનો વિચાર નથી.

પાનાં રમવાં, ફરવું, સિનેમા-નાટક આદિ મઝાના દરેક કામમાં સમય 'બરબાદ' કરવો જ પડે છે. સેવામાં પણ આ દષ્ટિએ સમય 'બરબાદ' કરવો જ પડે.

૪૪. જે સેવામાં ભાગ લેવાનો અધિકાર ન હોય તે સેવામાંથી આપણે વિસર્જિત થઈ જઈએ છીએ. શયન પછી પંખા આદિની સેવા કરવા આપણે બેસતા નથી તેથી પંખો માત્ર ધરવામાં આવે છે.

૪૫. જ્યારે શ્રીમહાપ્રભુજી સ્વરૂપ પધરાવી આપતાં ત્યારે કહેતાં કે ''મેં તોકું અપનો સર્વસ્વ પધરાય રહ્યો હું'' ફક્ત એમ નહોતા કહેતાં કે હું શ્રીગોપીજન વલ્લભ કે યશોદાત્સંગલાલિત પધરાવી આપુ છું. તેથી જે ભાવ શ્રીઆચાર્યચરણે સેવ્યની બાબતમાં બતાવ્યો તેવા સેવ્યના આપણે સેવક છીએ.

૪૬. સેવા કરનાર વ્યક્તિના મૃત્યુ પછી તેમના પરિવારના સભ્યો સેવા કરવા ઈચ્છે તો તેમણે પુષ્ટ કરાવવાની જરૂર નથી પણ માત્ર ગુરુની આજ્ઞા લેવાની જરૂર છે. અને આજ્ઞા શબ્દથી ભડકવાની જરૂર નથી, આ તો સામાન્ય વિવેક છે. કીર્તનીયા વસંત ઋતુ પહેલા વસંત બહાર ગાવાની બાલક પાસે આજ્ઞા લે છે. વર્ષાઋતુ પહેલાં મલ્હાર ગાવાની આજ્ઞા લે છે. પંગતમાં પ્રથમ જમી રહ્યા હોઈએ તો ઉઠવાની બાજુવાળા પાસે આજ્ઞા

લેવાય છે. શત્રુ લડતાં પહેલાં શત્રુની આજ્ઞા લે છે. આજે આવી નાની નાની વાતો માટે આજ્ઞા લેવી તે વિવેક નહીં પણ પરતંત્રતા લાગે છે. કારણ ચોમેર સ્વચ્છંદતાની હવા ફેલાયેલી છે.

૪૭. **અનુગ્રહ રુચ્યા અનુમેયઃ**

અનુગ્રહ કે જે ભક્તિનું બીજ છે, તેનું અનુમાન કેમ થાય ? રુચિથી, તે અનુગ્રહ માપવાનું થર્મોમીટર છે.

(જો રુચિ વગર સેવા કરી રહ્યા છો, (વડીલના ડરથી, દેખાદેખીથી, વૃત્યર્થ, ઈચ્છાપૂર્તિ માટે) તો તે સેવા તમારા નાશનો હેતુ બનશે)

વિચારો કે જે સેવા, ભાવસિધ્ધિ, ચિત્તપ્રવણતાના હેતુરૂપ છે તે જ તમારા નાશનાં કારણરૂપ છે. જેટલું નુકશાન તમને સંસારાસક્તિ નહીં કરે તેટલું નુકશાન તમને રુચિ વગરની સેવા કરશે. તેથી શ્રીમહાપ્રભુજી કહે છે ‘‘ભકત્યભાવે તુ તીરસ્થૌઃ યથા દુષ્ટૈ સ્વકર્મભિઃ અન્યથાભાવમાપન્નો તસ્માત્ સ્થાનાચ્ચ નશ્યતિ’’

૪૮. પહેલા શ્રીમહાપ્રભુજી જ્યારે સેવકને સ્વરૂપ સેવા પધરાવી આપતા ત્યારે બન્નેમાં કૃતજ્ઞતાનો ભાવ રહેતો.

આજે સંપ્રદાય માત્ર સિધ્ધાંતો પર ટકી રહ્યો છે. બાલક કે વૈષ્ણવ કોઈનામાં કૃતજ્ઞતાનો ભાવ નથી, પહેલા જેવા ઘનિષ્ઠ સંબંધ નથી, સંબંધની ગરિમા નથી. તેથી જ આચાર્યશ્રીના ભાવથી સ્વરૂપ પધરાવીએ છીએ, અને ગુરુભાવ આચાર્યશ્રીમાં જ સ્થાપિત કરીએ છીએ.

૪૯. ભક્તિશાસ્ત્રની દૃષ્ટિએ મુક્તિ એ ‘‘એનેસ્થેસિયા’’ જેવી છે. તેમાં દુઃખની અનુભૂતિ નિવૃત્ત થાય છે. પ્રલયમાં પ્રભુ મુક્ત કરે છે અને લય દ્વારા આપણે મુક્ત થઈએ છીએ. સૃષ્ટિ તો યથાવત્ એમ જ રહે છે.

કૃષ્ણ જ્યારે આત્મરમણ કરે છે ત્યારે સર્વના દુઃખની નિવૃત્તિ થાય છે. જ્ઞાનીની તેમાં કોઈ ‘‘મોનોપોલી’’ નથી રહેતી.

૫૦. ભક્ત, જ્ઞાની અને અજ્ઞાનીની વચ્ચે છે. બ્રહ્મજ્ઞાનની અવસ્થામાં સૃષ્ટિની બ્રહ્મ સાથેની મૌલિક એકતાની જ અનુભૂતિ થાય છે. અજ્ઞાનીની અવસ્થામાં ફક્ત અનેકતાની જ અનુભૂતિ થાય છે. બન્ને પાર્શીયલ (આંશિક) અનુભૂતિ છે. ભક્ત એકતાને જાણ્યા પછી અનેકતાને ધિક્કારતો નથી, અને અનેકતાને માણવા છતાં એકતાને ભૂલતો નથી.

૫૧. સંપ્રદાયમાં વૈષ્ણવો શ્રીમહાપ્રભુજીની નિધિને વધુ માને, શ્રીગુસાંઈજીની નિધિને તેથી ઓછી પાવરફુલ માને, આવો ગ્રેડેશનનો ભાવ કેમ જાગ્યો ? જો એમ હોત તો શ્રીગુસાંઈજીની નિધિ સામે બ્રહ્મસંબંધ થાત જ નહીં. શ્રીમહાપ્રભુજી જેને ખુદ પુષ્ટ કરે અથવા તો જેને પોતાના વંશજોને ઈન્સ્ટ્રુમેન્ટ બનાવી પુષ્ટ કરે તેમાં કાંઈ ભેદ નથી. જે કંઈ ભેદ હોય તે કેલેન્ડરનો જ ભેદ છે. નિધિનું મહત્વ માત્ર ઐતિહાસિક દષ્ટિથી જ છે. તેમાં પુરુષોત્તમભાવનું મહત્વ નથી.

શ્રીમહાપ્રભુજીની નિધિ પ્રાપ્ત થઈ શકે પણ ‘‘આ મહાપ્રભુજીનું હૃદય સર્વસ્વ છે’’ તે ભાવ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તેની શું કિંમત.

શ્રીમહાપ્રભુજી તો ભૂતળ ઉપર ૫૨ વર્ષ જ બિરાજ્યા પણ તેમની શક્તિને તેટલાં વર્ષો પૂરતી મર્યાદિત ન માનવી. જો આમ જ હોય તો ૫૦૦૦ વર્ષ પહેલાંના શ્રીકૃષ્ણ અને હાલના શ્રીકૃષ્ણમાં ભેદ આવશે. પ્રત્યક્ષ અને પરોક્ષમાં ભેદ કરવો એ કેટલી ક્રૂરતા છે.

૫૨. આપણે શ્રીમહાપ્રભુજીની કાનિથી જગાવીએ છીએ, ભોગ ધરીએ છીએ; તો તે આપણે નથી ધર્યો, શ્રીમહાપ્રભુજીએ ધર્યો છે, વ્રજભક્તોએ ધર્યો છે. તેથી કદાચ હું માનસિક અસ્વસ્થતાથી સેવા કરું તો પણ શ્રીઆચાર્યચરણના ભાવથી પ્રભુસેવા ગ્રહણ થશે ને તે વિચારથી કેટલી ભાવસ્વસ્થતા આવે !

૫૩. જે શ્રીમહાપ્રભુજીનું હૃદય સર્વસ્વ છે તેની સાથે આપણો સંબંધ માત્ર સેવકનો જ છે, બીજો નહીં. સેવકપણું સ્થાયી ભાવ છે. સખ્ય, શૃંગાર એ સંચારી ભાવ છે. તેનાથી ભાવને નુકશાન ન થવું જોઈએ. (સેવક

સખ્યપણું નિભાવી શકે પણ સખા નથી બની શકતો). આપણે શુદ્ધ સેવક જ છીએ. તેની ડીસેન્સી નભે ત્યાં સુધી બીજા સર્વ ભાવો ચાલી શકે.

૫૪. બધી સેવા આપણે ક્યાં કરીએ છીએ ? અનોસરમાં સેવા વ્રજભક્તો અને સ્વામિનીજી કરે છે.

૫૫. પોતાની શક્તિ અને ભાવની મર્યાદામાં રહીને સેવા પ્રકાર ગોઠવવો. ભાવના વેગથી વધુ સેવા કરવા જતાં ટેન્શન થાય છે. અને સેવા નિરસ બની જાય છે.

૫૬. વાર્તામાં છે કે અનોસર કર્યા પછી વૈષ્ણવો આવે તો શ્રીઠાકોરજીને જગાડી શકાય છે અને વૈષ્ણવોને પ્રસાદ લેવડાવી શકાય છે. (જો પ્રસાદ પડયો હોય તો શ્રીઠાકોરજીને શ્રમ ન આપવો).

૫૭. એક જ સમયની સેવા કરતાં હોઈએ તો સાંજે સવારનો પ્રસાદ લેવો પણ અસમર્પિત ન લેવું. એક જ સમયની સેવા કરતાં હોઈએ તો કોઈ વાર સાંજે (ઉત્સવ અથવા ગ્રહણમાં) ફરીથી જગાવી શકાય.

૫૮. અનુગ્રહ અને ભક્તિ એક જ સાયકલનાં બે ભાગ છે. પ્રકાશ પડે તે અનુગ્રહ. રીફલેક્ટ થાય તે ભક્તિ. સમુદ્રમાંથી જળ ઉપર ચડી મેઘ બને તે અનુગ્રહ, વરસીને સરિતા બની સમુદ્રને મળે તે ભક્તિ. આમ માત્ર દિશા જ જુદી છે, સાયકલ એક જ છે.

૫૯. બાળક બાપની નકલ કરે છે પણ મોટો થયા પછી તે નકલ નથી કરતો; તેમ ભક્તિ પ્રાપ્ત નથી ત્યાં સુધી ભક્તિના મનોરથ, પ્રાપ્ત થયા પછી તો ભગવાનના જ મનોરથ.

૬૦. અહીં જે મનોરથની ચર્ચા છે તે કાંઈ લૌકિક-વૈદિક કામનાની પૂર્તિના મનોરથની ચર્ચા નથી. સુસાધન જપતપ સ્વાધ્યાયથી પ્રાપ્ત થતાં ફળનાં મનોરથ કે દુષ્ટસાધન કામ ક્રોધના ફળથી બચવાના મનોરથની ચર્ચા નથી, પણ અહીં તો માત્ર પ્રભુ સંબંધિત, ભક્તિ સંબંધિત મનોરથની ચર્ચા છે.

૬૧. દુનિયામાં કોઈ સંપૂર્ણ જ્ઞાની કે સંપૂર્ણ મૂર્ખ નથી. દરેક જ્ઞાની એટલાનો જ જ્ઞાની કે જેટલું તે જાણી રહ્યો છે. દરેક જ્ઞાની કોઈથી ગૌણ, કોઈથી મુખ્ય હોય છે. ગૌણ મુખ્ય ભાવ એ એબ્સોલ્યુટ નથી.

તેવી જ રીતે સેવામાં સ્નેહ મુખ્ય છે તે એબ્સોલ્યુટ સ્ટેટમેન્ટ નથી પણ કન્ડીશન્ડ સ્ટેટમેન્ટ છે. કારણ ?

અતિસ્નેહ હોય પણ સેવા ન કરે તો સ્નેહ ગૌણ થઈ જાય, સ્નેહ+સેવા હોય પણ શ્રીઆચાર્યચરણની પ્રણાલી પ્રમાણે ન હોય તો સ્નેહ+સેવા પણ સંપ્રદાયમાં મુખ્ય નથી.

જેવી રીતે શેરડીનાં પાંદડાં પ્રકાશ ગ્રહણ કરે છે અને મૂળ જલને ગ્રહણ કરે છે. પાંદડાં અને મૂળ બંને અગત્યનાં છે. પ્રકાશને મુખ્ય ગણો તો પાંદડાં મુખ્ય છે અને જલને મુખ્ય ગણો તો મૂળ મુખ્ય છે.

આમ સેવ્યસ્વરૂપ અને લીલાકથા, એકબીજાથી મુખ્ય છે અને ગૌણ પણ છે. સેવા માટે સેવ્ય મુખ્ય અને સ્નેહ માટે લીલા મુખ્ય છે.

૬૨. મા-બાપ સંતતિની સેવા કરે તેમાં ભક્તિ કયાં છે ? મિત્ર મિત્રની સેવા કરે, મનુષ્ય જાનવરની સેવા કરે, તેમાં ભક્તિ ક્યાં છે ? (સિવાય કે જાનવરમાં તેને પરમાત્માનો ભાવ હોય) પૂર આવ્યા હોય, ધરતીકંપમાં, દયાળુ લોકો દીનની સેવા કરે તેમાં ભક્તિ ક્યાં છે ?

૬૩. શરણમાર્ગમાં ભક્ત કેવલ પ્રભુ પર અવલંબિત રહે છે; સાધન પર આધાર નથી રાખતો, ભલે કદાચ સાધનનો સહારો પણ અમુક અંશે જરૂરી હોય. જેવી રીતે બાળક માતા પર જ આધાર રાખે છે, ભલે તે જોતું હોય કે ઘરમાં મુખ્ય કર્તાહર્તા પિતા જ છે. પિતા (સાધન) પાસેથી પણ કંઈક મેળવવું હોય તો તે માતા દ્વારા જ મેળવશે.

૬૪. જે કેવળ સ્વરૂપાશક્તિથી પ્રભુનું અવલંબન કરે છે તે ઉત્તમ ભક્ત છે. જે માહાત્મ્યજ્ઞાનથી પ્રભુનું અવલંબન કરે છે તે મધ્યમ ભક્ત છે.

જે પોતાના સાધનો વિફલ જવાથી પ્રભુનો આધાર લે છે તે તેનાથી

ઉતરતી કક્ષાનો ભક્ત છે અને જે પોતાના કોઈ હેતુ માટે પ્રભુનો આધાર લે છે તે કનિષ્ઠતમ ભક્ત છે.

૬૫. ફક્ત શરણાગતિ ભક્ત માટે કલ્પવૃક્ષ નથી પણ ભક્તિ જ કલ્પવૃક્ષ છે. ભક્તના મનોરથો ભક્તિથી જ પૂર્ણ થાય છે શરણાગતિથી નહિ. શરણાગતિના ઉદ્યાનમાં ભક્તિનું કલ્પવૃક્ષ છે.

૬૬. પુષ્ટિથી લભ્ય ભક્તિ જ પુષ્ટિભક્તિ છે. જે સાધનો છે તે અંતરાય દૂર કરવાના નેગેટીવ ઉપાય હોઈ શકે પણ પોઝીટીવ ઉપાય નથી જ.

જેવી રીતે ઘઉંનો દાણો જમીનમાં વાવ્યો છે તો તેમાંથી અંકુર ફૂટશે જ પણ તેને કીડા કે ઉંદરો ખાઈ ન જાય માટે જે ઉપાયો કરવા પડે છે તેવાં આ સાધનો છે.

તેવી જ રીતે વૈદિક કર્મ અને વર્ણાશ્રમ ધર્મની વાડમાં રહીને ભક્તિ કરવાથી ભક્તિના કુમળા અંકુરને કોઈ વિપરીત ભાવ નુકશાન નહિ કરે.

૬૭. જો ભક્તિ હૃદયમાં છે તો ભક્તિના મનોરથનો પ્રશ્ન જ નથી. ભક્તિ હોય ત્યારે ભક્તિની વૃદ્ધિનો જ મનોરથ હોઈ શકે.

૬૮. ભક્તિ સંબંધિત મનોરથ અને પ્રભુ સંબંધિત મનોરથ બેમાંથી શ્રેષ્ઠ કયો ? ભક્તિ ગમે તેટલી શ્રેષ્ઠ હોય, આપણા માટે પ્રભુ કરતાં પણ ભક્તિ શ્રેષ્ઠ છે; જે બ્રહ્મને ભજનીય બનાવે છે; છતાંય મનોરથ તો પ્રભુ સંબંધિત જ શ્રેષ્ઠ છે.

કારણ-ભક્તિ સંબંધિત મનોરથ પોતા માટે છે કે મારી ભક્તિ અંકુરિત થાય-પોતાના સુખની ઈચ્છા છે. તેમાં પ્રભુના ઉપભોગનો વિચાર નથી, પ્રભુના ઉપભોગના મનોરથમાં વિકાસનો ભાવ ભુલાઈ જાય છે. વિકાસની ઈચ્છા જ બતાવે છે કે હજી હોશમાં છે, તે સ્વરૂપની માધુરીથી બેહોશ નથી. પ્રભુની મજા જો લેવી હોય તો બેહોશી વધુ સારી છે. સિદ્ધાંતની મજા લેવી હોય તો હોશ સારો છે. પ્રભુની (પ્રભુને) મઝા મળતી હોય તો બીજ ખીલ્યા વગર મળે તો પણ વાંધો શું છે ?

૬૯. **પ્રશ્ન : રસ એટલે શું એ સાદી ભાષામાં સમજાવવા કૃપા કરશો. પ્રભુ સંબંધિત વ્યવહાર, સાધના કરવામાં જે આનંદ આવે છે તે જ રસ કહેવાય? સ્વતંત્ર રસ એટલે શું ? હાસ્ય, કરુણ... આદિ નવ રસ કહેવાય છે તે રસ એટલે શું ?**

### રસની પરિભાષા

વિભાવ, અનુભાવ, સંચારી ભાવથી નિષ્પન્ન જે સ્થાયી ભાવ છે તેને રસ કહેવાય છે. દા.ત. શ્રીરામચંદ્રજીનાં વિવાહના નાટનમાં

**(A) વિભાવ :** સીતાજી આલંબન વિભાવ છે.

**(B) ઉદ્દીપન વિભાવ :** સીતાની સુંદરતા, તેની મોહક ચાલ, તેના હાથમાં વરમાળા, તેમજ આજુબાજુ બેઠેલા રાજાઓ, આ સર્વે ઉદ્દીપન વિભાવ છે.

**(C) સંચારી ભાવ :** સીતાજીને મેળવવાની અદમ્ય ઈચ્છાને કારણે અનુભવાતા ભાવો .... ઘડીકમાં આશા, ઘડીકમાં નિરાશા... ક્રોધ, બીજા બહાદુર રાજાઓની ઈર્ષ્યા... વગેરે સંચારી ભાવ છે.

**(D) અનુભાવ :** આવા ભાવોની યોગ્ય રીતે અભિવ્યક્તિ કરનાર અભિનય તે અનુભાવ.

આ બધા ભાવોમાં જે રતિનો સ્થિર ભાવ છે તેનું નામ રસ છે. તેવી જ રીતે પ્રભુ માટે અનુભવાતા આકર્ષણમાં આલંબનવિભાવ પ્રભુ છે. ઉદ્દીપન વિભાવ ઘણા હોઈ શકે. શ્રીમહાપ્રભુજી, શ્રીયમુનાજી, કોઈ તાદશી ભક્ત, શાસ્ત્ર, સંસાર પ્રત્યેની વિરક્તિ... આમાંથી કોઈપણ ભક્તિશીલ થવા આપણને ઉદિપ્ત કરી શકે છે. ભક્તિમાં સંચારી ભાવો પણ અનેક છે... સંસારનાં લફરાઓ, આસુરાવેશ, શંકા, વિકલ્પ, પ્રભુ રીસ્પોન્સ આપશે કે નહિ... આવા અનેક ભાવો ઉત્પન્ન થાય છે. આ બધામાં જો ભક્તિ અખંડ રહી તો તે રસ છે.

૭૦. પ્રભુ આલંબન વિભાવ રૂપે જેમ બહાર છે તેમ હૃદયની અંદર જે

ભક્તિરસનો ભાવ છે તે પણ પ્રભુ જ છે.

દા.ત. બલ્બ = આલંબનવિભાવ = પ્રભુ

પ્રકાશ = સ્થાયી ભાવ

પ્રકાશ બલ્બમાંથી જ આવે છે તેમ સ્થાયી ભાવ પ્રભુને કારણે જ આવે છે.

સ્થાયી ભાવ જ્યારે હૃદયમાં આવે છે ત્યારે તેને ''કૃપા'' કહીએ છીએ કારણ કે પ્રભુનું અને આપણું સ્ટેટસ સરખું નથી. જો સરખું હોત તો એકશન-રીએક્શન કહેત.

૭૧. સ્વરૂપાશક્તિમાં ગુણની પ્રધાનતા નથી પણ ગુણીની પ્રધાનતા છે. ગુલાબનાં પુષ્પ પર જેને આસક્તિ છે તેને માત્ર ગુલાબની આકૃતિ પર કે માત્ર સુગંધ પર આસક્તિ નથી. કારણ આ આસક્તિ કાગળનાં ફુલ દ્વારા કે અત્તરની સુગંધ દ્વારા પણ સંતોષાઈ શકે તેમ નથી. તેને ગુલાબનાં ફૂલ ઉપર આસક્તિ છે. આ સ્વરૂપાસક્તિ છે, રૂપાસક્તિથી સ્વરૂપાસક્તિ જુદી છે. રૂપ એ શરીરનો ગુણ છે એટલે રૂપમાં આસક્તિ એ પણ ગુણાસક્તિ જ કહેવાય. જારભાવવાળી ગોપીઓને રૂપાસક્તિ હતી તેમને બીજી ગોપીઓ કરતાં ઉતરતી ગણવામાં આવી છે. ટૂંકમાં સ્વરૂપાસક્તિ એટલે એઝ એ હોલ પ્રભુ જે સ્વરૂપે તમારી સમક્ષ આવ્યા તેમાં આસક્તિ.

૭૨. કેવલ ભક્તિને ભરોસે ન રહેતા ! વ્યસન દશાએ પહોંચેલી ભક્તિ પણ નષ્ટ થઈ શકે છે. આવી ભક્તિનો યોગ છે પણ ક્ષેમની કોઈ ગેરંટી નથી. જેવી રીતે તમને લાખ રૂપીયાની લોટરી લાગી છે, અને તમે ઝુંપડીમાં રહો છો. તો એ ઝૂંપડીમાં તમારા લાખ રૂપીયા સલામત છે ?

૭૩. તમે જ્યાં હો ત્યાંથી તમને આગળ વધારવાનું ફેક્ટર ક્યું છે ? તે શ્રીહરિ જ છે. ભક્તિની પ્રવૃદ્ધિ માટે હરિમાં વિશ્વાસ છે ? જો વિશ્વાસ હોય તો ભક્તિની નીચામાં નીચી કક્ષાવાળા માટે પણ ઉપાય છે અને આ વિશ્વાસ ન હોય તો ઉંચામાં ઉંચી કક્ષાવાળા માટે પણ બધું ચૌપટ થયેલું સમજવું,

તેવો જીવ ભક્તિનો અધિકારી નથી, તેથી ચિકિત્સા બીજા ઉપાયો જાણી કરવી પડશે.

૭૪. ભક્તિવર્ધિનીમાં જે ઉપાયો બતાવ્યા છે તે ભક્તિની વૃદ્ધિના છે, ભક્તિની ઉત્પત્તિના નથી.

૭૫. જેવી રીતે પ્રેમ આસક્તિ વ્યસનરૂપે ભક્તિનો પ્રરોહ થાય છે તેવી રીતે પ્રસાર પણ ધીમે ધીમે થાય છે. સ્નેહ આત્મામાં બીજ રૂપથી હોય છે. આ સ્નેહનો પ્રસાર બુદ્ધિમાં માહાત્મ્યજ્ઞાનરૂપે, હૃદયમાં પ્રેમના અંકુર રૂપે થશે, સેવા પ્રધાન વ્યક્તિની કર્મેન્દ્રિયમાં વ્યાપ્ત થશે. કથાપ્રધાન વ્યક્તિની ફકત જ્ઞાનેન્દ્રિયમાં (કર્ણમાં, મનમાં અને વાણીમાં) વ્યાપ્ત થશે. વ્યક્તિ ત્યાગપ્રધાન હશે તો તે પોતાનામાં સીમિત રહેશે, અત્યાગ પ્રધાન હશે તો તેના ગૃહસ્થાશ્રમમાં પણ ફેલાશે, હજી વધશે તો કોને ખબર, કોને કોને પકડશે; જેમ કે ચાચા હરિવંશજી જે રસ્તે થઈને પધારતા, જે ગામમા રોકાતા ત્યાં પણ ભક્તિનો પ્રસાર થઈ જતો.

૭૬. સેવામાં કોઈને શણગારમાં આસક્તિ હોય, કોઈને સામગ્રી બનાવવામાં આસક્તિ હોય છે. કોઈને ત્રીજી જ કોઈ વાતમાં આસક્તિ હોય છે. તે તે વસ્તુમાં કુશળતા હોવાને કારણે તેઓનું ચિત્ત તે તે વાતોમાં સ્વતઃ પ્રવણ થઈ જાય છે. પણ તેને ઉત્તમ ભગવદીય ગણીને બીજા તેની ક્રિયાને બહારથી અનુસરવા પ્રયત્ન જ્યારે કરે છે ત્યારે તે ક્રિયા કર્મકાંડ જેવી બની જાય છે. ચિત્ત તેમાં એકાગ્ર થઈ શકતું નથી.

૭૭. જેનામાં જે વખતે જે ભાવ ઉદ્દીપ્ત કરવો હોય તે વખતે તેવી ક્રિયા પ્રભુ કરે છે. અવિવાહિતા ગોપ કન્યાઓમાં ચિરહરણ પ્રસંગે અને શ્રુતિરૂપા ગોપીઓમાં વેણુગીત દ્વારા પ્રભુએ સ્નેહાત્મક સ્થાયિભાવ પ્રગટ કર્યો હતો.

૭૮. ભક્તિ સ્વતંત્ર પુરુષાર્થ છે. ધર્મ, અર્થ, કામ, મોક્ષ ઉપરાંત ભક્તિ એ પાંચમો પુરુષાર્થ છે. પુરુષાર્થ એટલે ? જીવન જીવવાની પ્રણાલી. ધ્યેય- તે એક બે દિવસ પુરતી કે કોઈ શોખની વસ્તુ નથી કે કરીને છોડી દેવાની

ભક્તિ ધર્મ માટે નથી કે નથી શાસ્ત્રજ્ઞ બનવા માટે. ભક્તિ કામ માટે પણ નથી, કોઈ કામનાની પૂર્તિ નથી કરવી, ભક્તિ દ્વારા મોક્ષ પણ નથી જોઈતો. ભક્તિ અર્થ માટે નથી. તે દ્વારા, અર્થોપાર્જન નથી કરવું. ભક્તિ માટે જ ભક્તિ કરવાની છે, અર્થાત્ ભક્તિ એ જ સાધન–ભક્તિ એ જ ફલ.

૭૯. શ્રીમહાપ્રભુજીએ કહ્યું છે કે લીલારહિત કેવલ સ્વરૂપમાં અતિ આસક્તિ હોય અને તેનો પ્રતિરોધ કરનાર લીલાસક્તિ કે સેવાસક્તિ ન હોય તો તે સ્વરૂપમાં જ લીન થઈ જાય છે તેથી લીલા વિશિષ્ટ સ્વરૂપમાં આસક્તિ હોવી જોઈએ.

૮૦. પુષ્ટિના ચાર ભેદ છે.

**૧. શુદ્ધ પુષ્ટિ :** આવા જીવોએ શાસ્ત્ર, સેવા, સત્સંગ કંઈ જ પ્રયત્ન નથી કર્યો, છતાં પ્રભુ તેની સામે પ્રગટ થઈ ચૂકયા છે માટે તે પ્રભુને પ્રેમ કરી રહ્યા છે. આવા જીવોને પ્રભુ શોધી રહ્યા છે.

**૨. પુષ્ટિ પુષ્ટિ :** આ જીવો સેવા, ભક્તિ વગેરેના સર્વ પાસાઓ જાણીને ભક્તિ કરી રહ્યા છે.

**૩. મર્યાદા પુષ્ટિ :** આ જીવો અડધું પડધું જાણીને (ગુણાનુવાદ અથવા સ્વરૂપ સેવા) કથા કે સેવામાં પ્રવૃત્ત થાય છે.

**૪. પ્રવાહ પુષ્ટિ :** આ જીવોને ગુણાસક્તિ પણ નથી અને સ્વરૂપાસક્તિ પણ નથી; તેઓ માત્ર ગુરુના ઉપદેશના કારણે ક્રિયામાં પ્રવૃત્ત છે.

૮૧. પ્રભુની બાર શક્તિઓ છે. વિદ્યાશક્તિ, વ્યામોહિકા, અવિદ્યાશક્તિ વગેરે.

આ જગત પ્રભુનાં જુદા જુદા ગુણો અને શક્તિઓની અભિવ્યક્તિ છે. જેવી રીતે બીજમાં રહેલી વિવિધતાની શક્તિને કારણે ફુલ, ફળ, પાન આદી જુદા જુદા રંગ અને આકાર ધારણ કરી વૃક્ષ પ્રગટ થાય છે તેમ પ્રભુમાં જે જે વિવિધતા રહી છે તે જ સર્વત્ર પ્રગટ થઈ રહી છે.

કોઈકમાં પુષ્ટિ ગુણની વિદ્યા કે જ્ઞાન તેમજ કોઈકમાં અવિદ્યા કે સાંસારિક મોહની અભિવ્યક્તિ દેખાય છે. ક્યાંક મર્યાદાગુણ, કોઈમાં જ્ઞાન, કોઈમાં કર્મ અને કોઈમાં ભક્તિ પ્રગટ થઈ રહી છે.

પ્રભુની કૃપા નિરૂપાધિક છે. પણ આ કૃપા શક્તિ શુધ્ધ પુષ્ટિભક્તમાં જ વિશુધ્ધરૂપે ઓળખી શકાય છે, જેમાં પ્રભુ કૃપા અકારણ પ્રગટી છે. બીજા મિશ્ર પુષ્ટિભક્તોમાં કૃપા થવા પાછળ કોઈને કોઈ કારણ દેખાય છે. તેથી નિરૂપાધિકા કૃપાને તેમનામાં ઓળખવી અઘરી છે.

પરમાત્માનાં જગતમાં રહેલા વિવિધ એક્સપ્રેશન (અભિવ્યક્તિ) ને નિંદાની દષ્ટિથી જોશો તો પ્રભુમાં દૈવી જીવો પ્રત્યે પક્ષપાત દેખાશે અને લીલાદષ્ટિથી નિહાળશો તો પ્રભુની વિવિધતાની મઝા લેશો.

૮૨. જમવામાં મરચા ખાવા શરૂઆતમાં અસહ્ય લાગશે. પણ પછી તેના સ્વાદમાં આવતી તન્મયતાને કારણે તે આનંદ આપવા લાગશે.

આમ પ્રભુમાં અતન્મય હો તો તાપ થવો જોઈએ અને તન્મય હો તો આનંદ થવો જોઈએ, પણ જો આપણને તાપ કે આનંદ કાંઈ નથી થતું તો આપણને પ્રભુ માટે સ્નેહ નથી તેથી પ્રભુ સાથેની દૂરી આપણે અનુભવતા જ નથી.

૮૩. હૃદયનો મનોરથ એ બીબું છે. રતિ એ રસ છે. જેમ પાત્રમાં દૂધ ઉકાળતા ઉકાળતા માવો બની જાય છે; નિરાકાર દૂધ પેંડા-બરફી જેવા આકાર ધારણ કરવા સમર્થ બની જાય છે, તેમ રતિ ઉકળીને જેમ જેમ ગાઢી થતી જાય છે તેમ તેમ તે સાકાર બનીને સમર્થ બની જાય છે અને મનોરથનાં બીબા મુજબ આકાર ગ્રહણ કરી લે છે.

પ્રેમ ખુદ પ્રિયતમ બની જાય છે, કોઈપણ વ્યક્તિ પ્રિયતમ પ્રેમને લીધે જ લાગે છે. જો પ્રેમ કોઈ વ્યક્તિને પ્રિયતમ બનાવી શકે તો ખુદ પ્રેમ જ પ્રિયતમ કેમ ન બની શકે ? જો ચાણક્ય ચંદ્રગુપ્તને રાજા બનાવી શકે તો તેનામાં પણ તાકાત છે કે તે ખુદ પણ રાજા બની શકે.

૮૪. લૌકિકમાં યથાર્થ અને ભ્રમણામાં ફરક છે કારણ લૌકિકમાં પ્રેમનો વિષય વ્યાપક નથી. લૌકિકમાં જે બહાર છે તે ભીતર પ્રવેશી નથી શકતું માત્ર ભ્રમ ઉભો કરી શકે છે.

પણ અલૌકિકમાં પ્રભુ ભીતર બહાર સર્વત્ર છે. માટે કોઈ વસ્તુમાં આકાર પ્રગટ થવો જોઈએ, ઉપરાંત તેમાં ભાવ સ્થાપિત થવો જોઈએ, આ બ્રહ્મ સાકાર થયો, કઈ પ્રક્રિયાથી ? ભાવથી.

૮૫. **પ્રશ્ન : હૃદયસ્થ પ્રભુ અને સેવ્ય સ્વરૂપ બન્ને સરખા મહત્વનાં ગણવાનાં કે કોઈનું ઓછુંવત્તું ઈમ્પોર્ટન્સ ખરું ?**

જેમ કલાકારનો ભાવ શિલામાં આકાર લે છે એમ ભક્તિશાસ્ત્રની દૃષ્ટિએ હૃદયનો ભાવ ભગવાનને આકાર આપે છે.

ધ્યાનવાદીઓ કહે છે કે મનની મૂર્તિનું ધ્યાન કરો, મનની મૂર્તિ દિવ્ય હોય છે, પથ્થર કે ધાતુની નહીં; પણ તેઓ ભુલી જાય છે કે મન પણ ભૌતિક જ છે પથ્થરમાં આકાર આપો કે મનમાં આપો બન્ને ભૌતિક જ છે.

તેથી તેઓ બન્ને મૂર્ખ છે જે પ્રભુને ફકત બહાર જ માને છે અથવા જે પ્રભુને ફકત ભીતર માને છે.

શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે ભાવ અને યોગથી તમારા હૃદયકમલમાં જે મૂર્તિ ઘડાય છે તે ફકત તમે જ નથી ઘડી પણ પ્રભુના અનુગ્રહથી પણ ઘડાયેલી છે. આવો અનુગ્રહ કોઈ સત્પુરુષ પર જ થાય છે. આ અનુગ્રહ સત્ય હોય છે. આ કોઈ ભ્રમ નથી. જેને બાળ કનૈયા પર પ્રીતિ છે તેને માટે પ્રભુ ખરેખર સુંદર બાળકના રૂપમાં પ્રગટ થાય છે. ''છોટો સો કનૈયા...'' એ કિર્તન આવા પ્રભુનું વર્ણન કરે છે. પ્રભુ ભકતના ભાવનું રૂપ ધારણ કરે છે પણ તેણે આ બન્ને અતિવાદથી બચવું જોઈએ કે માનસી મૂર્તિ જ સર્વથા દિવ્ય છે અથવા તો શિલા મૂર્તિ જ ફકત પુષ્ટ હોવાથી દિવ્ય છે.

૮૬. કોઈની પ્રતિક્ષામાં જ્યારે આસન બિછાવી રાખવામાં આવે છે ત્યારે આવનારને પણ આનંદ અને સંતોષ થાય છે કે અહીં મારી રાહ જોવાય છે; આવશે ત્યારે આસન બિછાવશું એમાં ભાવની ઉત્કટતા નથી, આવનારને મન થાય તેમ નથી.

તેવી જ રીતે હૃદયને ભાવ-યોગથી પરિભાવિત કરો, હૃદયને એક કમલની જેમ સુઘડ કરો કે પ્રભુ માટે તે આસનરૂપે તૈયાર થઈ જાય, પ્રભુની પ્રતીક્ષા થાય. આવા સુંદર હૃદયમાં પ્રભુને બિરાજવાનું મન થાય.

પ્રભુ આવશે ક્યાંથી ? આંખ, કાનના દરવાજા ખુલ્લા રાખો, જે સ્વરૂપ સૌંદર્ય, ગુણમાધુર્ય કે લીલા લાવણ્ય સાંભળ્યું, જે પ્રિય સ્વરૂપના દર્શન કર્યા તે પ્રમાણે તે દરવાજેથી પ્રભુ ભીતર પધારશે.

૮૭. શ્રીમહાપ્રભુજીની વાણીમાં કહેલું થોડું હોય છે અને ન કહેલું ઘણું હોય છે. પણ, વાણી શ્રવણ કરવામાં સજાગ રહેશું તો ન કહેલું પણ સમજાઈ જશે.

૮૮. બી.એ. સુધી પહોંચેલાને રોજ કક્કો બારખડી ઘૂંટવાની જરૂર છે ? શું એમ કહી પણ શકાય કે બી.એ. થયેલા ને કક્કો કોઈ રીતે ઉપયોગી નથી? બારાખડી એટલે વિશ્વાસ, બીજ ભાવ દૃઢ થયો છે પછી આવા વિશ્વાસને પંપાળવાની એટલી જરૂર ક્યાં છે ? સાધનાના પ્રયાસની જરૂર છે. એમ તો ''અષ્ટાક્ષરથી પણ ભક્તિ વધે છે'', પણ સવાલ એ છે કે એમ કરવાનું કયારે કહેવું ? શ્રોતા, વકતા અને પ્રસંગને અનુકૂલ વચન આપ્ત વચન છે.

૮૯. ભાવ જેમ શિલાને આકાર આપી શકે તેમ મનને પણ આકાર આપી શકે. (જો પ્રયત્ન કરીએ તો મનમાં પણ કોઈપણ મૂર્તિ ઘડી શકાય છે) બાહ્યની જેમ આ વાત ભીતર પણ લાગુ પડે છે. ભાવ જ્યારે આકાર લે છે તે બે રીતે : એક તો કોઈએ ઘડેલ આકારમાં પોતાનો ભાવ સ્થાપિત થાય. બીજું કલાકાર પોતે જ્યારે હૃદયમાં ભાવનો ઉભરો આવતા આકાર ઘડે છે. ભાવથી ઘડાયેલી મૂર્તિ પછી તે શિલામાં હોય કે મનમાં, પણ તે આનંદાત્મક હોય છે.

આમ ભાવ અને યોગ બન્નેના સહયોગથી હૃદયકમલમાં મૂર્તિ ઘડાય છે. ફક્ત પ્રયત્ન કરવાથી (યોગથી) જ્યારે કોઈ મૂર્તિ ઘડાય છે તે ભાવત્મક ન હોવાને કારણે આનંદાત્મક નથી. પણ રતિથી જે મૂર્તિ ઘડાય તે સ્વતઃ ઘડાય છે. રતિરસ તાપમાં ઉકળી ઘનીભૂત થાય છે. આ આકાર શુધ્ધ ભાવાત્મક હોય છે.

૯૦. શિલામૂર્તિ, ધાતુમૂર્તિ કે ચિત્રમૂર્તિ ભાવથી ઘડાયેલી જ હોવી જોઈએ એ જરૂરી નથી, ભાવ સ્થાપિત પણ થઈ શકે. રસોઈ કોઈ ખુદ બનાવીને ખાય, કોઈ બનાવેલી રસોઈ ખાય, બન્નેને સ્વાદ આવશે.

કાલિદાસે કહ્યું : કવિતાનું સૌંદર્ય કવિ ન જાણે પણ કાવ્યરસિક પંડિત જાણે, પુત્રીનું સૌંદર્ય પિતા ન જાણે પણ પતિ જાણે.

જેણે મૂર્તિ ઘડી છે તે પિતા છે અને ઘડેલી મૂર્તિ પણ જેનો ભાવ સ્થાપિત થયો છે તે પતિ.

ટૂંકમાં, ભાવ ઘડવામાં જેટલો આનંદ આવે છે તેટલો જ ભાવ સ્થાપિત કરવામાં પણ આવે છે. આપણે આનંદ લેવા સાથે સંબંધ છે.

આચાર્યશ્રી દરેક સેવકને બ્રહ્મસંબંધ પછી કહેતા : જા દુકાનમાં, જઈ તને ગમતું સ્વરૂપ પધરાવી લાવ. સ્વરૂપ તો ઘણા છે પણ જે સ્વરૂપ મનને ભાવી જાય તેમાં ભાવ સ્થાપિત થઈ ગયો. ગમતું સ્વરૂપ પધારવવું એ સ્વયંવર છે.

૯૧. નામદેવે કહ્યું છે કે ઘી પીગળેલું કે જામેલું હોય પણ તે ઘી જ છે. એમ પ્રેમના ઘનીભૂત થવાથી આકાર પ્રગટ થયો હોય કે દ્રવિભૂત થવાથી નિરાકાર હોય– બન્ને બ્રહ્માત્મક છે.

જેને પ્રભુના સ્વભાવની ખબર નથી કે તે અંદર–બહાર સર્વત્ર વ્યાપ્ત છે તેઓ સગુણ–નિર્ગુણના ઝઘડા કરે છે. સગુણવાદી અને નિર્ગુણવાદી બન્ને બિમાર છે. સર્વરૂપ પ્રભુ ધરે છે. તો તે સાકાર કેમ ન બને ? પણ આમાં ફરક એટલો છે કે જે આકાર ક્રિયા પ્રધાનતાથી કર્યો કે ધર્મ, અર્થ,

કામ, મોક્ષની પ્રધાનતાથી કર્યો તો તે ભાવાત્મક નથી હોતો અને તે રતિપ્રધાનતાથી કર્યો તો તે ભાવાત્મક છે.

૯૨. શાસ્ત્રમાં છે કે પ્રભુસેવાને યોગ્ય તો જે શુદ્ધ, સુખી (દુઃખી જીવ સેવા કરશે તો તેને પોતાનું દુઃખ દૂર કરવાનો ભાવ રહેશે. આવો જીવ પ્રભુને સુખ ન આપી શકે) અને બ્રહ્મવિદ્યાવિશારદ હોય તે જ છે. તેથી જ શાસ્ત્રમાં નવધા ભક્તિમાં શ્રવણ, કીર્તન અને છેવટે આત્મનિવેદન એમ ક્રમ બતાવ્યો છે. શ્રવણ કીર્તન સ્મરણથી જીવ શુદ્ધ થતો જશે, સુખી અને બ્રહ્મવિદ્યામાં વિશારદ થતો જશે. છેવટે તે દાસ્ય અને સખ્યને લાયક બનશે અને છેવટે આત્મનિવેદન કરશે.

શ્રીમહાપ્રભુજીએ આ ક્રમ ભગવદ્આજ્ઞાથી ઉલટો કરી નાખ્યો છે. બ્રહ્મસંબંધ દ્વારા આત્મનિવેદન પ્રથમ કરાવ્યું, કારણ કે કર્મ અને તેના ફલનું ચક્કર બહુ ભારે છે.

પણ શ્રીમહાપ્રભુજીએ (કર્મફળ)ની મર્યાદા તોડવાનું અને પુષ્ટિ સ્થાપન કરવાનું કાર્ય પ્રભુને માથે રાખ્યું જે મર્યાદા ઘડી શકે તે તોડી પણ શકે.

મર્યાદામાં, શાસ્ત્રોક્ત નવધા ભક્તિમાં શુદ્ધિ સેવા સાધક થશે. પુષ્ટિમાં શુદ્ધિ સાધક સેવા થશે. ‘‘શુદ્ધાશ્ચ સુખિનશ્ચૈવ બ્રહ્મવિદ્યાવિશારદાઃ ભગવત્સેવને યોગ્યા નાન્ય’’

(૧) બ્રહ્મસંબંધ કરવાથી જીવ શુદ્ધ બનશે. (શુદ્ધ)

(૨) સર્વસમર્પણ કરવાથી તે નિશ્ચિંત બનશે. (સુખી)

(૩) બ્રહ્મ સાથે સંબંધ થવાથી બ્રહ્મવિદ્યા વિશારદતા પણ આવશે અને જીવ સેવાને લાયક બનશે. (લાંબી પ્રોસેસમાંથી પસાર થયા વિના).

સેવાના અનોસરમાં શ્રવણ, કીર્તન, સ્મરણ કરવા કહ્યું છે. શ્રીમહાપ્રભુજીનો ક્રમ આ પ્રમાણે છે.

**(૧) આત્મનિવેદન** (તે સ્થાયીભાવના સંચારી ભાવ જેવા દાસ્યભાવ અને સખ્યભાવ)

**(૨) પાદસેવન, અર્ચન, વંદન, કીર્તન** (સેવાના અવસરમાં અને સેવાના અનઅવસરમાં બન્નેમાં)

**(૩) શ્રવણ, કીર્તન, સ્મરણ** (સેવાના અનઅવસરમાં)

૯૩. પ્રભુ પોતાની સર્વ શક્તિઓ સાથે ક્રીડા કરે છે તેના ફલસ્વરૂપે આ સૃષ્ટિ પેદા થઈ રહી છે.

ઘણા જીવો એવા છે કે તે પ્રભુની અવિદ્યા શક્તિને કારણે જ સુખી છે. આવા જીવોની જો અવિદ્યા દૂર કરવામાં આવે તો તે સુખી જીવો બિચારા દુઃખી થઈ જાય.

૯૪. જ્ઞાનમાર્ગી બ્રહ્મવિદ્યાવાન થાય તો જ તેની મુક્તિ. ભક્તિમાર્ગી પુષ્ટિવાન થાય તો જ તેની ભક્તિ સફળ.

૯૫. સેવામાર્ગ રચવામાં શ્રીમહાપ્રભુજીએ (૧) સાધનની શુદ્ધતા (૨) શાસ્રીય પ્રમાણ (૩) જીવનની સાધનક્ષમતા (૪) દેશકાળ મર્યાદા. આ સર્વ પર નિગાહ રાખીને ઉપદેશ આપ્યો છે. નવધા ભક્તિનો પ્રકાર તો શાસ્ત્રમાં બતાવ્યો છે પણ શ્રીમહાપ્રભુજી જાણે છે કે વિધિની ઉષ્ણતા એવી છે કે પ્રેમરસ વરાળ બનીને ઉડી જાય. કર્મકાંડમાં ભાવાત્મક સ્વરૂપ કચડાઈ જાય. તેથી શાસ્રોક્ત નવધાભક્તિનો ક્રમ બદલી નાખ્યો છે. તેનું કારણ શાસ્રમાં ક્યાંય નથી કહ્યું કે આ નવ સ્ટેપસ ઓર્ડરમાં જ હોવા જોઈએ.

૯૬. કોઈપણ સાધન જે ઈશ્વરાવલંબિની હોય તેના ગુણ શ્રીમહાપ્રભુજીએ સેવામાં ગોઠવી દીધા છે. અને જે જે ગુણ સેવામાં નથી રાખ્યા તે બીજા કઈ માર્ગ કે સાધનામાં નથી એવો ફાંકો આપણે નિશ્ચિતપણે રાખી શકીએ.

૯૭. ભાવ જ્યારે અતિરૂઢ થઈ જાય છે ત્યારે તેનું વર્તન માર્ગના સિદ્ધાંતને અનુરૂપ ન પણ હોઈ શકે.

વાસુદેવદાસ છકડાએ સોનામહોરો લાખના ગોળામાં છુપાવી, માર્ગમાં તેનું પૂજન કરતાં કરતાં શ્રીમહાપ્રભુજી સુધી પહોંચાડી. શ્રીમહાપ્રભુજીએ આ રીતે કરવાની ના પાડી. ભગવદ્સ્વરૂપનું ખંડન ન કરાય. પણ વાસુદેવદાસે ગોપીનાથજીને પણ આ રીતે જ મહોરો પહોંચાડી. ગોપીનાથજીએ શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનાં ઉલ્લંઘનનું કારણ પૂછ્યું. તેમણે કહ્યું કે ગુરુનું કાર્ય તો કરીશ જ – ભલે નરકમાં જવું પડે.

ગોકુલેશ પંથ પણ આજ રીતે પ્રકટ થયો છે. શ્રીગોકુલનાથજીની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને તેમના સેવકોએ પંથ સ્થાપ્યો, આમાં સિદ્ધાંત કશો જ નથી, અપસિદ્ધાંત છે. છતાં રૂઢભાવનો કશો ઉપાય નથી.

ગજ્જનધાવન પ્રભુ સાથે ક્રીડામાં ઘોડો બનતા અને મંદિરમાં ઘોડાની જેમ લઘુશંકા કરતા. ગોવિંદસ્વામીએ પ્રભુને કાંકરી મારી. આ બધા અપસિદ્ધાંતોની આપણે 'કોપી' ન કરી શકીએ. કારણ એવી ભાવનાની રૂઢતા ક્યાં છે ? છતાં આપણે ઘણીવાર આવા અપસિદ્ધાંતોનો જ લાભ લઈએ છીએ.

૯૮. એકંદરે બ્રહ્મસંબંધ મંત્રમાં આત્મજ્ઞાનોપદેશ, ભગવત્સ્વરૂપજ્ઞાનોપદેશ, સમર્પણોપદેશ, દાસ્યોપદેશ અને સ્નેહોપદેશ–આટલા ઉપદેશ આપવામાં આવ્યા છે.

આ ઉપદેશના સર્વ પાસા ધ્યાનમાં રાખીને સેવામાં પ્રવૃત્ત થવાનું છે. એકાદ બે પાસા છોડીને સેવા કરવાથી કાં તો સેવાનું, કાં તો સેવકનું સ્વરૂપ બદલાઈ જવા સંભવ છે.

**(ક)** દા.ત. એક વ્યક્તિ બીજી વ્યક્તિને સમર્પિત હોય પણ દાસ ન હોય (મિત્રસંબંધ) અથવા દાસ હોય પણ સમર્પિત ન હોય (દા.ત. કોઈ પોતાની નબળી આર્થિક સ્થિતિને કારણે કોઈનું દાસપણું સ્વીકારે) સમર્પિત થવું એટલે હું અને મારું સર્વ તારું છે.

**(ખ)** કેવળ આત્મસમર્પણનો ભાવ હોય તો ભક્તિ થાય; પણ સેવા ન

પણ થાય. અને કેવળ દાસ્યભાવ હોય તો સેવા થાય અને ભક્તિ ન પણ થાય.

**(ગ)** કેવળ સ્નેહોપદેશને લક્ષમાં રાખીએ તો તેમાં ભક્તિનો સ્કોપ હોય અને ન પણ હોય.

કન્યા પતિને આત્મસમર્પણ કરે તો જરૂરી નથી કે તે દાસી બની જાય. તે અર્ધાંગિની બનીને રહે. સેવામાર્ગમાં વાળવા માટે આત્મસમર્પણનો ભાવ બહુ સહાયક નહી થાય. તેથી દાસ્યભાવનો ઉપદેશ જરૂરી છે. શ્રીમહાપ્રભુજીને સેવામાર્ગ કર્મમાર્ગરૂપે નથી કરવો પણ ભક્તિમાર્ગરૂપે કરવો છે.

**(ઘ)** સમર્પણને કારણે ખોટી નિશ્ચિંતતા ન આવી જાય કે - ''સૈયા ભયે કોટવાલ અબ ડર કાહેકા'' તે માટે તેને બેલેન્સ કરવા માટે દાસ્યભાવનો ઉપદેશ કરવામાં આવ્યો છે.

દાસપણું ભારરૂપ ન લાગે માટે છેલ્લે પંચાક્ષરમાં સ્નેહોપદેશ છે. જેના પર સ્નેહ હોય તેની ગુલામી પણ પ્રિયા લાગે છે.

ટૂંકમાં બ્રહ્મસંબંધ મંત્રમાં :

૧. **આત્મજ્ઞાનોપદેશ** - સેવોપયોગી દૈન્યનું ભાન કરાવવા માટે.

૨. **ભગવદ્‌મહાત્મ્યજ્ઞાનોપદેશ** - ભગવદ્‌સ્વરૂપનું જ્ઞાન કરાવવા.

૩. **સમર્પણનો ઉપદેશ** - આ દૈન્યના એન્ટીડોઝ તરીકે છે. મારી જે કાંઈ ઉણપ હતી તે કાઢવા જે કંઈ મારું છે તે તને સમર્પિત કરું છું. જેમ ગંગાના પવિત્ર પ્રવાહમાં ગંદુ જળ મળીને ખુદ ગંગાજળ બની જાય છે; તેમ જીવની સર્વ ઈચ્છા, વાસના, સેવાનાં પ્રવાહમાં વળી ભગવદ્‌મય થઈ જાય છે.

૪. **દાસ્યોપદેશ** - સેવામાં પ્રવૃત્ત કરવા માટે

૫. **સ્નેહોપદેશ** - સેવાને ભક્તિરૂપે વિકસાવવા માટે.

૯૯. સિદ્ધાંતમુક્તાવલી અને ભક્તિવર્ધિનીમાં જે સંગતિ છે. સામાન્ય વિશેષ ભાવ સંગતિ છે.

સિદ્ધાંતમુક્તાવલીમાં સેવાનું સિદ્ધાંત તરીકે સામાન્ય વર્ણન છે. ભક્તિવર્ધિનીમાં સેવકને વિશિષ્ટ ઉપદેશ આપવામાં આવ્યો છે.

દા.ત. બ્રહ્મનું વર્ણન એ સામાન્ય વર્ણન છે. પણ ભગવાન, વૃજાધિપ, પરમાત્મા હોવું એ તેની વિશેષતા છે.

વૃજાધિપને બ્રહ્મ તરીકે લેવા જશું તો તેમાં ઘોડા-ગધેડા પણ ઈન્કલુડ થશે. અને બ્રહ્મને જ્યારે વૃજાધિપ તરીકે લેવા જઈશું તો તેમાં દ્વારકાધીશ પણ ઈન્કલુડ નહીં થાય. આટલો ફરક સામાન્ય અને વિશિષ્ટમાં છે. અથવા બીજી રીતે વૈષ્ણવ તરીકે આપણે સામાન્ય છીએ. પણ પુષ્ટિમાર્ગીય તરીકે આપણે વિશિષ્ટ છીએ. હિન્દુ તરીકે તેથી વધુ સામાન્ય છીએ. હિન્દુ તરીકે શૈવ સાથે એક છીએ. અને આસ્તિક તરીકે તો સર્વ ધર્મો સાથે (નાસ્તિક) (જૈન, બુદ્ધ સિવાય) એક છીએ.

આમ જેટલું વિશિષ્ટપણું આવશે તેટલો માર્ગ સાંકડો થતો જશે. ભાવરેખા નાજુક બનતી જશે. સિદ્ધાંતમુક્તાવલીમાં જાણે એક મશીન પુષ્ટિમાર્ગીય જીવના હાથમાં શ્રીમહાપ્રભુજીએ સોંપ્યું છે. પણ તેને કેમ ઓપરેટ કરવું તેની જાણકારી ભક્તિવર્ધિનીમાં છે.

સેવકને ભક્તિનો ઉપદેશ અને ભક્તને સેવાનો ઉપદેશ એ વિશિષ્ટ ઉપદેશ છે.

૧૦૦. જેમ દરેક મૂડીવાળી વ્યક્તિ મુડીવાદી હોય અને ન પણ હોય તેમજ દરેક મુફલિસ વ્યક્તિ સામ્યવાદી હોય તે પણ જરૂરી નથી. તેમ દરેક ભક્ત ભક્તિવાદી જ હોય કે દરેક ભક્તિવાદી ભક્ત જ હોય એ જરૂરી નથી. સ્વભાવથી ભક્ત હોવા છતાં ઘણા જ્ઞાન, કર્મને રવાડે ચડી જાય છે ત્યારે આમ બને છે.

૧૦૧. સેવામાં માનસી ગુણ આવે તે તેનો વીર્ય ગુણ બતાવે છે. અને ભગવદ્

પ્રવણતા તેનો શ્રીગુણ બતાવે છે. ભગવદ્ પ્રવણતા ફલરૂપ ક્યારે થાય ? જ્યારે તે માનસીરૂપે પ્રગટ થાય. પણ ઘણીવાર એવું પણ બને કે માનસી હોય પણ ભગવદ્પ્રવણતા ન હોય.

લોભી સેવકની વાર્તામાં તે માનસીમાં ભોગ ધરેલા દૂધમાંથી સાકર કાઢવા જતો હતો. આ વાર્તામાં તેનું ચિત્ત લોભપ્રવણ હતું.

૧૦૨. હિમાલય આપણાથી કેટલો દૂર છે; પણ તેનો વિપ્રયોગ થાય છે ? માતા બાળકથી જરા દૂર જાય તો તરત તેને વિપ્રયોગ થાય છે..

દૂરી એ જ વિપ્રયોગ નથી પણ દૂરીનો અનુભવ થવો એ વિપ્રયોગ છે. વિપ્રયોગનો અર્થ જ સ્નેહ છે. જેટલો વધુ સ્નેહ એટલો વધુ વિપ્રયોગ.

૧૦૩. સ્નેહી અને ચાપલૂસ બન્નેની બાહ્ય ક્રિયા એકસરખી છે. બન્ને સ્તુતિ કરે છે; પણ સ્નેહીને કોઈ અપેક્ષા નથી છતાં તે પ્રિયને ખુશ કરવા હૃદયમાં મધુર સ્તુતિ કરે છે. ચાપલૂસ પણ સ્તુતિ કરે છે. પણ તેના હૃદયમાં સ્વાર્થની દુર્ગંધ ભરી છે.

૧૦૪. કૂંડામાંથી વૃક્ષને ખેંચીએ ત્યારે તે છોડનાં મૂળિયા સાથે કૂંડાના આકારની માટી પણ ખેંચાઈ આવે છે.

કૂંડુ-દેહ, માટી=બીજભાવ, છોડ=આત્મા. દેહ છૂટે ત્યારે સૂક્ષ્મ દેહ સાથે ભક્તિ પણ ખેંચાઈ જાય તેવી રીતે ભક્તિ આત્મામાં ઓતપ્રોત થયેલી હોવી જોઈએ. પ્રસાર વગર પ્રરોહ વધી જાય તો વૃક્ષને ગમે ત્યારે માટીથી છૂટું પાડી શકાય.

૧૦૫. શાસ્ત્રમાં કહ્યું છે કે ઋણ ચૂકવ્યા વગર જો માણસ સંન્યાસ લે તો તેની અધોગતિ થાય છે. શ્રીમહાપ્રભુજી અવ્યાવૃત થવાનું કહેતા નથી. પણ કહે છે કે તમે જો અવ્યાવૃત હશો તો પૂજા-શ્રવણાદિ કરી શકશો.

૧૦૬. મૃત્યુ પછી આત્મા પ્રથમ તેજ શરીર પછી વાયુશરીર પછી આકાશ શરીર ધારણ કરે છે. વરસાદ વખતે આ આત્મા જલ-શરીર ધારણ કરે છે અને

પૃથ્વી પર પડે છે. પછી ઔષધિ-શરીર. અન્નશરીર ધારણ કરે છે. તે ખોરાક દ્વારા મનુષ્યના પેટમાં જાય છે. તે વીર્ય-શરીર ગર્ભ-શરીર છેવટે ગર્ભ છોડીને મનુષ્યાદિ દેહ ધારણ કરે છે. અન્ન શરીર પ્રાપ્ત કર્યા પછી જો ખાવાના કામમાં ન આવે ને સૂકાઈ જાય તો ફરીવાર સાયકલમાંથી પસાર થવું પડે છે.

ભોજન કરતાં આપણે કોઈને કોઈ જીવનું ભક્ષણ કરીએ છીએ તેથી આપણે યમરાજનું કાર્ય કરીએ છીએ તેથી તેનો અમુક હિસ્સો દેવાનું શાસ્ત્રમાં ફરમાન છે.

બ્રાહ્મણો ભોજનને યજ્ઞ માને છે. ખોરાક આહુતિ છે. પ્રાણ, અપાન આદિ પાંચ વાયુને આહુતિ આપવમાં આવે છે અને પ્રાપ્ત ભોજનમાંથી યમ, ચિત્રગુપ્ત આદિ દેવોનો અમુક કોર પહેલાં કાઢી લેવો પડે છે. આ દાખલામાં કર્મ માટે દેવતા છે દેવતા માટે કર્મ નથી.

સમર્પણ પણ એક કર્મ જ છે તેથી સમર્પણ માટે શ્રીઠાકોરજીને પધરાવવાની સ્વાર્થી ભાવના કદી ન રાખવી. ગોસ્વામીબાલકોનાં 'તપેલી'ના ઠાકોરજી અણપ્રસાદી ન ખાવા નિષ્પ્રયોજન કર્મકાંડ માટે છે. સેવામાર્ગમાં દેવ માટે કર્મ અને કર્મ માટે આપણે છીએ.

૧૦૭. બ્રહ્મને જાણવું છે. સેવવું નથી. પૂજ્યતા ભગવાનની છે બ્રહ્મની નથી. બ્રહ્મસંબંધાત્મક પણ નથી. પુરુષોત્તમ સંબંધાત્મક છે. (પુરુષોમાં ઉત્તમ પુરુષોત્તમ) પણ ભાવાત્મક નથી. જ્યારે કે યશોદાત્સંગલાલિત ભાવાત્મક છે, કેવલ સંબંધાત્મક નથી. ક્યો ભાવ ? શ્રીયશોદાજીમાં જેવો વાત્સલ્યભાવ છે, તેવો ભાવાત્મક. તેમાંય શ્રીગોપીજનવલ્લભભાવાત્મક અને એ પણ શ્રીઆચાર્યશ્રીના સર્વસ્વ ભાવને અનુરૂપ, આ સ્વરૂપને સેવવાનું છે.

બ્રહ્મને પાત્ર માનીએ તો ભગવાન રસસ્થાનીય, ભગવાનને પાત્રસ્થાનીય ગણીએ તો પુરુષોત્તમ રસસ્થાનીય, પુરુષોત્તમને પાત્રસ્થાનીય ગણીએ તો યશોદાત્સંગલાલિત રસસ્થાનીય તેમજ

યશોદાત્સંગલાલિત શ્રીકૃષ્ણને પાત્રસ્થાનીય ગણીએ તો ગોપીજનોનો ભાવ રસસ્થાનીય છે. પણ રસ-પાત્રનો ભેદ ન કરશો તો જ સમજી શકશો. અથવા તો જેમ નાળિયેરમાં ખોપરાની વાટકી અને તેનું જલ બન્ને એક જ તત્વ છે. એક ઘનીભૂત બીજું દ્રવિભૂત, સેવન રસનું કરવાનું છે પાત્રનું નહીં. થોડું આગળ જતાં ગોપીજનનાં ભાવને પાત્રસ્થાને મૂકી, રસને શ્રીઆચાર્યજીનો ભાવ કલ્પી શકીએ. શ્રીઆચાર્યચરણનો ભાવ એટલે જે રસ ગોપીજનવલ્લભરૂપી પાત્રમાં ભર્યો તે. તેમાં શ્રીઆચાર્યચરણનાં ભાવથી સ્વરૂપ રસસ્થાનિય તેમાં આપણો ભાવ રહેલો છે.

જ્યારે શ્રીમહાપ્રભુજી સ્વરૂપ પધરાવી આપતા ત્યારે કહેતા કે ''મેં તોકૂં અપનો સર્વસ્વ પધરા રહ્યો હું'' એમ નહોતાં કહેતા કે હું શ્રીયશોદાત્સંગલાલિત કે શ્રીગોપીજનવલ્લભ પધરાવી આપું છું. તેથી જે ભાવ શ્રીઆચાર્યચરણે સેવ્યમાં બતાવ્યો તે ભાવ્યનાં આપણે સેવક છીએ. તેમ છતાં વિચારીએ કે શ્રીમહાપ્રભુજીએ શેમાં પોતાનો ભાવ સ્થાપિત કર્યો? શ્રીગોપીજનવલ્લભમાં, ગોપીઓએ શ્રીયશોદાત્સંગલાલિતમાં, શ્રીયશોદાજીએ પુરુષોત્તમમાં (અહીંથી ભાવ ખત્મ થાય છે). આમ ત્રણે ભાવ એક હોવા છતાં ઉત્તરોત્તર ભાવ વધુ સૂક્ષ્મ બનતો જાય છે. આપણે શ્રીઆચાર્યજીના ભાવ્યને સેવ્ય બનાવ્યો છે તેથી સેવામાં ઘણા વ્યુત્ક્રમ મળશે; જે યશોદાજી કે ગોપીજનમાં ન હોય પણ આપણા સેવ્યમાં હોય.

એવરેસ્ટ પર્વત ગમે તેટલો પહોળો હોય પણ શિખરનો ભાગ પ્રમાણમાં કેટલો સાંકડો થતો જાય છે. તેમ સેવા માટેનું સ્વરૂપ ઘણું સંકુચિત છે; પણ સમજવા માટેનું સ્વરૂપ ઘણું વ્યાપક છે. શ્રીઆચાર્યશ્રીની વિધિથી સેવા કરતાં કરતાં તેમનાં હૃદયસર્વસ્વરૂપ પ્રગટ થશે.

ત્યાં સંબંધથી ભાવ પ્રગટ થશે. જેમ લગ્નસંબંધ પછી સાથે રહેતાં રહેતાં ભાવ વિકસિત થાય છે. તેથી શ્રીઆચાર્યશ્રીએ શરૂઆત સેવાથી કરી

છે; ભક્તિથી નથી કરી. પ્રથમ સેવ્ય-સેવકના સંબંધ સ્થાપિત કરો, ભાવ હોય કે ન હોય. ધીમે ધીમે ભાવ ખીલશે, પણ થોડો વખત તો ભાવના કરવી જ પડશે કે આપણે ભાવસંબંધ ખીલવી રહ્યા છીએ.

પુરુષોત્તમ સંબંધાત્મક છે અને એ અન્ય પુરુષ કરતાં સ્વતઃ ઉત્તમ રહેવાનો જ. એની ઉત્તમતા આપણા ભાવથી ઘટિત નથી.

જેવી રીતે પિતા-પુત્ર, ભાઈ-ભાઈ પરસ્પર સંબંધાત્મક છે, ભાવ હોય કે ન હોય પણ સ્નાન-સૂતકનો વહેવાર તો કરવો જ પડે. પણ દોસ્તીનો સંબંધ ભાવાત્મક છે. ભાવ છે ત્યાં સુધી દોસ્તી છે. ભાવ ખંડિત થયો પછી તેની સાથે સ્નાન-સૂતકનો સંબંધ નથી.

૧૦૮. વ્યાસાશ્રમની બહાર, શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી કૃષ્ણદાસ ત્રણ દિવસ, ત્રણ રાત ઉભા રહ્યા. આ પ્રસંગમાં તેમના કર્મની કોઈ કિંમત નથી પણ તેમની અડગ નિષ્ઠાથી કિંમત છે. આમ ઉભા રહેવામાં તેમને કે મહાપ્રભુજીને કોઈ ફાયદો નહોતો થવાનો, ફાયદો થયો દુનિયાને-જેને દૃષ્ટાંત મળ્યું કે સેવક કેવા હોય.

દાસ્ય હોવું એટલે શું કરવું તેનો પ્રોગ્રામ ઘડી શકાય, પણ સખ્ય અને આત્મનિવેદન તો માત્ર ભાવ જ છે, તેની કોઈ અલગ આચારસંહિતા નથી.

ભગવાનને સ્વામી તરીકે સ્વીકારવું તે દાસ્ય. સ્નેહથી દાસ્ય સ્વીકારવું તે સખ્ય. આત્મનિવેદન એટલે આત્મપરમાત્મ ભાવથી સખ્ય સ્થાપવું તે.

પ્રભુ સાથેના સ્નેહાત્મક સેવાના સંબંધમાં કોઈપણ પ્રકારનો સંકોચ ન રહે; પ્રભુ મારા, હું પ્રભુનો, એ વિશ્વાસ ટકી રહે તે જ સખ્ય.

તથાપિ સાધન દશામાં આવી નિશ્ચિંતતા ન આવે, પણ તે વિશ્વાસ, નિશ્ચિંતતા પ્રાપ્ત કરવાનો ઉપાય શું ? તેને માટે અંતરંગ સેવાની ભાવના કરવી સંયોગ-વિયોગની ભાવના કરવી, સ્વરૂપ સંબંધી, લીલા સંબંધી

ભાવના કરવાથી એવી નિશ્ચિંતતા થશે.

૧૦૯. શ્રીમહાપ્રભુજીનાં ગ્રંથોથી ટીકા ઉપર પણ પાછી ટીકા થાય છે કારણ ? શ્રી મહાપ્રભુજીના ગ્રંથમાં શબ્દ થોડા પણ ભાવ વધુ છે. તેથી દેશકાળ અનુસાર ભાવ-ભાવના સમજવા માટે ટીકાઓ લખાય છે.

૧૧૦. નામ-રૂપને પાત્ર ગણતા તેમાં પુરુષોત્તમ રસસ્થાનીય છે ને વધુ પૂજનીય છે. પુરુષોત્તમને પાત્ર ગણતાં તેમાં યશોદોત્સંગલાલિત રસસ્થાનીય અને વધુ પૂજનીય છે. યશોદોત્સંગલાલિતને પાત્ર સ્થાને ગણતાં તેમાં ભરેલ રસ ગોપીજનવલ્લભ વધુ ઉત્કૃષ્ટ છે. ગોપીજનવલ્લભને પાત્ર ગણતા તેમાં શ્રીવલ્લભ-હ્રદયસર્વસ્વરૂપ રસ વધુ ઉત્કૃષ્ટ છે. ગોપીજનવલ્લભ મથુરા પધારી જાય પણ આચાર્ય-હ્રદય-સર્વસ્વરૂપ મથુરા નથી પધારી જતા.

## નવરત્ન

૧. ઉપનિષદમાં શ્લોક છે કે આહારશુદ્ધિથી મનની શુદ્ધિ થાય છે. મન શુદ્ધ થવાથી સ્મૃતિ સ્થિર રહે છે. સ્મૃતિ એટલે પરમાત્માને કરેલા નિવેદનની સ્મૃતિ. અવકાશમાં જેમ સમગ્ર તારામંડળ પોતાના સ્થાન બદલે છે પણ તે અચળ ધ્રુવની આસપાસ જ ફરે છે તેમ દુનિયાના લૌકિક વ્યવહારો ચાલવા દેવા, મનમાં સ્મૃતિ અખંડ રાખવી.

૨. અશક્તિને કારણે સેવા ન થઈ શકે તો પણ આત્મનિવેદનની સ્મૃતિ બની રહેવી જોઈએ.

૩. જે વ્યક્તિના સંગથી આત્મનિવેદનનો ભાવ આત્મસમર્પણમાં વિકસિત ન થાય તેવી વ્યક્તિ, વિચાર કે પુસ્તકનો સંગ તે સંગદોષ છે. જે વ્યક્તિના સંગથી આત્મસમર્પણ પરમાત્માની સેવામાં સર્વસ્વ વિનિયોગમાં વિકસિત ન થાય તે પણ સંગદોષ છે.

૪. પ્રભુના ગુણ અનંત છે પણ આપણામાં જે બીજ ભાવ છે તેને અનુરૂપ ગુણમાં આપણને આસક્તિ થાય છે. કોઈને માઈક્રોસ્કોપથી જોવું ગમે છે.

મતલબ કોઈને ''પ્રભુ મહાન છે, અનેક બ્રહ્માંડોને ઉત્પન્ન કરવાવાળા છે. સૃષ્ટિના પાલનકર્તા છે.'' એવા ગુણમાં આસક્તિ થાય છે. કોઈને નાના ગુણો પ્યારા લાગે છે જેમ કે ''પ્રભુ જિદ્દી છે, નટખટ છે.'' ... જયદેવને પ્રભુએ કહ્યું કે તું ચોરી કર અને તારી જે પિટાઈ થશે તે મારે જોવી છે. પ્રભુની જીદ જયદેવને પૂરી કરવી પડી અને માર ખાવો પડયો.

૫. ભક્તિનો જ્ઞાન કે અજ્ઞાનમાં બટવારો નહિ થઈ શકે. ભક્તિ એક ત્રીજી કોટિમાં છે. ભક્તિભાવ જ્ઞાનીને પણ થઈ શકે. અજ્ઞાનીને પણ થઈ શકે. સ્નેહ કે ભક્તિ જ્ઞાન-અજ્ઞાનીથી પર ત્રીજી જ અવસ્થા છે.

જેલમાં પ્રભુ પ્રગટ થયા ત્યારે તે ચતુર્ભુજ સ્વરૂપની દેવકીજીએ સ્તુતિ કરી... તમે સૃષ્ટિના પાલનકર્તા છો, કાલના નિયામક છો... પણ જ્યારે સ્નેહ ઉપડી આવ્યો ત્યારે કહેવા લાગ્યા તમે જલદી તમારૂં સ્વરૂપ છુપાવી દો. કંસ તમને જોઈ જશે તો મારી નાખશે... આ પ્રમાણે સ્નેહમાં કાં તો જ્ઞાન-અજ્ઞાન બન્ને રહે છે અથવા કાંઈ પણ નથી રહેતું.

૬. ગુણાસક્તિ અને સ્વરૂપાસક્તિમાં બહુ ભેદ છે. પ્રભુના અનંત ગુણ છે. પણ આપણી આસક્તિ કોઈ એક ગુણમાં જ છે. દા.ત. જો આપણે અતિ ગંભીર સ્વભાવના હોઈએ તો બાળકનાં તોફાન આપણે પસંદ નથી કરતા પણ જો સ્વભાવ થોડો શરારતી હોય તો બાળકોનાં તોફાન ચાલવા દઈએ છીએ. બાળકમાં તો બન્ને ગુણ છે પણ આપણે આપણા સ્વભાવ અનુસાર ગુણ પસંદ કરીએ છીએ, તેમ જ પ્રભુના ગુણનું સમજવું.

૭. કોઈને ગુણાસક્તિ પછી સ્વરૂપાસક્તિ થાય છે. કોઈને સ્વરૂપાસક્તિ બાદ ગુણાસક્તિ થાય છે. આમાં કોઈ નિયમ નથી પણ બન્ને જરૂરી છે. બન્ને વિના ભક્તિ અધૂરી છે. નામસેવા અને સ્વરૂપસેવા બન્નેમાં આસક્તિ હોય તો ભક્તિ પૂરી ખીલી ઉઠે છે.

૮. સમગ્ર જગતને બ્રહ્મરૂપે જાણવું જોઈએ પણ બ્રહ્મ સ્વરૂપે માણવું ન જોઈએ.

૧૦. 'નવરત્ન' માં સિદ્ધાંત નથી, ઉપાય છે. દરેક ઉપદેશ દવા છે. દવાને જમવાનો ખોરાક ન સમજવો.

૧૧. આશકરણ રાજાની છેવટની ઉન્માદ અવસ્થામાં સેવ્ય સ્વરૂપ શ્રીગુસાંઇજીને ઘરે પધરાવી દેવું પડયું હતું તો પ્રશ્ન થાય છે કે ભક્તિમાં સ્વરૂપની આવશ્યકતા ખરી ? જવાબ એ છે કે સ્વરૂપને આધારે ભકતને પ્રભુ પર પ્રેમ અને પછી વિરહ ઉત્પન્ન થાય છે. પહેલેથી જ સ્વરૂપને વિદાય કરો અને પછી કહો અમે તમારા માટે મરીશું એ કેવો સ્નેહ !

૧૨. કથામાં પણ આધિદૈવિક, આધિભૌતિક અને આધ્યાત્મિક વાતો આવે તમારી રુચિ શેનામાં ચોટે છે તે પરથી તમારા મનનું વલણ ખબર પડી જાય. જ્ઞાનમાર્ગીઓને પ્રભુની લીલામાં મન નહીં ચોંટે પણ તે જ વાત જુદી રીતે કહેતા દા.ત. પૂતના અવિદ્યા સ્વરૂપ છે. અને પ્રભુ અખંડ બોધરૂપ છે. તેમણે તેનો વધ કર્યો... આ રીતની કથામાં તેમને વધુ રુચિ થાય છે. ભક્તિમાર્ગીને અવિદ્યા-અખંડબોધની કથા શ્રીકૃષ્ણે પૂતનાને મારી તેવા શબ્દોમાં જ રુચે.

૧૩. કથા-પ્રવચનમાં લોકો અનેક કારણથી જાય છે. કોઇ જ્ઞાનસંચય માટે કોઇ ભાવસંચય માટે, કોઇ પરિચયસંચય માટે, કોઇ પ્રતિષ્ઠાસંચય માટે (અનેક મોટા માણસો કથામાં જાય છે તો હું પણ જાઉં) જાય છે.

૧૪. શ્રીમહાપ્રભુજી ચેતવણી આપે છે કે જેમનો પુષ્ટિમાર્ગમાં અંગીકાર થયો છે તેમને પ્રભુ લોકવેદમાં સ્વસ્થ નહીં રાખે, લોકવેદમાં ડૂબવા નહીં દે. આ વાતના સર્વ પુષ્ટિભક્તોને સાક્ષી બનવાનું કહે છે.

તમે એમ માનતા હો કે ભક્તિથી તમારી દુકાન સારી ચાલશે કે તમારું કુટુંબ વધુ સુખી બનશે તો તમે ભૂલ કરો છો. એ સર્વથી કદાચ તમને બરબાદ કરી નાખે છતાં ભક્તિ સ્થિર રહે. ભાવ વધતો રહે તો જ પ્રભુકૃપા સમજવી.

૧૫. લોકવેદ ગુમાવીને પણ પ્રભુપ્રાપ્તિની ધગશ હોય તો જ પુષ્ટિસ્થ પ્રભુને

છંછેડશો. જેમ ગાંડા હાથીને છંછેડો પછી તે પોતાની મર્યાદા પણ તોડશે અને તમારી પણ તોડશે, એની કૃપા જીરવવાની શક્તિ તમારામાં હોવી જોઇએ.

જેવી રીતે બે રાજાઓ સંધિકરાર માટે મળે ત્યારે તેઓ પોતાના સૈન્ય તથા કિલ્લાની બહાર કોઇ બીજી જ જગ્યાએ મળે છે તેમ તમારા લોકવેદના કિલ્લામાં સુરક્ષિત રહીને આત્મારામ પ્રભુને સંધિ કરવા માટે આત્મસ્મરણમાંથી બહાર આહ્‌વાન આપો તો એ નહીં આવે.

૧૬. પ્રમાણ એટલે નિયમ અનુસાર પ્રભુ વર્તે તે અને પ્રમેય એટલે એ નિયમમાં પ્રભુ દ્વારા દર્શાવાયેલ વ્યુત્ક્રમ. પુષ્ટિમાં માત્ર પ્રમેયબળથી જ બધું થાય છે એવું નથી. કયારેક કાંઇક પ્રમાણથી પણ થાય છે. તેવી જ રીતે મર્યાદામાં પણ કયારેક પ્રમેયબળ પણ વપરાતું જોવામાં આવે છે.

૧૭. ભગવદ્‌સેવા માટે ભગવત્મંદિરમાં રહેવું તે ઉત્તમ વાત નથી પણ ભગવત્સેવા માટે પોતાના ઘરમાં ભગવત્સ્વરૂપ પધરાવવું જોઇએ, તેથી શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંત અનુસાર મંદિર ન હોવું જોઇએ પણ શ્રીનાથજીએ જિદથી મંદિર કરાવડાવ્યું. એ અપવાદને સુધારવા પ્રભુચરણ શ્રીગુસાંઇજીએ મંદિરની ચારે કોરની જમીન ખરીદીને પોતાના ઘરે નહિ તો ગામમાં શ્રીજીની સેવા કરી. તેને હાલમાં સરકારના ખોટા કાયદાઓને કારણે આપણા સિદ્ધાંત, ભાવ અને પરંપરાથી વિપરીત જાહેર મંદિર ઠરાવવામાં આવ્યું છે.

૧૮. શાસ્ત્રમાં પ્રતિષ્ઠાની બાબતમાં લખ્યું છે કે તેવી મૂર્તિને જો શુદ્ર અડી જાય કે ખંડિત થઇ જાય તો તેની પૂજા કરવી પાપ છે. શ્રીમહાપ્રભુજીએ વિચાર્યું કે જો સેવા સંપૂર્ણ શાસ્ત્રને આધારે કરવામાં આવે તો સ્ત્રી, શુદ્રાદિ સેવા નહીં કરી શકે. તેથી આપે આજ્ઞા કરી ‘‘સેવા ભાવનાથી કરવી’’ આમ સેવા શાસ્ત્રોક્ત હોવા છતાં માત્ર તેના પર જ નિર્ભર નથી. દા.ત. રામનવમી, જન્માષ્ટમી વગેરે દિવસે સેવામાં વેદમંત્ર બોલાય છે. શુદ્ર ભલે મંત્ર ન બોલે પણ પલના તો ઝુલાવી શકે. વળી ફરી પ્રાણ પ્રતિષ્ઠા કરાવવાની પ્રથા

અપનાવે તો ભાવ ખંડિત થઈ જાય. તેથી પુષ્ટ કરાવવાનું જ રાખ્યું. પુષ્ટ કરવું એટલે ભાવ સ્થાપિત કરવો.

૧૯. શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે "શુદ્ધતમ થઈને સેવા કરો" કેટલી સ્વચ્છતાને તમે 'શુદ્ધતમ' માનો છો તે તમારા પર આધાર રાખે છે.

એક વલ્લભકુળના મહારાજ કાનમાં એક ગાગર જલ નખાવતા ત્યારે તેમને લાગતું કે હું હવે શુદ્ધ થયો છું, આમ શુદ્ધિના માપ દરેકને માટે જુદા છે. તમારી દષ્ટિએ સંપૂર્ણ શુદ્ધ થવાનું જે માપ છે તેનાથી ઓછી શુદ્ધિ રાખવી એ અનાચાર છે. એટલે જ અપરસ કેવી પાળવી એ તમારો હેડેક (દુખાવો) છે, પ્રભુનો નહીં. અપરસ 'અ'+'પરસ' ની માફક 'અપ+રસ' પણ હોઈ શકે છે.

૨૦. બ્રહ્મ સર્વત્ર છે તેથી મૂર્તિમાં પણ છે અને સર્વ વ્યક્તિમાં પણ છે. છતાં સર્વમાં રહેલા પ્રભુ સાથે તમે ભાવાત્મક સંબંધ નિભાવી શકશો ? તે અઘરું છે. માટે જ એક સ્વરૂપ પસંદ કરો, કે આ રૂપમાં હું પ્રભુ સાથે ભાવાત્મક સંબંધ સ્થાપીશ, આ રૂપમાં હું 'એ'ની સેવા કરીશ.

છોકરા-છોકરીની સગાઈ થાય છે એ પછી આપસમાં ભાવાત્મક સંબંધ સ્થપાય છે ત્યાર પછી તે કન્યા કે સ્ત્રી નથી રહી જતી પણ તેની પત્ની બની જાય છે. તેવી જ રીતે ગુરુ શિષ્યમાં તથા મિત્ર-મિત્રમાં ભાવાત્મક સંબંધ સ્થપાય છે.

ભાવની બહુ જ બારીક આઉટલાઈન (રૂપરેખા) છે. ભાવ સ્થાપિત થાય તો સ્ત્રી પત્ની બની જાય, પંડિત ગુરુ બની જાય અને ભાવ ખંડિત થઈ જાય તો પત્ની સામાન્ય સ્ત્રી થઈ જાય અને ગુરુ પંડિત થઈ જાય.

૨૧. ભાવ તમારી નજરમાં છે. હૃદયમાં ભરાયેલો હોવાથી તે વસ્તુકે વ્યક્તિમાં નથી. શિરી ફરહાદના કિસ્સામાં શિરી કાળી હતી, કાણી હતી, પણ ફરહાદ માટે તે અપ્સરાથી પણ વધુ સુંદર હતી. કારણ આંખોમાં ભાવ હતો. તેવી જ રીતે ઘણાં શ્રીઠાકોરજીની 'વસ્ત્ર-સેવા' કરે છે. બીજાની દષ્ટિએ તો આ

કપડાના ટુકડાની સેવા લાગે છે. આમાં દોષો આંખો છે. કપડામાં શ્રીઠાકોરજી જોવા માટે ભક્તની આંખ જોઈએ. શિરીને સુંદર જોવા માટે ફરહાદની આંખથી જોવું જોઈએ.

૨૨. બે જાતના કચરા છે : બુદ્ધિમાં અજ્ઞાનનો અને હૃદયમાં રૂક્ષતા કે સ્વાર્થનો કે અસ્નેહનો કચરો છે. ગમે તે એક કચરાને સાફ કરવાનું શરૂ કરો, બીજો પણ ધીમે-ધીમે નીકળી જશે અને પ્રભુને બિરાજવા લાયક સ્વચ્છતા આવશે.

૨૩. સેવા તમારું ફકત કર્તવ્ય જ નથી પણ સેવા તમારું સર્વસ્વ છે.

૨૪. મૂર્તિમાં તત્ત્વ શિલાનું છે. પણ સત્વ પરમાત્માનું છે, કારણ કે પ્રભુ પોતે જ પૃથ્વી, જલ, તેજ આદિ પંચભૂત બનેલા છે.

૨૫. એક વૈષ્ણવે પોતાના સેવ્ય શ્રીબાલકૃષ્ણલાલ સાથે શ્રીગિરિરાજજી પણ પધરાવ્યા અને કહે કે મને શ્રીગિરિરાજજીમાં વધારે વાયબ્રેશન લાગે છે. જો તમારી દ્રષ્ટિએ તમારી ભક્તિ કરતા વાયબ્રેશન જ વધુ અગત્યનાં હોય તો ભક્તિની જરૂર જ ક્યાં છે ? ભક્તિ વધારવાને બદલે કઈ મૂર્તિ, નથી પથ્થરમાં વાયબ્રેશન વધુ છે તે ગોત્યા કરો. અથવા તો એક વાઈબ્રેટર જ કેમ વસાવી નથી લેતા ?

૨૬. મર્યાદામાં મૂર્તિ પ્રભુની પ્રતિનિધિ છે. પુષ્ટિમાં મૂર્તિ પોતે જ પરમાત્મા છે.

જો તમારામાં સ્નેહનું સામર્થ્ય હોય તો જે આનંદ પરમાત્મા તમને આપી શકે તે આનંદ મૂર્તિ પણ આપી શકે.

૨૭. આપણે મૂર્તિ નથી કહેતા કારણ કે તેમ કહેવાથી ભાવ ખંડિત થઈ જાય છે. આપણે સ્વરૂપ કહીએ છીએ.

૨૮. મર્યાદામાં મૂર્તિને પ્રભુની પ્રતિતિધિ માની પૂજન થાય છે. એટલે રસગુલ્લાં નથી મળતાં તેથી ચણા ફાકે છે, પણ પુષ્ટિમાં તો ભક્ત સ્વરૂપ-સેવામાં ચણા નથી ફકતો, રસગુલ્લાં જ ખાય છે.

૨૯. પ્રભુ બોલતા નથી તેથી ભક્ત એમ નથી વિચારતો કે તે મૂર્તિ છે. પણ તે વિચારે છે કે તે માન કરે છે, તે રૂઠેલા છે, હું તેને મનાવીશ, ભલે ૧૦-૨૦ વર્ષ કે જન્મ વીતી જાય, હું પ્રયત્ન નહીં છોડું.

૩૦. બે વ્યક્તિઓને એકબીજામાં જ્યારે ભાવ સ્થાપિત થાય છે ત્યારે ગામ તો એટલું જ જાણે કે હમણાં તેઓ સાથે ફરે છે, અને ગામને તમારા હૃદયનાં ભાવો જણાવવાની જરૂર પણ શું છે ? તેવી જ રીતે શ્રીઠાકોરજીનો અને તમારો સંબંધ કેવો છે તેની ગામને ખબર પાડવા જતાં ગરબડ ઉભી થાય છે. હજી પણ કેટલાક ગોસ્વામી બાળકો પોતાના વહુજીઓને પરદામાં રાખે છે. કોઈની દ્રષ્ટિ વહુજીની બાબતમાં બગડે નહિ તેવી બીકથી. પોતાનાં વહુજી જેટલી મહત્તા પણ જો સેવ્ય પ્રભુની સ્વીકારી હો તો શ્રીઠાકોરજીનું જાહેર સખાવતી મંદિર ન થાત; જોકે શ્રીઠાકોરજી પણ સ્ત્રીગૂઢ ભાવાત્મક તો છે જ.

૩૧. ઉદ્વેગને સ્વીકારવો જ છે તો પાપનું ફળ માનીને સ્વીકારવાથી હૃદયમાં ગ્લાનિ, ઉદાસીનતા અને હીનતાની ભાવના થશે, ઈશ્વરેચ્છા માનવાથી હૃદયમાં દીનતા આવશે. આવી દીન, હીન વ્યક્તિ સ્નેહી નહીં બની શકે, પણ ઉદ્વેગને પ્રભુલીલા સમજવાથી હૃદયમાં ભક્તિને હાનિ નહીં થાય અને આવો ભક્ત જ સ્નેહી તરીકે ટકી રહે છે. (આનંદસ્ય હરેર્લીલા)

૩૨. નાટક જોવા જોઈએ ત્યારે મન તૈયાર હોય છે કે આપણે કંઈક લીલા જોવા જઈએ છીએ. નાટક કરુણ હશે, તમે રડશો, છતાં બહાર આવીને કહેશો કે નાટક સુંદર હતું. નાટક ડરામણું હશે. તમે ભયભીત થઈ જશો, છતાં બહાર આવીને તેને વખાણશો. નાટકને તમે લીલા જાણો છો તેથી તે તમને રડાવે, હસાવે, ડરાવે તો પણ તમે તેને એપ્રીશીએટ કરો છો તેવી રીતે સંસારની સર્વ ઘટનાને પ્રભુલીલા સમજવાથી તેની કરુણતા, સુંદરતા, ક્રૂરતા, ભયાનકતા કે નિરસતા સર્વને વખાણતા થઈ જશો.

૩૩. પોતાને ન દેખાવા છતા અંધ વ્યક્તિ બેટરી રાખે છે, જેથી બીજો કોઈ તેનાથી ટકરાય નહીં. તેવી જ રીતે પોતાને સમજ ન હોવા છતાં અષ્ટાક્ષર

સ્મરણ રાખવાથી કોઈ વિરોધી ભાવ કે આસુરી ભાવ હૃદય જોડે ટકરાશે નહીં.

૩૪. ટ્રેનમાં બેઠા પછી હું પહોંચીશ કે નહીં એવી ચિંતા કરવી મુર્ખાઈ છે. ટ્રેનમાં બેઠા પછી પણ તમે નિશ્ચિંત ન રહી શકો તો કોઈ તમને શું મદદ કરી શકે? તેથી સેવાત્મિકા ભક્તિ અથવા શરણાગતિના માર્ગ ઉપર સંનિષ્ઠ રહેનારને ચિન્તા અનાવશ્યક હોય છે.

૩૫. લૌકિક કે અલૌકિક બન્ને કારણ માટે ચિન્તા ત્યાજ્ય છે. અંગીકૃત જીવનાં કાર્ય પ્રભુ સ્વતઃ કરે છે એવો વિશ્વાસ જરૂરી છે. કોઈ કોઈ વાર પ્રારબ્ધ ભોગ યા પરીક્ષાર્થ ફલ દેવામાં વિલંબ કરે છે.

૩૬. પ્રભુ પરીક્ષા પણ ક્રીડાભાવથી કરે છે; નહિ તો શું તેમને નથી ખબર કે આપણે કેટલા પાણીમાં છીએ ?

જેવી રીતે ગુનેગારને સજા દેવામાં પોલીસ કે જજને તેના પ્રત્યે કોઈ દ્વેષભાવ નથી હોતો પણ ફકત કાનુનને વશ થઈને સજા દે છે. તેમ જ આપણે પ્રભુની સૃષ્ટિમાં કર્મનાં ફળ ભોગવીએ છીએ પણ તે ભોગવતી વખતે ઉદ્વિગ્નતા લાગુ ન પડવી જોઈએ. કારણ કે એક શાયરે કહ્યું છે, ''મૈં ખુશ હું અય નસીમ મુઝે કોઈ ગમ નહિ, મેરી તબાહીઓમેં ભી યારોકો હાથ હૈ'' કર્મથી વધારે ઘનિષ્ઠ આપણો મિત્ર કોણ હોઈ શકે કે જે દેહ છૂટતા પણ આપણો સાથ છોડતો નથી.

૩૭. ચિંતા ભગવદ્‌અર્થ પણ ન કરવી જોઈએ કારણ પ્રભુ જેટલી સેવા આપણાથી લેવા માગે છે તેટલી અનુકૂળતા તે ખુદ કરી દેશે અને એટલો જ ભાવ પ્રદાન કરશે.

દેશકાળની પરિસ્થિતિથી શું પ્રભુ વાકેફ નથી ? જેમકે ખાંડનું રેશનિંગ હોય ત્યારે છપ્પનભોગ આરોગાવવો છે તો ચિંતા ઉપસ્થિત થશે. પણ આપણે એમ સમજવાનું છે કે જેટલી ખાંડ ઉપલબ્ધ છે એટલી ખાંડની જ સામગ્રી પ્રભુ માગી રહ્યા છે. તો વિચારવું જોઈએ કે આપણે

જે સામગ્રી ધરી રહ્યા છીએ તેનો મહિમા કેટલો છે તે પ્રભુ આપણી પાસે માંગી રહ્યા છે. એટલે કોઈપણ અફસોસ સાથે કંઈપણ સામગ્રી ન ધરવી કારણ ચિંતાથી ભાવ રૂખો થઈ જશે, હૃદયમાં કઠોરતા, ક્લિષ્ટતા આવશે, પછી જે કરીશું તે સેવા નથી પણ આપણી હઠથી કરેલી ક્રિયા જ છે.

૩૮. અગર સેવા પછી નિરંતર ઉદ્વેગ જ રહેતો હોય, ઘરમાં સદા કલેશ જ રહેતો હોય તો સેવા છોડી દેવી જોઈએ. સેવામાં જો મન પ્રફુલ્લ ન રહે તો તેવી સેવા નથી, ફક્ત કર્મકાંડ છે.

૩૯. શ્રીમહાપ્રભુજી એમ નથી કહેતા કે સુખદુઃખની સંવેદનાથી જડ થઈ જાઓ. પણ કહે છે કે બન્ને સંવેદના ચિંતામુક્ત થઈને ભોગવો.

૪૦. અગર સેવા પછી કુટુંબાસક્તિ રહી જાય તો પણ ચિંતા ન કરવી, કારણ તે પણ પ્રભુની ક્રિડા છે. કદાચ પછીનાં જન્મમાં ગુણાસક્તિ અને પછી સ્વરૂપાસક્તિ થશે, એમ ક્રમથી આગળ વધશો.

૪૧. 'જ્યારે મહાપુરુષ (શ્રીમહાપ્રભુજી) દ્વારા આપણું નિવેદન પ્રભુ પ્રત્યે થયું છે તો તે આપણી લૌકિક ગતિ નહિ કરે, આપણે તેના છીએ એવો પોઝીટીવ એટીટયુડ રાખવાથી ઉત્સાહથી, ધીરજ જળવાઈ રહેશે.

૪૨. ભગવદ્ અનુરક્તિને કારણે જો વિષયમાં વૈરાગ્ય આવે તો તે પુષ્ટિવૈરાગ્ય છે અને વિષયમાં વૈરાગ્ય થવાથી ભગવદ્ અનુરક્તિ ઉત્પન્ન કરીએ તે મર્યાદા વૈરાગ્ય જન્યા મર્યાદાભક્તિ છે.

૪૩. ચિંતા એટલે થાય છે કે જેને આપણે આત્મનિવેદન કર્યું છે તેના બળ પર ભરોસો નથી. જેમ કન્યાદાન કર્યું હોય પણ જમાઈ પર ભરોસો ન હોય કે કન્યાદાનમાં આપેલ દ્રવ્ય પચાવી તો નહિ જાય ?

૪૪. જે વસ્તુ શાસ્ત્રોક્ત હોય, લૌકિકમાં ઉત્તમ હોય, પોતાને પણ પ્રિય હોય, તેવી વસ્તુ પ્રભુને જરૂર અંગીકાર કરાવવી, પણ આમાંથી એક-બે વસ્તુની કમી હોય તો વિવેક વાપરવો જોઈએ.

૪૫. પ્રભુ કાલ, કર્મ, સ્વભાવના નિયામક હોવાથી કાલાદિથી કરવામાં આવેલો

પ્રતિબંધ પણ તેમની ઈચ્છાથી જ છે. બ્રિટનના મહાન તત્વચિંતક બર્ટ્રાન્ડ રસેલના કહેવા મુજબ પ્રાર્થના કરનાર ભગવાન પર બે આરોપ મૂકે છે : (૧) તે સર્વજ્ઞ નથી (૨) તેની યોજનામાં કંઈક ખામી છે જે બાબતમાં ધ્યાન દોરવતાં તે સુધારી લેશે.

પ્રભુ પોતાની ઈચ્છાથી જ કરે છે તેથી દુઃખ પડે ત્યારે તે સહન કરી લેવું, પણ પ્રભુ પર અવિશ્વાસ પ્રગટ ન કરવો. દુઃખ અનુભવ કરાવનારા પણ પ્રભુ જ છે. તેથી પ્રાર્થનાની જરૂર નથી.

૪૬. શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજીએ કહ્યું છે કે શુધ્ધાદ્વૈતીનો સંગ પણ કયારેક બાધક છે. એમાં શ્રીમહાપ્રભુજીના સિધ્ધાંતનું ખંડન નથી કર્યું પણ ફકત આવા વિચારો જો ભક્તિને ખંડિત કરતા હોય તો જ તે બાધક છે. દા.ત. ભોગ ધરનાર બ્રહ્મ છે ભોગ અરોગનાર બ્રહ્મ છે અને ધરાવવામાં આવતી સામગ્રી પણ બ્રહ્મ છે; એવા જ્ઞાનથી જો ભક્તિભાવ છૂટી જાય તો તેવું શુધ્ધાદ્વૈત જ્ઞાન બાધક છે.

૪૭. પ્રભુ કેવળ પરમેશ્વર જ નથી. પરમાત્મા પણ છે. કેવળ આત્મા જ નથી, ઈશ્વર પણ છે. તેથી ભક્તિમાં પ્રેમ અને દીનતા બન્નેની જરૂર છે. જેવી રીતે નટ દોરી પર ચાલતી વખતે લાઠીને જરૂર પડે તે બાજુ નમાવીને સમતુલા જાળવે છે; તેમ ભક્તિની દોરી પર ચાલતી વખતે અતિશય સ્નેહવશ ઉધ્ધત ન બની જઈએ અથવા તો અતિશય દૈન્યવશ નિઃસ્નેહ ન બની જઈએ તે માટે ભજનીય ભગવાનને પરમેશ્વર પણ અને પરમાત્મા પણ માનવો જોઈએ.

૪૮. શ્રીદ્વારકાધીશજીના ઘરના એક બાળકે કાશીમાં પંડિત થવાની ઈચ્છાથી કોઈની સલાહથી જીભ પર સરસ્વતી મંત્ર લખાવ્યો અને પાછા ફર્યા ત્યારે શ્રીદ્વારકાધીશજીની આજ્ઞાથી તેમના પિતાશ્રીએ એકના એક પુત્રનો ત્યાગ કર્યો. તે પ્રસંગ પરથી એમ નથી સમજવાનું કે દરેકે મૂરખ રહેવું, અથવા પંડિતાઈ હોવી તે દોષ છે, પણ એમ સમજવાનું છે કે પંડિત હોવું એ ઈશ્વરનું વરદાન છે. પંડિત ન હોવું એ ઈશ્વરેચ્છા છે. તેથી તેને માટે પણ

અન્યાશ્રય ન કરવો. વળી જોવાનું એ કે જે વ્યક્તિના અન્યાશ્રયથી પ્રભુને માઠુ લાગે તે વ્યક્તિ પ્રભુની કેટલી આત્મીય હશે. ઘરનાની ગાળ અને કંડકટરની ગાળ, બેઉની આપણા પર થતી અસરમાં કેટલો તફાવત છે ? દ્વારકાધીશજીએ તેને ઘરનાની ગાળ ગણી. જ્યારે આપણા અન્યાશ્રયનું પ્રભુને માઠું ન લાગે તો આપણો સંબંધ કેવો?

૪૯. ''ષોડશ ગ્રંથ''નું તાત્પર્ય માત્ર એક જ છે તે 'સેવા'. ઘણીવાર સેવા છોડવાનું વિધાન પણ ભગવદ્‌સેવા માટે જ હોય છે. દા.ત. કોઈ ડોકટરની ચિકિત્સા કે ઔષધિ તમને માફક ન આવે કાંઈક માઠી અસર જણાતી હોય તો તેને છોડવામાં આપણું તથા ડોકટરનું બન્નેનું હિત છે.

૫૦. પોતાના સમર્પણ સાથે પરિવારની દરેક વ્યક્તિનું પણ સમર્પણ થાય છે. પરંતુ તેઓને તેમનો ખુદનો અહંકાર પણ છે. તેથી તેનું સમર્પણ તો તેમના પોતાના બ્રહ્મસંબંધથી જ થાય છે. પુત્રાદિક સેવામાં ઉપયોગી ન થાય તો ચિંતા ન કરવી. પ્રભુને સમર્પિત કરી દીધા પછી પ્રભુ ઈચ્છશે ત્યારે તેનો ઉપયોગ કરશે.

૫૧. જેવી રીતે કોઈને દસ પુસ્તક વાંચવા આપ્યા હોય પછી કયું પુસ્તક વાંચવું, ક્યારે વાંચવું, કે ન વાંચવું તે તેની જવાબદારી, આપણી નથી અને એવી દખલગીરી વાંચનારને પસંદ પણ ન પડે.

૫૨. ''મેં બ્રહ્મસંબંધ પ્રથમ લીધું છે અને મેં બધાને સમર્પિત કર્યા છે.'' એમ અહંકાર ન રાખવો. કારણ કે બ્રહ્મસંબંધ લેનાર અને તેના પરિવારનાં સર્વનો પ્રભુ સાથે સંબંધ સમાન છે. પ્રથમ બ્રહ્મસંબંધ લેનારનું વધુ મહત્વ ન માનવું. ઘણીવાર એવું બને છે કે બ્રહ્મસંબંધ લીધા પછી તેનાં પરિવારની કોઈ અન્ય વ્યક્તિમાં ભાવ વધતો જોવામાં આવે છે. તમારા બ્રહ્મસંબંધને કારણે બીજાને ભાવનું દાન થઈ શકે છે, પણ આ અપવાદ છે. ટૂંકમાં બ્રહ્મસંબંધ લેનાર વ્યક્તિ કરતાં તેણે સમર્પિત કરેલ કુટુંબનો પ્રભુ સાથે સંબંધ ગૌણ નથી; માટે બ્રહ્મસંબંધ લેનારે કયારેય અભિમાન ન રાખવું.

૫૩. બ્રહ્મસંબંધ લીધા પછી તમારાથી સેવા કઈ રીતે લેવી તે પ્રભુની ઈચ્છા ઉપર છે. ઘણીવાર સ્ત્રી પુત્રાદિકની જ સેવા લે છે. ઘણીવાર પ્રભુ પોતાની સેવા લે છે. કોઈકવાર પોતાનાં ભક્તોની સેવા કરાવે છે. કુટુંબની જ સેવા કરવી પડે તો પ્રભુ ઈચ્છા સમજીને ચિંતા ન કરવી પણ મનમાં પ્રમોશનની ઈચ્છા રાખવી કે કયારે પ્રભુ હવે ઉંચી સેવા કરાવે.

૫૪. વૈભવ જ્ઞાન અપરસ વગેરે ઉત્તમ વસ્તુઓ છે. આ ઉત્તમ વસ્તુઓનો પ્રભુમાં વિનિયોગ ઉત્તમ ગણવામાં આવે છે, અનિવાર્ય નહીં. તેથી વૈભવ હોય તો પ્રભુની સેવા વૈભવથી કરવી, પણ વૈભવ ન હોય તો પણ સેવા છૂટવી ન જોઈએ. તેવી જ રીતે જ્ઞાની પણ સેવા કરી શકે, મૂરખ પણ કરી શકે. અપરસ પણ સુંદર વસ્તુ છે, તેનો વિનિયોગ પણ પ્રભુની સેવામાં કરવો ઉત્તમ વાત છે પણ પૂરતી અપરસ પળાતી નથી માટે સેવા છોડી દેવી અયોગ્ય છે. આ પ્રમાણે સેવાકર્તાનો પૈસાનો વૈભવ, જ્ઞાનનો વૈભવ અને અપરસનો વૈભવ, સર્વનો વિનિયોગ કરવાની છૂટ છે, પણ સેવા માટે તે અનિવાર્ય છે તેવી આજ્ઞા નથી.

૫૫. યોગીને લાગતી સમાધિમાં કશું આશ્ચર્ય નથી, શરીરના ક્રિયાકલાપો બંધ કરી દઈ સમાધિ લેવી તે એક ક્રિયાસિદ્ધિ છે. એમ તો દેડકા, કાચબા પણ માટીમાં ઘૂસી જઈ સમાધિ જેવી સ્થિતિ ધારણ કરે છે; જેને ‘‘હાયબરનેશન’’ કહેવાય છે. તેથી દેડકાના દર્શન કરવા જવાની આવશ્યકતા નથી, મહત્તા સમાધિની નહિ પણ પરમાત્મવિષયક સમાધિની છે.

૫૬. પહેલે ભિક્ષુક કી ગરિમા થી. વે ભિક્ષા લે કર દેનેવાલે પર ઉપકાર કરતે થે. ઔર ભિક્ષુકકો ખાના ખિલાકર ખાના–ઐસા જીનકા નિયમ રહતા થા વે લોગ ગાંવકે બહાર ભિક્ષુકકો ઢુંઢનેકે લિયે ખડે રહેતે થે. અબ સબ ચિત્ર બદલ ગયા હૈ.

૫૭. જિસ તરહ સે તુમસે ભજન લેના હૈ ઉતના લેનેમેં પ્રભુ સમર્થ હૈ.

૫૮. **તુમ્હારા ભટકનેકા સ્વભાવ હૈ, પ્રભુકા રોકનેકા સ્વભાવ હૈ.**

૫૯. શ્રીગુસાંઇજીને વિજ્ઞપ્તિમેં કહા હૈ : યહ જીવ તેરી તુલનામેં કિતના છોટા હૈ. વહ અગર તુઝે ખુશ કરનેકે લિયે કુછ કરે તો ભી કિતના કરે, ઐસે જીવકી કૃતિકી તુ અપેક્ષા રખે યહ સંભવ નહીં હૈ.

૬૦. શ્રીમુરલીધર મહારાજકો પૂછા ગયા કિ મૂર્તિમેં તો આવાહન કરના પડતા હૈ ઔર શાલિગ્રામમેં તો નિત્ય સંનિધાન હૈ, ઔર શ્રીગિરિરાજજીમેં ભી. તો શ્રીગિરિરાજ ઔર શાલિગ્રામકી સેવા જ્યાદા અચ્છી નહીં ? ઉન્હોંને કહા : મૂર્તિ–જીસમેં તુમ આંખ, નાક, કાન આદિકા દર્શન કર સકતે હો, સુંદર સિંગાર કરકે ઉનકી સુંદરતા ઔર ઉનકે ભાવ દેખ સકતે હો, ઐસી મૂર્તિમેં તુમ્હે ક્યોં દોષ નજર આતા હૈ– શાલિગ્રામમેં તો ઐસા કોઇ આનંદ નહિ મિલેગા.

૬૧. પુષ્ટિ પુરુષોત્તમ શ્રીયુકત હૈ જો અપની શોભાસે તુમ્હેં જબરજસ્તી અપની ઔર ખીંચ લેતે હૈ – રત્નાકરકા પદ હૈ :

**ન ચલી કછુ લાલચી લોચનકી, હઠ મોચનકે ચહનો હી પર્યો.**
**'રત્નાકર' બંક બિલોકની બાન, સહાય બિના સહનો હી પર્યો.**
**ઉતતે વે ગાત છૂવાય ચલે, તબ તો પ્રાણકો ઢેહનો હી પર્યો.**
**ભરી આઇ કરાહ સુનો જી સુનો, નંદલાલ સો યોં કહેનો હી પર્યો.**

પ્રભુ જ્યારે કૃપા કરે છે, પહેલ કરે છે ત્યારે એમને ચાહવું કે ન ચાહવું એ તમારા હાથની વાત નથી. એ તમારા તનમનને જબજસ્તીથી છિનવી તમને અસહાય કરી મૂકે છે. તેથી કવિ રત્નાકર કહે છે :–

**ન ચલી કછુ લાલચી લોચનકી, હઠ મોચનકે ચહનો હી પર્યો.**

૬૩. સેવા એટલે જેનાથી પ્રભુને સુખ આપી શકાય તે. નહિ કે પોતાનો અહંકાર પોષવા કે પોતાની કર્તવ્યભાવના પોષવા કરાયેલી તે સેવા.

સેવામાં આત્મવિકાસને બદલે પ્રભુ–સુખનું ધ્યેય હોવું જોઇએ. વાર્તામાં પ્રસંગ આવે છે શ્રીગુસાંઇજીનો, કે આપનો એક સેવક ખુબ નામ–જપ કરતો પણ આપ તેની સાથે કદી સામેથી બોલ્યા નહોતા. પણ

જ્યારે એક વાર તેણે શ્રીગિરિરાજજીના રસ્તામાં કાંકરા-પથ્થર સાફ કર્યા એવી ભાવનાથી, કે શ્રીઠાકોરજીના ચરણમાં ખૂંચે નહીં. ત્યારે શ્રીગુસાંઈજી સામેથી બોલ્યા. કારણ પૂછતાં જણાવ્યું કે આજ સુધી તે આત્મવિકાસનું જ ધ્યેય રાખ્યું હતું. આજે પ્રભુસુખનો વિચાર કર્યો.

જ્યારે ઘરમાં આગ લાગે ત્યારે તમે તમારા બાળકને ભૂલી તમારી જાતને બચાવવા ભાગો છો. આમાં તમે તમારી જાતને બચાવી રહ્યા છો. પછી આવીને બાળક માટે રડવું નહીં. પરંતુ આગ લાગે ત્યારે જો તમે તમારા બળવાની પરવા કર્યા વગર બાળકને બચાવવા પ્રયત્ન કરો છો તો એમાં પ્રેમનું પ્રાધાન્ય છે. તેવી જ રીતે સંસારની અગ્નિમાં તમને આત્મોદ્ધારની ચિંતાને પોસ્ટપોન કરો.

કારણ કે શ્રીમહાપ્રભુજી કહે છે કે તમારો ઉદ્ધાર સંસારથી છૂટવામાં નથી પણ ભક્તિમાં છે. શકય છે કે ભક્તિથી તમારો આત્મોદ્ધાર ન પણ થાય. આત્મોદ્ધાર એટલે સંસારમાં અહંતા-મમતાથી મુક્તિ.

પ્રભુ સાથે પ્રેમનો, ભક્તિનો સંબંધ બાંધવા માગતા હોઈએ તો અર્જન્સી પ્રભુ-સુખની પ્રભુ-પ્રેમની હોવી જોઈએ, આત્મોદ્ધારની નહીં.

૬૪. માહાત્મ્યજ્ઞાન સાથેનો સ્નેહ તે ભક્તિ છે. માહાત્મ્યજ્ઞાન વગરની ભક્તિ તે સ્નેહ છે.

૬૫. ભક્તિમાં જીવ ટ્રસ્ટી છે. પ્રભુ બેનીફીશયરી છે. પુષ્ટિમાં પ્રભુ ટ્રસ્ટી છે. જીવ બેનીફીશ્યરી. આવી હોય છે પુષ્ટિભક્તિ ! ટ્રસ્ટી માવજત રાખે, લાભ નથી લેતો, નહિ તો બ્રીચ ઓફ ટ્રસ્ટ કહેવાય.

૬૬. શ્રીગુસાંઈજીએ એક ખાવાપીવાની શોખીન વ્યક્તિને બ્રહ્મસંબંધ આપ્યું પણ બીજી એક વ્યક્તિ, જેને તીવ્ર વૈરાગ્ય હતો તેને બ્રહ્મસંબંધ ન આપ્યું. તાત્પર્ય એ છે કે લૌકિક રસને અલૌકિક રસમાં બદલી શકાય. પણ રસહીન-રૂક્ષ વ્યક્તિને અલૌકિક રસમાં ડુબાડી ન શકાય.

૬૭. પહેલાં ક્રોધ આવવાથી છોવાઈ જવાતું હતું, પણ હવે કોણ તેની ચિંતા કરે

છે. કારણ કે સેવામાં પ્રભુસુખનો વિચાર નથી પણ કર્તવ્યનો વિચાર મુખ્ય છે.

સેવામાં પણ ભાવનામાં ફરક પડે છે (૧) પ્રભુ સુખમાં પોતાનું સુખ માનવું (૨) પોતાને સુખ મળે માટે પ્રભુ સેવા કરવી. દા.ત. (૧) દાનવીર કહેવડાવવા માટે દાન કરવું. સુખ લેવા માટે સુખ આપવાની વૃત્તિ. (૨) કોઈને સુખ થાય માટે દાન કરવું = બીજાના સુખમાં સુખ લેવાની વૃત્તિ.

૬૮. અમુક સ્નેહજનિત ચિંતાઓ એવી હોય છે કે જે નિવારી જ ન શકાય. કારણ દિલ આખરે દિલ છે, તે સંવેદનશીલ તંતુથી બનેલું છે, કંઈ ઈંટ–પથ્થરથી નથી બનેલું. હૃદય થોડું દર્દ અનુભવે તો હરકત નહીં, પણ ફોડકીને ખંજવાળીને હાથે કરીને ફોડલો ન બનાવવો.

૬૯. ચૈતન્ય સંપ્રદાયના શ્રીરૂપ ગોસ્વામીનું એક સુંદર લખાણ આ પ્રમાણે છે : જ્ઞાન–વૈરાગ્યની કોઈક ઉપયોગિતા છે તો ફકત આટલી જ કે તમને ભક્તિની તરફ વાળે છે. તે ભક્તિના માર્ગ ઉપર ચલાવી નથી શકતા, જ્ઞાન–વૈરાગ્ય સિગ્નલ જેવા છે વ્હીલ જેવા નહીં, અને તેમની જરૂરીયાત ફકત પ્રારંભમાં છે. તે ભક્તિના અંગ ન બની શકે.

૭૦. જેટલું જ્ઞાન–વૈરાગ્ય વધુ તેટલું ચિત્ત વધુ કઠોર બનશે; જેવી રીતે સ્નેહી કે આપ્તજનનના મૃત્યુનું દુઃખ નિવારવા મનને જ્ઞાનની વાતો સમજાવવી પડઠે છે કે દરેક વ્યક્તિ મરવાની જ છે. આ સંસાર છે, મિથ્યા છે... આવા વિચારથી આર્દ્ર મન કઠણ થઈ જશે અને દુઃખ સહી શકશે.

૭૧. કઠોર ચિત્તથી ભક્તિ ન થઈ શકે. ભક્તિ એ સુકુમાર પુષ્પ જેવી છે, તેને કોમળતાથી પકડવી પડશે નહિંતર તેની પાંખડી ખરી પડશે. માટે જ જ્ઞાન–વૈરાગ્યથી કઠોર બનેલું ચિત્ત ભક્તિ નહિ કરી શકે. જ્ઞાન–વૈરાગ્ય તો આધ્યાત્મિક–આધિદૈવિક ઉપવનના માર્ગ ઉપર સાઈન–બોર્ડ (ભક્તિનો રસ્તો દેખાડનાર) જેવા છે. તેને ચીપકી ન રહેવું. આગળ વધી સુરમ્ય ઉપવન સુધી પહોંચી જવું જોઈએ.

૭૨. ભક્ત જ્ઞાન પ્રાપ્ત કરીને પણ અજ્ઞાન સાથે રાખે છે. ''પ્રભુને સુવડાવવા, ખવડાવવાની શી આવશ્યકતા છે ?'' વગેરે જ્ઞાનભક્તિમાં કામ નથી લાગતું, સ્નેહ પ્રાપ્ત કરવા કયારેક માહાત્મ્યજ્ઞાન ભૂલવું પણ પડશે.

૭૩. ક્યારેક પ્રભુ ચિત્તમાં આનંદ પેદા કરી લીલા કરે છે. કયારેક ઉદ્વેગ પેદા કરીને લીલા કરે છે. ઉદ્વેગને પ્રભુ-લીલા માનશો તો પ્રભુના ગુણમાં આદર થશે અને ભક્તિ પ્રગટ થશે પણ ઉદ્વેગમાં 'આ બધું મિથ્યા છે' એમ માનવાથી જ્ઞાન પ્રગટ થશે, ભક્તિ પ્રગટ નહિ થાય. એટલે લીલા માનીને ચિંતાની ઉપર કાબૂ મેળવો, માયા માનીને નહીં, તો જ ભાવ ટકી રહેશે.

૭૪. નવરત્નમાં ચિંતા દૂર કરવા માટે અનેક ઉપાયો બતાવ્યા છે. કોઈ ચિંતા, પ્રભુ સર્વેશ્વર છે એમ માનવાથી, કોઈ ચિંતા પ્રભુ સર્વાત્મા છે એમ માનવાથી, કોઈ ચિંતા પ્રભુલીલા સમજવાથી, કોઈ ચિંતા બ્રહ્મસંબંધ કર્યું છે પછી શું ચિંતા એમ વિચારવાથી દૂર થાય છે.

૭૫. સેવા બ્રહ્મસંબંધદાતા અને સેવ્યસ્વરૂપદાતા ગુરુને પૂછીને જ કરવી જોઈએ. અલગ અલગ વલ્લભકુળના બાળકોને પૂછયા કરવાથી અને જુદા જુદા ભગવદીયોના મતોનું અથાણું ભેગું કરવાથી ખૂબ જ ગરબડ થાય છે.

૭૬. પોતાની સેવાનાં દર્શન બીજા અભગવદીયને કરાવવા નહીં. પ્રભુને તમે કેવા લાડ કરો છો એ દુનિયાને દેખાડવાની જરૂર નથી. વરણાગી ગામની શેરીમાં ફરે તેમાં વાંધો નથી પણ વરવધૂ ગામની શેરીમાં ફરતા-ફરતા પ્રણય પ્રસંગનું પ્રદર્શન કરે તે પ્રણયનો ભૂંડો ભવાડો છે.

# જલભેદ

૧. પુષ્ટિભક્તિ એટલે જે ભક્તિ કૃપાથી ઉત્પન્ન થઈ છે તે, એટલે કે હૃદયમાં જે સ્નેહ પ્રગટ થાય છે તે પ્રભુકૃપાથી પ્રગટ થાય છે. આ અર્થમાં આપણા માર્ગને કૃપામાર્ગ કહેવાય છે. એમ તો ખ્રિસ્તી ધર્મ પણ કૃપામાર્ગ કહેવાય છે; પણ તેમાં પાપનો છુટકારો પોતાના પ્રયત્નથી નહીં પણ પ્રભુકૃપા

દ્વારા થાય છે; એ અર્થમાં કૃપા સમજવામાં આવે છે.

૨. જે પ્રકારનાં ભક્તિનાં ફુલ ખીલે છે તે પ્રકારનું બીજ હૃદયમાં વાવેલું છે એમ સમજાય છે. સેવા કરતી વખતે સાનુભાવ થાય, આનંદ થાય, મન ચોંટી જાય તો તે પુષ્ટિભક્તિનાં ફૂલો છે.

૩. ભક્તિભાવ દઢ ન હોય તો તે વારંવાર ખંડિત થયા કરશે. બીજભાવ દઢ ન હોય તો ઘર છોડવાની ઉતાવળ ન કરવી. સ્નેહની બારખડી તમે ઘરમાં પણ ભણી શકો છો, ઘરની બહાર નહિ.

૪. સેવા ત્યારે જ કરાય જ્યારે ફૂરસદ હોય, રુચિ હોય, યોગ્ય વાતાવરણ હોય, તંદુરસ્તી હોય; પણ જેઓ ઘર, કુટુંબ કે ધંધામાં અતિવ્યસ્ત હોય તેમણે સેવા ન પધરાવવી, કારણ કે સેવામાં અતિ ઉતાવળ કરવાથી પ્રભુના સુખનો વિચાર નહિ રહે અને અંતે એક ક્રિયાકાંડ બની રહેશે.

૫. સેવા ન કરી શકે તેવી વ્યક્તિએ સત્સંગ કરવો અથવા તો બીજી વ્યક્તિ જે સેવા કરે છે તેના પરિચારક બનીને રહેવું.

૬. પહેલાના જમાનામાં જે મુખિયા, ભીતરીયા હતા; તે નોકર નહોતા પણ વૈષ્ણવ હતા. તેઓ ઘરમાં સેવા કરી શકતા ન હોવાથી મહારાજના પરિચારક તરીકે રહેતા. આ લોકોને ખૂબ માનથી રાખવામાં આવતા, તેમની આજ્ઞા વગર મહારાજ પણ કાંઈ ન કરતા.

૭. આવા ભગવદીયોના સંગથી સેવાપ્રકાર વિપુલ થયો. પછી ભગવદીયો મળતા બંધ થયા ને વિપુલ વિસ્તૃત સેવા એકલા હાથે નભી નહિ તેથી નોકરી માટે કંઠી આપી વૈષ્ણવ બનાવવાની પદ્ધતિ શરૂ થઈ, તેનાં દુષ્પરિણામરૂપે આજે નાથદ્વારાના મોટા ભાગના મુખિયા-ભીતરીયા અવૈષ્ણવ, કંઠી પહેરેલા શૈવો છે. ભોગ ધરતી વખતે 'શિવાય ઓમઃ નમઃ'' જપે છે.

૮. જાત વ્યસન અને અજાત વ્યસનનો અર્થ :

૯. વ્યાવૃત્તિનો અર્થ બીઝીનેસ (વ્યસ્તતા) છે. બીઝનેસ (વ્યવસાય) નહીં. એટલે કે જે માણસ ધંધો, કુટુંબ, રોગ કે ધર્મ કોઈમાં પણ ઓક્યુપાઈડ હોય, ફુરસદ ન મળતી હોય તેણે સેવા ન કરવી.

૧૦. અવ્યાવૃત્ત એટલે જેને સમય, સંજોગ તથા રૂચિની અનુકૂળતા હોય.

૧૧. પ્રતિકૂળતા હોય ત્યારે તમારે પોતે અંદાજ કાઢવો પડશે કે કયું પલ્લું ભારે છે પ્રતિકુળતાનું કે તેને પહોંચી વળવાની તમારી શક્તિનું.

૧૨. કથા કિર્તન સર્વ પુષ્ટિમાર્ગીઓને અનિવાર્ય છે. સેવા બધાને માટે નથી.

૧૩. કેવી વ્યક્તિને મોંએ કથા સાંભળવી એ 'જલભેદ' ગ્રંથમાં બતાવવામાં આવ્યું છે.

૧૪. કેવી વ્યક્તિને કથા કહેવી એ 'પંચપદ્યાનિ' ગ્રંથમાં દર્શાવવામાં આવ્યું છે.

૧૫. યોગ્ય સાંભળનાર તથા યોગ્ય કહેનાર હોય તો રસાભાસ ન થાય, હૃદયમાં રસ જળવાઈ રહે.

૧૬. વિષયી લોકોની ધર્મમાર્ગમાં પ્રવૃત્તિ રાગ આદિના માધુર્યને લીધે થાય છે. કીર્તનનાં ભાવ કરતાં તેમનાં રાગની સુંદરતાને લીધે કીર્તનો ગમે છે. શ્રીઠાકોરજીનાં દર્શનને બદલે–આજે કેસરના હીંડોળા છે માટે દર્શનની વધુ ઈચ્છા થાય છે.

૧૭. ''સર્વ ધર્મ પ્રભુ તરફ જાય છે'' એમ કહેવામાં આવે છે તેનો અર્થ એમ ન કરવો કે સર્વ માર્ગની ખીચડી કરો. આમ કરવાથી સ્વમાર્ગમાં નિષ્ઠા ઘટી જશે. ઉપરોકત વાકય સ્વધર્મમાંથી નિષ્ઠા ઘટાડવા માટે નથી કહેવામાં આવ્યું પણ સ્વમાર્ગમાં નિષ્ઠા દ્રઢ કરવા માટે કહેવામાં આવ્યું છે.

૧૮. એક પ્રભુ અનંત રૂપોમાં, અનંત રીતે, અનંત લોકોને મળે છે. ભાવ અને રુચિની ભિન્નતાને કારણે માર્ગની ભિન્નતાતો રહેશે જ.

૧૯. મથુરાનાં મહેલમાં પ્રભુ પ્રવેશ્યા, ત્યારે દરેકને જુદી જુદી રીતે દર્શન થયાં. કોઈને સુંદર બાળક રૂપે, કોઈને કાળરૂપે કોઈને કામદેવ સ્વરૂપે, કોઈને

ધર્મરક્ષક સ્વરૂપે – એમ હૃદયનો સ્વાભાવિક ભાવ પ્રભુમાં આરોપિત થાય છે.

૨૦. **વિષયી :** એટલે જેને વિષયમાં રુચિ છે અને છુટવા પ્રયત્ન પણ નથી કરતો.

**મુમુક્ષુ :** એટલે જેને વિષયમાં રુચિ છે પણ છૂટવા પ્રયત્ન કરે છે.

૨૧. ગંધર્વો માટે ગાવું એ સહજધર્મ છે. તેથી ગાવાને કારણે તેમનું પ્રભુ પ્રત્યે ધ્યાન ન જતું હોય તો તે તેમનો ગુણ કે દોષ નથી. જેવી રીતે ક્રૂરતા એ સિંહનો સહજ ધર્મ છે. દોષ નથી. તેમના દ્વારા થતું ભગવદ્ યશોગાન ઉત્તમ જ છે. પણ પરમફલ તો અન્ય વિષયનો પ્રયત્નપૂર્વક ત્યાગ કરીને કેવળ ભગવદ્ ગુણગાન કરવાથી જ થશે. જોકે ગાવાની વસ્તુનો સ્વભાવ જ એવો છે કે ભગવદ્‌ગુણ ગૌણ બની જાય છે.

સુંદર ગાયકોનાં મુખથી ભગવદ્‌ગુણ સાંભળતી વખતે તમારે એકાગ્રતા કેળવવી પડશે – કે જેથી તેના સ્વર, રાગ, તાલના પ્રવાહમાં તમે વહી ન જાઓ.

૨૨. આપણા કીર્તનોમાં તાલ, શબ્દ, સ્વરની સમપ્રધાનતા છે અને તેનાથી સર્વોપરી ભાવ છે. કીર્તન ગાતી વખતે ક્યાંય શબ્દ તૂટવો ન જોઈએ. શાસ્ત્રીય સંગીતમાં તાલ, રાગ સર્વોપરી છે. તેમાં શબ્દ તૂટે કે ગીતનો ભાવ ખંડિત થાય તો પણ તે દોષ ગણાતો નથી.

૨૩. પહેલાનાં જમાનામાં કોઈપણ શાસ્ત્ર (સંગીત, નૃત્ય, ચિત્રકલા) ભણાવતા ત્યારે પ્રભુનાં માધ્યમથી ભણાવતા, જેમાં કલા સાથે પ્રભુનું જ્ઞાન સહજ રીતે મળે, રમતો (પાનાં, સાપસીડી) માં પણ ધર્મજ્ઞાનની વાતોનો સહારો લેવાતો પણ હાલ બધું જ વિપરીત છે. તેથી ભગવદ્‌કથામાં પણ લૌકિક વાતો વચ્ચે નહિ પણ પ્રમુખતાથી લાવવી પડે છે.

૨૪. વૈષ્ણવોનાં ઠાકોરજી અને બાલકોના ઠાકોરજીમાં ભેદ ન માનવો. ભેદ વૈષ્ણવો અને બાલકોમાં દરજ્જાનો છે, ઠાકોરજીનો નહિ. કેમકે

શ્રીમહાપ્રભુજીએ જ વૈષ્ણવોને શ્રીઠાકોરજી પધરાવી આપ્યા હતા. અને એ વૈષ્ણવોના જ ઠાકોરજી પાછા આપશ્રીના ઘરે પધાર્યા છે. જે શ્રીગુસાંઈજીએ આપશ્રીના બાલકોને પધરાવી આપ્યા હતા તેથી બેયમાં ભેદભાવ રાખવો નહીં.

૨૫. પોતાના ઠાકોરજી દરેકને માટે સર્વોપરી હોવા જોઈએ. નિધિસ્વરૂપો કરતાં પણ વિશેષ માનવા જોઈએ.

૨૬. ચૌદ બ્રહ્માંડનો નાયક તમારે ઘરે બિરાજીને તમારી સેવા લે એ તેમની કૃપાની ટોચ કહેવાય.

૨૭. આપણે દરરોજ તો સૂઈ જઈએ છીએ; પણ ઘરમાં વિવાહાદિક પ્રસંગ હોય તો રાત્રે પણ જાગીએ છીએ. તેમ ફકત સવારની જ સેવા હોય તો પણ હીંડોળા કે બીજા તહેવાર હોય ત્યારે શ્રીઠાકોરજીને સાંજ સુધી જગાડી શકાય છે.

૨૭. **તામસ વધે ત્યારે ક્રોધ–દ્વેષ આવે.**

**રાજસ વધે ત્યારે લોભ–આસક્તિ આવે.**

**સત્ત્વ વધે ત્યારે શાંતિ વધે.**

આકર્ષણ અને દ્વેષ બન્ને માનસિક અશાંતિ છે. જોકે આકર્ષણ એ પોઝીટીવ અશાંતિ છે અને દ્વેષ એ નેગેટીવ અશાંતિ છે.

આ ત્રણે ગુણો જગતની દરેક વસ્તુમાં હોય છે. સત્ત્વગુણની અસરમાં બુદ્ધિ નિશ્ચયાત્મક હોય છે. રજોગુણની અસરમાં બુદ્ધિ સંશયાત્મક હોય છે અને તમોગુણની અસરમાં બુદ્ધિ ભ્રમિત હોય છે.

૨૯. ગુંજામાળામાં ચારે ભાવ આવી જાય છે. સફેદ રંગના ગુંજા=સત્ત્વગુણ, લાલ રંગ=રજો ગુણ અને કાળું ટપકું = તમો ગુણ. દોરો = નિર્ગુણભાવ દર્શાવે છે. ગુંજામાળા ધરવાથી શૃંગાર પૂર્ણ મનાય છે. કારણકે હૃદયમાં રહેલા ચારે ભાવ પ્રભુને અર્પણ કરાય છે. અર્થાત્ – હે પ્રભુ, ક્રોધ આવે

તો તે મારા માટે જ જાગે, હૃદયમાં ઉત્પન્ન થતાં સર્વ ભાવ તારા સંબંધી જ હોય અને તને જ અર્પણ થાય.

૩૦. જેવી પ્રભુની લીલા, તેવો ભાવ જાગે. ભાવ પ્રભુ પોતાનાં હાવભાવથી જગાડે છે. આપણા બળથી ભાવ જન્મતો નથી.

૩૧. ચારે વર્ણને શુદ્ધ કરવાની રીત જુદી જુદી હોય છે. જેવી રીતે સુતરાઉ, રેશમી, ઉનનાં વસ્ત્રો સાફ કરવાની રીત જુદી જુદી હોય છે પણ જે વ્યક્તિઓ ચારમાંથી એકે વર્ણમાં તેનાં સંસ્કાર મુજબ ન રહેતી હોય તે સર્વે મ્લેચ્છ છે.

મ્લેચ્છો પાસે કોઈ સંસ્કાર કે શુદ્ધિની અપેક્ષા રાખવામાં આવતી નથી, જેવી રીતે અતિ ગંદુ કપડું – તેને ધુઓ કે ન ધુઓ – ખાસ ફરક ન પડે.

વર્ણીને વર્ણમાં રહેવા માટે શાસ્ત્રમાં શુદ્ધિ બતાવી છે. બ્રાહ્મણને બ્રાહ્મણ રહેવા માટે જેટલી શુદ્ધિની જરૂર છે તેટલી શુદ્ધિની શુદ્રને શુદ્ર રહેવા માટે જરૂર નથી.

૩૩. **સ્વચ્છતા** = જે નરી આંખે દેખાય તે.

**શુદ્ધિ** = જે આંખથી જોઈ નથી શકાતી.

દા.ત. હોસ્પિટલની ચાદર સ્વચ્છ હોઈ શકે, શુદ્ધ નહિ.

૩૪. અપરસ પાળવામાં પણ શાસ્ત્રે સમજદારી વાપરવા કહ્યું છે. જડતા ન રાખવી. તેમાં પણ જણાવ્યું છે કે દિવસ કરતાં રાત્રે અડધી અપરસ પાળવી, રાત્રિ કરતાં અડધી બીમારીમાં પાળવી, બીમારી કરતા અડધી પ્રવાસમાં પાળવી.

દા.ત. કૂવાની પાળ ઉપર કોઈ થૂંક્યો હોય તો તે પાણી ઘરમાં છોવાઈ જાય. પણ પ્રવાસમાં નહિ. દેશકાળને અનુરૂપ અપરસ પાળવી.

૩૫. શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે કે દેવદ્રવ્ય ખાનારી વ્યક્તિ પતિત છે જે

શ્રીમહાપ્રભુજીનો હશે તે દેવદ્રવ્ય નહિ ખાય. અને જે દેવદ્રવ્ય ખાશે તે શ્રીમહાપ્રભુજીનો નહીં રહી જાય. શ્રીમહાપ્રભુજીએ સ્વપ્નમાં પણ આવી અપેક્ષા નહિ રાખી હોય કે તેમના વંશજો અને વૈષ્ણવોની આવી દુર્ગતિ થાય. આજે આ અર્થમાં માર્ગનાં ૫૦૦ વર્ષ પૂરા થઈ ગયા છે.

૩૬. શ્રીદામોદરદાસજીનાં શ્રીઠાકોરજી સર્વ સંપત્તિ સાથે પધાર્યા ત્યારે શ્રીમહાપ્રભુજીને ખબર આપ્યા કે લક્ષ્મી સાથે નારાયણ પધાર્યા છે. ત્યારે આપશ્રીએ કહ્યું કે લક્ષ્મીને શ્રીયમુનાજીમાં પધરાવી, શ્રીનારાયણને ઘરે પધરાવી લાવો. આજે આપણે તે સંપત્તિને સાચવવા શ્રીઠાકોરજીને જાહેર સખાવતમાં વિસર્જિત કર્યા છે. જો કે કોઈએ પણ પોતાનાં બાળકોને અનાથાલયમાં મૂક્યા નથી.

૩૭. શ્રીમહાપ્રભુજીએ સોનાની કટોરી ગિરવે મૂકીને શ્રીઠાકોરજીને ભોગ ધરાવ્યો, પણ તે પ્રસાદ આપશ્રીએ ન લીધો પણ ગાયને ખવડાવી દીધો. કારણ તે દેવદ્રવ્ય ગણાય. પછી જ્યારે બીજી જગ્યાએથી દ્રવ્ય પ્રાપ્ત થયું ત્યારે પ્રથમ કટોરી છોડાવી, પછી ભોગ ધરીને પ્રસાદ લીધો.

૩૮. ભગવદ્ સેવા કે કથાને વેપારીવૃત્તિ સાથે સંબંધ થવાથી તેમાં પુષ્ટિતત્ત્વ રહેતું નથી. દા.ત. સપ્તાહમાં યજમાન નક્કી કરવા, શ્રીઠાકોરજીની સેવા માટે ટ્રસ્ટ કે મનોરથી નક્કી કરવા જેથી ધન મળે પણ ટેક્સ ઓછો લાગે.

૩૯. દ્વારિકાના શ્રીકૃષ્ણ અને ગોકુલ-મથુરાના શ્રીકૃષ્ણ એ બન્નેમાં ભેદ ન સમજવો, જેવી રીતે આપણા ઘરની વ્યક્તિ ઘરમાં (ગોકુલ) આપણી સાથે જુદી રીતે વર્તે છે અને તે જ વ્યક્તિ ઓફિસ (મથુરા-દ્વારકા)માં મર્યાદાથી વર્તે છે, એમ ભેદ સમજવો.

૪૦. શ્રીમહાપ્રભુજી કહે છે કે પ્રભુના સર્વગુણનું વર્ણન કરે તે જ પૂર્ણ વક્તા છે. પ્રભુના બ્રહ્મસ્વરૂપનું જ વર્ણન કરે અને તેની લીલા ન સ્વીકારે અથવા તો માત્ર લીલા જ સ્વીકારે અને બ્રહ્મસ્વરૂપ ન જાણે તે અધૂરો વક્તા છે. સંપૂર્ણ ભગવદ્ગુણનાં જ્ઞાન વગર ભક્તિ દૃઢ થતી નથી.

૪૧. જે વ્યક્તિ પર આપણને સ્નેહ હોય તેના દુર્ગુણ જાણવા છતાં પણ તેના પર સ્નેહ રહે છે.

દા.ત. બીજાનું બાળક હોય તો તે તોફાની છે કે જુઠ્ઠો છે એમ લોકો તરત કહી દે. અને તેવું જ પોતાનું બાળક હોય તો તે નટખટ છે કે ચતુર છે એમ તેના દુર્ગુણમાં પણ ગુણદષ્ટિ રાખે છે. તેવી જ રીતે પ્રભુની વિપરીત લીલા જોવા છતાં અથવા પ્રભુ આપણને દુઃખ-કલેશ ભોગવાવે છતાં તેના પર વહાલ ઓછું ન થાય તે જ સાચો સ્નેહ.

૪૨. સામાન્ય રીતે દરેક કર્મ કામના સાથે સંકળાયેલું છે. પણ નિષ્કામ કર્મથી ચિત્તની શુદ્ધિ થાય છે. જેમ સાકર વગરનું દૂધ શરૂઆતમાં મોળું લાગશે. પણ આદત પડતાં મોળા દૂધની મીઠાશ પણ અનુભવાશે, તેમ નિષ્કામ કર્મની મીઠાશ પણ લાંબે ગાળે અનુભવાશે.

૪૩. કર્મ ન કરવામાં પણ કામના છુપાયેલી હોય છે. દા.ત. કોઈપણ નફરતને કારણે ખૂન કરવાની ઈચ્છા થાય પણ સમાજ અને પ્રતિષ્ઠાના ડરથી તે કર્મ આપણે કરતા નથી.

૪૪. 'જ્ઞાન ભક્તિ લિફ્ટ જેવા છે.' સાધક ઝડપથી ઉપર ચડી શકે છે. નિષ્કામ કર્મ પગથિયાં જેવા છે. ઉપર ચડતાં વાર લાગે છે.

૪૫. બહુ નિષ્કામ કર્મી. અતિ વિરક્ત માણસ જીવનમાં કઠોર અને સૂકો થઈ જાય છે. (આ તેની સાઈડ-ઈફેક્ટ છે) કારણ કે પોતાના જેવી જ નિષ્કામતા અને વિરક્તિની અપેક્ષા તે બીજા પાસે રાખે છે. ગાંધીજીએ પોતાનાં પત્ની અને બાળકો પ્રત્યે ઘણીવાર ક્રૂરતા બતાવી છે.

૪૬. બહુ અપરસ પાળનારામાં ક્રોધ વધુ આવે છે. બહુ તપશ્ચર્યા કરનાર ઋષિમુનિઓ તરત શ્રાપ દઈ દેતા.

કડક અપરસ પાળનારા છોવાઈ ન જાય માટે દરેક બાબતનું સંપૂર્ણ ધ્યાન રાખે છે. માત્ર ક્રોધથી પણ છોવાઈ જવાશે તેનું જ ધ્યાન નથી રાખતાં.

૪૭. શ્રીમહાપ્રભુજીએ કહ્યું છે કે જે જીવ બ્રહ્મસંબંધ લીધા પછી સેવા ન કરે

તેને માટે તેના પુષ્ટિમાર્ગીય જીવ હોવા બાબત શંકા રહે છે. છતાં, આપશ્રીએ આજ્ઞા કરી છે કે સેવાને કારણે ઘરમાં અતિ કલેશ રહેતો હોય તો સેવા ન પધરાવવી. અપમાનજનક વાતાવરણમાં કરાયેલી સેવા સેવ્યને સુખરૂપ નહીં થાય.

૪૮. મમતા છોડે તેની અહંતા વધી જાય છે અને અહંતા છોડે તેની મમતા વધી જાય છે. કારણ કે બીજાનો સહારો લઈને એકને છોડાય છે.

૪૯. સવિકલ્પ સમાધિ એટલે જેમાં જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય ત્રણેનું ભાન રહે. એટલે હું આની સમાધિ લગાવી રહ્યો છું એમ ભાન રહે અને નિર્વિકલ્પ સમાધિમાં એ ભાન છૂટી જાય. જ્ઞાતા જ્ઞેય લુપ્ત થઈ જાય છે. માત્ર જ્ઞાન બાકી રહે છે.

૫૦. યોગીઓ ભક્તિમાર્ગની વાતો કરે છે ત્યારે તે ગરબડ પેદા કરે છે,... અમુક મૂર્તિનું ધ્યાન ધરો. પછી મન સ્થિર થાય ત્યારે તેનો ત્યાગ કરો... તેઓ ભક્તિને સાધન માને છે અને ''પ્રભુમાં એકતા'' એ સાધ્ય માને છે.

આવી વાતો સાંભળવાથી તમે ગેરમાર્ગે દોરવાઈ જશો, આપણે માટે ભક્તિ સાધન નથી. જે સ્વરૂપને ધ્યાન માટે પકડીએ છીએ તે અંતમાં છોડવા માટે નથી પકડતાં પણ તેને વધુને વધુ પકડવા માટે પકડીએ છીએ એ સ્ટેપીંગ સ્ટોન કે જંપીગ બોર્ડ નથી.

૫૧. ટેક્સીનો ઉપયોગ અમુક જગાએ પહોંચવા માટે કરીએ છીએ. પછી તેને છોડી દઈએ છીએ. ટેકસી સાથે આપણને કોઈ લગાવ નથી. પણ પોતાની ગાડીનો ઉપયોગ પૂરી માવજત સાથે કરીશું. તેને છોડી દેવા માટે નથી વાપરતા. તેવો જ ફરક યોગીની ભક્તિ અને ભકતની ભક્તિમાં છે.

૫૨. ભક્ત કૃષ્ણનો ગ્રાહક નથી; પ્રેમી છે, રૂપનો ગ્રાહક રૂપનો લાભ લઈ રૂપવતીને છોડી દે છે જ્યારે પ્રેમી તલ્લીન બની જાય છે.

૫૩. પુરૂષપ્રકૃતિના જીવો છે તે ભગવદ્‌લીલાની મઝા લેવાવાળા છે અને સ્ત્રીપ્રકૃતિના જીવો લીલામાં ભાગ લેનારા છે. જેમ રેસમાં પ્રેક્ષક વર્ગ રસની

મજા લેતો હોય છે અને ઘોડાઓ મજા લીધા વિના રેસમાં ભાગ લેતા હોય છે.

૫૪. પશુ અને સ્ત્રી પ્રકૃતિના જીવો આસુરી જીવો છે પણ આને ખરાબ અર્થમાં નથી લેવાનું કેમકે શ્રીમહાપ્રભુજીએ કહ્યું છે કે આસુરી જીવો પણ પ્રભુના સેવક છે, જેઓ ખુદ મજા લીધા વિના પ્રભુએ આપેલ કાર્ય કર્યે જાય છે.

૫૫. પુરુષોત્તમના પ્રથમ પરિચયમાં તે 'પું' ભાવ દેખાડશે. એટલે કે તે ભકતના હ્રદયમાં રહેલા રસની મજા માણશે. પણ વધુ પરિચય થવાથી તેનો ગૂઢ સ્ત્રીભાવનો પરિચય થશે. એટલે કે ભકત ભોકતા બનીને પુરુષોત્તમની મજા લઈ શકે છે.

૫૬. વરસાદનું જળ કૂવામાં પડે, અગાસીમાં પડે, ખાબોચિયામાં પડે, સમુદ્રમાં પડે ત્યારે તે જુદા જુદા ગુણદોષવાળું થાય છે આમ વરસાદનું પાણી પોતાના સ્વભાવ અનુસાર નહિ પણ પાત્ર અનુસાર ફલ આપે છે, તેમ વકતાનાં ભેદથી પ્રભુનાં ગુણોમાં ભેદ લાગે છે. આ જલભેદનો સાર છે.

૫૭. પ્રભુનો આપેલો ભાવ રહે છે, ખેંચેલો નીકળી જાય છે. ભાવ પ્રભુદત્ત છે.

૫૮. જેમ ભકતને પ્રભુ સંબંધી ભાવ ઉત્પન્ન થાય છે તેમ પ્રભુને પણ ભકત માટે ભાવ ઉત્પન્ન થાય છે. પ્રભુ પણ ભાવુક છે.

૫૯. ભગવદ્કથાની નોકરી તો અધમાધમ છે. જો વકતા વેચાઈ જાય તો બોલવામાં સત્ય ન રહે.

૬૦. શ્રીગોકુલનાથજી દિલ્હીથી આગળ રાત્રે મુસાફરી કરી રહ્યા હતા ત્યારે આપના સેવકે કહ્યું કે ''કંઇક ભગવદ્ચર્ચા કરો, ઉંઘ આવે છે'' આપશ્રીએ તરત જ જવાબ આપ્યો, ''ઉંઘ ઉડાડવા માટે ભગવદ્ચર્ચા? આ માટે આપણે લૌકિક ચર્ચા કરીશું, ભગવદ્ચર્ચા સાધન નથી.'' આ પરથી જાણવા મળે છે કે ભગવદ્ચર્ચા નિર્હેતુક કરવી જોઈએ. તેને સસ્તી ન બનાવવી જોઈએ.

૬૧. પાકિસ્તાનનાં રેફ્યુજી ડો. પરમાનંદને અહીં ઘર માટે તલાશ હતી. તેઓને

વૈષ્ણવ હોવાને કારણે એક સેનેટોરિયમમાં જગા મળી ત્યારે તેમણે ન સ્વીકાર્યું, કે તિલક અને વૈષ્ણવતાને નામે ઘર ન જોઈએ. પોતાનો ધર્મ એ સુવિધા કે પ્રતિષ્ઠા મેળવવાનું સાધન ન બનવું જોઈએ.

૬૨. પુરાણનો સ્રોત અગાધ છે. પૌરાણિકો તેની નહેર જેવા હોવાથી ભગવદ્આનંદ ભગવદ્વિરહ વગેરે ગુણો મૂળ સ્રોતમાંથી તેમનામાં વહી રહ્યા છે. જેવી રીતે અભિનેતા તેમની કથામાં અતિ તન્મય થઈ જાય છે ત્યારે તે કથાનું જાણે વાસ્તવિક પાત્ર હોય તેમજ વર્તે છે. છતાં ગાયકમાંથી ભગવદ્ ગુણગાન સ્વપ્રયત્ને મેળવવો પડશે. જ્યારે પૌરાણિક નહેર હોવાથી એ વહેતો ભગવદ્યશ વિના પ્રયત્ને આપણામાં પ્રવિષ્ટ થશે.

૬૩. સ્મૃતિ, મતિ, પ્રજ્ઞા ને પ્રતિભા એ ચારે બુદ્ધિની તેજસ્વિતાનાં માપ છે.

સ્મૃતિ : ભૂતકાળનું જ્ઞાન, મતિ : ભવિષ્યકાળનું જ્ઞાન, અગમચેતી, પ્રજ્ઞા : ભૂત ભવિષ્ય, વર્તમાનનું જ્ઞાન. આ ત્રણ બહારની વસ્તુનું ભીતર પ્રતિબિંબ છે. પણ પ્રતિભા : ભીતર રહેલ જ્ઞાનની બહાર અભિવ્યક્તિ છે.

૬૪. શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે કે શાસ્ત્રનો અભ્યાસ કરીને સેવા કરો જેથી અન્ય ભક્તિ કે મત દ્વારા ભોળવાઈ જવાનો ડર ઓછો રહે.

૬૫. શ્રીગોકુલનાથજી અપરસમાં હતા ત્યારે એક વૈષ્ણવ અડી જતાં આપશ્રીએ તેને ત્રણ વાર પૂછયું કે તું કોણ ? ત્રણે વખત એક જ જવાબ મળ્યો કે રાજ હું, વૈષ્ણવ છું. શ્રીગોકુલનાથજીને થયું કે આને જાતિનું ભાન નથી પણ વૈષ્ણવભાવ સુદૃઢ છે. તેથી તે વૈષ્ણવથી પોતે ન છોવાયા.

૬૬. વર્ણાશ્રમધર્મનો જાણી જોઈને બાધ ન થાય. પણ જ્ઞાન-ભક્તિનાં આવેશમાં બાધ થઈ જાય તો વાંધો નહીં.

૬૭. સેવાનાં નિયમોનું સતત અનુસંધાન રાખવાથી ભાવ પ્રભુ તરફ જવાને બદલે નિયમોમાં ફંટાઈ જશે.

૬૮. ઘણાં વ્યક્તિમાં પ્રસંગોપાત્ત ભાવનું દર્શન થાય છે. નંદમહોત્સવ વખતે નાચવા માંડે, કથા સાંભળતાં આંસુ આવે પણ ઘરે જાય ત્યારે આમાંના એકે ભાવ હૃદયમાં ન હોય. તેને માટે કહ્યું છે કે 'ભાવ ભક્તિ ભાદોં નદી, આવત હી ગહેરાય, ગહેરાઈ તબ જાનિયે, જબ જેષ્ઠ માસ ઠહેરાય.'

૬૯. પ્રભુનાં સુખ અને તેમના સૌંદર્ય બન્નેનું અનુપાત જાળવવું જોઈએ. ઉત્સવમાં શૃંગાર જરૂર કરો પણ દરરોજ અતિ શૃંગાર ધરવો એ પ્રભુને હિતકર નથી.

૭૦. તેવી જ રીતે માપસરની અપરસ તમને સાધક થઈ જશે, નહીંતર તે બાધક પણ નીવડે.

૭૧. અપરસ પાળવાનું કારણ એ છે કે તમને એવી વસ્તુ કે વ્યક્તિઓ પરસ સંગ ન થવો જોઈએ કે જેથી તમને વિજાતીય ભાવ આવે. આ વસ્તુનો ખ્યાલ અપરસ છોડી દેવાથી જ આવે. હોસ્પિટલમાં દરદીનું ઓપરેશન સ્વચ્છતાથી કરીએ ત્યાં સુધી સ્વચ્છતાનો શું ફાયદો છે એ ન સમજાય પણ એ સ્વચ્છતા છોડી દેવાથી જે તકલીફો ઉભી થાય છે ત્યારે તેની કિંમત સમજાય છે.

૭૨. બ્રાહ્મણોએ વેદાભ્યાસ કરવો જ જોઈએ પણ તે વસ્તુનો સમજ્યા વગર અતિરેક થઈ ગયો. આ બ્રાહ્મણો સમજ્યા વગર ગડબડ મંત્ર બોલી જાય અને પૈસા માગે, પરિણામે લોકોનું મન ઉતરી ગયું. પૈસા ન મળતાં વેદાભ્યાસ પણ બંધ થઈ ગયો. અનુપાત ન સમજવાથી અમૃતના કુંડમાં ડૂબી જવાથી પણ મરી જવાય. અને માત્રામાં ઝેર લેવાથી પણ ક્યારેક બચી શકાય.

૭૩. સમજ્યા વગર વેદ વાંચનારામાં શબ્દનો ગડગડાટ જ સંભળાય છે. જેમ જાહેર હવેલીઓમાં માત્ર ઝાંઝનો જ અવાજ સંભળાય. કીર્તનોનાં ભાવની મીઠાશ ખોવાઈ જાય છે.

૭૪. ધર્મ-અધર્મનો આધાર દેશ, કાલ, મંત્ર, કર્તા, કર્મ વગેરે પર અવલંબે છે,

કોઈ વસ્તુ એક દેશમાં ધર્મ હોય, બીજા દેશમાં અધર્મ હોય. બ્રહ્મસંબંધનો મંત્ર અપરસમાં જ બોલાય. અસૂચિ અવસ્થામાં બોલવાથી અધર્મ થઈ જાય. ક્ષત્રિય માટે યુદ્ધ ધર્મ છે. સંન્યાસી, બ્રાહ્મણ માટે તે અધર્મ છે.

૭૫. આપણું સર્વ લૌકિક (જન્મદિવસ, વિવાહ, શ્રાદ્ધ) પ્રભુમાં જોડાઈ જવું જોઈએ. સારા દિવસે જમવામાં બે વસ્તુઓ વધારે બનાવીએ પણ તે શ્રીઠાકોરજીને માટે જ બને. શ્રાદ્ધમાં પણ શ્રાદ્ધની વસ્તુ શ્રીઠાકોરજીને ભોગ ધર્યા બાદ જ શ્રાદ્ધ ભોજન કરાય.

૭૬. શ્રીગિરિધરજીએ શ્રીગુસાંઈજી પાસે - સાતે સ્વરૂપને સાથે અન્નકુટ આરોગાવવાની બે વાર આજ્ઞા માગી, આપ બન્ને વખત મૌન રહ્યાં. ત્રીજી વખતે ફરી આજ્ઞા માગતાં જવાબ આપ્યો, ''યાસોં લૌકિક બઢેગો'' અને તેનો દાખલો તે જ વખતે સાબિત કરી આપ્યો. શ્રીશોભાબેટીજી ઘરનાં શ્રીઠાકોરજીની સેવા જલદી પહોંચીને ત્યાં દર્શન કરવા પધાર્યા, ત્યારે શ્રીગુસાંઈજીએ કહ્યું કે શું ઘરના ઠાકોરજી કરતા આ સાત સ્વરૂપની મહત્તા વધુ છે? આમ જ્યારે પુષ્ટિમાર્ગના સારથિ ભૂતલ ઉપર બિરાજતા હતા ત્યારે જ ગાડી પાટા પરથી ઉતરી ગઈ હતી. તો હાલના સમયની તો શું વાત કરવી.

જેમ લગ્નમાં, મેળાવડામાં જઈએ તે લૌકિક વ્યવહાર સાચવવા માટે જ જઈએ છીએ, તેમ ઘરની બહાર દર્શનાદિકમાં જઈએ તે વહેવાર સાચવવા જ જવું જોઈએ. બાકી પ્રભુ તો ઘેર બિરાજી રહ્યા છે.

૭૮. ફૂલમંડલીમાં ફૂલોને લોકો તરફ રાખવામાં આવે છે. પ્રભુ તરફ તો ફૂલનાં ડીટીયા અને દોરાની ગાંઠ જ હોય છે. તો તમે પ્રભુને રીઝવી રહ્યા છો કે લોકોને? તેથી અન્નકુટમાં ભાતના કોટને ઉંચો દેખાડવા માટે નીચે ખાલી ટોપલાઓ જમાવવામાં આવે છે. દેખીતી રીતે ખાલી ટોપલા પ્રભુને ભોગ ધરવા નહિ, પણ જનતાને ખુશ કરવા હોય છે.

૭૯. સ્નેહ ઓછો હોય, સેવા ન નભે તો તંત્રોકત રીતે વિષ્ણુપૂજન તો કરવું જ જોઈએ, એ ન નભે તો સ્મરણ અને તે પણ ન નભે તો શરણાગતિનો

ભાવ નભવો જોઈએ, જો આ ભાવ પણ ન નભે તો આ માર્ગમાં તમારે માટે કોઈ સ્થાન નથી.

૮૦. સાસુ જેવી રીતે દીકરીને કહીને વહુને સંભળાવે છે. તેમ જલભેદ ગ્રંથમાં શ્રીમહાપ્રભુજી વકતાનાં ગુણદોષ રજૂ કરી શ્રોતાઓને સંભળાવી રહ્યાં છે.

૮૧. શ્રીમહાપ્રભુજીએ કહ્યું છે કે જે તમને અતિપ્રિય લાગે, જેને ધરવાથી ચિત્ત પ્રસન્ન થતું હોય, સરળતાથી,સહજતાથી કલેશ વગર મળી શકે તેના વડે સેવા કરવી.

૮૨. કર્માંગભૂત દેવની ઉપાસનાને શ્રીમહાપ્રભુજી વખોડતા નથી (વિવાહમાં ગણપતિપૂજન) પણ પ્રધાનતા દેવની થાય તો અન્યાશ્રય થાય. કાશી ગયા હોઈએ તે વિશ્વનાથને નમસ્કાર કરીએ તો અન્યાશ્રય નથી પણ વિશ્વનાથને નમસ્કાર કરવા કાશી જઈએ તો તે અન્યાશ્રય છે. બીજા દેવનો અનાદર કરવો તે અપસિદ્ધાન્ત છે.

૮૩. શ્રીઠાકોરજીને શણગાર ધરાવતી વખતે યશોદામાના ભાવથી ગાદી પર બેસવું જોઈએ પણ સેવામાં આસન કે ગાદી ન વાપરવી, પણ જપમાં આસન હોવું જ જોઈએ.

૮૪. શ્રીઠાકોરજીની સામે જપ ગ્રહણમાં જ થઈ શકે, મારા બાળકને (ઠાકોરજીને) ગ્રહની બાધા ન થાય તે માટે આ જપ શ્રીઠાકોરજી વતી આપણે કરીએ છીએ.

૮૫. **અ = મહાત્મ્ય જ્ઞાન** **અ+બ+ક = ઉત્તમ ભક્તિ**

**બ = શાસ્ત્રવિહિત નવધા ભક્તિ** **અ+બ = મધ્યમ ભક્તિ**

**ક = પ્રેમ સેવા** **બ+ક = મધ્યમ ભક્તિ**

૮૬. શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે કે જેઓથી સેવા પ્રણાલી ન નભતી હોય તેવાઓને પંઢરપુર, તિરુપતિબાલાજી વગેરેમાં પૂજા-પ્રવાહમાં સંમિલિત રહેવું.

૮૭. અહ્‌મ દોરો છે જેના વડે આત્મા, અંતઃકરણ, દેહ, પ્રાણ, ઈન્દ્રિય વગેરે સર્વને બાંધવામાં આવ્યા છે.

૮૮. જો સર્વથા જ અહ્‌મ ન રહે તો પ્રભુને જોવું, સાંભળવું, સ્પર્શ કરવું કંઇ જ ન બને.

૮૯. અહ્‌મનો દુરૂપયોગ અને અનુપયોગ થઈ શકે છે.

**સદ્‌ઉપયોગ :** ભક્તિ કરવાથી અહ્‌મનો સદ્‌ઉપયોગ થાય છે.

**અનુપયોગ :** જ્ઞાનીઓ શરૂઆતમાં તેનો જરૂર પૂરતો જ ઉપયોગ કરે છે. જ્ઞાન પ્રાપ્ત થતાં અંતે તેને ફેંકી દે છે.

**દુરુપયોગ :** પ્રવાહી જીવો માયામાં રચ્યાપચ્યા રહી તેનો દુરુપયોગ કરે છે. અથવા તો જે અહંકારી જીવ એમ માને છે કે આ અહ્‌મનાં હોડકાથી હું સંસારસાગર પાર કરી જઈશ. તેઓ પણ દુરુપયોગ કરી રહ્યા છે.

૯૦. નાની મોટી સિદ્ધિ મેળવી સૃષ્ટિના પાલનાહાર થઈ જવાનો અહંકાર રાખવાથી પ્રભુનો ખોફ વહોરવો પડે છે.

૯૧. બ્રહ્મમાં જે સાયુજ્ય સાધે છે તેને બ્રહ્મ ચાહે તો સાથે અથવા ચાહે તો નોખા રાખી શકે છે. જેવી રીતે સાગરમાં નદી મળે છે, તો પણ પોતાનું અલગ અસ્તિત્વ જાળવી રાખે છે. તેની ઉષ્ણતા જુદી હોય છે. તેના તથા સાગરનાં માછલાં અલગ હોય છે. આને અન્ડર વોટર કરન્ટ કહે છે. આ પ્રવાહ ઘણા વખત સુધી સમુદ્રમાં જુદો વહે છે. પ્રભુને ફલદાન દેવાની ઈચ્છા હોય તો પ્રભુ જીવને પૂરી રીતે ઈમર્જ કરી નથી દેતાં, દ્વૈત ટકાવી રાખે છે અને ફલદાન કરવાની ઈચ્છા થાય ત્યારે અલગ કરે છે.

૯૨. ભગવાનની ગુણાસક્તિને કારણે થતી સ્વરૂપમાં આસક્તિ = મર્યાદા ભક્તિ. પ્રભુના સ્વરૂપમાં આસક્તિને કારણે થતી ગુણાસક્તિ = પુષ્ટિભક્તિ.

૯૩. વલ્લભ રોમ રોમ રસ ઝલકે, જો જા રસકે અધિકારી ભરત સમ્હાલે ન

છલકે.

જે તે રસનો અધિકારી નથી તેમાં તે રસ ભરવાથી તે છલકાઈ જાય.

૯૪. બુલામિશ્રને પહેલાં જ ભગવદ્‌સાક્ષાત્કાર થયો હતો. પછી તેઓ શ્રીમહાપ્રભુજી પાસે આવ્યા. આપશ્રીએ કહ્યું કે તને તો સાક્ષાત્કાર થઈ ગયો છે. તું અહીં કેમ આવ્યો ? તેણે કહ્યું કે સાક્ષાત્કાર પછી મુક્તિ મળે પણ મારે ભક્તિ જોઈએ છે માટે આવ્યો છું.

૯૫. પાતંજલ યોગના આઠ અંગ :-

**મન તથા દેહની શુદ્ધિ :**

**યમ :** અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, અસ્તેય, અપરિગ્રહ.

**નિયમ :** શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય, ઈશ્વરપ્રણિધાન.

**પ્રાણાયામ :** શ્વાસને નિયમિત લેવો–છોડવો કે રોકવો.

**આસન :** સ્થિર સુખાસનમાં બેસવું, દેહનો સહયોગ લેવો.

**પ્રત્યાહાર :** વિષયોથી ઈન્દ્રિયોને વાળવી. એટલે જોવા છતાં ન દેખાવું, અવાજ હોવા છતાં ન સંભળાવું. એમ સર્વ આપણી ઈચ્છાથી કરી શકાય.

**ધારણા :** નાભિકમલ, હૃદયકમલ, મસ્તક, નાસિકા... વગેરે જગાએ દ્રષ્ટિ ચોંટાડવી.

**ધ્યાન :** જ્યાં ઈચ્છા હોય ત્યાં મન ચોંટાડવું.

**સમાધિ :** ધ્યેય, ધ્યાન ને ધ્યાતા આ ત્રણેયનો ભેદ લુપ્ત થવો અને અત્યંત અભેદ વૃત્તિથી સ્થિત થવું.

૯૬. ભાગવત યોગ જુદો છે.

ધારણા = દેશબંધન = મૂર્તિને ચિત્તમાં ધારણા કરવી. સર્વાંગપૂર્ણ મૂર્તિની કલ્પના તે ધારણા. તેના એક એક અંગ પર ધ્યાન દેવું તે ધ્યાન.

૯૭. ભક્તિનું અંગ યોગ બને ત્યારે શ્રીપુરુષોત્તમ દર્શન થઇ શકે. પણ યોગનું અંગ ભક્તિ બને ત્યારે માત્ર આત્મદર્શન જ થઇ શકે.

૯૮. ધારણા પોતાના અંગમાં નહિ પણ પરમાત્માના અંગમાં થશે.

૯૯. ભક્તિમાં ધ્યાન-ધારણાનું ચક્રવત આવર્તન છે.

૧૦૦. પહેલા ચરણારવિન્દનું ધ્યાન કરવાનું પછી એક એક શ્રીઅંગનું ધ્યાન કરતા-કરતા ઉપર ચડવાનું મુખારવિંદ સુધી, જો ચરણારવિંદનું ધ્યાન કરતા હોઇએ અને તેમાં કંઇ વિઘ્ન ન આવે ત્યારે જ ઉપર ચડવું.

૧૦૧. આપણે ચિત્તની એકાગ્રતા કરતાં ભાવ-પ્રવણતા પર વધુ ભાર મૂકીએ છીએ.

૧૦૨. પહેલાં રાણીબાગમાં સિંહને નાનકડા પાંજરામાં પૂરી રાખતા, આટલી નાની જગામાં પૂરાઇને સિંહ બકરી જેવો બની જતો. પણ હવે સિંહને મોટા વિસ્તારમાં છોડવામાં આવે છે. જેમાં ગુફા હોય, પાણીનો ઝરો હોય, ટેકરી હોય, ઝાડપાન હોય. આવી રીતે રાખવાથી સિંહ સિંહની જેમ જીવે છે. તેનું મન પ્રફુલ્લ રહે છે.

તેવી જ રીતે વિરક્તિથી સૂકાઇ ગયેલું મન પ્રભુને અર્પણ કરવામાં પ્રભુને શું મજા ? પણ સેવા પ્રણાલીમાં મનને મોટા એરીયામાં છોડવામાં આવે છે. સેવા, શણગાર, સામગ્રી, કીર્તન વગેરેમાં છૂટથી ફરવા દેવામાં આવે છે તે પ્રફુલ્લિત રહે છે. આવું પ્રસન્ન અને ભાવ-તરબોળ મન પ્રભુને અર્પણ કરવામાં પણ મજા છે.

## સિદ્ધાંત મુક્તાવલી

૧. કર્ણ પોતે અકુલીન હતો, તેવી તેને ભ્રમણા હતી. તેમ આ દેહ હું છું એવી ભ્રમણા સર્વેને છે.

૨. માયાવાદીઓ દેહજગતને ભ્રમણાત્મક બંધન માને છે તેથી તેનો ઉપાય

તેમને માટે જ્ઞાન છે. સાંખ્યમાં જગત-દેહને વાસ્તવિક બંધન માને છે તેથી તેમને માટે તેમાંથી છૂટવાનો ઉપાય યોગ-વૈરાગ્ય છે. મીમાંસકો, જગત કર્મથી ઘડાય છે એમ માને છે પુર દુષ્કાળ વગેરે પૂર્વનાં દુષ્કૃત્યોને કારણે છે એમ માને છે. તેથી તેમને માટે સત્કર્મ એ જ ઉપાય છે. સાયન્સ માને છે કે જડ પ્રકૃતિના નિયમો પર જગત ચાલે છે. તેથી આ નિયમો પર જેટલો કાબૂ તેટલાં આપણે વધુ સુખી. જેમ રોગ પ્રમાણે દવા તેમ જગતનું સ્વરૂપ તમે કેવું માનો છો અથવા બ્રહ્મનું કયું પાસું તમને વધુ હેરાન કરે છે તેના પર સાધનાનો આધાર છે.

૩. સાયન્ટિસ્ટોની મનોવૃતિ એવી છે જાણે અંધારામાં બસ ઢોળાવને કારણે ધીમે ધીમે સરકી રહી છે. બહાર સર્વત્ર અંધારું છે. કાંઈ દેખાતું નથી. છતાંય તેમની દ્રષ્ટિએ ઉપાય માત્ર એક સ્ટીયરીંગ પર કાબૂ મેળવવામાં જ છે.

૪. જેવી રીતે જશોદામાએ શ્રીકૃષ્ણને બાંધવા અનેક દોરડાનો ઉપયોગ કર્યો, દરેક બે આંગળ ટૂંકા જ પડયાં તેમ પ્રભુને પામવાના દરેક નિયમો કે માર્ગો અધૂરા જ છે. છતાં પ્રભુ તેની કૃપા દયાથી બંધાઈ રહ્યા છે.

૫. આપણે જેટલું જાણી શકીએ, અનુભવી શકીએ એટલો જ બ્રહ્મ નથી, બ્રહ્મના અનંત પાસાઓ છે જે આપણે નથી સમજી શકયા, નથી બાંધી શકયા.

૬. પ્રભુના અનંત નામમાં 'કૃષ્ણ' નામ ફલાત્મક છે. કારણ કે તે નામ બોલીને કશું મેળવવાનું નથી. માત્ર બોલવામાં જ આનંદ છે.

૭. જેવી રીતે અંતરના આનંદને અભિવ્યકત કરવા આપણે ગીત ગણ ગણીએ છીએ તે ગીત ગાવાનું કારણ માત્ર મસ્તી જ છે આવુ ગીત ફલાત્મક છે. આવું ગીત ગાવાનું કારણ મસ્તી જ છે. આવું ગીત વખતે કોઈ 'વાહ' કહી દે તો આપણને તે 'વાહ' આનંદ નથી આપણું પણ મસ્તીની ધારામાં રુકાવટ કરે છે. પરંતુ પ્લે-બેક સીંગર માટે આનાથી ઉલટું જ છે. તેમનું ગાવાનું કારણ માત્ર પ્રશંસા મેળવવાનું જ છે. તેવી જ

રીતે ફલાત્મક નામ 'કૃષ્ણ' લેવાનું કારણ માત્ર હૃદયની મસ્તી પ્રેમ જ છે.

૮. શ્રીગોવિંદસ્વામી પોતાની મસ્તીમાં પ્રભુ માટે ભૈરવી રાગ ગાઈ રહ્યા હતા. ત્યારે ઝાડની ઓથમાં છુપાયેલા અકબરે 'વાહ' કહી દીધું અને શ્રીગોવિંદસ્વામીનો ઉમળકો ખંડિત થઈ ગયો. તેમણે કહ્યું 'ભૈરવી રાગ છોવાઈ ગયો' અને પછી કદી એ રાગ ગાયો નથી.

૯. સેવા પોતે જ પુરુષાર્થ છે. આપણે સેવા કરીને કંઈ મેળવવા નથી માગતા, આપણે સેવા કરીએ છીએ કારણ કે તે આપણને ગમે છે. તે કર્યા વગર આપણે રહી શકતા નથી. 'તમે સેવા શા માટે કરો છો' એમ પૂછનારને જવાબ આપવાની પણ તમને ગરજ ન હોવી જોઈએ. હું સેવા માત્ર સમય વેડફવા કરું છું. એમ કહેવાની હિંમત અને બેપરવાઈ તમારામાં હોવી જોઈએ.

૧૦. જે શરાબી પોતાની મસ્તી માટે જે પીવે તે જ પાકો શરાબી. જે પોતાનું દુઃખ ભૂલવા પીવે તે કાચો શરાબી. જે પોતાની મજા માટે રમે તે જ સાચો જુગારી. તેને પૈસા ગુમાવવા સાથે કંઈ જ નિસ્બત નથી. પણ જે પૈસા હારવા માંડે એટલે ઉભો થઈ જાય તે કાચો જુગારી, તેવી જ રીતે માત્ર સેવા માટે કરવામાં આવે તે જ સાચી સેવા, તે દ્વારા કોઈ વસ્તુ, મુક્તિ, મનની શાંતિ, પુણ્ય મેળવવાં નથી.

૧૧. સેવા માટે કોઈ સમયમર્યાદા નથી. સેવા સતત ચાલવી જોઈએ. અનોસરમાં સેવા માટે તૈયારી, સાચા સેવકનું દરેક કાર્ય સેવાર્થે છે. સાચા સેવકનું સુવું, જાગવું, કમાવા જવું, ખાવું, પીવું, સર્વ કાર્ય, સારી રીતે સેવા કરી શકાય તે માટે જ છે. જેમ શ્વાસ લેવાની ક્રિયા સહજ છે. તેમ સેવા તેને માટે સહજ છે.

૧૨. દરેક વ્યક્તિના સહજ ધર્મ જુદા છે. કોઈને નિંદારસ માણવાની વૃત્તિ સહજ છે. કોઈને માટે રાજનીતિ સહજ છે. કોઈને માટે સામાજિક વાતોમાં રસ સહજ છે. તેથી જેવી જેની સહજવૃત્તિ તેવી જ વાતો મોઢામાં વારંવાર આવી જાય છે પણ સેવક માટે સેવા જ જીવનનો સહજ

રસ હોવો જોઈએ.

૧૩. જે દેખાઈ રહ્યું છે તે 'પ્રપંચ', જેવું દેખાઈ રહ્યું છે તે 'સંસાર'.

૧૪. ક્ષત્રિય પરણવા માટે પોતાની તલવાર મોકલે છે. કારણ ક્ષત્રિય માટે તલવાર સર્વસ્વ છે. ત્યારે કન્યા તલવારને પતિનું રૂપ માની પરણે છે અને ક્ષત્રિય, તલવારને પરણેલી કન્યાને 'પોતાની' કરી સ્વીકારે છે. તેમ પ્રભુ પોતે શીલામૂર્તિ બનીને આપણી સેવા સ્વીકારે છે. તો આપણે તેમનાં સામર્થ્યમાં શંકા ન કરવી.

૧૬. શ્રીમહાપ્રભુજીનો સિદ્ધાંત જ માનસી સેવાનો હતો તો તેમણે શરૂઆત કેમ શિલામૂર્તિ કે ધાતુમૂર્તિ કે ચિત્રની સેવાથી કરાવી ? કારણ કે મનમાંથી એ ભેદ નીકળી જાય કે આ બ્રહ્મ નથી અને બ્રહ્મ તો કોઈ બીજી જ દૂરની વસ્તુ છે.

૧૭. નાટકમાં અભિનેતા જ્યારે પોતાના પાત્રમાં ખોવાઈ જાય છે અને પોતાના અસલ સ્વરૂપની વિસ્મૃતિ થઈ જાય છે ત્યારે તે નાટકનાં આવેશમાં આવી જાય છે. તેવી જ રીતે આપણા તો પ્રભુ જ અભિનેતા છે. પણ લીલાનાં આવેશમાં અને અહંતાને કારણ આપણે પોતાને 'અમુક' માનીએ છીએ. આ આવેશને કારણે બ્રહ્મ જ સર્વ છે. તેની અનુભૂતિ થતી નથી.

૧૮. અહંતાની ધબકતી નાડી દેહમાં જણાય છે અને મમતાની નાડી ધનમાં; દેહનું સેવામાં કેટલું સમર્પણ થાય છે તે અહંતાના સમર્પણનું માપ છે અને ધનનું પ્રભુ અર્થે કેટલું સમર્પણ થાય છે તે તમારી મમતાના સમર્પણનું માપ છે.

૧૯. શંકરાચાર્યનો સિદ્ધાંત છે : બ્રહ્મના પરદા ઉપર માયાનું પ્રોજેકશન છે. અસલમાં ત્યાં કંઈ જ નથી માત્ર સફેદ પડદો જ છે આપણો સિદ્ધાંત નાટકનો છે. નાટકમાં અભિનેતા સાચા, તેમના મેક-અપ સાચા, તેનું બોલવું ચાલવું સાચું છતાં સર્વ નાટક છે અને કરાવનાર બ્રહ્મ છે.

૨૦. નાના બાળકો ઘર-ઘરની રમત રમે છે ત્યારે તે પોતે જે પાત્ર બને છે તેને

અસલ રૂપમાં નભાવે છે તેમ હે પ્રભુ ભલે આ તમારી રમત હોય; અમે ભકતપણું નભાવીએ છીએ તો તમે તમારું ભગવાનપણું નિભાવો. (આપણી ભક્તિ સાચી હોય તો આપણે પ્રભુને આમ કહી શકીએ.)

૨૧. સેવામાં આપણે પ્રભુ સંબંધિત સર્વ વસ્તુને સ્વરૂપાત્મક માનીએ છીએ. ઝારી, સિંહાસન, સર્વને સ્વરૂપાત્મક માનીએ છીએ. ઝારીજી 'લાવો' નથી કહેતાં, 'પધરાવો' કહીએ છીએ. શ્રીઠાકોરજીની સેવા કે તેમનાં વસ્ત્ર, પાદુકાજીની સેવા સર્વને એક ગણીએ છીએ. એટલે કે શ્રીઠાકોરજી અને તેમનાં સંબંધિત વસ્તુમાં અભેદ છે. અનુભવ ભલે જડ જેવો થતો હોય પણ ભાવ ચેતનનો થાય છે. ધીમે ધીમે ભાવ વિસ્તરતો જશે અને છેવટે તેનું વર્તુળ વધતું જશે ત્યારે જગતની કોઈ પણ વસ્તુ પ્રભુના સંબંધ વગરની નહિ લાગે, આ છે સર્વાત્મભાવ.

૨૨. ઝારીમાં શ્રીયમુનાજીની ભાવના. ગાદીજીમાં શ્રીયશોદામાની ગોદની ભાવના વગેરે શરુઆતમાં અઘરું લાગશે પણ ધીમે ધીમે ભાવ સિદ્ધ થાય છે. શરૂઆતમાં ભાવ નથી થતો, ભાવના કરીએ છીએ. ''જે કરી રહ્યા છીએ તે ભાવના છે, જે થવા માંડે તે ભાવ છે.''

ભાવના નદી જેવી છે, તેમાં વધઘટ થઈ શકે છે, ભાવના મનની શાંતિ, સંજોગો પર આધારિત છે. જ્યારે ભાવ સમુદ્ર સમાન છે, તેમાં વધઘટ નથી થતી. આચાર્યચરણે કહ્યું છે કે ભાવના કરતા રહેવાથી ભાવ સિદ્ધ થાય છે.

૨૩. વાદળાઓ અનેક જગાએ વરસે છે. અમુક સીધા સાગરમાં જ વરસે છે. આ જળ પુષ્ટિ જીવો સમાન છે જે સીધા પ્રભુને જ મળે છે. અમુક વાદળાનું જળ પર્વત પર પડે છે. ત્યાંથી ઝરણાં, નાની મોટી નદી દ્વારા મોટો 'કોર્સ' પૂરો કરી સમુદ્રને મળે છે. આ જળ મર્યાદા જીવો સમાન છે. જ્યારે અમુક જળ તળાવ, વાવડીમાં વરસે છે જે સૂકાઈને નષ્ટ થાય છે. આ જળ પ્રવાહી જીવો સમાન છે.

૨૪. બ્રહ્મસંબંધ મંત્રમાં 'હું દાસ છું' એમ માત્ર બોલવાથી શું દાસપણું આવે?

તેને માટે દાસને અનુરૂપ વર્તન કરવું પડે છે.

૨૫. બ્રહ્મસંબંધ મંત્રમાં 'દાસનું' સ્મરણ કેમ કરાવ્યું ? 'અંશ'નું સ્મરણ કેમ નથી કરાવ્યું? 'હું અંશ છું' એવી અહંતા તો જ્ઞાની, ભકત, પ્રવાહી સર્વને કોમન (સામાન્ય) છે. પણ પુષ્ટિમાં ખાસ વિશિષ્ટ અહંતા 'દાસ'ની છે.

૨૬. ગ્રીનરૂમમાં ડાયરેકટર કહે છે કે 'તું રામ બનજે', 'તું રાવણ'-... એમ જે સૂચના આપે છે તે સર્વ નિભાવે છે. તેવી જ રીતે પ્રભુએ જ્યારે એકમાંથી અનેક કર્યા ત્યારે અમુક જીવોને સિલેક્ટ કર્યા કે આને હું મારા દાસ બનાવીશ, મારાં કાર્ય કરાવીશ. મર્યાદામાર્ગીઓને પ્રભુએ એવો રોલ દીધો છે કે તું ઉપાસક, હું તારો ઉપાસ્ય. કર્મમાર્ગીઓને તું કર્મી, હું તારું કાર્ય અને પ્રવાહી જીવોને તું મને ગાળો દે જે હું સહન કરીશ, તું મને ભૂલીને ભમતો રહેજે, એમ સર્વને જુદા જુદા રોલ દીધા. કદાચ સર્વમાં પ્રવાહી જીવો જ પોતાનો ધર્મ બરાબર નભાવે છે.

૨૭. લીલામાંથી બહાર ભાગવું એટલે ? એટલે મુકત થવાની ઈચ્છા. મુક્તિમાં પણ જો સાયુજ્ય મુક્તિ હોય તો તે લીલા નથી પણ સાલોકય, સારુપ્ય, સાર્ષ્ટિ, મુક્તિ એ લીલાનો જ ભાગ છે. પણ તે લીલા ઉપરની છે, ભૂતલની નહિ. શ્રીમહાપ્રભુજીએ નિબંધમાં કહ્યું છે કે મુકત જીવોની પણ પોતાની સૃષ્ટિ છે અને બધ્ધજીવોની પણ પોતાની સૃષ્ટિ છે.

૨૮. અહંતા મમતાની નિવૃત્તિ નથી કરવી પણ અહંતામમતાત્મક સંસારની નિવૃત્તિ કરવી છે. અહંતા-મમતા સત્ય છે. તેની મદદ વડે અર્થાત્ તેને સેવામાં જોડી દાસપણું નિભાવવાનું છે.

**(અ)** દોરડામાં સર્પની ભ્રાંતિ થાય છે. દોરડું તથા સર્પ બન્ને સત્ય છે. જો સર્પ જ ન હોય તો તેની ભ્રાંતિ પણ કેમ થાય ? પણ રસ્સીને સર્પ માનવું ગલત છે.

**(બ)** અહંતા સત્ય છે, તેનો વિષય દેહ સત્ય છે, પણ દેહમાં અહંતા રાખવી ખોટું છે.

(ક) ટિકિટ ખોટી નથી, સીટ ખોટી નથી પણ એક યાત્રા માટે લીધેલ ટિકિટને લીધે હંમેશ માટે સીટને પોતાની માની લેવી ખોટી વાત છે.

(ડ) ઘર સાચું, હું સાચો પણ 'મારું ઘર' મિથ્યા છે. અહંતા-મમતા વાપરવા માટેની ટિકિટ છે. દેહ તમારો નથી પણ આ જન્મની યાત્રા કરવા માટે તેનો ઉપયોગ કરવા પૂરતો તમારો છે.

૨૯. સતત સેવાના આવેશમાં રહેતા જીવને સંસારની મમતા ઘટી જાય છે અને ઈષ્ટ-અનિષ્ટનું ભાન નથી રહેતું. આમાં કોઈ ચમત્કારની વાત નથી. જેમ કોઈ ગુંડો ક્રોધાવેશમાં હોય ત્યારે મારપીટ-ખૂન કરતી વખતે તેને બૈરી-છોકરાંની મમતા યાદ નથી આવતી અને ઈષ્ટ-અનિષ્ટનું ભાન નથી રહેતું.

૩૦. સર્વ બ્રહ્મ જ છે. કશું નવું પેદા થતું નથી, કશું નાશ પામતું નથી. સાયન્સ પણ એ જ કહે છે એનર્જી નાશ નથી પામતી, માત્ર તે બીજા સ્વરૂપમાં ટ્રાન્સફોર્મ થાય છે. જેવી રીતે સમુદ્રમાં લહેરો ઉઠે છે અને નાશ પામે છે પણ સમુદ્રરૂપી દ્રવ્ય કાયમ રહે છે. માત્ર તેના સ્વરૂપ, આકાર બદલાય છે.

૩૧. પરબ્રહ્મ ફુલ છે. સચ્ચિદાનંદરૂપી અક્ષરબ્રહ્મ તેની ખુશ્બુ છે. પરબ્રહ્મ સૂર્ય છે. અક્ષરબ્રહ્મ તેનો પ્રકાશ છે. જેટલી સુગંધ પુષ્પમાં છે તેટલી તેની આસપાસ પ્રસરેલા વાતાવરણમાં ન હોય તે સ્વાભાવિક છે. તેવી જ રીતે આનંદનું જે પ્રમાણ પરબ્રહ્મમાં છે તેનાથી અક્ષરબ્રહ્મમાં થોડું ઓછું છે.

૩૨. જ્યારે સર્વ બ્રહ્માત્મક લાગે છે તે જ્ઞાન સુગંધનું છે. અર્થાત્ સુગંધ (અક્ષરબ્રહ્મ) આવી રહી છે અને પુષ્પ (પરબ્રહ્મ) ને આપણે શોધી રહ્યા છીએ.

૩૩. બ્રહ્મમાં જ્યારે ચિત્ત એકાગ્ર થશે ત્યારે આત્માની અંદરથી બ્રહ્મનો ઉભરો આવશે અને સંપૂર્ણ જગતમાં છવાઈ જશે. પછી તમારી ભીતર સંવેદનશીલતા ખીલી જશે અને બ્રહ્મનો અનુભવ કરવાની તમારામાં તત્પરતા આવશે.

૩૪. જેને ભસ્મક રોગ થાય છે તે ગમે તેટલું ખાઈ શકવાની શક્તિ ધરાવે છે

પણ તે ખોરાકથી તેનું શરીર પુષ્ટ નથી થતું. તે પોતે તો દુબળો જ રહે છે. તેવી જ રીતે આજકાલ પ્રવચન કરવાનો અને સાંભળવાનો સર્વને ભસ્મક રોગ થઈ ગયો છે. બે ચાર શાસ્ત્ર વાંચીને બકબક કરવાનો રોગ લાગુ પડે છે. પછી પ્રસિદ્ધિ અને પ્રવચનમાં એટલો સમય જાય છે કે આગળ અધ્યયન કરવાનો મોકો જ મળતો નથી. તેવી જ રીતે બધે ઠેકાણે પ્રવચન સાંભળ્યા કરવાનો ઘણાને રોગ લાગુ પડે છે તે સાંભળવાથી આત્મા પુષ્ટ થાય છે કે નહીં તે વિચારવાની કોઈને પડી નથી.

૩૫. અક્ષરબ્રહ્મને જાણીને કૃષ્ણને માણવું એ ભક્તિ છે. તેવી જ રીતે કૃષ્ણને જાણીને અક્ષરબ્રહ્મ માણવું એ જ્ઞાન છે.

૩૬. ઘણા લોકો કૃષ્ણની લીલા સાંભળીને તેના ચાહક થઈ જાય છે તે ભક્તિ નથી. તેઓને માત્ર કૃષ્ણની 'હીરો'ગીરીથી પ્રેમ હોય છે. એવા તો બીજા ૧૦ હીરોની કલ્પના કોઈક લેખક કરી શકે છે. બીજા કેટલાક શ્રીકૃષ્ણને સ્વરૂપતઃ પરબ્રહ્મ તરીકે બિરદાવીને એની લીલાને માયિક અથવા ઉપાસનાર્થ કલ્પિત અથવા શાખારૂન્ધતી ન્યાયથી સૂક્ષ્મ વિષયો પ્રત્યે ધ્યાન દોરવા માટે રૂપક તરીકે લેખે છે. આમાં ખરી રીતે શ્રીકૃષ્ણ લીલાની અપેક્ષા જ નથી, તમારી કે મારી લીલા પણ અંતે પરબ્રહ્મની જ લીલા છે. તેથી કેવળ લીલા કે કેવળ કૃષ્ણ નહિ પણ લીલાવિશિષ્ટ કૃષ્ણનું ભજન તે આપણો સિદ્ધાંત છે.

૩૭. જેના થકી કાંઈક શોધીએ તે માર્ગ, ભક્તિ અને ભક્તિમાર્ગ જુદા છે. કર્મી અને જ્ઞાની પણ ભક્તિ કરી શકે. અવકાશમાં ખુલ્લી જગા હોવા છતાં વિમાન પણ પોતે બનાવેલા કૃત્રિમ માર્ગ પર ચાલે છે. માર્ગ એટલે સાધકની એક નિષ્ઠા કે હું આ જ માર્ગે પુરુષોત્તમને શોધીશ, તેથી ભક્તિમાર્ગી, કર્મ અને જ્ઞાનની ખટપટમાં નહીં પડે. જરૂર પડયે કર્મ કરશે પણ પુરુષોત્તમને બીજા માર્ગથી નહિ શોધે. તેવી જ રીતે જ્ઞાનમાર્ગી ભક્તિ કરશે; પણ તેનો પૂર્ણ ઝોક ભક્તિ પર નહિ હોય. તે જ્ઞાનમાર્ગથી જ બ્રહ્મને શોધશે. ભકત ગમે તેટલું જ્ઞાન મેળવે છતાં તે જ્ઞાનમાર્ગી નહીં

ગણાય કારણ કે પુરુષોત્તમને શોધવાનો સહજ માર્ગ તેને માટે ભક્તિનો જ છે. તેમજ જ્ઞાની ગમે તેટલી ભક્તિ કરતો હોય પણ તે ભક્તિમાર્ગીય નથી કારણ કે બ્રહ્મને શોધવાનો સહજ માર્ગ તેના માટે જ્ઞાન છે.

૩૮. અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મ બે જુદી વસ્તુ નથી પણ એક જ વસ્તુનાં બે પાસા છે.

૩૯. કરુણતા, ભયંકરતા, બીભત્સતા કોઈને ગમતી નથી પણ જ્યારે આજ વસ્તુને કલાની દ્રષ્ટિએ જોઈએ ત્યારે તે પણ કરુણરસ, ભયંકરરસ અને બીભત્સરસ થઈ જાય છે. પછી તેમાં અનુક્રમે જેટલી કરુણતા, ભયંકરતા, બીભત્સતા વધુ તેટલી કલાત્મકતા વધુ.

પ્રભુએ આ જગત લીલાર્થ પ્રગટ કર્યું છે. તો આપણે તેમાં દરેક વસ્તુને કલાની દ્રષ્ટિએ જોવી જોઈએ. એક ભૂંડને જોઈને આપણને કેટલી જુગુપ્સા થાય છે. ત્યારે પ્રભુને કહેવું જોઈએ. ''વેલ ડન'', પ્રભુ આમાં આપે જુગુપ્સાની પરાકાષ્ઠા બતાવી છે. તેવી જ રીતે મોહ માયાથી ઉત્પન્ન થતી કરુણતા અનુભવાય ત્યારે આ સંસારનાં દુઃખો જોઈને પ્રભુને કરુણરસ માટે શાબાશી આપવી જોઈએ.

જેવી રીતે ફિલ્મમાં ખલનાયક લોકોના હૃદયમાં તિરસ્કારનો ભાવ જેટલો વધુ ઉત્પન્ન કરે તેટલી તેના રોલની પ્રશંસા વધુ થાય છે.

૪૦. શંકરાચાર્યજીને થયું કે બ્રહ્મમાંથી આટલો દુઃખદ નાશવંત સંસાર, જગત કેમ ઉત્પન્ન થઈ શકે? તેથી આ દુઃખદ જગત ઉત્પન્ન કરવાનો અંચળો માયાને ઓઢાડયો.

પણ શ્રીમહાપ્રભુજી કહે છે કે પૂર્ણ બ્રહ્મમાંથી પૂર્ણ જગત ઉત્પન્ન થયું છતાં પૂર્ણબ્રહ્મ નિર્વિકાર રહ્યું તેથી સર્વ ખરાબ વસ્તુઓ પણ બ્રહ્માત્મક જ છે.

જો ઋષિઓ બે રૂપ ધારણ કરી શકે, દેવો અલગ અલગ જગાએ એક જ રૂપથી અનેક ભકતોની ભક્તિ સ્વીકારી શકે; શારીરિક ભાષ્યમાં

પોતે શ્રીશંકરાચાર્ય એમ સ્વીકારે છે. ગંગાજી આધિદૈવિક, આધિભૌતિક અને આધ્યાત્મિક ત્રણ રૂપો ધારણ કરી શકે. આ સર્વની સામર્થ્યતામાં તમને શંકા નથી થતી તો માત્ર બ્રહ્મ સાથે તમને શું દ્વેષ છે ? બ્રહ્મ શા માટે એક રૂપથી જગત બની ન શકે અને બીજા રૂપથી વિલક્ષણ ન રહી શકે? જગતને માયાનું કાર્ય શા માટે માનવું જોઈએ?

૪૧. જગતની જે વસ્તુ આપણે સમજી શકતા નથી (દા.ત. ઊંઘમાં દેહની ક્રિયા કોણ કરે છે, પૃથ્વી અદ્ધર કેમ ટકી રહી છે?) તે દ્વારા ઈશ્વર છે એમ સિદ્ધ કરવું યોગ્ય નથી. પણ જે જાણીએ છીએ, જે અનુભવીએ છીએ તે દ્વારા ઈશ્વર છે એમ સિદ્ધ કરવું વધું યોગ્ય છે કેમકે આજે જે સમજાતું નથી તે કાલે સમજાય અને બ્રહ્મ ત્યારે કારણરૂપે ન ભાસે તો બ્રહ્મના અસ્તિત્વમાં પણ શંકાઓ થવા લાગશે.

૪૨. બ્રહ્મ એ તો પદવી છે. શ્રીકૃષ્ણ તેનું વ્યક્તિ નામ છે.

૪૩. પ્રભુની પદવીમાં અલગ અલગ નામો-બ્રહ્મ, પરમાત્મા, ભગવાન, પરમેશ્વર, પુરુષોત્તમ... વગેરેમાં અનુક્રમે અપેક્ષા વધતી જાય છે. બ્રહ્મ કહેવામાં કોઈ અપેક્ષા નથી, પરમાત્મા કહીએ ત્યારે કોની તુલનામાં પરમ આત્મા એમ પ્રશ્ન થાય છે... અને ભગવાન કહીએ ત્યારે અપેક્ષા ઘણી વધી જાય છે. ભગવાન એટલે જે બંધન, મોક્ષ, ઉત્પત્તિ, લયને જાણતો હોય અથવા ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય ગુણો જેનામાં હોય તે. જ્ઞેય હોય તો જ્ઞાનનો ગુણ દેખાય. વિષયો હોય ત્યારે વૈરાગ્ય બતાવાય. વીર્ય, યશ બતાવવા માટે પણ કોઈ જોઈએ. શ્રી જોનારી આંખો પણ જોઈએ. તે સિવાય પોતાની મેળે બ્રહ્મ હોઈ શકે પણ ભગવાન ન હોઈ શકે. તેમજ ઈશિતવ્ય કાંઈક હોય ત્યારે કોઈક પરમેશ્વર થાય. તેમજ ઘણા બધા પુરુષો હોય ત્યારે કોઈક તેઓની સરખામણીમાં પુરુષોત્તમ હોઈ શકે.

૪૪. કવિ માઘે કૌરવોની સભામાં જ્યારે નારદજી આવ્યા તેનું વર્ણન કર્યું છે : સૌ પ્રથમ જાણે તેજપુંજ આવતો હોય તેમ લાગ્યું (અક્ષરબ્રહ્મ), વધુ

નજીક આવતા દેહની આકૃતિ દેખાઇ (પરમાત્મા), વધુ નજીક આવતાં કોઇ જ્ઞાની તેજસ્વી વ્યક્તિ હોય તેમ લાગ્યું (ભગવાન), એકદમ નજીક આવતાં નારદજી વરતાયા (શ્રીકૃષ્ણ).

૪૫. ઘર ઉપર પ્રેમ હોય છે કારણ કે શરીર ઘરમાં રહે છે. શરીર પ્રિય છે કારણ કે તેમાં આત્મા છે. આત્મા પ્રિય છે કારણ કે તેમાં પરમાત્મા છે. પ્રેમનો મૂળ સ્રોત પરમાત્મા છે. તે અંદરથી બહાર વિષયો તરફ વહે છે. તે સંસાર પ્રાપ્તિ કરાવનારો છે. પણ જ્યારે બહારથી અંદર વહે છે ત્યારે તે ભક્તિ પ્રાપ્ત કરાવે છે. પ્રેમ તો એક જ છે; પણ દિશા બદલાય છે.

૪૬. જેને મધુ સંચય કરવો હશે તેને પુષ્પ પર બેસવું જ પડશે, જેને માત્ર સુગંધ જ પ્રાપ્ત કરવી છે તે પુષ્પની આસપાસ રહીને મેળવી શકશે. તેવી રીતે ભક્તિ કરવી છે તેને પુરુષોત્તમ સુધી પહોંચવું જ પડશે. જ્ઞાનીનું કામ અક્ષરબ્રહ્મથી પણ પાર પડે છે.

૪૭. પૃથ્વી ધર્મી છે, ગુરુત્વાકર્ષણ તેનો ધર્મ છે. અગ્નિ ધર્મી છે, ઉષ્ણતા તેનો ધર્મ છે. પુષ્પ ધર્મી છે, સુગંધ તેનો ધર્મ છે. તેમ કૃષ્ણ ધર્મી છે, સત્, ચિત, આનંદ તેના ધર્મ છે. ધર્મ એટલે જેના વડે ધર્મીની ઓળખાણ થાય.

૪૮. ઊંઘ મુક્તિનો એક પ્રકાર છે. તેથી વધુ મુક્તિ મૃત્યુમાં છે. તેથી વધુ મુક્તિ પ્રલયમાં છે. તેથી વધુ મુક્તિ અક્ષરબ્રહ્મમાં લીન થવામાં છે અને મુક્તિની પરાકાષ્ઠા કૃષ્ણભક્તિમાં છે.

૪૯. શ્રીકૃષ્ણ જ્યારે બાહ્યરમણ કરવા ઇચ્છે ત્યારે જગત્ પ્રગટ થાય છે. જ્યારે તે આત્મરમણ કરવા ઇચ્છે ત્યારે જગતનો લય થાય છે અને સારા ખરાબ સર્વ જીવાત્મા મુકત થઇ જાય છે.

૫૦. જે ઉષ્ણતા સૂર્યમાં છે તે તેની ધૂપમાં નથી. તીવ્રતા ઘટી જાય છે. છતાં તે ધૂપમાંથી સોલાર બેટરી દ્વારા એટલી બધી ગરમી ઉત્પન્ન કરી શકાય છે કે તેના વડે રસોઇ કરી શકાય છે. તેવી જ રીતે આઇ-ગ્લાસ વડે રૂને

સળગાવી શકાય છે. તો ધૂપમાં ગરમી તો હતી જ પણ પૂર્ણ પ્રગટ નહોતી. તેવી જ રીતે અક્ષરમાંથી પુરુષોત્તમ પ્રગટ કરી શકાય છે.

૫૧. પ્રપંચ અક્ષરબ્રહ્માત્મક છે, સત્, ચિત્ અને આનંદાત્મક જ છે, પણ તેની ઈમેજ ઉલટી છે. (અરીસામાં જેમ ઉલ્ટું દેખાય છે તેમ) એટલે કે આનંદ તત્ત્વ અક્ષરબ્રહ્મમાં સૌથી વધુ પ્રગટ છે જ્યારે પ્રપંચમાં તે સૌથી વધુ ગુપ્ત છે.

૫૨. પ્રપંચનું સરવૈયું કાઢો તો માત્ર સત્ અંશ જ દેખાશે. જ્યાં ચિત્ અંશ પણ અપ્રગટ છે, ત્યાં આનંદ અંશ પ્રગટ થવાની શકયતા દુષ્કર છે.

૫૩. શરૂઆતમાં ચંદ્રમાં પર રોકેટ ઉતરતું ત્યારે તે એટલું ઝડપથી ઉતરતું કે પોતે જ નષ્ટ થઈ જતું. પણ પછી રોકેટને ગુરુત્વાકર્ષણ વિરુદ્ધ ઉપરનું ખેંચાણ આપીને રોકેટને સોફ્ટ લેન્ડીંગ કરાવવામાં આવ્યું. પરિણામે શરૂઆતમાં રોકેટ જે કંઈ પણ માહિતી આપ્યા વગર ખતમ થઈ જતાં તેને બદલે પછીનાં રોકેટ પોતે ખતમ થયા વગર ચંદ્રની માહિતી આપી શકતાં.

તેવી જ રીતે જ્ઞાનીઓ 'સોહમ્' કરતા કરતા અક્ષરબ્રહ્મમાં એટલા ઝડપથી ઘસી જાય છે કે પોતે તેમાં લીન થઈ જાય છે. ત્યાંના કંઈ સમાચાર આપી નથી શકતા, પણ ભકત 'હું બ્રહ્મ નથી, હું બ્રહ્મનો છું' એ રટણ કરતાં અક્ષરબ્રહ્મમાં સોફ્ટ લેન્ડીંગ કરે છે. પરિણામે પોતાનું અલગ વ્યક્તિત્વ જાળવી રાખે છે અને પુરુષોત્તમના સમાચાર મેળવી શકે છે.

સમુદ્રમાં બિંદુ પડે તો સમુદ્ર તેને એક થતાં છોડે? પણ ભક્તિરૂપી પોલિથીનની બેગમાં પેક જીવરૂપી જળબિંદુ બ્રહ્મરૂપી સમુદ્રમાં ઝંપલાવે, પરિણામે તે એક નહીં થાય.

૫૪. સુખ દુઃખ બન્નેને પચાવી શકે તે આનંદરૂપ કહેવાય. દુઃખ થાય તો પણ તેટલો જ આનંદ, સુખ થાય તો પણ તેટલો જ આનંદ, ત્યારે જ જીવ સચ્ચિદાનંદરૂપ કહેવાય.

૫૫. પુષ્ટિમાર્ગ વિશ્વધર્મ છે તેથી વધુ જુઠ્ઠાણું બીજું નથી. આ માર્ગ માત્ર તેને

યોગ્ય અધિકારીઓનો છે, વિશ્વ માટેનો નહિ.

૫૬. કાર્ય-કારણના સંબંધની વ્યાખ્યા કરવા માટે એકંદરે ચાર વાદો છે :

**(અ) વિકૃત પરિણામવાદ :** દા.ત. જેમ દૂધમાંથી દહીં બને. (સાંખ્ય મત મુજબ પ્રકૃતિ જગતરૂપે વિકૃત થઈ છે.)

**(બ) આરંભવાદ :** એક એક પાર્ટને જોડીને કોઈ મશીન બનાવવામાં આવે છે. (ન્યાયમત મુજબ આ જગત પરમાણુંઓના જોડાણથી બન્યું છે.)

**(ક) વિવર્તવાદ :** રજ્જુમાં સર્પનો ભાસ થવો. (શંકરાચાર્યજીના મત મુજબ આ જગત બ્રહ્મ ઉપર માયા વડે ઉત્પન્ન થઈ ભાસે છે, બ્રહ્મમાં સ્થિત હોય તેમ ભાસે છે અને માયામાં લીન થનાર છે.)

**(ડ) અવિકૃત પરિણામવાદ :** દા.ત. જેવી રીતે સોનામાંથી ઘરેણા બનવા. (શ્રીમહાપ્રભુજીના મત મુજબ બ્રહ્મમાંથી જગત ઉત્પન્ન થાય છે, બ્રહ્મમાં જ સ્થિત છે, બ્રહ્મમાં જ લીન થવાનું છે, જગત ઉત્પન્ન થવાથી બ્રહ્મમાં કોઈ વિકૃતિ આવતી નથી.)

૫૭. શ્રુતિ કહે છે કે નિષ્પ્રપંચ બ્રહ્મમાંથી જગત (સપ્રપંચ બ્રહ્મ) ઉત્પન્ન થાય છે અને જગત બ્રહ્મમાં જ સ્થિત રહે છે. (અહીં દૂધમાંથી દહીં થવાનો દાખલો ખોટો પડે છે, કારણ દહીં બન્યા પછી તે દૂધમાં સ્થિત ન રહી શકે.)

શ્રુતિ આગળ કહે છે કે જ્યારે જગત પોતાનું સ્વરૂપ ખોએ છે ત્યારે બ્રહ્મમાં જ લીન થાય છે. અહીં રજ્જુ પર સર્પનું ઉદાહરણ ખોટું પડે છે. કારણ રજ્જુ પર સર્પનો ભાસ થાય છે અને જ્ઞાન થતાં સર્પ રજ્જુમાં લીન નથી થઈ જતો.

કાર્યકારણનું અદ્વૈત, જેના મુજબ ઉત્પત્તિ-સ્થિતિ-લય ક્રિયાઓ કારણથી ભિન્ન કાર્યમાં નહી પણ કારણાભિન્ન કાર્યમાં વર્ણવાયેલી હોવાથી આરંભવાદને પણ શ્રુતિએ રદિયો આપેલ છે.

૫૮. જગત અને જગદીશ માટે જેના મનમાં ભેદ નથી તેને માટે જગતમાં જગદીશનું પ્રાગટ્ય સહેલું થઈ જાય છે, કારણભેદ જ બાધક થાય છે અને અભેદતા જ સાધક થઈ જાય છે. કેમકે જગદીશ જગતની ભીતર પણ છે અને બહાર પણ.

૫૯. કર્માંગ દેવ, જ્ઞાનાંગ દેવ અને ઉપાસનાંગ દેવ અલગ અલગ હોય છે. અલગ અલગ શાસ્ત્રોમાં અલગ અલગ દેવોને મહાન બતાવ્યા છે. પણ તે વાંચીને આપણે ગભરાટ કે શંકા લાવવાની નથી. કારણ જે દેવતાનું જ્યાં પ્રાધાન્ય હોય ત્યાં જ તેનું પ્રાધાન્ય માનવામાં આવે છે.

જ્ઞાનકાંડમાં જે દેવ જ્ઞેયનાં પ્રતીક દેવ છે તેની જ સાધના ફળદાયી છે. કર્મકાંડમાં કર્મનું ફળ દેવાવાળા દેવનું જ પ્રાધાન્ય છે.

શૈવ આરાધનામાં વિષ્ણુ ગૌણ છે અને વિષ્ણુ આરાધનામાં શિવ ગૌણ છે. વિવાહ કર્મમાં ગણપતિ મુખ્ય અને તેમના પિતા શિવ ગૌણ ગણાય છે.

૬૦. કર્મમાં કર્મ માટે દેવ છે, દેવ માટે કર્મ નથી. જ્ઞાનમાર્ગમાં જ્ઞેયના પ્રતીક દેવને, જ્ઞાન મેળવ્યા પછી ચીપકવાનું નથી પણ ભક્તિમાં દેવ માટે ભક્તિ છે, ભક્તિ માટે દેવ નથી.

૬૧. કર્મીઓ સોપારીમાં ગણપતિનું આવાહન કરે છે. વિસર્જન પછી તે સોપારીનું કોઈ મહત્વ નથી, પણ જ્યાં ગણપતિજીની મૂર્તિની સ્થાપના છે ત્યાં ભક્તિની મહત્તા છે. ત્યાં નિત્ય આવાહન નિત્ય વિસર્જનની આવશ્યકતા નથી.

૬૨. કર્મીઓને કર્મનાં ફળ સાથે મતલબ છે, કર્મના દેવતા સાથે નહીં. ઉપાસના મુખ્ય હોય ત્યાં ઉપાસ્ય ગૌણ થઈ જાય છે અને ઉપાસ્ય મુખ્ય હોય ત્યાં ઉપાસના ગૌણ થઈ જાય છે.

૬૩. ભક્તિમાં આપણે દિવ્ય સામર્થ્યને નથી પોકારતા, પણ સમર્થ દેવને પોકારીએ છીએ. જેને બોલાવીએ તે જ આવે. પ્રભુના સામર્થ્યથી તમારી

કામનાની પૂર્તિ થઈ જતી હોય તો સમર્થની શું ગરજ નથી ? જો એમ લાગતું હોય તો નક્કી સમજો કે તમારામાં ભક્તિ કદાચ હશે; પણ ભક્તિમાર્ગીયિતા નહીં.

મહાભારતમાં દુર્યોધનને સામર્થ્યની જરૂર હતી. તેને પ્રભુએ પોતાની સેના આપી. પણ અર્જુનને સમર્થની જરૂર હતી તેથી પ્રભુએ પોતે સાથ દીધો.

૬૪. ઘણા રાજાઓ પોતાના પ્રતીક રૂપે તલવાર મોકલતા અને કન્યા તેની સાથે પરણી જતી, જ્યારે અમુક કન્યાઓને પરણવા રાજાને ખુદ તેનું બળજબરીથી હરણ કરવા જવું પડતું.

મુસલમાનોને પ્રભુના પયગંબરથી સંતોષ હતો તેથી પ્રભુ તેમને પયગંબર મોકલતા પણ આપણે તો પ્રભુની ગરજ છે તેથી પ્રભુએ ખુદ આવવું પડ્યું. જેવી જેની ગરજ.

૬૫. આપણને અનન્યાશ્રયની અતિરેકતા માટે ટોકવામાં આવે છે; પણ ઘણુંખરું દરેકને એકનો જ આશરો છે. કર્મીઓ માટે કર્માંગ દેવ કેટલા બધા છે, પણ તે તે કર્મોમાં તે તે દેવતાનું જ પૂજન થાય છે.

૬૬. શ્રીગોવિંદસ્વામીને શ્રીયમુનાજી પર અતિ ભક્તિ હોવાથી તેમને જલમાં અને શ્રીયમુનાજીમાં અભેદભાવ સિદ્ધ થઈ ગયો પરિણામે તેઓ જલમાં કદી સ્નાન ન કરતાં.

૬૭. ઉપાસ્ય કે સેવ્ય મૂર્તિમાં આધિભૌતિકતા સ્વતઃ સિદ્ધ છે. આધ્યાત્મિકતા ભકતની અભેદબુદ્ધિથી આવે છે. આધિદૈવિકતા અતિસ્નેહભાવથી આવે છે.

૬૮. ભકતને અતિશય સ્નેહને કારણે ભકતમાં કે ભગવદ્સ્વરૂપમાં પ્રભુનો આવિર્ભાવ દેખાય છે. પરિણામે તેના હૃદયમાં ભગવદ્પ્રાગટય થાય છે. દર્શન દેનાર ભકતના હૃદયમાં આ પ્રાગટય કદાચ ન પણ અનુભવાય. અહીં માત્ર ભાવ કે કલ્પનાની વાત નથી પણ ખરેખર તેના ભાવનું પોષણ

કરવા માટે પ્રભુ તેમાં પ્રગટે છે.

૬૯. લૈલાની ગલીનાં કૂતરાંને જોઈને પણ મજનુને અતિ રોમાંચ થાય છે. તેમ કાચા ભગવદ્ભકતને જોઈને પણ સ્નેહી પાકા ભકતમાં પ્રભુ મળ્યા જેટલો જ રોમાંચ થાય છે.

૭૦. તમે કોઈને દોસ્ત માનો અને તે તમને ન માને તો તે તમારી માત્ર કલ્પના જ છે, પણ તમારી ભાવનાના જો તેનામાં પડઘા પડે અને તે પણ તમને દોસ્ત માને તો આ કલ્પના નથી રહેતી. (શેરીના મજનુઓ છોકરીઓની છેડતી કરે છે ત્યારે તેને જૂતા મળે છે, કારણ તેના ભાવના પડઘા તેનામાં નથી પડતાં.)

૭૧. એક ચિત્રકાર કે શિલ્પી ચિત્રપટ કે શિલાને જુએ છે ત્યારે તેનામાં તે કલ્પના નથી કરતો પણ ભાવથી જુએ છે. પરિણામે તેના ભાવને અનુસરી આકાર ધારણ કરે છે : ચિત્રપટ ચિત્રનો અને શિલા શિલ્પનો.

આવી જ રીતે સ્વરૂપ જ્યારે ભાવાનુસરણ કરે છે ત્યારે તેમાં કલ્પના નથી રહેતી.

ગીતામાં કહે છે કે 'જે મને જેવા ભાવથી ભજે છે તેને તેવી રીતે હું ભજું છું'. પ્રભુને ભયંકર રૂપે જુએ છે તેને માટે પ્રભુ ભયંકર છે વત્સલતાથી જુએ છે તેને માટે પ્રભુ બાળક બની જાય છે. જે કાંતરૂપે જુએ તેને માટે પ્રભુ કાંત બની જાય છે.

૭૨. સામાન્ય રીતે ભાવ પ્રગટ થવો એ હૃદયના સામર્થ્ય પર છે, પણ ભાવાનુસરણ કરાવવાનું સામર્થ્ય હૃદયમાં નથી પણ પ્રભુમાં છે.

એક વ્યક્તિ બીજી વ્યક્તિનાં ભાવનું અનુસરણ કરે, અરે જાનવરમાં પણ પ્રેમના પડઘા પડે છે તો પ્રભુ કેમ ભાવાનુસરણ ન કરે?

મર્યાદા આપણામાં હોઈ શકે, પ્રભુમાં નહીં.

૭૩. જુદી જુદી વ્યક્તિના ભાવનું અનુસરણ કરવાનું સામર્થ્ય સંયુકત

પરિવારના વડીલમાં વધુ હોય છે. ઘણીવાર આ સામર્થ્ય અમુક નેતાઓમાં પણ હોઈ છે. આવું સામર્થ્ય સામાન્ય માનવમાં હોય તો પ્રભુમાં ન હોય ?

૭૪. કોઈ માર્ગ, કોઈ દેવ, કોઈ સાધના ખોટી ગૌણ નથી, માત્ર તમને જે ફળ અભીષ્ટ છે, તે માર્ગ, તે દેવ તમારે માટે મુખ્ય; બાકી સર્વે તમારે માટે ગૌણ બની જશે. 'સ્વમાર્ગનું ફલ એક જ છે' એ ભ્રામક વિધાન છે, જુઠાણું છે.

૭૫. ફલનો ભેદ હૃદયમાં હોય, વસ્તુમાં નહિ. પોતાના હૃદયમાં જે અભીષ્ટ લાગે તેને માટે બીજાનાં સમર્થન કે પરવાની જરૂર નથી.

**કવિ બોધા પ્રીત કરી હૈ ગોપાલસું, ટેરી કહો સુનો ઉંચે ગલે, હમે નીકી લગી સો કરી હમને, તુમ્હે નીકી લગી ન લાગો તો ભલે.**

બીજા તેને માન્ય કરે તો પણ શું અને ન કરે તો પણ શું?

૭૬. કર્માંગ દેવો ઈષ્ટ હોઈ શકે, અભીષ્ટ નહીં પણ ભક્તિમાં પ્રભુ અભીષ્ટ છે.

દા.ત. જ્યાં વિઘ્નહરણ ઈષ્ટ હોઈ ત્યાં ગણપતિ અભીષ્ટ નથી રહી જતા.

૭૭. સાચો ભક્ત દર્શનની રાહ નહીં જુએ, નહિંતર તેની ભક્તિમાં કચાશ છે. દર્શન પછી તેને પ્રેમકામના થાય તેમાં કયો વાઘ માર્યો ?

૭૮. ઉછળતી અનન્ય ભક્તિ કેવી હોય?

**બૈઠકે દરપે તેરે અબ કિસકે દરપે જાયેંગે,**
**તેરે જબ હમ બન ગયે કયા ગૈર કે કહલાયેંગે?**

૭૯. શ્રીગોકુલનાથજીના ભક્તોએ કહ્યું, 'આપશ્રી પુરુષોત્તમ છો' આપશ્રીએ જવાબ આપ્યો : 'હું પુરુષોત્તમ નથી, તમારો ભાવ પુરુષોત્તમ છે.' ભક્તોનો આ ભાવ એટલો પ્રબળ હતો કે તેઓએ પોતાનો પંથ જુદો કર્યો.

૮૦. ગોપીના ભાવને લીધે પ્રભુ કાંત થયા ? ના, શ્રીકૃષ્ણે તે ભાવ જગાડયો, તેથી તે કાંત થાય. તેવી જ રીતે શ્રીકૃષ્ણે કંસમાં ભયનો ભાવ જગાડયો

તેથી પોતે ભયંકર બન્યા અને શ્રીયશોદામાં વાત્સલ્યભાવ જગાડી પોતે બાળક બન્યા.

૮૧. શ્રીગીતાજીમાં વિરુદ્ધ ધર્માશ્રયનો ગુણ નીચેના વાકયો પરથી સ્પષ્ટ થાય છેઃ (૧) ભક્ત મને જેમ ભજે છે તે જ ભાવથી હું તેને ભજું છું. (૨)સર્વ મને અનુસરે છે, હું કોઈને અનુસરતો નથી.

૮૨. આપણે પ્રભુને માન નથી આપી રહ્યા પણ પ્રભુ જેટલું માન આપણાથી લેવા માગે છે તેટલું જ લે છે. જેમ આપણે આપણી જાતને જેટલી શણગારીએ તેટલું જ દર્પણમાં દેખાય છે. તેવી જ રીતે આપણું હૃદય દર્પણ જેવું છે. શણગાર તો પ્રભુ સજે છે. આપણે તો માત્ર તેનું પ્રતિબિંબ પાડીએ છીએ.

૮૩. જેવી રીતે 'ગીતા'માં પ્રભુએ કહ્યું કે, ''મેં તો સૈનિકોને મારી નાખ્યા જ છે, હવે તુ માત્ર નિમિત્ત બન.'' તેમ સર્વ કાર્ય કરનાર, ભાવ જગાડનાર પ્રભુ જ છે. જીવ તો નિમિત્ત છે.

૮૪. ભમરાને કોઈએ પૂછયું કે તું આ કાંટાવાળી ડાળને કેમ વળગ્યો છે? તેણે કહ્યું : કારણ અહીં જ ગુલાબ ખીલવાનું છે.

પાનખરથી તો તે જ બીએ જેને નવવસંતના આગમનનો વિશ્વાસ નથી, જેને વિશ્વાસ છે કે વ્હેલી મોડી વસંત ઋતુ આવવાની જ છે તેને બીક શાની?

દેડકાં, કાચબા વર્ષાઋતુ પછી માટીમાં દટાઈને સમાધિ અવસ્થા ધારણ કરે છે અને બીજી વર્ષાઋતુ સુધીનો સમય ખેંચી કાઢે છે. એક વર્ષ વરસાદ ન આવ્યો તો પણ ગભરાતા નથી. કંઈ નહીં, બેચાર વર્ષે પણ વરસાદ આવશે. એવી જ રીતે સાધક સાધનાપથ પર અકળાયા વગર ધીરજથી ચાલે છે. ફળના વિલંબથી ગભરાતો નથી.

૮૫. એક ભક્ત મંદિરમાં સોહની કરી ભક્તોની ચરણની ધૂળ સાથે લઈ જતો અને રોગના ઉપચાર તરીકે તે ધૂળ વાપરતો. જે ધૂળ આજના યુગમાં ગંદી

તથા રોગના જીવાણુવાળી મનાય છે તે ભક્ત માટે દવા સમાન હતી.

૮૬. પાપની નિવૃત્તિ માટે ગંગાસ્નાન નહિ, પણ ગંગાજીનો ભક્ત ગંગાસ્નાન માટે પાપ છોડશે, તે ગંગામાં પાપ નહીં છોડે.

૮૭. ઘણા માત્ર તાપવાદી હોય છે, સતત તાપમાં સળગ્યા કરવાનું જ તેમને ઈષ્ટ લાગે છે. આનંદવાદી તાપ પછી આનંદને માણનારા હોય છે.

૮૮. વેદમાં શું છે તે જ રીતે સ્મૃતિ કહે તેમ સમજવાનું છે, અર્થાત્ શ્રુતિ સાથે સ્મૃતિની સંવાદિતા જાળવવી જોઈએ. તેમ જ સ્મૃતિ સાથે સદાચાર (પરંપરા, ટ્રેડીશન) સંવાદિતા હોવા જોઈએ અને સદાચાર આત્માના અવાજ સાથે સંવાદિત હોવો જોઈએ. કોઈ કાર્ય કરવા માટે પ્રાયોરીટી કોને આપવી ? તો જેમાં વધુમાં વધુ સંવાદિતા હોય તેને.

૮૯. પ્રપંચ, સત્ત્વ, રજ, તમઃ ત્રિગુણાત્મક છે. આ આધિભૌતિક પાસો છે. કર્મ, (કોઈ વસ્તુ ઉત્પન્ન થવામાં કર્મ હેતુભૂત હોય છે.) સ્વભાવ, (દરેક વસ્તુ પોતાના સ્વભાવમાં સ્થિત થાય છે) કાલ (અંતે સર્વ કાલને વશ થઈ નષ્ટ પામે છે); આ ત્રણ આધ્યાત્મિક સ્વરૂપ છે. તેનાં નિયામક દેવતા બ્રહ્મા–વિષ્ણુ–મહેશ એ ત્રણ આધિદૈવિક સ્વરૂપ છે.

૯૦. **(૧) વાચિક તપ (સ્વાધ્યાય આદિ)** બ્રહ્મચારીએ કરવાનું છે.

**(૨) કાયિક તપ (યજ્ઞયાગ આદિ)** ગૃહસ્થે કરવાનું છે.

**(૩) માનસિક તપ** વાનપ્રસ્થે કરવાનું છે.

આ જ વસ્તુ સેવા માટે લાગુ પાડી શકાય : (૧) પ્રપત્તિ (૨)તનુવિત્તથી સેવાત્મિકા ભક્તિ (૩) માનસી સેવા અનુક્રમે પુષ્ટિમાર્ગમાં બાલ્યાવસ્થા, યુવાવસ્થા અને પ્રૌઢાવસ્થા છે.

પ્રપત્તિમાર્ગ એ બાલપણનો ભાવ છે. કેવલ સ્વાધ્યાયનો આનંદ બાળકો લઈ શકે, મોટા નહીં. (બાળકો જેટલા રસથી વાર્તા વાંચે છે તેટલો રસ મોટા ન લઈ શકે.)

૯૧. જ્યારે પ્રભુ પોતાના આત્મરૂપ લાગે ત્યારે માગવામાં કોઈ સંકોચ નથી રહેતો, જેવી રીતે પોતાના મિત્ર પાસે માગીને હકથી લે છે.

૯૨. બાળક માને છે કે મા મારી છે – કારણ તેના દરેક સ્વાર્થ સંતોષાય છે, તો બાળભાવમાં આ ભાવ ભૂષણરૂપ લાગે છે. તેવી જ રીતે આ બધું મારું છે તે બાળભાવ છે. હું બધાનો છું તે પ્રૌઢભાવ છે. બન્ને ભાવ પોતપોતાની અવસ્થામાં સાચા છે.

૯૩. ભક્તિની પૂર્વકક્ષામાં 'હું તારો' એ ભાવ હોય છે. ફળકક્ષામાં 'તુ મારો' એ ભાવ પ્રબળ બને છે.

જ્યારે હું તારો એમ કહીએ ત્યારે પ્રભુનું માહાત્મ્યજ્ઞાન પ્રબળ જાણવું. શંકરાચાર્યજીએ જ્યારે કહ્યું કે સમુદ્રના તરંગ હોય, તરંગના સમુદ્ર ન હોય તેમ હું તારો છું, તું મારો નથી, આમાં માહાત્મ્યજ્ઞાન ખુબ છલકી રહ્યું છે.

પણ જ્યારે પ્રભુ સાથે પૂર્ણ મમતા બંધાઈ જાય ત્યારે તું મારો એ ભાવ પોતાની મેળે જ આવી જાય છે. આમાં જીવ અહંતાને ભૂલી જાય છે. તું મારો માં અહમ્ નથી બોલી રહ્યું, માત્ર પ્રભુ માટેની મમતા બોલી રહી છે.

૯૪. જેને ભજનીય સ્વરૂપનું તથા પોતાના સ્વરૂપનું અજ્ઞાન છે તેને માટે શ્રીમહાપ્રભુજીએ પૂજા+ઉત્સવમાં સ્થિત રહેવા કહ્યું છે.

**પૂજા** = પોતાથી મહાનની થાય. (અર્થાત્ મહાત્મ્યજ્ઞાનપૂર્વક દૈન્ય)

**ઉત્સવ** = જેની સાથે મારાપણાનો ભાવ હોય તેનો ઉત્સવ ઉજવાય (સ્નેહ).

તેવી જ રીતે 'મર્યાદા' સ્થિત પુષ્ટિ ભક્ત છે તેણે ગંગાકિનારે વસવું (માહાત્મ્યજ્ઞાન + દૈન્ય) અને શ્રીમદ્ ભાગવતમાં (સ્નેહ માટે) તત્પર રહેવું કહ્યું છે.

૯૫. પ્રભુતાનો ભાવ હોય ત્યાં સુધી જ પૂજા હોય અને એમ માહાત્મ્ય જાણ્યા પછી જ સેવા શરૂ થાય છે, સેવામાં માહાત્મ્યજ્ઞાનની જરૂર નથી.

૯૬. ગોસ્વામી બાલકોની વૈષ્ણવોને ઘરે પધરામણી થાય ત્યારે માળા વગેરે ધરાવવામાં આવે છે, તે પૂજા કહેવાય છે; પણ બાલકોના ઘરમાં તેના પત્ની દ્વારા કે નોકર દ્વારા સેવા થાય છે, પૂજા નહિ. મતલબ કે સેવા તો એની થાય કે જેની સાથે આપણે ઘરમાં રહેતા હોઈએ. બાકી પૂજામાર્ગીય આવાહન–વિસર્જન–પધરામણીમાં તો પૂજાનો જ ભાવ હોય.

૯૭. ઘણાં કહે છે કે કર્મ તો ભગવાનને પણ ભોગવવાં પડે. આમ તેઓ નિયમ બાંધનાર ઉપર જ નિયમ થોપી દે છે. તેઓ ભૂલી જાય છે કે જો બાંધવાનું સામર્થ્ય છે તો તોડવાનું તો હશે જ.

૯૮. ભક્તને 'ગંગાદેવી' નાં દર્શન મેળવવાં હોય તો તીર્થરૂપા ગંગા પ્રતિ ભાવ દ્વારા મેળવી લે છે. પણ દેવી માટે કોઈ મર્યાદા નથી.

જેવી રીતે ઓફીસર ને મળવા માટે ચપરાસીની પરવાનગીથી જ જઈ શકાય. પણ ઓફીસર ખુદને કોઈને મળવા બહાર આવવું હોય તો ચપરાસીને પૂછવું ન પડે.

૯૯. **પ્રશ્ન : ભગવદ્ધર્મના અંગરૂપ એટલે ?**

**ઉત્તર :** આપણે ત્યાં પૂજા તો છે જ, પણ સેવાના અંગ તરીકે. શ્રીમહાપ્રભુજીએ કહ્યું છે કે જ્યાં સુધી સ્નેહભાવ ન જાગે ત્યાં સુધી પૂજા જ કરવી. સેવા કરવા માંડીએ પછી નવધા ભક્તિનું સ્વરૂપ બદલાય છે. આ નવધા ભક્તિ જે ભક્તધર્મ છે, તે સ્નેહના અંગરૂપ બની જશે.

૧૦૦. ઘરમાં હોય તેની જ સેવા થાય. (ગૃહસુશ્રુષણં મહ્યં દાસવદ્યદમાયયા) ઘરમાં જેમ માલિકની સેવા થાય તેમ સેવા થવી જોઈએ. તેથી જાહેર મંદિરોમાં કે ટ્રસ્ટ મંદિરોમાં ઘર ન રહી જવાથી મૂળ તો સેવા રહેતી જ નથી; અને છે તે વ્યામોહિકા માયાથી ભ્રમિત પુષ્ટિજીવો દ્વારા કરવામાં આવતો સેવાનો મિથ્યા આડંબર છે.

૧૦૧. આવાહન-વિસર્જનમાં પૂજાનો ભાવ છે. પૂજા ભલે વધુ સ્નેહથી થતી હોય અને સેવા ભલે ઓછા સ્નેહથી થતી હોય, પણ સેવા તે સેવા છે અને પૂજા તે પૂજા છે.

ઘંટા વગાડીને જગાડવું, અનોસર કરવા એ સર્વ પૂજા છે. પણ સેવામાં પૂજા મળી જાય તો તે સેવા થઈ જશે, સંસાર પણ સેવામાં મળવાથી સેવા થઈ જશે.

ગો. બાળકો બહારગામ પધારે ત્યારે પૂજાના શ્રીઠાકોરજી પધરાવે, સેવાના શ્રીઠાકોરજીને શ્રમ પડે. આ પૂજાના શ્રીઠાકોરજી સેવાના શ્રીઠાકોરજીની ગોદમાં પધરાવવાથી તે સેવાના બની જાય.

**નોંધ : ચાર જયંતી દરમિયાન પંચામૃત સ્નાન, તંત્ર શાસ્ત્રોકત વિધિથી પૂજાના શ્રીઠાકોરજીને થાય છે.**

૧૦૨. પૂતના લીલા ભક્તનું સ્વરૂપ સમજવા માટે નથી પણ ભજનીયનું સ્વરૂપ સમજાવવા માટે છે. શાસ્ત્રમાં ચકાસણી કરવી પડશે કે કઈ લીલા સેવકને માટે છે અને કઈ લીલા સેવ્યના સ્વરૂપ માટે છે.

'આંતરં તુ પરમ ફલમ્' આ શ્રીમહાપ્રભુજીનું વાકય છે, પણ તે કોના માટે? જેને વ્યસનદશા સિદ્ધ થઈ ગઈ છે તેના અનુભવગોચર ભગવત્સ્વરૂપની સમજ માટે છે; અંકુરાવસ્થા, પ્રેમાવસ્થા કે આસક્તિ અવસ્થાવાળા ભક્તે કેવો ભાવ રાખવો તે સમજાવવા માટે નથી.

૧૦૩. તમે માર્ગનું અનુકરણ કરી રહ્યા છો, વ્રજભક્તોના પગલાનું નહીં. જે રીતે વ્રજભક્તો ચાલ્યા તેમ આપણે ન ચાલી શકીએ; જે માર્ગ પર ચાલ્યા તે માર્ગ પર ચાલી શકીએ.

૧૦૪. પુષ્ટિમાર્ગ સંપૂર્ણ રીતે પુષ્ટિસંપ્રદાય નહીં થઈ શકે. પુષ્ટિ (કૃપા)ને પુષ્ટિમાર્ગની ગરજ નહીં રહે. સંપ્રદાયના નિયમો માર્ગને લાગુ નહીં પડે. માર્ગના નિયમો પુષ્ટિને લાગુ નહીં પડે. પુષ્ટિમાં નિયમો હોતા નથી તેથી પ્રભુ સ્વતંત્ર છે.

પુષ્ટિસંપ્રદાય - પુષ્ટિમાર્ગ-પુષ્ટિભક્તિ-પુષ્ટિ-પ્રભુ.

૧૦૫. બહિર્મુખતા દૂર કરવાનો પ્રકાર... વગેરે બાબતો સંપ્રદાયનું બંધારણ છે, માર્ગ તો દૂરનો છે. બ્રહ્મસંબંધ લેવું વગેરે સંપ્રદાય છે તેથી માર્ગને બ્રહ્મસંબંધની ગરજ નથી.

૧૦૬. ધારો કે ભવિષ્યમાં કોઈ બાલક જ જો ન રહે તો શું પુષ્ટિમાર્ગ છોડી દેશો? શ્રીમહાપ્રભુજી તો છે ને? જ્યાં સુધી સંપ્રદાય જીવિત છે ત્યાં સુધી પરંપરા મોજુદ છે.

પરંપરા નહીં રહે ત્યારે પણ માર્ગ રહેશે. માર્ગ નહીં રહે ત્યારે પણ પુષ્ટિ તો રહેશે જ ને? શું માર્ગ નહીં રહે તો પ્રભુ પુષ્ટિ નહીં કરે?

૧૦૭. પુષ્ટિ, પુષ્ટિમાર્ગ, પુષ્ટિભક્તિ અને પુષ્ટિ સંપ્રદાયમાં સૂક્ષ્મ તફાવત છે. કાલ-કર્મ-સ્વભાવના નિયમોનો પ્રભુ દ્વારા કરવામાં આવતો અપવાદ તે પુષ્ટિ. પુષ્ટિને કારણે પ્રભુ પાપીને સ્વર્ગ કે અસુરને પણ મુક્તિ વગેરે આપે છે. પુષ્ટિમાર્ગ એટલે પ્રભુની કૃપાથી પ્રભુને મેળવવાનો માર્ગ. ગોપિકાઓએ કામભાવથી પ્રભુને મેળવ્યા તે પુષ્ટિમાર્ગ. પુષ્ટિ અનુગ્રહ દ્વારા જ્યારે હૃદયમાં પ્રભુ પ્રત્યે ભક્તિ જાગે ત્યારે તેને પુષ્ટિભક્તિ કહેવાય. પુષ્ટિસંપ્રદાય શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગના આધારે પ્રવર્તિત કર્યો છે તેથી પ્રભુ પ્રત્યે કામભાવ પુષ્ટિસંપ્રદાયમાં ઉપાદેય નથી. અલબત્ત, પુષ્ટિમૂલક ભક્તિ કે પ્રપત્તિ પુષ્ટિસંપ્રદાયમાં ઉપાદેય છે.

૧૦૮. બ્રહ્મ એકાકી હતો, આત્મરમણ કરતો હતો. આ અવસ્થામાં તેને કોઈ સેવા-સેવકની જરૂર નહોતી. શ્રુતિ કહે છે કે બીજો આત્મા પ્રગટ થાય એવી તેને ઈચ્છા થઈ. પ્રયોજન? એકલા તે રમણ કરી શકતો નહોતો.

આ રમણ જ સેવા છે. આત્મરમણમાંથી તેણે સેવ્ય-સેવક, કર્તા-કૃતિ, જ્ઞાન-જ્ઞેયના રૂપમાં રમણ કરવા માંડયું. સેવ્ય-સેવકનાં રૂપો પ્રભુએ ધારણ કર્યા. પ્રયોજન? સેવા. જ્ઞાની-જ્ઞેયનાં બે રૂપો ધારણ કરવાનું પ્રયોજન? જ્ઞાન. કર્તા-કર્મનાં બે રૂપો ધારણ કરવાનું પ્રયોજન? કર્મ.

રમણ કર્યું તો કર્મ, જ્ઞાન અને ભક્તિરૂપ રમણ. રમણની બહુ મહત્તા છે અને તે સમજાય નહિ ત્યાં સુધી સેવ્ય-સેવકનું સ્વરૂપ સમજવામાં નહિ આવે.

૧૦૯. સેવામાં ત્રણ પ્રકારનાં પદ ગવાય.

**(૧) જગાવવાના** પહેલા શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી અને શ્રીયમુનાજીની સ્તુતિ ગવાય. આ પદ ગાવાનું કારણ સેવકના ભાવનું ઉદ્‌બોધન કરવાનું છે. તેના વિના ભાવનું ઉદ્‌બોધન થાય નહીં.

**(૨) જગાવ્યા પછી** સેવાના કીર્તનો ગવાય. આ સેવ્યના ઉદ્‌બોધન માટે છે. સેવામાં રમણ થવું જોઈએ. રમણનો ભાવ જાગશે પછી સેવ્યનું ઉદ્‌બોધન થશે. સેવા સુંદર રીતે થવી જોઈએ જેથી જાગવામાં તેને રુચિ આવે, ભોગ આરોગવામાં રુચિ આવે, શૃંગાર ધરવામાં રુચિ આવે. જેવી રીતે લડાઈ વખતે લડનારને શૂરાતન આવે તેવાં ગીત ગવાય છે, તેવી જ રીતે કીર્તનથી સેવ્યના ભાવનું ઉદ્દીપન થાય છે. આપણામાં સેવાનું જોશ શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી અને શ્રીયમુનાજીની સ્તુતિથી આવે છે. જેવી રીતે જમવાની ભૂખ લાગે માટે જમતાં પહેલાં ક્ષુધાવર્ધક રસ પીએ છીએ તેવી રીતે ભાવ-ઉદ્દીપન થાય માટે જગાવ્યા પછી કીર્તનો (ચટણીની જેમ) ગવાય છે.

પછી પ્રભુમાં સેવા લેવાના ભાવનું ઉદ્દીપન થઈ જાય તો હું સેવા બરાબર કરું કે ન કરું, સેવા બરાબર થશે.

**(૩) સેવા કર્યા પછી** અહંકારનો અજુગતો ઓડકાર ન આવે માટે દીનતાના પદ ગવાય છે. જમ્યા પછી વાસણ તો માંજવા પડે ને! માટે મેં સેવા કરી છે એ અહંકાર ન રહેવો જોઈએ, સેવા પ્રભુએ લીધી કૃપા કરીને શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંજીની કાનિથી, તે માટે દીનતા-આશ્રયનાં પદો પણ ગાવા જોઈએ.

૧૧૦. **<u>સેવાનું સ્વરૂપ</u>** **<u>સેવાના ગુણ</u>**

| | |
|---|---|
| **(ક) સદાકાર્યા** | **ઐશ્વર્ય** |
| **(ખ) માનસી પરમફલ** | **વીર્ય** |
| **(ગ) ચેતસ્તત્પ્રવણં** | **શ્રી** |
| **(ઘ) તનુવિત્તજા** | **યશ** |
| **(ઙ) સંસારદુઃખનિવૃત્તિ** | **વૈરાગ્ય** |
| **(ચ) બ્રહ્મબોધન** | **જ્ઞાન** |

આવી ષડગુણવતી સેવા છે.

૧૧૧. **(ક) સદાકાર્ય :** જે વસ્તુ સદા કરીએ તે હંમેશ પ્રમુખ બની જાય છે. સેવા ઐશ્વર્ય ભાવયુકત કરવી જોઈએ જેથી બીજી કોઈ વસ્તુ તેના કરતાં પ્રમુખ ન થઈ જાય. 'સદા' એટલે સૂતાં, જાગતાં, જમતાં સર્વ વખતે સેવા કરવી. દરેક કાર્ય સેવાને આધીન હોવાં જોઈએ. તો સેવામાં ઐશ્વર્ય આવે.

**(ખ) માનસી :** કોઈકને બીજા સાથે મહાદ્વેષ થાય અને તેથી તેને મારવાની હિંમત હોય તો તે સાચે જ મારશે, પણ હિંમત વગરનો માણસ મનમાં મારશે, મનમાં ગાળો દેશે. લૌકિક કાર્ય જ્યારે માનસી થઈ જાય ત્યારે તેનું વીર્ય ખતમ થઈ જાય, પણ અહીં એવું નથી. પ્રભુની માનસી સેવા પ્રગટ થાય ત્યારે તે સેવા સૌથી વધુ અંગીકાર કરે છે. લૌકિકમાં બહારનું જગત અલગ છે અને અંદરનું જગત પણ અલગ છે. પણ પ્રભુનું વીર્ય તો અંદર-બહાર બધે જ મોજુદ છે. માનસી થાય ત્યારે સેવામાં વીર્ય પ્રગટ થાય. બહારની સેવા જેટલા સામર્થ્યથી સ્વીકારે તેટલા જ સામર્થ્યથી અંદરની સેવા સ્વીકારે. તેથી માનસી સેવા સ્વામીને સેવકના અધિન બનાવનારી હોવાથી વીર્યવતી છે.

**(ગ) ચેતસ્તત્પ્રવણં :** શ્રી ગુણ બતાવે છે. ચિત્ત કયાં પ્રવણ થાય? જ્યાં

મોહકતા હોય, આકર્ષકતા હોય. જ્યારે સેવામાં ચિત્ત પ્રવણ થઈ ગયું ત્યારે સેવામાં શ્રી પ્રગટ થઈ.

**(ઘ) તનુવિત્તજા :** યશનો આધાન કરે છે. જે તનુવિત્તજા સેવા નથી કરતા તે સેવાના યશનું ખંડન કરે છે. સેવા એટલે? સેવ્યની સમક્ષ દીન થવું, આધીન થવું (તનથી) તેના સુખનો વિચાર (વિત્તજા).

તનુજા કોની કરીએ? જેના સામે દીન હોઈએ, જેને અધિન હોઈએ.

વિત્તજા કોની કરીએ? જેના સુખનો વિચાર હોય.

જ્યારે આ ગુણ પ્રગટ થાય છે ત્યારે સેવામાં યશ પ્રગટ થાય છે.

**(ઙ) સંસારદુઃખનિવૃત્તિ :** આ વૈરાગ્ય ગુણ બતાવે છે. જ્યારે તમે સાંસારિક દુઃખના કકળાટ સાથે સેવા કરો છો ત્યારે તમારો અનુરાગ સંસારમાં છે. સેવામાં અનુરાગ થતાં સંસારમાં વૈરાગ્ય આવશે.

**(ચ) બ્રહ્મબોધન :** આપણે જાણીએ છીએ કે ઝારી ચાંદીની છે, પણ આપણે તેમાં શ્રીયમુનાજીનો ભાવ સ્થાપિત કરીએ છીએ. સિંહાસનમાં શ્રીયશોદાજીની ગોદીની ભાવના કરીએ છીએ. ખિલોના કઈ જ નથી છતાં તેમાં પણ આપણે બ્રહ્મબોધ સ્થાપિત કરીએ છીએ. દરેક વસ્તુમાં જડતાની ભાવના દૂર કરી સચેતનતાની ભાવના રાખીએ છીએ. આમ બધામાં ભાવ સ્થાપીને તેનામાં ચેતનતા અને આનંદત્વ લાવીએ છીએ. દરેક વસ્તુમાં ભાવાત્મકતાનું અનુસંધાન બન્યુ રહે છે. આપણે 'ઝારી' 'લાવો', એમ નહી કહીએ, પણ 'પધરાવો' એમ કહીશું. આ બ્રહ્માત્મકતાનું જ્ઞાન બતાવે છે. 'ઝાડુ' ને 'સોહની' કહીશું કારણ કે તે લક્ષ્મીનું સ્વરૂપ છે, જે સેવ્યસ્થળ સાફ કરી રહ્યું છે. સોહનીને પણ આપણે પગ નહિ અડાડીએ.

આવી ષડ્ગુણવંતી સેવા ષડ્ગુણવાન પ્રભુને લાયક છે.

૧૧૨. કીર્તન ગાતાં પહેલા આજ્ઞા લેવાય. કીર્તનીયાની ગાદી હોય, શૃંગારીની પણ

ગાદી હોય.

૧૧૩. સંસારસુખની પ્રવૃત્તિ માટે સેવા ન કરવી. કોઈ કહે છે કે સેવામાં ધરાતાં ફલાદિ ખાવાથી આરોગ્ય વધે, દંડવત કરવાથી કસરત થાય. આમ સેવા સ્થળને બોડીબિલ્ડીંગ કે બોડી સ્લીમિંગ સેન્ટર ન માનવું જોઈએ.

૧૧૪. બ્રહ્મબોધન વિષયનો બાધ નથી. વિષય વિષય તરીકે કાયમ રહેશે, પણ તેમાં બ્રહ્માત્મકતાનો બોધ થશે. બ્રહ્મતા નથી લાવવી. પણ બ્રહ્મબોધ લાવવો છે. બધાની સેવા નથી કરવાની પણ સેવ્યની સેવા કરવી છે, બ્રહ્માત્મક સામગ્રીથી. જેમ ગોકુલમથુરામાં યમુનાપૂજનમાં જલની લોટી યમુનાજીના જલપ્રવાહમાંથી ભરીને શ્રીયમુનાજીને ભોગ ધરવામાં આવે છે. બ્રહ્મતા અને બ્રહ્મેતરતાનું ઈતરવ્યાવર્તન 'બ્રહ્મબોધન' પદથી થાય છે. સોનું રાખીએ તો ગુનો છે પણ દાગીના રાખવામાં ગુનેગારી નથી. સેવામાં બે બ્રહ્મ હશે તો કદાચ ગરબડ થશે. પણ સેવામાં બ્રહ્માત્મકતાથી કોઈ ગરબડ નહિ થાય.

સેવોપયોગી પદાર્થને બ્રહ્મથી ભિન્ન સમજવું યા બ્રહ્મ સમજવું ખોટું છે કારણ તેનાથી રમણનો ભાવ ખતમ થઈ જશે. સેવા સેવ્ય-સેવક વચ્ચે રમણ છે. આત્મરમણતા નથી.

૧૧૫. **(ક) સંસારદુઃખનિવૃત્તિપૂર્વક કૃષ્ણમાં ચિત્તપ્રવણતા** એ આધિભૌતિક છે. પ્રવાહપુષ્ટિનું કાર્ય છે.

**(ખ) બ્રહ્મબોધનપૂર્વકની ચિત્તપ્રવણતા** એ આધ્યાત્મિક છે. મર્યાદાપુષ્ટિનું કાર્ય છે.

**(ગ) માનસી** એ આધિદૈવિક છે. પુષ્ટિપુષ્ટિનું કાર્ય છે.

૧૧૬. મોટરગાડીમાં જેમ બેટરી હોય તેમ આપણી ભીતર અહંકાર કે બુદ્ધિ છે. કેવળ બેટરીના આધારે ગાડી ચાલે નહિ પણ ડાયનેમો જેવા ચિત્તને સક્રિય કરવા તે અપેક્ષિત છે. ડાયનેમો બેટરીની મદદથી ચાલુ થાય અને ડાયનેમો ચાલવાનું શરૂ કરે પછી તેને બેટરીની જરૂર રહેતી નથી. બુદ્ધિપૂર્વક સેવા

કરવાથી ચિત્ત સેવામાં પ્રવણ થાય પછી તે પોતાની મેળે ચાલી શકે.

૧૧૭. પહેલાં બુદ્ધિ કે પહેલાં સેવા? જે ઉત્તમાધિકારી છે તેને શ્રવણ જ પર્યાપ્ત છે. જે ઉત્તમાધિકારી નથી તેને મનન આદિ બીજી તકલીફો ઉઠાવવી પડશે તેથી કયારેક સેવાના નિયમ ન બાંધી શકાય. સિદ્ધાંતમુક્તાવલીથી જો સેવા કરવાનું સમજાય તો પછી તેને અણુભાષ્ય, તત્ત્વાર્થદીપનિબંધ વાંચવાની જરૂર નથી.

રોગ કેટલો છે, ખરાબી કેટલી છે તેના પર ઉપચારનો આધાર. ૮૪,૨૫૨ વૈષ્ણવોએ શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી સેવા તરત સ્વીકારી લીધી તેથી તેઓને અણુભાષ્ય ભણાવવાની જરૂર ન પડી. જેઓ ન સમજ્યા તેમની સાથે આપને શાસ્ત્રાર્થ કરવો પડયો.

૧૧૮. આ તો ગુરુ–શિષ્યની ફુદડી છે, બન્નેએ એકબીજાને બરાબર પકડવું પડે. શ્રીમહાપ્રભુજી સાથે ફુદડી ફરનારા પણ છૂટી પડયા છે તો આજના વૈષ્ણવોનું તો શું કહેવું?

૧૧૯. **પ્રવાહીમાર્ગી :** માત્ર દેહ સંભાળે, આત્માની ઉપેક્ષા કરે છે.

**જ્ઞાનમાર્ગી :** દેહની ઉપેક્ષા કરે છે, આત્માને સંભાળે છે.

**ભક્ત :** આત્મા અને દેહ બન્નેને પરમાત્મા માટે સંભાળે તે. તેને તો પરમાત્મા જ સર્વસ્વ.

૧૨૦. **જ્ઞાનમાર્ગી :** આત્મોદ્ધારની ચિંતા કરે.

**પ્રવાહી :** દેહોદ્ધારની ચિંતા કરે.

ભક્તિમાર્ગી માટે આત્મા કે દેહ કંઇ જ સર્વસ્વ નથી. પરમાત્મા જ સર્વસ્વ છે.

ભક્તિ પરમાત્મા માટે દેહ, આત્મા, સંસાર જે કંઇ કામ આવે તેને સેવામાં લગાવે છે. તે ભક્ત કોઈનો દુશ્મન નથી.

૧૨૧. **સેવાનો સહજ આંતરભાવ :** તેમાં ચિત્ લાગેલું રહે તે વિહિત બાહ્ય ભાવઃ રાગ, ભોગ, શૃંગારથી પ્રભુને લાડ લડાવવા.

**સેવ્ય પ્રત્યે સહજ આંતરભાવ :** પ્રિય સ્વામીના રૂપે સ્વીકારવું અને તેવું વર્તન રાખવું.

**વિહિત બાહ્યભાવ :** શાસ્ત્રની નવધા ભક્તિ કરવી.

**સેવકનો પોતાને માટે સહજ આંતરભાવ :** હું અને મારું બધું તારું છે. વિહિત બાહ્યભાવ ભીતર–બહારની શુદ્ધિથી સેવા માટે જવું.

બાહ્ય નિયમોને એવી રીતે પાળવા જેથી આંતરભાવ ખંડિત ન થાય.

આંતરભાવનું બરાબર રક્ષણ કરો. બાહ્ય નિયમો પર અતિ જોર ન દેવું. સમતુલા જાળવી રાખો.

૧૨૨. **સંસારી :** જેને પોતાના પ્રાપ્ત સંસારથી સંતોષ છે. તેને બીજી ખટપટ નથી.

**લોકાર્થી :** પ્રાપ્તથી અસંતુષ્ટ હોવાથી કાંઈક વધુ પડતી આકાંક્ષા ધરાવે છે.

૧૨૩. વિનિયોગ બે પ્રકારના છે : (૧) સાક્ષાત્ (૨) પારંપારિક. સેવ્યને સાક્ષાત્ સમર્પી શકાય તે સાક્ષાત્ વિનિયોગ. પણ સેવ્યની સેવા માટે અથવા સેવકાદિ માટે અપેક્ષિત હોય તે પારંપારિક વિનિયોગ.

૧૨૪. દ્રવ્યની શુદ્ધિથી જેટલી વસ્તુ શુદ્ધ થાય તેટલી માટી કે જલથી થતી નથી તેથી શ્રીઠાકોરજીના નામે બીજાના પાસેથી ધન લઈને ભેગી કરેલી સામગ્રી દસ વખત પણ પાણીથી ધોવા છતાંય અપરસ નથી, ઘોર અનાચાર જ છે.

૧૨૫. શ્રીમહાપ્રભુજી કહે છે : બ્રહ્મને કોઈપણ વાદની ચોખટમાં બાંધી શકાતું નથી પણ બ્રહ્મ ચાહે તે વાદની ચોખટમાં પ્રવિષ્ટ થઈ શકે છે. શ્રુતિનાં અનેકવિધ વચનો છે. કારણ? શ્રુતિ કોઈ એક વાદનો પક્ષ નથી લેવા માગતી પણ બ્રહ્મની વિરુદ્ધ ધર્માશ્રયતા અને સર્વભવન સામર્થ્યનું વર્ણન

કરવા માગે છે.

૧૨૬. એક એક વાદ બ્રહ્મના એક એક ગુણનું પ્રતિપાદન કરે છે.

૧૨૭. અક્ષરબ્રહ્મની પ્રાપ્તિનો માર્ગ અને પામવું એક જ છે. મર્યાદામાર્ગવિધિથી જેનાથી જાણવા મળે છે તે જ તેને પામવાની વિધિ છે. વેદાંત, યોગ, સંન્યાસથી જ્યારે જીવશુદ્ધ સત્ત્વ થઇ જાય છે ત્યારે તે પામે છે.

૧૨૮. બ્રહ્મને વેદથી જ જાણી શકાય, બીજી કોઇ અવૈદિક રીતથી નહીં. આ વાતમાં શ્રીશંકરાચાર્ય અને શ્રીમહાપ્રભુજી એકમત છે.

૧૨૯. વેદમાં પુષ્ટિ, પ્રવાહ, મર્યાદા વર્ણન છે. પ્રવાહી માટે કોઇને મારવાની પણ વિધિ બતાવી છે. પુષ્ટિમાર્ગની વિધિ નથી પણ વર્ણન છે. મર્યાદાની અનેક વિધિઓ છે.

૧૩૦. શ્રુતિ કહે છે કે પરમાત્મા પ્રવચનથી કે વધુ સાંભળવાથી પ્રાપ્ત નથી થતો; પણ તે જેનું વરણ કરે છે તે જ તેને પ્રાપ્ત કરી શકે છે.

૧૩૧. આપણે અક્ષરનાં જ્ઞાન, ઉપાસનાની નિંદા નથી કરતા પણ ભક્તિની સ્તુતિ માટે તેને ગૌણ માનીએ છીએ. ડાળી (અક્ષરજ્ઞાનની) કાપવી નથી. ફૂલ (કૃષ્ણભક્તિ)માં તન્મય થઇ જાઓ તેથી ડાળીમાં તન્મય થવાની જરૂરત નથી કે નથી ડાળીને કાપવાની.

૧૩૨. શ્રીમહાપ્રભુજીએ રાધા-લક્ષ્મીના સ્વરૂપને અક્ષરબ્રહ્માનંદરૂપ માન્યું છે તેથી રાધા શ્રીકૃષ્ણને જે શોધે છે તે સ્વભાવાત્મક આકર્ષણ છે અને શ્રીકૃષ્ણ રાધાને જે શોધે છે તે લીલાત્મક આકર્ષણ છે.

૧૩૩. **સેવ્યનું વર્ણન :** સેવ્ય પ્રભુના છ ગુણધર્મ અને એક ધર્મી.

**(૧) જ્ઞાન : અભેદ બુદ્ધિ ગમ્યતા :** આપણા સેવ્ય પ્રભુના આધિભૌતિક અને આધિદૈવિક પાસામાં ભેદ નથી.

**(૨) ઐશ્વર્ય : દેશનિયમ્યતા :** તેને સેવા સ્વીકારવા માટે કોઈપણ દેશનું બંધન નથી.

**(૩) વૈરાગ્ય : ભક્તિત્તરસાધનાગમ્યતા :** તેને ભક્તિ વિના ન મેળવી શકાય.

**(૪) ધર્મીગુણ : સર્વજનગ્રાહ્યતા :** પ્રગટ થાય પણ સર્વને દેખાય નહીં. પ્રગટ થાય પણ તે જ વ્યક્તિ જાણી શકે કે જેના માટે પ્રગટ થયા છે.

**(૫) વીર્ય : પ્રાકામ્યતા :** આધિભૌતિકતારૂપમાં પણ આધિદૈવિકત્વનું આધાન કરવું એ તેનું વીર્ય છે.

**(૬) યશ : સ્વર્ગાપવર્ગાધિકતા :** વિહિત ફલ સ્વર્ગ અપવર્ગ કરતાં વિશિષ્ટ લાગે. ગમે તેવું ફલ દેખાડો પણ તે પરમફલ સાથે કોઈની તુલના થઈ શકતી નથી.

**(૭) શ્રી : સ્વપ્રતીત્યાપિ વિશિષ્ટતા :** પંડિત જગન્નાથ કહે છે, ''અરે જીવ! તે મીસરી, દ્રાક્ષ, સ્વર્ગના અમૃતનું પણ પાન કર્યું છે તો એકવાર તો કહે કે 'કૃષ્ણ' કહેવામાં જે મીઠાશ આવી તે બીજા કોઈમાં આવી ખરી?'' તેથી જ એક શાયરે કહ્યું છે : ''નિગાહોંને દેખી, મુહબ્બતને માની, તેરી બેમિસાલી, તેરી લાજવાબી.''

૧૩૪. મનોરથ એટલે આપણી મનગમતી સેવા-ભાવનાના રથમાં પ્રભુને પધરાવવા, પણ જ્યારે જનતાને દેખાડવા માટે મનોરથ કરીએ છીએ ત્યારે મનોરથ મોટા ભાગે શ્રીનાથના માટે ન હોઈ શકે શ્રીલક્ષ્મી માટે હોય છે. સ્વોપાર્જિત શ્રીને શ્રીનાથના મનોરથ માટે ખરચવી તે ભક્તિ છે પણ શ્રીના મનોરથી શ્રીનાથને વેડફવા તે ભગતિ છે.

૧૩૫. સ્થાયી ભાવ જ્યારે સાકાર થાય ત્યારે તે રૂપ તે ભક્ત સામે જ પ્રકટ થાય છે, બીજાની સામે નહિં કારણ કે બીજાના હૃદયમાંનો તે ભાવ નથી. હૃદયનો ભાવ જ ઘનીભૂત થઈને બહાર પ્રગટ થાય છે, તેથી જેનો હોય તેને જ દર્શન આપે છે; તેથી જે મનોરથ ગામને પોતાના ઠાકોરજી દેખાડવા માટે કરવામાં આવે છે તે ભાવમૂલક નથી પણ અભાવમૂલક હોય છે.

૧૩૬. જેને માટે પ્રેમ છે તે પ્રેમ ખુદ પ્રિયતમનું રૂપ ધારણ કરી લે છે.

૧૩૭. સર્વાત્મભાવ થાય ત્યારે સર્વમાં પ્રિયતમ દેખાય.

૧૩૮. રસશાસ્ત્રમાં પ્રેમ ધર્મી છે. પ્રિયતમ ધર્મ છે. ભક્તિશાસ્ત્રમાં ભગવાન ધર્મી અને ભક્તિ ધર્મ છે.

૧૩૯. જ્ઞાનીની ક્રિયા દોષનિવર્તનની છે. પહેલાં મનની ગંદકી, આસક્તિ સાફ કરો પછી જ્ઞાન થશે. જ્યારે ભક્તિની પ્રક્રિયા ગુણાધાનની છે. જે જે પ્રક્રિયાથી ગુણનું આધાન થાય તે પ્રક્રિયા કરો, દોષ આપોઆપ દૂર થઈ જશે. ગુણાધાનની મનોવૃત્તિ સદા વહેતી રાખો જેથી વૃત્તિ નિષ્પ્રવાહમાન થઈ નિરુપયોગી ન થઈ જાય.

૧૪૦. ગુણાધાન કેમ થાય? દોષ જોવાનું બંધ કરો. જ્ઞાની પહેલો દોષ પ્રભુમાં જુએ છે, તેની કૃતિમાં જુએ છે જગતને 'માયિક અને મિથ્યા' કહે છે. ભક્ત ગુણથી શરૂઆત કરે છે. ગુણ તે શું છે? જગત પ્રભુની લીલા છે. આ જે નામરૂપનો વિસ્તાર છે તે પોતાના આનંદની અભિવ્યક્તિ માટે છે. પ્રભુમાં જે સ્વગત છે તે પ્રકટ કરવા માટે જગતનો વિસ્તાર થયો છે.

૧૪૧. ભક્તિ તે પરમાત્મામાં પૂરેપૂરી તન્મયતા છે. જે કંઈ દેખાય છે, જે સંભળાય છે તેમાં પરહેજ ન રહે.

૧૪૨. લકઝરી બસમાં પિકચર જોતા-જોતા ગંગાસ્નાન માટે જનારને માટે ગંગાસ્નાન એક કર્મ છે. ભાવિક ભક્તની આંખમાં ગંગાસ્નાન માટે જે ભાવતન્મયતા ઉમટે છે તે કર્મીની આંખમાં ક્યાંથી હોય.

૧૪૩. ભક્ત જ્ઞાની કે અજ્ઞાની હોઈ શકે જ્ઞાની ભક્ત કે અભક્ત હોઈ શકે. કેટલાક સ્નેહને અજ્ઞાનની વૃત્તિ માને છે પણ જ્ઞાનીને પણ સ્નેહ થાય છે જ્ઞેય માટે.

૧૪૪. જેનો સંગ કરો તેને માટે કામ પેદા થાય છે. જેવી રીતે શરાબીને શરાબને માટે ખેંચાણ થાય છે. પ્રભુનો સંગ કરી જુઓ, પ્રભુ માટે ખેંચાણ ઉત્પન્ન થશે. આ સીધીસાદી વાત છે. અટપટા સિદ્ધાંતો સમજવા પ્રયત્ન

કરનારને સીધી વાત સમજતાં અઘરું લાગે છે. કહેવત છે કે 'સીધી રેખા દોરવી ઘણી અઘરી વાત છે. પણ આવળીસવળી રેખા દોરવી તદ્દન સહેલી વાત છે.'

૧૪૫. જગદીશનો અનાદર ન થાય એ રીતે જગતમાં જીવવું જોઈએ.

૧૪૬. બ્રહ્મના તટ પર આ સત્-ચિત્-આનંદની ગંગા વહી રહી છે. પણ તે ગંગા માટે ભાવ ન હોય તો જેમ માછલી, કાચબાને ગંગાસ્નાનનું ફલ કે આનંદ મળતો નથી તેમ ભક્તિ વગર જગતમાં રહેનાર ઘણા લાભથી વંચિત રહી જાય છે. આ પરમાનંદ સાગર છે. પણ પાણીમાં રહીને તરસી મરતી માછલીને જોઈને કબીરજીને રડવું આવે છે, ‘‘પાની બિચ મીન પિયાસી મોહે સુની સુની આવે હાંસી’’.

૧૪૭. કૃષ્ણસેવા તો દોરો છે અને ષોડશગ્રંથોકત સિદ્ધાંતો મોતી છે. દોરો તૂટી જાય તો સિદ્ધાંતો પણ વિખેરાઈ જશે. જો દોરો સલામત હશે તો સિદ્ધાંતો પછી પણ પરોવી શકાશે, માટે સેવા ન છૂટવી જોઈએ.

૧૪૮. સર્વનિર્ણયમાં આપે આજ્ઞા કરી છે કે ભક્તિના અતિરેકમાં કદાચ ભૂલ થઈ જાય તો તમને નુકશાન નહિ કરે, પ્રભુ ક્ષમા કરી દેશે; પણ કર્મમાર્ગીયની ભૂલને પ્રભુ ક્ષમા નહિ કરે. ઉદાહરણ તરીકે એકવાર મને તાવ હતો ત્યારે કુંદનજીને ઠંડા જલનાં પોતાં મૂકવાનું જણાવ્યું છતાં તેને ડર લાગ્યો કે પોતાં મૂકવાથી મને ન્યુમોનીઆ થશે તેથી તેણે પોતાં મૂકવાની ના કહી. છતાં તેના અતિપ્રેમને કારણે મને એના પ્રત્યેનો ભાવ ખંડિત ન થયો. તેને બદલે કોઈ પગારદાર નોકરે જો આમ કર્યું હોત તો પરિણામ જુદું જ આવત.

૧૪૯. એકવાર અકબરે બિરબલને પૂછ્યું કે હું મોટો કે ખુદા? બિરબલે તરત જવાબ આપ્યો કે આપ મોટા. કારણ પૂછતાં જણાવ્યું, ‘‘હું આપને ગુસ્સે કરું તો આપ દેશનિકાલ કરો. ખુદા તો દેશનિકાલ ન કરી શકે. કારણ બ્રહ્મ સર્વવ્યાપક છે’’ પણ ના, ભક્તિરહિત વ્યક્તિનો બ્રહ્મમાંથી દેશનિકાલ થઈ ગયો છે. ગંગામાં રહેતી માછલીનો પણ ગંગામાંથી

દેશનિકાલ થઈ ગયો છે.

૧૫૦. પહેલાના આચાર્યો પોતાનો મત પ્રગટ કરતા કહેતાં કે આ શાસ્ત્રનો જ નિશ્ચિત અર્થ છે. આજના ઉપદેશકો શાસ્ત્રની વાત પણ કયારેક પોતાની કહીને વાહવાહી લૂંટે છે.

૧૫૧. શ્રીમહાપ્રભુજીએ કહ્યું છે કે શાસ્ત્રોનો સો વાર વિચાર કરીને હરિની આજ્ઞાથી આ પંથ પ્રગટ થયો છે. મારો સિદ્ધાંત વેદ, રામાયણ કે મહાભારતથી વિરુદ્ધ નથી.

૧૫૨. પુસ્તકો ત્રણ પ્રકારના હોય છે : સઘન રીતે વાંચવાના, પ્રસંગોપાત્ત જોવાનાં (જોડણીકોશ જેવાં) અને શોભા વધારવા માટેના (આજની ફેશનમાં દિવાનખાનામાં સજાવટ માટે પુસ્તકો ગોઠવે છે તેવી રીતે)

**પુષ્ટિજીવો :** વાંચવાના પુસ્તકો જેવા છે. એટલે ભગવદ્સેવાનાં ઉપયોગમાં આવે તેવા છે.

**મર્યાદાજીવો :** પ્રસંગોપાત્ત જોવાનાં પુસ્તકો જેવા છે. જે કોઈ કોઈ વાર ભગવદ્સેવા માટે ઉપયોગમાં આવે છે.

**પ્રવાહીજીવો :** સૃષ્ટિ ચાલી રહી છે તે દર્શાવવા શોભા માટેનાં પુસ્તકો જેવા છે. સૃષ્ટિના અસ્તિત્વ માટે આ જીવો જન્મે છે. ભગવત્સેવા માટે તેનો કોઈ ઉપયોગ નથી. અલબત્ત, લીલાની સજાવટમાં ઉપયોગ છે.

૧૫૩. પ્રભુએ એકતામાં અનેકતા પ્રગટ કરી. આ અનેકતામાં એકતાનું જ્ઞાન થવું તે જ્ઞાનીનો સર્વાત્મભાવ અને આ અનેકતામાં એકતાનો ભાવ (સ્નેહભાવ) થવો તે ભકતનો સર્વાત્મભાવ.

૧૫૪. જ્ઞાનીમાં ભાન મુખ્ય છે, ભાવ ગૌણ છે. ભકતમાં ભાવ મુખ્ય છે, ભાન ગૌણ છે.

ઓપરેશન થીયેટરમાં દર્દી છેલ્લા શ્વાસ લેતો હોય ત્યારે ડોકટરને તેનું ભાન હોય પણ તે પ્રત્યે હૃદયનો ભાવ ન હોય. જ્યારે દર્દીનાં આપ્તજનોને

ભાવ મુખ્ય હોય, ભાન ગૌણ હોય છે.

૧૫૫. આપણને વીંટી, હાર, બંગડી એમ અલગ અલગ દેખાય છે, પણ ચોરને તો સર્વમાં સોનુ જ દેખાય છે. એવી રીતે જ્ઞાનીઓ અનેકતામાં એકતા માણે છે.

૧૫૬. સર્વાત્મભાવ એ મનનો ધર્મ છે. જ્યાં સુધી મન ભગવદ્‌રસમાં પૂરેપુરૂં ખૂંપી ન જાય ત્યાં સુધી તેને પ્રભુ સંબંધિત વ્યવહારો પૂરેપૂરા નહિ ગમે; પણ નવીનતા તરીકે થોડો સમય ગમશે, પછી મન તેમાંથી બહાર આવવા અકળાઈ ઉઠશે. જ્યારે સાચા ભક્તને ભગવદ્‌રસમાંથી થોડો સમય પણ બહાર આવવું પડે તો માછલાની માફક અકળામણ થશે.

૧૫૭. શહેરી જીવનના અવાજોથી આપણે એટલા ટેવાઈ ગયા છીએ કે ગામડામાં અતિ શાંતિ આપણને અકળાવે છે. તેવી રીતે આંખ, નાક, કાન, સ્પર્શ વગેરે ઈન્દ્રિયોના વિષયોનો રસ લેવાની જીવને જે ટેવ પડી ગઈ છે તેથી શુધ્ધ ભગવદ્‌રસમાં જીવ આનંદ નથી લઈ શકતો.

૧૫૮. માનસી એટલે સતત સેવાના જ વિચાર મનમાં ચાલે તે. કૃષ્ણસેવા વ્રજ, મથુરા તેમજ દ્વારકાના અનેક ભક્તોએ કરી છે, પણ આપણે ત્યાં ફકત વ્રજભક્તોની માનસી સેવાનો જ અમુક પ્રકાર સ્વીકારવામાં આવ્યો છે.

૧૫૯. હું એટલે? 'હું' માં ઘણી વસ્તુનો સમાવેશ થઈ જાય છે. મન, બુદ્ધિ, આત્મા, પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય, દેહ, કુલનું અભિમાન વગેરે. 'હું' એટલે પ્રભુનો સેવક. જો તમને પ્રભુના સેવક હોવાનું અહમ્ છે તો જેટલી વસ્તુના 'હું' પણાનો વિનિયોગ નહિ થાય તે સર્વ અનિવેદિત રહેશે. દા.ત. ગોસ્વામી મહારાજોને ત્યાં પંચદ્રાવિડના હાથનું જ ખવાય. મરજાદી વૈષ્ણવ બિનમરજાદીની સાથે આભડછેટ રાખે આપણને અમુક અહમ્ હોવાને કારણે, અને તે અહમ્ સમર્પિત કર્યો હોવાને કારણે ઘરમાં બિરાજતાં ઠાકોરજીને પણ તે મેંડ પાળવી પડે છે.

૧૬૦. ઘણી બધી ભાવભૂમિ પર સેવા કરવાની છે. માહાત્મ્યજ્ઞાન, સુદૃઢ

સર્વતોધિક સ્નેહ, શાસ્ત્રોક્ત નવધા ભક્તિ, પોતાનું સામર્થ્ય, વગેરે. સર્વની અભિવ્યક્તિ સેવા બનવી જોઈએ. બાળકને જેમ બચ્ચી ભરીને સ્નેહ અભિવ્યક્ત કરીએ છીએ તેમ સેવામાં સ્નેહ અભિવ્યક્ત થવો જોઈએ. શરૂઆતમાં કદાચ સ્નેહ ન હોય પણ બાળકની માફક મુદ્રા કરતાં પણ સ્નેહ પ્રગટ થઈ જશે. સેવામાં આપણે વ્રજભક્તોના સ્નેહની અભિવ્યક્તિ સ્વીકારવાની છે, મથુરા તથા દ્વારકાના ભક્તોની નહીં.

૧૬૧. વ્રજભક્તોને પણ આપણે પૂરેપુરૂં નથી અનુસરી શકતા. શ્રીમહાપ્રભુજીએ તેમાં સીમા મુકી છે. દા.ત. જશોદામા એ પિટાઈ કરી છે, ગોપીઓએ પ્રભુને સ્નેહના આવેશમાં ગાળો દીધી છે. આપણે તેમ ન કરી શકીએ. કારણ? ગોપીઓને માહાત્મયજ્ઞાન નહોતું અને આપણને ગોપીઓ જેવો સ્નેહ નથી. તેથી શ્રીમહાપ્રભુજીએ સીમા બાંધી છે કે વ્રજભક્તોનું અનુકરણ કરવું પણ તેમના સર્વભાવોનું નહિ. માહાત્મ્યજ્ઞાનને નુકશાન થાય તેવી ભાષા ન બોલવી. જ્યાં સુધી મિયાં-બીબી બન્યા નથી ત્યાં સુધી કાજીની દખલગીરી સ્વીકારવી પડે; એટલે કે જ્યાં સુધી પ્રભુ સાથે અંગત સંબંધ નથી થયો, સાનુભાવ નથી થયો ત્યાં સુધી શ્રીમહાપ્રભુજીએ બાંધેલી સિદ્ધાંતની મર્યાદા સ્વીકારવી જોઈએ.

૧૬૨. માહાત્મ્યજ્ઞાન પણ એટલું બધું ન હોવું જોઈએ કે 'પ્રભુને સુવડાવવા, ખવડાવવાની શું જરૂર !' એવો વિચાર આવે.

૧૬૩. તમારી પાસે શું છે તેની ગણતરીથી સેવા કરો. વ્રજભક્તોએ ધરાવ્યાં એટલા ઘી-દૂધ ક્યાંથી કાઢવા ? પરિસ્થિતિ બદલાતાં નેગ પણ ઘટાડવો પડે.

૧૬૪. જે વસ્તુનો આપણને અહમ્ ન હોય તે વસ્તુ સમર્પિત કરવાની જરૂર નથી. પહેલાં અમારા તાતજી મહારાજને અંગ્રેજનો હાથ અડી ગયો તેથી તેમણે ત્રણ દિવસના ઉપવાસ અને ગાયત્રી જપ કર્યાં. પણ હવેના જમાનામાં એવો અહમ્ પરવડે નહિ કારણ કે લોકો સાવધાન નથી. તાતજી મહારાજને બ્રાહ્મણની અસ્મિતા પ્રબળ હતી તેથી આવુ વર્તન

તેમને માટે બરાબર છે, પણ એવો અહમ્ જો ન હોય તો આવી કડક અપરસ પાળવાની જરૂર નથી અને નિયમને યંત્રવત્ બનાવી જે અહમ્ નથી તેને પરાણે સમર્પિત કરવાની જરૂર તો સર્વથા જ નથી.

૧૬૫. કૃષ્ણ દ્વારકામાં કદાચ શિકાર ખેલતા પણ આપણે શિકારનો મનોરથ નથી કરતા, કારણ વ્રજમાં આપે તેમ નથી કર્યું.

૧૬૬. ગોપીઓએ પ્રભુને ખોજવામાં અહમ્‌ની માવજત નથી લીધી, નથી નવધા ભક્તિની કે શાસ્ત્રોક્ત શુદ્ધિ અશુદ્ધિની પરવા કરી. કારણ ? તેમનામાં તન્મયતા હતી. તેમને માર્ગની ગરજ નહોતી. પોતે પ્રભુ પાસે દોડી ત્યારે બીજી ગોપીઓ આવે છે કે નહિ તેનું પણ તેમને ભાન નહોતું. આવી રીતે આવનારી વ્યક્તિઓથી પગદંડી બની જાય છે. પણ શ્રીમહાપ્રભુજીએ તો આ પગદંડી પર માર્ગ બનાવ્યો છે. માર્ગ બન્યા પછી આપણે ગોપીઓની જેમ બેફામ ન દોડી શકીએ. માર્ગના સર્વ નિયમોને ખ્યાલમાં રાખીને ચાલવું પડે છે. માર્ગમાં બ્રહ્મવાદની ટોર્ચલાઈટ આપણને જોઈએ. કારણ? ગોપીઓ જેવો શુદ્ધ ભાવ આપણી ભીતર નથી તેઓ જેવી તન્મયતા નથી. માર્ગ પર ચાલતાં હોવા છતાં બ્રહ્મવાદની લાઈટ વગર ઠેસ ખાઈ બેસીશું. એટલે કે કોઈ કોઈ કહેશે કે 'આ પથ્થરની કે ધાતુની પૂજા કરો છો' તો જો આપણી પાસે બ્રહ્મવાદની ટોર્ચ નહિ હોય તો પુષ્ટિ પથ પર ચાલવાની શ્રદ્ધા હચમચી જશે અને ઠોકર ખાઈને આપણે ગબડી જઈશું.

૧૬૭. બાળક ભણવાનું ફલ કે હેતું ન જાણે પણ વડીલના કહેવાથી જો ભણે તો ભવિષ્યમાં તેનો લાભ માણી શકે. તેમ સેવાનાં ફળને સમજ્યા વિના, ગુરુના કહેવાથી સેવા કરીએ તો ભવિષ્યમાં તેનુ ફળ માણી શકીશું.

૧૬૮. જેવી રીતે ગંગાજલની વધઘટથી તેની તીર્થરૂપતામાં ફરક નથી પડતો તેમ જગતના ઉત્પત્તિ-નાશથી અક્ષરબ્રહ્મમાં ફરક નથી પડતો.

૧૬૯. બ્રહ્મ પોતે અક્ષર છે. ક્ષરતા એ બ્રહ્મનું સામર્થ્ય છે. એ તેનો સ્વભાવ નથી, (સ્વભાવ અનિયમ્ય હોય) જેવી રીતે ક્રોધ એ સામાન્ય માણસનો સ્વભાવ હોય છે પણ ઋષિઓ જેને ક્રોધ પર પૂર્ણ સંયમ હોવા છતાં ક્રોધ

કરે એ તેનું સામર્થ્ય છે.

૧૭૦. શ્રીમંતો જેમને પોતાની શ્રીમંતાઈ પચી ગઈ છે તેઓ પાસે પુષ્કળ દાગીનો હોય છે. છતાં કેટલો દાગીનો પહેરવો અથવા ન પણ પહેરવો એ એની મરજીની વાત છે. એવું તો નથી કે જેટલો દાગીનો છે તે સર્વ દુનિયાને દેખાડવા માટે પહેરવો જ જોઈએ. તેવી રીતે ક્ષર જગતમાં અક્ષર બ્રહ્મરૂપે પ્રગટ થવું કે ન થવું એ એની ઈચ્છાની વાત છે.

૧૭૧. **સત્** = હોવું. દા.ત. પુસ્તક, મકાન, ચશ્મા...

**ચિત્** = પોતાના હોવાનું ભાન હોવું. દા.ત. મનુષ્ય...

મારા હોવાનું ભાન કયારેક સુખરૂપ હોય, કયારેક દુઃખરૂપ હોય. (બીમારી, ધંધામાં ખોટ જાય ત્યારે દુઃખરૂપ લાગે છે) જ્યારે હોવાના ભાનમાં હંમેશા સુખરૂપતા હોય ત્યારે તે સચ્ચિદાનંદ કહેવાય છે.

૧૭૨. આનંદ કદી જડરૂપ નહિ હોય, ચિત્ કદી અસત્ ન હોઈ શકે. ચિત્માં આનંદ હોય કે ન પણ હોય, પણ આનંદમાં સત્ અને ચિત્ બન્ને આવી જાય છે. આનંદ એ જ બ્રહ્મનું પૂરેપુરું વર્ણન છે, પણ બીજા લોકો તેને ખોટી રજૂઆત ન કરે માટે આનંદને તે સત્ચિત્ છે એમ કહેવું પડે છે. (જેવી રીતે બીજો માણસ અથડાઈ ન પડે માટે આંધળા માણસને બેટરી રાખવી પડે છે.)

૧૭૩. ઉપનિષદ કહે છે આનંદથી જગત ઉત્પન્ન થયું છે, આનંદમાં સ્થિત છે અને આનંદમાં લય થવાનું છે માટે આનંદની જિજ્ઞાસા કરો.

૧૭૪. બ્રહ્મનું મુખ્ય લક્ષણ આનંદ જ છે. સત્ ચિત્ તો સમજાવવા માટેના શબ્દો છે, લક્ષણ નહીં.

૧૭૫. શ્રીમહાપ્રભુજીને શુધ્ધાદ્વૈતવાદી કહેવાય છે પણ તેમના માટે વધુ યોગ્ય સંબોધન 'સાકારબ્રહ્મવાદૈકસ્થાપક' છે. બ્રહ્મ એટલે જે વ્યાપક છે તે. તર્કશાસ્ત્ર પ્રમાણે વ્યાપક કદી સાકાર ન હોઈ શકે, પણ શ્રીમહાપ્રભુજી તે સ્વીકારતા નથી.

ગણિતમાં જેને 'એક' કહીએ છીએ તે એક કામચલાઉ વ્યવસ્થા છે. દા.ત. મૃગશીર્ષ નક્ષત્રમાં દેખાતો 'એક' તારો, જેને દૂરબીન વડે જોવાથી તેમાં એક કરોડ તારા દેખાશે. 'એક' હથેળી પણ આંગળાની દષ્ટિએ 'પાંચ' છે. એક શરીરમાં અંગ-પ્રત્યંગ અનેક છે.

ગણિતની આ કામચલાઉ વ્યવસ્થાને હકીકત સાથે સંબંધ નથી, સાકારતા વ્યાપકતાનો આ ઝગડો એક-બે જેવો છે. શ્રીમહાપ્રભુજી કહે છેઃ સાકાર પણ વ્યાપક હોઈ શકે છે પૃથ્વી સાકાર છે પણ તેની આસપાસ ત્રણ લાખ માઈલનો ગુરુત્વાકર્ષણનો ઘેરાવો છે જેના દ્વારા તે ચંદ્રને પકડી રહી છે તે નિરાકાર પૃથ્વી છે અને એ ત્રણ લાખ માઈલના વિસ્તારમાં પૃથ્વી ન દેખાવા છતાં મોજૂદ છે. બલ્બમાં પ્રકાશ સાકાર છે અને ચોમેર પથરાયેલો પ્રકાશ નિરાકાર છે. તર્કશાસ્ત્ર પ્રમાણે સાકાર-નિરાકારનો કઠોર અર્થ ન લેવો.

પરતત્ત્વ સાકાર છે તેનો અર્થ કૃષ્ણ. એ કૃષ્ણ બ્રહ્મ છે તેનો અર્થ સાકાર હોવા છતાં વ્યાપક છે.

**સાકારની વ્યાપકતા = અક્ષરબ્રહ્મ**
**વ્યાપકતાની સાકારતા = પુરુષોત્તમ**

૧૭૬. સાકારતા કે વ્યાપકતા; તમે બેમાંથી જે જોઈ રહ્યા છો તેનાથી બીજું જોવા માટે દિવ્યદ્રષ્ટિ જોઈશે. અર્જુન કૃષ્ણને સાકાર પુરુષરૂપે જોઈ રહ્યો હતો તેને બ્રહ્મતા દેખાડવા માટે કૃષ્ણને દિવ્યદ્રષ્ટિ (અર્જુનને) આપવી પડી. બીજા કેટલાક બ્રહ્મજ્ઞાની વ્યાપકબ્રહ્મને અનુભવતાં પણ કૃષ્ણનાં દર્શનથી વંચિત રહી જાય છે. કેમકે તેમને દિવ્યદ્રષ્ટિ મળી નથી, પણ જો મળે તો શ્રીકૃષ્ણ દેખાય.

૧૭૭. **પુરુષ સમષ્ટિ** = વ્યાપક ચેતના

**વ્યષ્ટિ જીવ** = દેહમાં બદ્ધ ચેતના

હવામાં ભેજ જેમ સર્વત્ર વ્યાપક છે પણ બરફના પાણીનો ગ્લાસ હવામાં

મૂકતાં બહારનો ભેજ પાણીના ટપકારૂપે ગ્લાસની બહાર દેખાય છે, તેમ વ્યાપક ચેતનામાંથી દેહ બદ્ધ ચેતનાવાળા જીવો પ્રગટ થાય છે.

બહારનો ભેજ બરફને મળવા ઘસે છે, પણ વચ્ચે ગ્લાસની દીવાલ હોવાથી મળી શકતો નથી. તેમ સદંશમાં આનંદ શોધવા પુરુષ સમષ્ટિમાંથી વ્યષ્ટિ ચિદંશ થઈને બહાર આવે છે.

૧૭૮. **સમષ્ટિ અંતર્યામિ :** જે પૃથ્વીની ભીતર રહીને પૃથ્વીનું નિયમન કરે છે.

**વ્યષ્ટિ અંતર્યામિ :** દરેક જીવાત્માની ભીતર રહેલ પ્રભુ. સમષ્ટિ અંતર્યામિના બધા અવતારો હોય છે. ચોવીસ અવતારો લીલા અવતારો કહેવાય છે. બ્રહ્મા-વિષ્ણુ-મહેશ એ ગુણાવતાર કહેવાય છે.

૧૭૯. ઉપનિષદમાં છે કે જેવી રીતે અગ્નિમાંથી તણખા નીકળે છે તેમ બ્રહ્મમાંથી જીવ પ્રગટયા છે. અગ્નિને આનંદાત્મક બ્રહ્મ કહીએ. તેમાંથી નીકળતા તણખામાં શરૂઆતમાં અગ્નિ હોય પછી ધીમે ધીમે એ અગ્નિ નાશ પામે અને માત્ર ઉષ્ણતા જ રહી જાય. ઉષ્ણતા = ચિદ્અંશ. આ ઉષ્ણ તણખા જીવનારૂપ ગણી શકાય, જેમાંથી આનંદ અંશ (અગ્નિ) તિરોહિત થઈ ગયો છે, માત્ર ચિત્ અને સત્ અંશ છે.

થોડી વાર પછી તેમાંથી ઉષ્ણતા પણ ચાલી જશે. માત્ર કાળો કણ રહી જશે, આ કણ તે જગત્નો સદ્ અંશ છે જેમાંથી ચિત્ અને આનંદ અંશ તિરોહિત થઈ ગયા છે.

૧૮૦. શ્રીશંકરાચાર્ય જગત્ને સત્ કહેતા નથી કારણ તેનો બાધ થાય છે અને અસત્ પણ નથી કહેતા. કારણ કે તે દેખાય છે. માટે તેને સદસદ્ વિલક્ષણ (સત્ નહિ અને અસત્ પણ નહિ તેનાથી જુદું જ) અથવા મિથ્યા કહે છે. અહીંથી જ વિવાદ શરૂ થાય છે. શ્રીમધ્વાચાર્ય કહે છે : જગતને કાં તો સત્ માનો, કાં તો અસત્ માનો પણ વિલક્ષણ શા માટે? જગત પ્રતીત પણ થઈ રહ્યું છે અને જો બાધિત પણ થઈ રહ્યું હોય તો બન્નેને સ્વીકારો.

હકીકતમાં અદ્વૈતમાં દ્વૈત દેખાય છે અને દ્વૈતમાં અદ્વૈત દેખાય છે. હથેલીના એકત્વમાં આંગળીઓનાં પંચત્વનો જેવી રીતે બાધ નથી થતો; પ્રહલાદે જેવી રીતે નર અને સિંહ બન્નેના એક જ સ્વરૂપમાં દર્શન કર્યા, તેમ બ્રહ્મનાં બન્ને પાસાં સ્વીકારવા જોઈએ. બ્રહ્મનું સ્વરૂપ શ્રૃતિ દ્વારા જ સમજી શકીએ છીએ અને શ્રૃતિમાં બન્ને પાસા સ્વીકાર્ય છે.

બ્રહ્મજ્ઞાન થયા પછી તો શ્રીશંકરાચાર્ય માટે ઈશ્વર, બ્રહ્મ, શિષ્ય, શાસ્ત્ર સર્વ બાધિત થઈ જાય. તો પછી તેઓ ઉપદેશ કેમ આપી શકયા? તેને માટે કહે છે : સર્પમાં દોરડાનું જ્ઞાન થયા પછી પણ હૃદયમાં જે થોડીવાર કંપ રહી જાય છે તેમ બ્રહ્મજ્ઞાન પછી થોડો સમય શિષ્ય–શાસ્ત્ર આદિનો ભેદ રહી જાય છે તે સમયમાં તેમણે ઉપદેશ દીધો છે.

૧૮૧. માયામાં વિરુદ્ધધર્મત્વ દૂષણ છે, પણ બ્રહ્મમાં તે જ વસ્તુ ભૂષણરૂપ બની જશે. ભૂષણ એ રીતે કે સર્વત્ર લીલાનો બોધ થવા માંડશે.

૧૮૨. **પુરુષ = ચેતન  પ્રકૃતિ = જડ**

પુરુષમાં ક્રિયા, જ્ઞાન સંભવે, પ્રકૃતિમાં તે ન સંભવે. પ્રકૃતિ તેમને પ્રગટ કરી શકે, પુરુષના સાન્નિધ્યથી પ્રકૃતિમાં ખળભળાટ થાય છે અને જગત ઉત્પન્ન થાય. પુરુષપ્રકૃતિનો સંબંધ પંગુ–અંધના સંબંધ જેવો છે. બંનેના સંયોગથી કાર્ય પ્રગટ થઈ શકે. ઉદાહરણ : પંખો જડ–નિષ્ક્રિય છે, તે પોતાની મેળે ચાલી ન શકે, વીજળી ચેતન સક્રિય છે, પણ હવાને ફેંકી નથી શકતી. પંખો–વીજળી મળીને તે કરી શકે.

ચેતન અને ચેતનાનો સંબંધ ધર્મી અને ધર્મના જેવો છે.

**ચેતન = ધર્મી, ચેતના = ધર્મ.**

૧૮૩. સુરદાસજી જેવા કીર્તનકાર હોય, શ્રીગુસાંઈજી જેવા ભોગ ધરાવનાર હોય, છતાં શ્રીનાથજીએ આરોગ્યું નથી એવો વાર્તા પ્રસંગ છે. તો પ્રભુ અભકતનું તથા કર્મકાંડથી ધરેલું કેવી રીતે આરોગે?

૧૮૪. ભૌતિકતા માત્ર શહેરમાં જ નથી વધી; પણ યાત્રાધામોમાં પણ વધી છે,

તેથી ભૌતિકતાથી ભાગવું નિરર્થક છે. શ્રીનાથજીમાં પ્રભુનો પ્રસાદ વેચાય છે. કેમકે ત્યાંના સેવકવર્ગને પ્રસાદ કરતાં દ્રવ્ય વધારે ગમે છે. આ ત્યાંની ઘોર ભૌતિકતા સૂચિત કરે છે.

૧૮૫. સ્નેહ બે વચ્ચે થાય પણ તેમાં જો અદ્વૈતનો આરોપ ન થાય તો તે સ્નેહ કાચો છે. તેઓ જ્યારે એક પ્રાણ થઈ જાય છે ત્યારે એકનું દુઃખ, અપમાન વગેરે સર્વ બીજાને પણ પોતાનાં લાગે છે.

સ્નેહને કારણે જે અભેદ બુદ્ધિ આવે છે તેની કોમળતા છે. આ હૃદયમાં થતો ભાવ છે. દ્વૈતનું ભાન તો થશે પણ ભાવ અદ્વૈતનો થશે. અતિશય સ્નેહને કારણે અભેદભાવ ઉત્પન્ન થશે અને સાથોસાથ દર્શન થશે. જ્ઞાનને કારણે જે અભેદ અનુભવાય છે તેની કઠોરતા છે. તે બુદ્ધિમાં પ્રતીત થતું ભાન જ છે.

સ્નેહની જરૂરીયાત દ્વૈતની છે. તેનો પરિપાક અદ્વૈત છે આ સ્નેહ એકપક્ષી હોય તો પણ અભેદ અનુભવાય છે.

હું તને ચાહું છું તું કૃપાળુ છે માટે નહિ, આલોક-પરલોકની કોઈ ચાહનાથી નહિ; પણ ચાહવા ખાતર જ ચાહું છું, તારે કૃપા કરવી કે નહિ એ તારી શિરોવેદના છે મારી નહિ.

નંદદાસજીએ કહ્યું છે કે, ''જો મેરો યહ લોક જાયેગો, ઔર પરલોક નસાયરી, નંદનંદનકો તોઉ ન છાંડુ, મિલુંગી નિશાન બજાયરી''

૧૮૬. માતાનો બાળકમાં સ્નેહ એ સ્થાયી ભાવ છે. બાળકને કારણે કદીક અનુભવાતો કંટાળો કે ક્રોધ એ સંચારી ભાવ છે. તેવી જ રીતે ભક્તિમાર્ગમાં ''તું મારો છે'' એ સ્થાયી ભાવ છે. ''હું તારો છું અને આપણે બન્ને એક છીએ'' (અહંબ્રહ્માસ્મિ) એ સંચારી ભાવ છે. જ્ઞાનમાર્ગમાં ''અહંબ્રહ્માસ્મિ'' સ્થાયી ભાવ છે બાકીના સંચારી ભાવ છે. કેવલાદ્વૈતદ્રષ્ટા શ્રીશંકરાચાર્યે આ સંચારી ભાવની અસર નીચે માની ન શકાય તેવા સુંદર સ્તોત્રો રચ્યાં છે.

ભકતનો ''તું મારો છે'' એ ટોચનો ભાવ છે. કારણ તેમાં બાળક જેવી નિચ્છલ નિર્ભરતા છે.

૧૮૭. અપરિચ્છિન્ન બ્રહ્મમાંથી પ્રગટ થતી આપણી વ્યક્તિચેતના કેટલી ક્ષુદ્ર છે અને આ ક્ષુદ્ર અહંતામાં અનુભવાતી કર્તૃત્વ શક્તિ, ભોકતૃત્વ શક્તિ, ક્રિયાશક્તિ, જ્ઞાનશક્તિ, બલ, ઐશ્વર્ય પણ કેટલાં ક્ષુદ્ર હોય છે; છતાંય તેના ક્ષુદ્ર બળ વડે બ્રહ્મને માપવું એ બાલિશતા છે. નંદદાસજી કહે છે ''ચાતકકી ચોંચ પુટ સબ ધન કૈસે સમાય.''

પણ જો આપણાં કર્તૃત્વ અને ભોકતૃત્વને બ્રહ્મ સાથે સંવાદિત કરી લઈએ એટલે સર્વત્ર લીલાબોધ રાખીએ તો સંગતિ થશે, નહિ તો દુર્ગતિ થશે. સંવાદિત 'તમારા દ્વારા જે કાંઈ થઈ રહ્યું છે તે લીલા છે' આમ દૃષ્ટિ થવાથી દુઃખનો અનુભવ હલકો લાગે છે.

૧૮૮. જે ભક્તમાં ભગવદ્સાંનિધ્ય છે તેનામાં ભગવદ્ભાવ રાખવો જોઈએ.

૧૮૯. નદીમાં જ્યારે પૂર આવે છે ત્યારે તે કિનારા પર ઉભરાય છે અને કાંઠાને ઢાંકી દે છે. તેવી જ રીતે છલકાતી ભક્તિના પૂરમાં આધિભૌતિક તથા આધિદૈવિક બન્ને કાંઠા ઢંકાઈ જાય છે. જ્યાં સુધી ભક્તિ છલકાતી નથી ત્યાં સુધી આ બન્ને કાંઠાનો ભેદ સ્પષ્ટ રહેશે.

૧૯૦. ક્રિકેટ રમતાં હાથપગ તૂટે છતાં કોઈને તેની ફિકર નથી કારણ કે એ મઝા માટે છે. નહિં તો મારામારી કરી ડંડાથી કોઈનું માથું ભાંગો તો પોલીસ કેસ થાય !

તેમ માયા કરાવે તો દુઃખ અને બ્રહ્મ કરાવે તો સુખ કારણ કે બ્રહ્મ પરમાનન્દરૂપ છે એટલે સુખદુઃખ બન્ને આનંદપ્રદ છે. ''સાહિલ ભી અપના તૂફાં ભી અપના કયા પાર ઉતરે કયા ડૂબ જાયે!''

૧૯૧. ભક્તિમાં માહાત્મ્યજ્ઞાનનો સહારો લેવો એ ધંધા માટે બેંકમાંથી લોન લેવા જેવું છે. ધંધો જામે પછી લોન પાછી આપી દેવાની કેમકે પછી તેની કોઈ જરૂર નથી.

૧૯૨. કર્તૃત્વ, ભોકતૃત્વનું અભિમાન એ જ ઉપાધિ છે. આ અવિદ્યાથી સંસાર થાય છે. જીવ અંશ છે અને અંશીમાં જ સ્થિત છે પણ જીવને અનુભવ નથી થતો તે જ તેની ઉપાધિ છે.

૧૯૩. જ્ઞાનમાર્ગમાં ''ઘટાકાશ'' નો દાખલો દેવાય છે. ભક્તિમાં કર્ણનો દાખલો યોગ્ય લાગે છે. તે અજ્ઞાનથી પોતાને સૂતપુત્ર સમજતો હતો. તે પોતાનું અસલ સ્વરૂપ અજ્ઞાનથી ભૂલી ગયો હતો.

કંઠમાં હાર હોવા છતાં આપણે ભૂલીને બધે ગોતીએ તેવી જ રીતે આપણી બ્રહ્માત્મકતા ખોવાઈ ગઈ છે. ફકત કોઈ કહી દે કે હાર તો કંઠમાં જ છે તો મળી જશે. તેવી જ રીતે આપણને આપણી બ્રહ્માત્મકતાની જાણ થઈ શકે છે. ''સર્વ બ્રહ્મ છે તેથી હું પણ બ્રહ્મ છું'' આનું નામ બ્રહ્માત્મકતા અને ફકત હું જ બ્રહ્મ છું તે બ્રહ્મતા.

**બ્રહ્માત્મકતા** = સર્વ બ્રહ્મ છે માટે હું બ્રહ્મ છું.
**બ્રહ્મતા** = હું જ બ્રહ્મ છું તેથી બીજું બધું મિથ્યા છે.

૧૯૪. પોતાની ભીતર જ્યારે બ્રહ્માત્મકતાનો અનુભવ થશે અને આપણને ભાન થશે કે હું પોતે પણ અક્ષર છું; અને અક્ષર તો પુરુષોત્તમનું અધિષ્ઠાન છે તો મારામાં પણ પરમાત્મા પ્રગટ થઈ શકે છે. પણ જ્યાં સુધી આ સમજમાં ન આવે ત્યાં સુધી પ્રભુ ફકત ગોલોક કે વૈકુંઠમાં જ હશે એમ લાગશે.

૧૯૫. બુદ્ધિમતા કે શાસ્ત્રજ્ઞતા એ જ્ઞાનમાર્ગીય જ્ઞાન નથી. આ તો પાયાની જરૂરિયાત છે, જે કર્મ, જ્ઞાન, ભક્તિ અને સંસારમાં પણ જોઈએ.

૧૯૬. આપણે જેમ ઘરમાં ફ્રીજ, ટીવી, રેડિયો વગેરે વસાવીને તેનાથી આનંદ મેળવીએ છીએ તેમ પ્રભુ જગત પ્રકટ કરીને તેમાંથી આનંદ મેળવે છે. જેવી રીતે બાળકને જન્મ આપી માબાપ તેમાંથી આનંદ લે છે. પુષ્ટિ જીવ સાથે પ્રભુ પુષ્ટિલીલાનો આનંદ લે છે, મર્યાદા જીવ સાથે પ્રભુ મર્યાદા લીલાનો આનંદ લે છે, પ્રવાહી જીવ સાથે પ્રભુ પ્રવાહલીલાનો આનંદ લે

છે; પ્રભુ તો સર્વમાંથી નિરુપધિ આનંદ લઈ રહ્યા છે. પણ આપણી ઉણપ તો એ છે કે આપણે જો પ્રવાહી હોઈએ તો કૃષ્ણનો પણ આનંદ લઈ શકતા નથી. પ્રભુ તો પત્રપુષ્પથી પણ આનંદ લે છે તો પુષ્ટિજીવથી શું આનંદ નહિ લે?!

૧૯૭. જીવ જ્યારે જડથી આનંદ લેવા પ્રયત્ન કરે છે કે જીવ જ્યારે જીવથી આનંદ લેવા પ્રયત્ન કરે છે ત્યારે તે ક્ષણિક હોય છે પણ જીવ જ્યારે કૃષ્ણથી આનંદ લે છે ત્યારે તે નિરવધિ થઈ જાય છે કારણ કે કૃષ્ણનો પોતાનો જ આનંદ જીવમાં ચમકે છે. આ આનંદનું મુળ કૃષ્ણ જ હોવાથી તેની કોઈ અવધિ નથી રહેતી.

૧૯૮. પુષ્ટિભક્ત દ્વારા જે પ્રગટીત આનંદ છે તે મૂળ તો કૃષ્ણના આનંદનું જ પુનરાવર્તન છે; અથવા તો ભકત જ્યારે પ્રભુના કૃપાનંદનો પ્રેમાનંદના રૂપે પ્રસાદ આપે છે ત્યારે પ્રગટ થતો આનંદ સમુદ્ર જેવો થઈ જાય છે. જેમાં પ્રભુ વિહાર કરી રહ્યા છે.

આ આનંદ કેવો છે? પ્રભુએ જ આપેલો છે, સ્વરૂપાત્મક છે; નહીં તો પ્રભુની આત્મરમણતા ખંડિત થઈ જાય.

ભકત કહે છે : મેં તારી સ્તુતિ કરી છે પણ તારી પ્રેરણાથી કરી છે. આમાં મારું કાંઈ નથી. પણ તને તો તેથી આનંદ મળ્યો ને !

જેવી રીતે પોપટ આપણે શીખવેલી વાણી બોલે છે અને તે સાંભળીને આપણે ખુશ થઈએ છીએ. એમ જગતમાં કર્તૃત્વ અને ભોકતૃત્વ બ્રહ્મનું જ છે. આપણે તો તેના ખિલૌના છીએ.

૧૯૯. શ્રીશંકરાચાર્યે બ્રહ્મ માયાને કારણે જીવ-જગતરૂપે ભાસે છે એ વાત ત્રણ રીતે સમજાવી છે :

**૧. અવચ્છેદવાદ :**

મહાકાશ = પરબ્રહ્મ, ઘટાકાશ = જીવ, ઘડો = અવિદ્યા

**૨. પ્રતિબિંબવાદ :**

વ્યક્તિ સામે દશ દર્પણ રાખતાં તેનાં દશ પ્રતિબિંબ પડે. વ્યક્તિ એક હોવા છતાં તેનાં અનેક પ્રતિબિંબ પડે છે. તેમ બ્રહ્મ એક હોવા છતાં માયાના દર્પણને કારણે અનેક જીવો રૂપે બ્રહ્મનાં અનેક પ્રતિબિંબ પડે છે.

બિંબ = બ્રહ્મ, પ્રતિબિંબ = જીવ, દર્પણ = માયા.

**૩. વ્યાઘસુનુ પક્ષ** – રાજકુંવરને શિકારી પાળે તો રાજકુંવર પોતાને શિકારી સમજવા માંડે (કૌંતય–રાઘેયની જેમ)

પણ આપણે કહીએ છીએ કે બ્રહ્મ પોતાના સંકલ્પથી એકમાંથી અનેક બન્યો છે. આનંદનો તિરોભાવ પણ બ્રહ્મની ઈચ્છાથી જ થયો છે. કારણ બ્રહ્મની જેમ જીવો પણ આનંદાત્મક હોય તો લીલા સરખી ન થાય.

શ્રીશંકરાચાર્ય પોતે પોતાને માયાવાદી નથી કહેતા, આપણે તેમને માયાવાદી કહીએ છીએ; કારણ બ્રહ્મનાં એકનાં અનેક થવાના કારણમાં શંકરાચાર્ય પહેલા પગથિયાથી જ માયા લાવે છે. આપણે છેલ્લા પગથિયામાં માયા લાવીએ છીએ.

**(ક) અખંડ સચ્ચિદાનંદ**

**(ખ) એકનું અનેકત્વ :** (શ્રીશંકરાચાર્ય = અશુભ અવિદ્યા કે માયાથી; આપણે = શુભ લીલાના સંકલ્પથી)

**(ગ) આનંદનો તિરોધાન :** બ્રહ્મે જગત ક્રીડાર્થે કર્યું છે એમ આપણે માનીએ છીએ. શ્રીશંકરાચાર્ય મુજબ તે આપણી અજ્ઞાનજન્ય ભ્રાન્તિ છે.

**(ઘ) જીવમાં જ્ઞાનનો અભાવ :**

**(ઙ) અવિદ્યાના સંપર્કમાં** આવતાં જીવ પોતાના બ્રહ્મત્વને પિછાની શકતો નથી.

અહીં છેલ્લા પગથિયામાં 'અવિદ્યા' જીવને સ્પર્શે છે. પણ શ્રીશંકરાચાર્ય પ્રથમથી જ તેને લગાડે છે તેથી આપણે તેમને માયાવાદી કહીએ છીએ.

૨૦૦. જીવમાં જ્યારે બ્રહ્મના ગુણો પ્રવેશવા માંડે છે ત્યારે તેને બ્રહ્મની વ્યાપકતાનો અનુભવ જરૂર થાય છે પણ પોતે વ્યાપક બનતો નથી અને વ્યાપક બને ત્યારે તે 'જીવ' રહેતો નથી. આ વ્યાપકતા અનુભવમાં ઘણાને ''હું સૂર્ય છું, ચંદ્ર છું'' એમ અનુભવ થાય છે.

૨૦૧. ભકતો શણગાર ધરેલા ભગવાનનાં દર્શન કરે છે. અભકતો ભગવાનને ધરેલા શણગારના દર્શન કરે છે. અભકતોની આંખ શણગારમાં જ અટવાઇ રહે છે. પ્રભુ સુધી પહોંચતી જ નથી. ''અજે તો કેસરના હિંડોળા છે, આજે છપ્પનભોગનાં દર્શન છે.'' આમ જ્યારે લોકો કહે છે ત્યારે પ્રભુ કરતાં ભોગનું મહત્ત્વ વધી જાય છે. ભકતને ભોકતા દેખાય છે, અભકતને ભોગ દેખાય છે.

૨૦૨. માણેકચંદે સર્વસ્વ નિવેદન કર્યું તે સિદ્ધાંત નથી પણ મનોરથ છે. મનોરથ કરી શકાય પણ તે જ સિદ્ધાંત છે એમ ન માનવું. દામોદરદાસ સંભરવાલા કેટલાં પાન આરોગાવતા હતા, તે પણ તેમનો મનોરથ હતો.

૨૦૩. **શુદ્ધપુષ્ટિ** = માહાત્મ્ય જ્ઞાન નથી, માત્ર સ્નેહથી સ્વરૂપને જાણે છે. પણ તે જ્ઞાન કે ભકતની ગરજ વગર જાણે છે; તેથી તેને જ્ઞાન થાય કે ન થાય, ફરક નહીં પડે. પણ પુષ્ટિ પુષ્ટિ માહાત્મ્ય સાથે જાણે છે.

૨૦૪. તામસ ભકતને તામસ લીલા જ ગમે; જીવ સ્વભાવ નથી બદલી શકતો તેથી પ્રભુને ત્રિવિધ લીલા કરવી પડે છે બાળક સાથે બાળકની જેમ જ વાત કરવી પડે તો જ વાત થાય, નહિ તો અધવચ્ચે જ અટકી જાય.

૨૦૫. મિશ્ર કક્ષાનાં જીવ વ્યસન દશાએ પહોંચી શકે છે પણ આ પ્રભુને શોધી રહેલા જીવો છે. શુદ્ધપુષ્ટિ જીવ ભક્તિ વગરનો હોઇ શકે પણ એમને પ્રભુ શોધી રહ્યા છે. નંદગૃહમાં પ્રાગટ્ય પહેલાં થયું; ગોકુલનાં ગોપગોપીઓને

પ્રેમ આસક્તિ વ્યસન વગેરે પહેલાંથી જ નથી.

૨૦૬. પુષ્ટિ-પ્રવાહ-મર્યાદાના જીવોમાં પરસ્પર પરિવર્તન ન થાય પણ પુષ્ટિપ્રવાહ પુષ્ટિ-મર્યાદા અને પુષ્ટિ પુષ્ટિમાં વરણ અને સોપાન બન્નેના ભાવો છે તેથી એકમાંથી બીજામાં જવાય. (ઘણા ટીકાકારો માને છે કે ન જવાય)

**''દાને હિ ન સ્વવિનિયોગઃ''** પ્રભુને દાન-ભેટસ્વરૂપે અર્પણ કરેલ વસ્તુ દેવદ્રવ્ય બની જાય છે. દેવદ્રવ્યનો ઉપયોગ (પ્રસાદ સ્વરૂપે પણ) પોતાનાથી કરી શકાતો નથી. પરન્તુ પોતાના માથે બિરાજતા પ્રભુની સેવામાં સમર્પિત કરાતી વસ્તુ દેવદ્રવ્ય બનતી નથી તેથી મહાપ્રસાદ તરીકે પોતાના ઉપયોગમાં લઈ શકાયછે.
(નવરત્ન, શ્રીપ્રભુચરણકૃત વિવૃ.પર શ્રીપુરુષોત્તમજીની વિવૃતિ)

**આનાથી વધુ મૂર્ખ બીજો કોણ?**

''પારસમણિ (ભાગવત)ને વાટકે, ભટજી (કથાકાર) માગે ભીખ''
ભટજી માંગે ભીખ, નામ ચિન્તામણિ હરિનું!!
સકળ મનોરથ સેથજ, સિદ્ધ ઔષધ નથી કરીનું!!! **(દયારામ)**

# ।। અમૃતવચનાવલી ।।

**(૧/ક)** ત્યારે શ્રીગુસાંઈજીએ આપે શ્રીગોવર્ધનધરને પૂછયું કે ''મહારાજ ! કૃષ્ણદાસનો તો દેહ છૂટયો... હવે અમે કોને અધિકાર આપીને બગાડ કરીએ? તેથી આપ કહો તેને અધિકારી (ટ્રસ્ટી) બનાવીએ'' ત્યારે શ્રીગોવર્ધનનાથજીએ કહ્યું કે ''અમે પણ કયા જીવનો બગાડ કરીએ? જે પણ અધિકાર સ્વીકારશે (ટ્રસ્ટી બનશે) તેનો બગાડ થશે ! તેથી તમે એક કામ કરો કે અધિકારનો ઉપરણો રાખીને બધા સામે કહો (કે) જેને અધિકારી (ટ્રસ્ટી) થવું હોય તે ઉપરણો ઓઢી લ્યે. ત્યારે જે આવીને કહે તેને આપો. તેથી જેનો બગાડ થવાનો હશે તે તેની મેળેજ આવશે'' (**શ્રીગોવર્ધનનાથજી,** ૮૪ વૈષ્ણવવાર્તા, કૃષ્ણદાસની વાર્તા)

**(ખ)** એક દીવસ એક વૈષ્ણવે કિશોરીબાઈને કાંઈક સામગ્રી આપી હતી. ત્યારે કિશોરીબાઈએ સિધ્દ્ધ કરીને શ્રીઠાકોરજીને ભોગ સમર્પ્યો. તે દીવસે શ્રીઠાકોરજી આરોગવા પધાર્યા નહીં. ત્યારે કિશોરીબાઈ પોતાના મનમાં ખૂબજ ખેદ કરવા લાગી. ત્યારે શ્રીઠાકોરજી બોલ્યા કે તેં મારા માટે સામગ્રી કેમ લીધી ? તેથી અમે કેવી રીતે આરોગીએ ?

**ભાવપ્રકાશ :** આમાં એ જતાવ્યું કે પારકી-બીજાની સત્તા-સામગ્રી પોતાના શ્રીઠાકોરજીને આરોગાવવી નહીં. અને કોઈપણ વસ્તુ વૈષ્ણવ પાસેથી લઈને શ્રીઠાકોરજીને વિનિયોગ ન કરાવવો. તે શ્રીઠાકોરજી અંગીકાર કરતા નથી.

**(૨૫૨ વૈ.વાર્તા, કિશોરીબાઈ વા.પ્ર.૨)**

**(૨)** જે કટોરી (ગિરવિ) મૂકીને સામગ્રી આવી તેનો તો ભોગ શ્રીઠાકોરજી પોતાના જ દ્રવ્યનો આરોગ્યા, તેથી તે ભોગ તો આપનો જ થયો. જે શ્રીઠાકોરજીનું (દેવ) દ્રવ્ય ખાશે તે મારો (પુષ્ટિમાર્ગી) નહીં કહેવાય. અને મારો સેવક ભગવદીય હશે તે દેવદ્રવ્ય કયારેય નહીં ખાય. જે (દેવદ્રવ્યનો પ્રસાદ) ખાશે તે મહાપતિત થશે. તેથી તે (દેવદ્રવ્યના) પ્રસાદમાંથી ભોજન કરવાનો આપણો અધિકાર ન હતો તેથી તે ગાયોને ખવડાવ્યો અને શ્રીયમુનાજીમાં પધરાવ્યો''. આ સાંભળીને બધા વૈષ્ણવો ચુપ થઈ ગયા.

(**મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય** : ધરુવાર્તા-૩)

**(૩)** ....શ્રીઆચાર્યજીને વૈષ્ણવે આવીને કહ્યું : ''મહારાજ ! શ્રીદ્વારકાનાથજી વૈભવ સહિત પધાર્યા છે...'' ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું : ''ઠાકોરજીનો વૈભવ જોઈને શું તમે ખુશ થયા?'' ત્યારે શ્રીગોપીનાથજીએ કહ્યું : ''આપનો કહેવડાવીને જે શ્રીઠાકોરજીની વસ્તુ (દેવદ્રવ્ય) ઉપર પોતાનું મન બગાડશે તેનો નિર્મૂળ નાશ થશે''. આ સાંભળીને શ્રીઆચાર્યજીએ કહ્યું : ''અમારો માર્ગ તો એવો જ છે.''

(**શ્રીગોપીનાથપ્રભુચરણ,** ૮૪વૈષ્ણવવાર્તા, દામોદરદાસ સંભરવાળાની વાર્તા)

**(૪)** ધનવગેરેની કામનાઓ પુરી કરવા માટે જે શાસ્ત્રમાં બતાવેલા શ્રવણ-કીર્તન-સેવા વગેરે કરવામાં આવે છે તેને કર્મમાર્ગીય સમજવા જોઈએ. પોતાની આજીવિકા (ભરણપોષણ) ચલાવવા માટે પૈસા કમાવાના રૂપમાં જે થાય છે તે તો ખેતી-વાડીના ધંધાની જેમ 'લૌકિકકર્મ'

જ કહેવું જોઇએ (ધર્મ-ભક્તિ ક્યારેય પણ નહીં). મળત્યાગ કરીને ઇન્દ્રિયની શુદ્ધિ માટે ગંગાજલનો ઉપયોગ કરવાવાળાને તેના દ્વારા મળત્યાગ પછીની શુદ્ધિથી વધારે ગંગાસ્નાનું ફલ મળતું નથી. એટલું જ નહીં, સમજવા જેવી વાત એ છે કે ગંગા જેવી પવિત્ર નદીના જલનો આવો ધૃણાસ્પદ કાર્યને માટે ઉપયોગ કરવાના લીધે તે પાપી બને છે. આ જ રીતે પ્રભુની સેવા-કથા (સેવા,કથા,ગુણગાન,કીર્તન વિ.) કરીને તેના દ્વારા પૈસા કમાવાવાળાને સેવા-કથાનું કાંઈપણ (ધાર્મિક-ભક્તિમાર્ગીય) ફળ તો મળતું જ નથી. ઉલ્ટાનું આવું નીચ આચરણ કરવાને લીધે તે પાપનો જ ભાગીદાર બને છે.

(**શ્રીગુસાંઇજી,** ભક્તિહંસ)

**(૫)** પોતાના સેવ્ય સ્વરૂપની સેવા જાતે જ કરવી. અને ઉત્સવ વગેરે સમય અનુસાર, પોતાના જ ધન અનુસાર, વસ્ત્ર-આભૂષણ વિવિધ પ્રકારના મનોરથો કરી સામગ્રી કરવી.

(**શ્રીગોકુલનાથજી-ચતુર્થેશ :** ૨૪ વચનામૃત)

**(૬)** સેવામાં જરૂરી તેવા ધન-સામગ્રી-સાજ વગેરે ન હોય તો સેવા કેમે થઇ શકે! આ બધુ વસાવવા માટે બીજો કોઇ ઉપાય ન હોય તો બીજા કોઇ પાસેથી ઉધાર લઇને કે કોઇક પાસેથી માંગીને કે ફંડ-ફાળો કરીને સેવા-મનોરથકરી શકાય કે નહીં ?

આ શંકાને દૂર કરવા માટે શ્રીમહાપ્રભુજી વિવેકધૈર્યાશ્રય ગ્રન્થમાં આજ્ઞા કરે છે કે આવી વિપરીત પરિસ્થિતિ આવી પડી હોય, પછી તે પ્રભુસેવા-સુખ સંબંધી પણ કેમ ન હોય, તો પણ હઠ ન કરવી. ‘‘ઉધાર લઇને કે કોઇ પાસે ઠાકોરજી માટે માંગીને પણ હું સેવા-મનોરથકરીશ જ’’ આવી હઠ ન કરવી. યથાલાભ સન્તોષ રાખીને પોતાની પાસે જે ઉપલબ્ધ હોય તેમાં બની શકે તેનું જ પ્રભુસેવામાં સમર્પણ કરવું. ઉધાર કરીને કે પ્રભુ માટે માંગીને સેવા ન જ કરવી. કારણ કે ભગવદાશ્રય રાખીને પ્રભુ જે સહજતાથી કરાવે તેવી પુષ્ટિમાર્ગીય મર્યાદામાં રહીને પ્રભુને જે સમર્પણ કરવામાં આવે છે તેનો જ અંગીકાર પ્રભુ કરે છે એવો ભાવ છે. (**સપ્તમ પુત્ર શ્રીઘનશ્યામાત્મજ, શ્રીગોપેશજી,** વિવેકધૈર્યાશ્રય વિવૃતિ શ્લોક ૪)

**(૭)** અહીં ભક્તિવર્ધિની ગ્રંથમાં સેવોપયોગી સ્થળના રૂપમાં પોતાના ઘરનું વિધાન ઉપલબ્ધ હોવાથી, પોતાના ઘરમાં બિરાજતા ઠાકોરજીની સેવા છોડીને કોઇ બીજી જગ્યાએ (એટલે કે હવેલીઓમાં, જેમ અત્યારે, ભેટ-સામગ્રી પધરાવીને નિત્ય કે મનોરથની ઝાંખી કરી લેવી તેને જ વૈષ્ણવોએ પુષ્ટિમાર્ગમાં પરમધર્મ માની લીધો છે તેવી રીતે) ભગવત્સેવા કરવાવાળાને પણ ક્યારેય ભક્તિ સિદ્ધ થઇ શકતી નથી.

(**શ્રીવલ્લભાત્મજ-શ્રીબાલકૃષ્ણજી,** ભક્તિવર્ધિની વ્યાખ્યા-૨)

**(૮)** જ્યારે સંતદાસનું બધું ધન નાશ પામ્યું ત્યારે શ્રીઠાકુરજીની સેવાના ખર્ચની વ્યવસ્થા તેમણે (પહેલેથીજ પોતાના ઠાકોરજી માટે પોતાના જ અલગથી મુકી રાખેલ) દેવદ્રવ્યથી કરી. અને ઠાકોરજીના દ્રવ્યમાંથી ચોવીસ ટકા લોન તરીકે લઇને તેને મૂડી તરીકે રાખીને તેની કોડી વેંચતા. (તેમાંથી જે નફો મળતો તે પોતાની કમાઇના પૈસાથી પોતાના ઠાકોરજીને ભોગ અલગથી ધરતા અને તે ભોગનો જ પ્રસાદ પોતે લેતા. એક દિવસ સંતદાસને આર્થિક સંકટમાં

જાણીને નારાયણદાસે મદદ મોકલાવી. સંતદાસે તે ન સ્વીકારી અને નારાયણદાસે મોકલેલ માણસ સાથે તે મદદ પાછી મોકલાવી.) હવે શ્રીઠાકોરજીના દ્રવ્યમાંથી તો નારાયણદાસના માણસને ભાડું-ખર્ચ આપી ન શકાય. તેથી તેમણે પોતાની કમાણીનો ટકો તેને આપી દીધો. તેથી તે દિવસ તેઓ પોતાની કમાઈના પૈસાથી ઠાકોરજીને રાજભોગ ધરી ન શક્યા. તેથી જ તેમણે તે દિવસે પ્રસાદ પણ ન લીધો. કેમકે તેઓ પોતાની કમાઈના ટકાના લોટનો જુદો ભોગ ધરતા અને તેને જ રાજભોગ ધર્યો માનતા અને મહાપ્રસાદ પણ તેનો જ લેતા. ઠાકોરજીના દ્રવ્યથી તો રોજ ઘણી ભોગ-સામગ્રી ધરતા (પરન્તુ તે તો દેવદ્રવ્યનો ભોગ હતો). નારાયણદાસના માણસને ભાડું-ખર્ચ આપવાને કારણે તે દિવસની રાજભોગની સેવા પોતાની ન માની. તેમણે નારાયણદાસને લખ્યું કે તમારી પ્રભુતાને કારણે ઠાકોરજીને હું એક દિવસ મારી કમાઈના પૈસાથી રાજભોગ ધરાવી ન શક્યો. આ પ્રકારે સન્તદાસે વિવેકધૈર્યાશ્રય જીવી દેખાડ્યા. વિવેક એ કે શ્રીગુસાંઈજીને હૂંડી મોકલાવી, પોતાની સેવા ન થઈ તેમ માન્યું, રાજભોગ ઠાકોરજી ન આરોગ્યા તેમ માન્યું. ધૈર્ય એ એ કે શ્રીઠાકોરજીના દ્રવ્યના મહાપ્રસાદનું ખાન-પાન ન કર્યું. આશ્રય એ કે મનમાં આનન્દ પામ્યા, દુઃખકલેશ ન કર્યો.

(**મહાપ્રભુ શ્રીહરિરાયજી-દ્વિતીયેશ** : ભાવપ્રકાશ.૮૪ વૈષ્ણવવાર્તા-૭૬)

(૯) પારિશ્રમિક (ન્યોછાવર-ભેટ-પગાર-મજૂરી) તરીકે વિત્ત આપીને બીજા કોઈ પાસેથી સેવા કરાવવામાં આવતી હોય તો તેથી ચિત્તમાં અહંકાર વધે પણ ચિત્ત કદિ ભગવાન્‌માં ચોંટે નહીં. જો ભગવત્સેવા કરવા માટે બીજા પાસેથી પારિશ્રમિક ધન લેવામાં આવે તો ગોર-મહારાજને જેમ યજ્ઞયાગનું ફળ ન મળે પણ યજમાનને જ મળે તેવી રીતે સેવાકર્તાની પણ ભગવત્સેવા નિષ્ફલ જાય. દક્ષિણા આપીને યજમાન, ગોર-મહારાજ દ્વારા, જેમ યજ્ઞયાગ કરાવે તેમ ભગવત્સેવા (હાલમાં જેમ વૈષ્ણવો ભેટ-સામગ્રી-મનોરથો નોંધાવીને ગોસ્વામિ-મહારાજો દ્વારા કરાવે છે તેમ : અનુવાદક) કરાવી લેવામાં શો વાંધો ? સમાધાન : આ શંકાનું સમાધાન આમ જાણવું કે કર્મમાર્ગમાં તેવું કરવાનું શાસ્ત્રમાં કહ્યું હોવાથી તેમ કરી શકાય છે. ભક્તિમાર્ગમાં, પરંતુ, તેવી વિધિ ઉપદેશાયેલી ન હોવાથી, આવી રીતે ધન આપીને ભગવત્સેવા કરાવવી નહીં. ભક્તિમાર્ગમાં તો ભગવદુક્ત પ્રકારે (પોતાના તન-મન-ધનથી પોતાના ઘરે પોતાના પરિવારજનોના સહયોગથી) જ ભગવત્સેવા કરવી જોઈએ.

**(સુરતસ્થ૩/૨ ગૃહાધિપતિ શ્રીપુરુષોત્તમજી, સિદ્ધા.મુક્તા.વિવૃ.પ્રકા.૨)**

(૧૦) લૌકિક કામનાઓને પૂર્ણ કરવાની ઈચ્છાથી જે ભગવદ્‌ભજનમાં પ્રવૃત્ત થાય છે તે દરેક પ્રકારે કલેશ પામે છે. તેથી, કાંઈ ભેટ-સામગ્રી મળી રહે તેવી કામનાથી જે સેવા વગેરે કરે તે 'પાખંડી' અને 'દેવલક' કહેવાય છે. તેથી લાભપૂજાર્થ સિવાય જેમાં નિષેધ નથી એવા પ્રકારથી 'મારું લૌકિક સિદ્ધ થાય' એવી કામનાથી જે સેવામાં પ્રવૃત્ત થયો હોય તેને 'લોકાર્થી' કહેવાય છે.

**(નિ.લી.ગો.શ્રીનૃસિંહલાલજી મહારાજ, સિદ્ધાન્તમુક્તાવલી-ટીકા શ્લોક ૧૬-૧૭)**

**(૧૧)** જે શ્રી વલ્લભકુળ છે તે પોતાના સેવ્યસ્વરૂપ ઉપર કેવો સ્નેહ રાખે છે કે એક બાજુ દ્રવ્યનો ઢગલો કરો અને એક બાજુ શ્રીઠાકોરજીને પધરાવો તો શ્રીવલ્લભકુળ એ દ્રવ્ય સામું જોશે પણ નહી; અને શ્રીઠાકોરજીને અતિસ્નેહ કરી પધરાવી લેશે. પણ જે આ કળિનો જીવ છે તેને તો દ્રવ્ય ઘણું પ્રિય છે. માટે તે તો શ્રીઠાકોરજી સામું જોશે નહિ. અને કેવળ વૈભવ સામું જોશે અને તરત મોહ પામશે...

**(શ્રીમટ્ટુજી મહારાજનાં ૩૨ વચનામૃતો : વચનામૃત પાંચમુ)**

**(૧૨)** શ્રીઉદયપુર દરબારને આશીર્વાદ. આથી જણાવવામાં આવે છે કે મેં સ્થાવર-જંગમ સંપત્તિના આર્થિક તથા માલિકીય વહિવટ અંગે, મને સલાહ આપવા માટે, યોગ્ય વ્યકિતઓની એક સમિતિની નીમણૂંક કરી છે. સેવા વિગેરે બાબતમાં પુરાતન તેમજ પ્રવર્તમાન પ્રણાલીના અનુસાર કાર્ય કરવામાં આવશે. તથા જો પુરાતન પરંપરાનો બાધ ન થતો હોય અને સમિતિ જો કોઈ સુધારાની ઈચ્છા રાખતી હોય તો તે સુધારાઓ સ્વીકારવામાં આવશે. તથા શ્રીઠાકુરજીનું દ્રવ્ય અમારા વ્યક્તિગત વપરાશમાં નહીં આવે, જેવી કે પરંપરા આજે પણ છે; અને તેને જાળવવામાં આવશે. તે છતાં પણ મારા વડવાઓના સમયથી ચાલ્યા આવતાં મારા માલિકીના હકકો તેજ પ્રમાણે કાયમ રહેશે. આ મુજબ જ જમા-ઉધારની નોંધો પણ તે-તે ખાતામાં ચાલુ રહેશે, જે મુજબ ચાલુ ખાતામાં હાલ નોંધાઈ રહ્યું છે.

(**ગોસ્વામી તિલકાયત નિ.લી.ગો.શ્રીગોવર્ધનલાલજી મહારાજ, શ્રીનાથદ્વારા,** ડેકલેરેશન, મિતિ ભાદ્રશુકલા પંચમી, સં.૧૯૮૯ તા. ૫-૯-૧૯૩૨)

**(૧૩)** મહારાજને જે આવક વૈષ્ણવો વિગેરેમાંથી આવે તેમાંથી ઘર-ખરચ તરીકે શ્રીઠાકોરજીનો ખરચ મહારાજ ચલાવે છે. શ્રીઠાકોરજીને માટે સ્થાવર કે જંગમ અમુક મિલ્કત જુદી કાઢી તેમાંથી ખરચ ચલાવતા નથી. શ્રીઠાકોરજીના વૈભવનો, ભોગનો, આભૂષણ-વસ્ત્ર વિગેરેનો ખરચો મહારાજ કરે છે. પોતાની આવક ઉપર એ સરવે ખરચ કરે છે... શ્રીઠાકોરજીની સન્મુખ ભેટ ધરી શકાતી નથી... શ્રીઠાકોરજીની ભેટ દેવમંદિરમાંજ મોકલવી પડે. મહારાજથી તે ભેટનો ઉપયોગ થઈ શકે નહિ.

(**નિ.લી.ગો.શ્રીવાગધીશલાલજી મહારાજ,** અમરેલી, શ્રીવાગધીશલાલજીના આમુખત્યાર : 'અમરેલી હવેલી વ્યકિતગત છે કે સાર્વજનિક' મુદા ઉપર ઈ.સ. ૧૯૦૯-૧૦ માં ગાયકવાડી વડોદરા રાજ્યની કોર્ટમાં આપવામાં આવેલી જુબાની)

**(૧૪)** જેવી રીતે અમારા પૂર્વપુરુષો પોતે આપણા ધર્મનું સત્ય સ્વરૂપ તથા શુદ્ધાદ્વૈતસિદ્ધાંત સંપૂર્ણ રીતે સમજીને વૈષ્ણવધર્મનો યથાર્થ ઉપદેશ લોકોને કરતાં હતા; અને વચલા કાળમા, જે સંપત્તિ વિગેરે કારણોથી અમે ઘણે દરજજે છોડી દીધો છે, તેથી ઘણા ખરાં લોકોને સાધારણ સેવા અને કોરી વિત્તજા ભક્તિનુંજ રૂઢિ અનુસાર જ્ઞાન રહ્યું છે.

(**પંચમગૃહાધીશ નિ.લી.ગો.શ્રીદેવકીનંદનાચાર્યજી,** કામવન, મુંબઈના વૈષ્ણવોને લખેલ પત્ર : 'આશ્રય' એપ્રીલ ૮૭ના અંકમાં પ્રકાશિત)

**(૧૫)** આપણો મુખ્ય સિદ્ધાંત છે 'અસમર્પિત ત્યાગ'. ઉત્તમ ઉપાય તો આ જ છે કે ઘરમાં જે પણ કાંઈ રસોઈ બને તે પ્રભુને ભોગ ધર્યા પછી જ મહાપ્રસાદ લેવામાં આવે... જ્યાં સુધી અસમર્પિતનો ત્યાગ નહીં થાય ત્યાં સુધી બુદ્ધિ સારી નહીં થઈ શકે. સાનુભાવતા કયારે સિદ્ધ થઈ શકે છે ? જ્યારે આપણી બુદ્ધિ નિર્મલ બને.... આજે આપણે હીરા (ઘરમાં બિરાજતા સેવ્ય શ્રીઠાકોરજી)ને ઓળખી નથી શકતા. સાચા હીરાને જવેરી જ ઓળખી શકે છે. હાલત કેવી છે કે આપણે ખોટા હીરાને સાચો માનીને તેની પાછળ (હવેલી-મંદિરોમાં) દોડી રહ્યા છીએ. શ્રીમહાપ્રભુજીએ તો નિધિરૂપ સાચો હીરો આપણને આપ્યો છે. ભગવાન ગીતામાં કહે છે કે ''દિવ્યં દદામિતે ચક્ષુઃ પશ્યમે યોગમીશ્વરમ્''ભગવાનને ઓળખવા માટે તો દિવ્યતા મેળવવી પડે. દિવ્યતા જ આત્મબળ છે... તેથી મારો તો આપલોકોને આગ્રહ સાથે અનુરોધ છે કે આત્મબળ મેળવવા માટે પોતાનો કાંઈક દરરોજનો નિયમ રાખો. ષોડશગ્રંથના પાઠનો નિયમ રાખો...

(**દ્વિતીયગૃહાધીશ નિ.લી.ગો.શ્રીગિરિધરલાલજી મહારાજ**, ઈન્દોર-નાથદ્વારા, શ્રીમદ્‌વલ્લભ અને શ્રીહરિરાયજી જીવનદર્શન, ભાગ-૨, વચનામૃત ૭મું, પૃષ્ઠ ૧૨૪)

**(૧૬) વકીલ :** જો પુષ્ટિમાર્ગીય, કોઈપણ, મંદિરમાં વૈષ્ણવો શ્રીઠાકુરજીની સેવા તેમજ નેગ-ભોગ માટે અને શ્રીઠાકોરજીની સેવાના નભાવ માટે ભેટ વિગેરે આપી વિત્તજા સેવા કરતા હોય તો અને તે મંદિરમાં તનુજા સેવા કરતા હોય તો તે મંદિર પુષ્ટિમાર્ગીય નથી એમ આપનું કહેવું છે?

**પૂ.પા.મહારાજશ્રી :** પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોની તનુજા કે વિત્તજા સેવા સ્વતંત્ર કરવાની પ્રક્રિયા નથી અને તેવી સેવા કરે તો તે સાંપ્રદાયિક મંદિર ન કહેવાય.

**(નિ.લી.ગો.શ્રીવ્રજરત્નલાલજી મહારાજ, સુરત ''નડિયાદની હવેલી વ્યકિતગત છે કે સાર્વજનિક'' વિવાદમાં પુષ્ટિમાર્ગનાં વિશેષજ્ઞ સાક્ષીના રૂપમાં આપેલી જુબાની)**

**(૧૭)** ...તેવી જ રીતે આપણે ત્યાં સન્મુખ ભેટ થાય છે તે પણ દેવદ્રવ્ય છે; અને તે સામગ્રીના કામમાં નથી આવતી. શ્રીગોકુલનાથજી અને શ્રીચન્દ્રમાજીના ઘરમાં હજી આ નિયમનું પાલન થાય છે. ત્યાં જે સન્મુખ ભેટ થાય તે કીર્તનિયો લઈ જાય છે. એ કીર્તનિયો મહાવનિયો હોય છે. તે વલ્લભકુલનો, શ્રીયમુનાજીનો ગોર હોય છે. બીજો તેનું અનુકરણ કરે તે ખોટું... અમે શ્રીનાથજી અગાડી જે સન્મુખ ભેટ ધરીએ છીએ તે શ્રીમહાપ્રભુજીની પાદુકાજીને ધરીએ છીએ છતાં તે અલંકારાદિકમાં વપરાય છે, સામગ્રીમાં નહિ. સન્મુખ ભેટ ધરવામાં ઘણો અનાચાર થાય છે.... શ્રીઠાકોરજી-નિમિતે કાંઈ મંગાઈ નહીં કે કાંઈ અપાય નહીં. એ રીતે આવેલ દ્રવ્ય દેવદ્રવ્ય બને... તે લેનારની બુદ્ધિ બગડયા વગર ન રહે.

**(નિ.લી.ગો.શ્રીરણછોડલાલજી, રાજનગરના વચનામૃત-૪૮/૮૭)**

**(૧૮/ક)** વૈષ્ણવોની પાસે જે કાંઇ પરમ પદાર્થ છે, તેનું અસ્તિત્વ આજનાજ શુભ દિનને આભારી છે કાળની ભિષણતા અને પરિસ્થિતિની વિષમતાના અત્યંત વિકટ યુગમાં શ્રીમત્પ્રભુચરણના દિવ્ય સિદ્ધાંતો ઉપર અટલ રહેવામાં જ જીવમાત્રનું ઐહિક અને પારલૌકિક કલ્યાણ રહેલું છે. અન્યાશ્રયનો ત્યાગ એ ભાવના ઉપર જગતના જીવો દઢ રહે તો, જે વૈષ્ણવ-હવેલીઓના વૈભવને કારણે વૈષ્ણવો ઘરસેવા ભૂલી ગયા હતા, સંજોગવશાત્ તે હવેલીઓમાં શ્રીના દર્શન આજે બંધ થતાં વૈષ્ણવોના ઘર શ્રીઠાકુરજીની સેવાથી કિલ્લોલતા થશે. એ લાભ સંપ્રદાય અને સંપ્રદાયીઓ માટે નાનોસૂનો નથી. ઈશ્વરેચ્છા અકળ છે. મને શ્રદ્ધા છે કે આ આકરી કસોટીમાં આપણું સર્વનું હિત જ સિદ્ધ થવાનું છે.

**(ખ)** મારા અનુયાયીઓને બે પ્રકારે દીક્ષા આપું છું. પ્રથમ કંઠી બાંધવી તથા બીજી બ્રહ્મસમ્બન્ધદીક્ષા આપવી. કંઠી બાંધવી એ સાધારણ વૈષ્ણવોને જ આપવામાં આવે છે. તથા બ્રહ્મસમ્બન્ધ ખાસ કરીને તે અનુયાયીઓને કે જે સેવામાં વિશેષરૂપથી આગ વધવા ઈચ્છે છે. પહેલી દીક્ષાને 'શરણ-દીક્ષા' કહેવામાં આવે છે તથા બીજી દીક્ષાને 'આત્મનિવેદન' કહેવામાં આવે છે. શરણ દીક્ષામાં વૈષ્ણવ કેવળ નામસ્મરણ કરવાની યોગ્યતા મેળવે છે. જ્યારે કે સેવાવાળા વૈષ્ણવને બ્રહ્મસમ્બન્ધ દીક્ષા લીધા પછી જ સેવા કરવાની યોગ્યતા મળે છે. બ્રહ્મસમ્બન્ધવાળો વૈષ્ણવ પોતાના ઘરમાં જસેવા કરવા યોગ્ય બને છે.... અમે સ્વરૂપની સેવા નન્દાલયની ભાવનાથી કરીએ છીએ તેથી સાતે સાત પુત્રોના ઘર 'ઘર' જ કહેવાય છે. અને અમારું ઘર 'ત્રીજું ઘર' કહેવાય છે.

**(ગ)** શ્રીઆચાર્યચરણના સિદ્ધાન્તોમાં ભગવત્સમ્બન્ધ અને ભગવત્સેવાને જ મુખ્યતા આપવામાં આવી હતી. ત્યાર પછી, સારી રીતે જોવામાં આવે છે કે, તેમાં પણ અમુક ફેરફાર થઈ ગયા....શ્રીઆચાર્યચરણના અને શ્રીપ્રભુચરણના સેવક, આપણે જોઈ શકીએ છીએ કે, બધા પ્રકારના છે. એવું નથી કે અમુક ચોક્કસ વ્યકિતજ ભગવત્સેવા કરવા માટે લાયક હોયછે અને અમુક પરિસ્થિતિમાં જ ભગવત્સેવા થઈ શકે છે. આવું કયાંય પણ લખેલું જાણવામાં આવતું નથી. કેટલાય પ્રકારના જીવ ભગવત્સેવા કરતા હતા. તેમાં સ્મશાનમાં રહેનાર, વેશ્યા વગેરેથી માંડીને સારા વિદ્વાન બ્રાહ્મણ પણ હતા. આજના સમયમાં, મને એવું લાગે છે કે, આપણે એ બધા ચરિત્રોને ભૂલી જઇને પાછળથી મુખ્ય બની ગયેલા ભાવાત્મક રૂપને જ પકડીને બેસી ગયા છીએ કે જે આજે પણ વૈષ્ણવોમાં પ્રચલિત છે... હું માનું છું કે ચરિત્રો (વાર્તાઓ) નો વિચાર કરવામાં (સમજવામાં) સિદ્ધાન્તોની આવશ્યકતા હોય છે.

(**તૃતીય ગૃહાધીશ નિ.લી.ગો. શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ** : ૧૮/કઃ તા.૨૪-૧૨-૪૮ના દિને મુંબઈના વૈષ્ણવોની જાહેરસભામાં શ્રીમત્પ્રભુચરણના પ્રાકટયોત્સવપ્રસંગે અધ્યક્ષસ્થાનેથી કરેલ વચનામૃત 'વૈશ્વાનર' અંક-૩૧ સન્-૪૮ : ૧૮/ખ : બયાન મૂર્તિબા કાર્યા. સહા. કમિ. દેવસ્થાનવિભાગ ખંડ ઉદયપુર એવં કોટા બજરિયે કમિશન મુ. કાંકરોલી. ફાઈલ સંખ્યા ૧-૪-૬૪. શ્રીદ્વારકાધીશ મંદિર દિનાંક ૭/૧૧/૬૫ : ૧૮/ગ : શ્રીમદ્વલ્લભ અને શ્રીહરિરાયજી જીવનદર્શન, ભાગ-૨, વચનામૃત

૨૦મું, પૃષ્ઠ ૧૪૬,૧૪૯)

**(૧૯)** આજ મુઝે અપને હૃદયકે ઉદ્ગાર કહને દો, મેરા હૃદય જલ રહા હૈ, મંદિરોમેં દ્રવ્યસંગ્રહકી પ્રવૃત્તિ માત્ર રહ ગઈ હે ઔર વહી અનર્થ કી જડ હૈ. ઐસે મંદિરોકે અસ્તિત્વસે કોઈ લાભ નહીં. હમારા સંપ્રદાય સામુહિક નહીં વૈયક્તિક હૈ. સાર્વકાલિક તથા સાર્વદેશિક અવશ્ય હૈ પરંતુ સાર્વજનિક નહીં. ''કરત કૃપા નિજ દૈવી જીવન પર'' ઈસ ઉકિતમેં 'નિજ' શબ્દકા પ્રયોગ કિયા ગયા હૈ. દૈવી જીવ કહીં ભી હો સકતે હૈં પરંતુ સાર્વજનિક રૂપસે નહીં. આજ હમ 'પુષ્ટિ' કા નામ લેનેકે ભી અધિકારી નહીં હૈ ! આજકા હમારા જીવન ચાર્વાક-જીવન હો રહા હૈ. ક્યા હમ, આજ જિસ પ્રકારકા સંપ્રદાય હૈ, ઉસે જિવાના ચાહતે હૈં ? યદિ સચ્ચે સંપ્રદાયકો ચાહતે હો તો સ્વરૂપસેવા ઘર-ઘરમેં પધરાઓ એવં નામસેવાપર ભાર રખ્ખો... ભક્તિકી પ્રાપ્તિ સ્વગૃહોમેં સેવા કરનેસે હી હોગી. આજકે ઈન મંદિરોસે કોઈ લાભ નહીં હૈ, કયોંકિ ઈનમેં દ્રવ્યસંગ્રહકી પ્રધાનતા આગયી હૈ ઔર જહાં દ્રવ્ય ઈકઠ્ઠા હોતા હૈ વહીં અનર્થ હોતે હૈં. આજ સંપ્રદાયકા વિકૃત સ્વરૂપ ઈસીસે હૈ.

(**નિ.લી.ગો.શ્રીકૃષ્ણજીવનજી મહારાજ,** મુંબઈ-મદ્રાસ : વલ્લભવિજ્ઞાન અંક.૫-૬ વર્ષ ૧૯૬૫)

**(૨૦/ક)** આપણે શ્રીવલ્લભાચાર્યજીની આજ્ઞાનું પાલન કયાં કરી રહ્યા છીએ ? આપણે ત્યાં ગૃહસેવા કયાં બચી છે ? કેવળ મંદિરોમાં દર્શનથી શું લાભ છે ? શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે 'કૃષ્ણસેવા સદા કાર્યા'. જો શ્રીમહાપ્રભુજી મંદિરને મુખ્ય માનતા હોત તો પતાની ત્રણ પરિક્રમાઓમાં અનેક મંદિર સ્થાપિત કરી દેત. શ્રીગુસાંઈજીએ શ્રીગિરધરજીને સાતસ્વરૂપનો મનોરથકરતા સમયે આ જ પ્રકારની ચેતવણી આપી હતી. મન્દિરની સ્થાપના કરતા સમયે તેમને ડર હતો કે ઘરમાંથી ઠાકોરજી મન્દિરમાં પધારી જશે. મારા પિતાજી (નિ.લી.ગો.શ્રીકૃષ્ણજીવનજી મહારાજ) એ કાલે જે કહ્યું હતું (ઉપર ટાંકેલ ૧૫ માં વચનમાં) તે અક્ષરશઃ સત્ય છે. તમે પોતાના ઘરોમાં ઠાકોરજીને પધરાવો અને તેમની સેવા કરો.

**(ખ)** પુષ્ટિમાર્ગીય પ્રણાલિકામાં ટ્રસ્ટ ખરું ઉતરતું નથી. શ્રીઆચાર્યચરણે દરેક બ્રહ્મસંબંધી જીવને આજ્ઞા કરી છે કે ''ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ'' (ભકિતવર્ધિની) અર્થાત્... પોતાના ઘરમાં રહીને સ્વધર્માચરણ કરવું. ગોસ્વામિબાલકો પણ આચાર્ય હોવાથી વૈષ્ણવ પણ છે. એટલે આચાર્યશ્રીની ઉપરોકત આજ્ઞા પાલન કરવાની તેમની પણ ફરજ છે.... માટે મારું માનવું તો આ જ છે કે આચાર્યચરણના સિદ્ધાંત પ્રમાણે વૈષ્ણવો પોતાના ઘરે શ્રીઠાકોરજીની સેવા કરે અને ધર્મગ્રન્થોનું વાંચન કરે, નહિ કે મન્દિરોમાં જઈને.... ટ્રસ્ટ એ પુષ્ટિમાર્ગીય પ્રણાલિકામાં બંધ-બેસતું નથી બલ્કે આપણી પ્રણાલીનો ભંગ કરે છે.

**(નિ.લી.ગો.શ્રીવ્રજાધીશજી મહારાજ : દહીસરમાં શ્રીગોવર્ધનનાથહવેલી ટ્રસ્ટના સંસ્થાપક ૨૦/ક 'વલ્લભવિજ્ઞાન' અંક ૫-૬ વર્ષ ૧૯૬૫, ૨૦/ખ : 'નવપ્રકાશ' અંક ૮, વર્ષ ૮)**

**(૨૧/ક)** અને જ્યારે જનરલ પબ્લિક-ટ્રસ્ટ છે ત્યારે ઠાકોરજીને ગોસ્વામી-સંબંધથી જુદા કરીને, ઠાકોરજીને બધી સંપત્તિ અર્પણ કરીને, એટલે કે ભેટ કરીને, રિલીજિયસ એંડોમેંટના રૂપમાં થયેલા તે ટ્રસ્ટ છે. આવી સ્થિતિમાં આવા ટ્રસ્ટોથી જે નેગ-ભોગ ધરાવવામાં આવે છે તે દેવદ્રવ્યથી ચલાવવામાં આવે છે. દેવદ્રવ્યનો ઉપભોગ કરનાર અંતે દેવલક (નરકમાં પડનાર પાપી) જ છે. શ્રીમદાચાર્યચરણે પ્રભુની સોનાની કટોરી ગિરવી રાખીને જયારે ભોગ આરોગાવ્યો ત્યારે આપે દેવદ્રવ્યથી સમર્પિત બધો જ પ્રસાદ ગાયોને ખવડાવી દીધો હતો. આ છે સામ્પ્રદાયિક સિદ્ધાંત. આવા આદર્શરૂપ સિદ્ધાંતોનો જે પ્રથાથી વિનાશ થઈને આચાર્યોને દેવલક બનાવવામાં આવે છે તે પ્રથાને જેટલી જલદી સમ્પ્રદાયમાંથી હટાવી દેવામાં આવે એટલો જ શ્રેય તેમાં ગોસ્વામી સમાજ તથા વૈષ્ણવ સમાજનો રહેલો છે.

**(ખ)** ભગવત્સેવા એ સંપ્રદાયની આત્મરૂપ પ્રવૃત્તિ છે. આચાર એ સેવાનો અંગ છે. સેવાની અનુકુળતાના અનુરૂપ જ આચારનું પાલન કરવું જોઈએ. આચાર-પાલનને પ્રમુખતા આપીને ભગવત્સેવાનો ત્યાગ કરવો ઉચિત નથી. ભગવત્સેવા જેમ પણ બને કરો... ગુરુઘરમાં ન મોકલો. જો આપણે ભગવદ્દ્રવ્યને પેટમાં નાખીશું તો તે અપરાધ છે. આપણને ગ્રન્થોના અધ્યયન પ્રત્યે લોકોને આકર્ષિત કરવા જોઈએ.

**(નિ.લી.ગો.શ્રીદીક્ષિતજી મહારાજ મુંબઈ-કિશનગઢ** : ૨૧/ક : 'આચાર્યોચ્છેદક ટ્રસ્ટ-પ્રથાસે પુજારીપનકી સ્થાપના ઘોર સિદ્ધાન્તહાનિ એવં ઘોર સ્વરૂપચ્યુતિ' લેખ પૃષ્ઠ ૭; ૨૧/ખ : 'શ્રીવલ્લભવિજ્ઞાન' અંક ૫-૬ વર્ષ ૧૯૬૫)

**(૨૨/ક)** જેમ સ્વરૂપસેવા સ્વાર્થબુદ્ધિથી અને લૌકિક કાર્ય સમજીને ન કરવાની શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે, તે પ્રમાણે નામસેવા પણ વૃત્તિ અર્થે ન કરવી જોઈએ, એવી આજ્ઞા શ્રીમહાપ્રભુજી નિબન્ધમાં કરે છે.. વૃત્તિ અર્થે સેવા કરવાથી પ્રત્યવાય (દોષ) લાગે. <u>જેમ ગંગા-જમુનાજળનો ઉપયોગ ગુદાપ્રક્ષાલનાર્થ ન થાય, તેમ સેવાનો ઉપયોગ પણ વૃત્ત્યર્થ ન કરાય.</u>

**(ખ)** તન અને વિત્ત જો પ્રભુમાં વપરાય તો મન પ્રભુમાં જરૂર લાગે છે. માટે જ શ્રીવલ્લભે ઉપદેશ કર્યો છે કે ''તત્સિદ્ધયૈ તનુવિત્તજા''. માનસી જે પરા છે તેને સિદ્ધ કરવા તનુ-વિત્તજા સેવા જરૂરી છે. તન અને વિત્ત બન્ને કયાંય એક સ્થળે લગાડો તો ચિત્ત તેમાં રાત-દિવસ રહે છે. દલાલીનો વ્યવસાય કરનાર વ્યવસાયમાં કેવલ તનથી શ્રમ કરે છે પણ તેમાં વિત્ત પોતાનું જરાય લાગતું નથી. આથી જો બજારભાવ વધે કે ઘટે તો તેનાથી તેને મનથી ચિંતા થતી નથી... અને છોકરાનો પિતા એકલી વિત્તજા તરીકે ટયુશન ફી આપીને સમજે છે કે છોકરો પાસ થવાનોજ છે. આ ત્રણેને ફલ પ્રાપ્તિ નહીં થાય કારણ કે તનુજા-વિત્તજા બન્ને લાગતા નથી. હવે તનુવિત્તજા બન્ને લગાડે તો ચિત્ત પરોવવાના દાખલા જોઈએ; એક દુકાનદાર દુકાન અને માલની ખરીદીમાં મૂડી લગાડી વેપાર શરૂ કરી અને સવારથી રાત સુધી હાજરી આપી તન પણ વેપારમાં લગાડે છે તો તેથી રાત-દિવસ દુકાન અને વેપાર ના જ વિચારો આવે છે; કેમ વેપાર સારો થાય, કેમ વેપાર વધે... માટે પુષ્ટિમાર્ગમાં પ્રભુમાં આસક્તિ સિદ્ધ થવા માટે મનોવૈજ્ઞાનિક

પ્રક્રિયા બતાવી છે કે તેણે તનુ-વિત્તની સેવા ભારપૂર્વક કરવી.

(**નિ.લી.ગો.શ્રીગોવિંદરાયજી મહારાજ પોરબંદર** : ક -'સુધાધારા' પૃ.૧૧૪. ખ : 'સુધાબિન્દુ' પૃ.૭૩).

**(૨૩)** ક્યોંકિ શ્રીનાથજી સ્વયં ઉસકે ભોક્તા હૈ કિન્તુ વૈષ્ણવવૃંદ તથા સેવકગણ ભી ઉસકે મહાપ્રસાદ લેને તકકે અધિકારી નહીં હૈ. યહ આચાર્યચરણકે ઈતિહાસસે પ્રત્યક્ષ પ્રમાણભૂત હૈ. ઉસકે મહાપ્રસાદ લેનેકા કેવલ ગાયકો હી અધિકાર હૈ. અન્યથા ઉસ દેવદ્રવ્યકે ઉપભોગ કરનેસે નિશ્ચય હી અધ:પતન હૈ... સબ પ્રકારકે દાન ચઢાવા વ વસૂલ વસૂલી કરનેકા ઉલ્લેખ કિયા ગયા હૈ, વહ ભી સંપ્રદાયકે સિદ્ધાંતસે નિતાંત વિરૂદ્ધ હૈ. હમારે સંપ્રદાયકી પ્રણાલીકે અનુસાર જો હમારે સંપ્રદાયકે સેવક હૈં, ઉનકા હી દ્રવ્ય ગુરુ-શિષ્યકે સંબંધસે લેકર સેવામાં ઉપયોગ કરાયા જા સકતા હૈ. સંપ્રદાયમેં સબ પ્રકારકે દાન-ચઢાવેકા ઉપયોગ સેવામેં નહીં કિયા જાતા હૈ. ઔર કદાચિત્ કહીં કિયા જાતા હો તો વહ સંપ્રદાયકે નિયમોંસે વિરુદ્ધ હોનેકે કારણ બંદ કર દેના ચાહિયે.

(**પૂ.પા.ગો.શ્રીઘનશ્યામલાલજી-સપ્તમેશ** : શ્રીનાથદ્વારા ઠિકાનેકે પ્રબંધકી દિલ્લીયોજનાકી આલોચના તા. ૧-૨-૫૬).

**(૨૪) ટ્રસ્ટ હવેલી-મન્દિર એટલે પુષ્ટિભાવોનું મોત :**

ભગવાન-સ્વધર્મ પૂંજીથી (પૈસાથી) બંધાઈને નથી ચાલતા; તેઓ શ્રદ્ધા પ્રેમપરવશ બનીને ચાલે છે. આજે જે (મન્દિરો-હવેલીઓના) ટ્રસ્ટો કે સ્થાનોની પ્રણાલી ચાલી રહી છે. તે પુંજીવાદની એક હમણાં હમણાં પેદા થયેલી કથા છે જેમાં ભગવાન, ગાય, ગુરૂ અને ધર્મઅનુયાયીઓ ઉપર એકચક્રીશાસન કરવાની લાલચ રહેલી છે. આ પ્રકારથી આદર્શના મહોરા કહેવાતા આ ધનલિપ્સા (ધનલાલસુ) અને ધનિકોની કથામાં તે પ્રેમ નથી જે એક અકિંચન ભક્તના ''રહિયે મેરે હી મહલ અનત ન જૈયે...'' આ આત્મીયતા ભરેલા મીઠા શબ્દોમાં ઝલકે છે. આ પ્રેમભરેલો અનુનય છે. અને આજના ટ્રસ્ટી અને સરકાર ભગવાનને પૈસા કે સત્તાના જોરે એમ કહે છે કે ''આ સ્થળથી જરાય પણ હલતા નહીં. ધ્યાન રાખજો, હું તમારો વ્યવસ્થાપક, ટ્રસ્ટી છું. તમારી ઈચ્છા હોય કે ન હોય, તમારે મારા ઉપર ભરોસો રાખવો જ પડશે, સમજ્યા !'' માણસો સમજે છે કે આ ધર્મરક્ષાનું જ એક સર્વશ્રેષ્ઠ રૂપ છે, પરંતુ.... આમાં પણ પ્રાણોની એટલી જ અસલામતી છે કે મોતથી કાંઈ ઓછી નથી... શ્રીવલ્લભાચાર્યએ આવી રીતે બાંધવામાં આવેલા ઈશ્વરને દામોદર માનવા માટે ઈન્કાર કરી દીધો.

**શ્રીઠાકોરજીને ટ્રસ્ટમાં પધરાવવાળાઓએ શ્રીઠાકુરજીને વેંચી માર્યા છે :**

....સરખી રીતે સમજો કે એવી કઈ મા હશે જે પોતાના છોકરાને પૈસાની લાલચમાં વેંચી નાખે; કે પછી કોઈ પ્રેમી ક્યારેય પણ પ્રત્યક્ષ તો શું સપનામાં પણ આવું કરવાનું તો દૂર રહ્યું, વીચારી કે જોઈપણ નથી શકતો. આ બાબતમાં એક વાર્તા યાદ આવે છે... એક વખત એક પૈસાદાર વાંઝણી સ્ત્રી (અત્યારના દર્શનીયા વૈષ્ણવ અને ટ્રસ્ટી) એ ગરીબ (ગોસ્વામી

ગુરૂ) નું બાળક (શ્રીઠાકોરજી) રમાડવા માટે લીધું. કેટલાક દીવસો પછી બાળકની માંએ જે ગરીબ હતી તેણે પોતાનું બાળક માગ્યું ત્યારે પૈસાદાર સ્ત્રીએ કહ્યું કે આ તો મારૂં બાળક છે, તારૂં નથી. તારાથી જે થાય તે કરીલે. બીચારી ગરીબ મા...ન્યાય માગવા લાગી... પરંતુ બધા (વૈષ્ણવ, આમજનતા, સરકાર) લોકો તે ગરીબની વિરૂદ્ધ જુબાની આપવા જતા રહ્યા. ન્યાયાધીશ હોંશીયાર હતા... ન્યાયાધીશ બોલ્યા કે... આ (બાળક)ના બે હકકદાર છે એટલા માટે આ (બાળક) ના બે ટુકડા કરીને આ બંનેને સરખા ભાગે આપી દેવામાં આવે. પૈસાદાર સ્ત્રી (ટ્રસ્ટી) એ આ વાત માની લીધી, પણ ગરીબ માએ રોતા રોતા કહયું કે ''નહી હજુર, આ બાળક મારૂ નથી; આ તો એનું જ બાળક છે, એને મારીને બે ટુકડા કરશો નહીં''... આવો ત્યાગ એક સાચી મા જ કરી શકે. આ તો બનાવટી ઠોકી બેસાડવામાં આવેલી વ્યવસ્થા છે.

આ રીતે પૈસાએ ધર્મ ખરીદયો, ભગવાન ખરીદયા, અને તે નિર્દોષ બાળકની ગુંજતી કિલકારીઓ હંમેશા-હંમેશાને માટે ચુપ થઈ ગઈ. લોકોએ કહ્યું કે હવે ભગવાન બોલતા નથી, હંસતા નથી, ખેલતા નથી. પરંતુ આવી અપેક્ષા તેની પાસે રાખી શકાય છે કે જે જીવતો હોય, કોઈના પ્રેમમાં બંધાયેલો હોય, તે પછી તે ખૂબસૂરત બાળકની નુમાઈશ અને પ્રદર્શન કરવા લાગ્યો, જેમ બેબીમિલ્કના ડબલામાં ચિત્ર કે મોડેલનું ચિત્ર હોય છે.

**ટ્રસ્ટીઓ દ્વારા કરવામાં આવતી સેવા પૂતનાના પ્રેમ જેવી છે :**

દરરોજ એ વિચારવા લાગ્યો કે આનાથી કેટલી આવક થઈ, કેટલો વેપાર થયો, અને બધા વ્યવસ્થાપક એમ માને છે કે આ પ્રેમ છે, ભકિત છે. પણ હતો તો ધંધો જ, જેનું રૂપ પૂતનાના પ્રેમની જેમ સચ્ચાઈને છુપાવી ગયું અને ભોળી જશોદાએ લાલનને તેને રમાડવા આપી દીધા.

**મન્દિર-હવેલીઓ દુકાનો બની ગઈ છે :**

કેટલો વેપાર થયો તેના ચોપડા રખાવા માંડયા. કેટલું ખાધું અને કેટલો નફો થયો આનુ માપ તોલ થવા લાગ્યું. વેંચાવા લાગ્યો ધર્મ અને ધર્મસ્વરૂપ તે બાળક ભગવાન જે પ્રેમથી ભકતોને માટે ભોળો બની ગયો હતો. લોકોએ તેનો ફાયદો ઉઠાવ્યો અને કહી દીધું - આ સાર્વજનિક ઈશ્વર છે. તે સર્વશકિતમાનને સ્વાર્થનું સાધન અને જગન્નિયતા ઉપર ધનનિયન્તા રાજ કરવા લાગ્યા. હાલત એવી થઈ કે કોણ એને ખવડાવે-પીવડાવે ? તે તો સાર્વજનિક હતો !

**મન્દિર-હવેલીઓના શ્રીઠાકોરજી જડ બની ગયા છે :**

શ્રીદ્વારકાધીશને પણ એ છૂટ હતી કે તેઓ વિદૂરના ઘરે શાક ખાઈ શકતા હતા પણ આ તો કાયમ માટે જડ બની ગયો, ફકત જોવા પૂરતો જ !

....શું આ સિદ્ધાન્ત કોઈ પ્રેમીને માટે પ્રેમીકા કે માતાને મંજૂર થશે ? પણ આ આજે માન્ય છે અને માન્ય કરવું પડશે. માત્ર પૈસા માટે પોતાનું દીલ નહીં, દુનિયાનું દીલ બહેલાવવા માટે, વેશ્યાની જેમ, જેનામા હૃદય જેવી કોઈ ચીજ રહી નથી શકતી અને હોય તો તે માની ન

શકાય. બધાનો અધિકાર છે તેના ઉપર, જાણે કે તે સમ્પત્તિ હોય, જેની ઈચ્છા થાય તે ખરીદે, મન ફાવે તેમ ઉપયોગ કરે, જેવી ઈચ્છા થાય તેવું વર્તન કરે ! તેને કરવું જ પડશે. કઇ જાતની છે આ ભકિત અને પ્રેમની પરિભાષા ! છતાંપણ સ્વતન્ત્રતાના ભુંગળા વગાડવામાં આવે છે ! શું આ જ એ ભકિત છે જેને શ્રીવલ્લભ ''માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદૃઢ સર્વત્તોડધિક સ્નેહ'' કહે છે ? આજે આ ભકિતનું માહાત્મ્ય આ જ છે કે કયા ભગવાનને ત્યાં કેટલી આવક થાય છે.

**ટ્રસ્ટ મન્દિર પુષ્ટિપ્રભુને માટે જેલખાનું :**

..... હવે કોઇ પ્રેમથી આ નથી કહી શકતું કે મારો બાળક મોડે મોડે સુતો છે, વહેલો ન ઉઠાડતા. સુરદાસનું પદ ભગવાનને જગાવવા માટે દુલાર નથી રહ્યું, ન તો કલેઉના પદમાં મમતાનો અનુનય છે; આ તો ફરજીયાત નાસ્તો છે જેને કેદીની જેમ ઈશ્વરને કરવો પડે છે. જાણે કે જેલખાનામાં ઉઠવાની કે ખાવાની ઘંટડી વાગી હોય !

....શ્રીવલ્લભાચાર્યજીએ જીંદગીમાં કયારેય પણ પોતાના કલેજાના ટૂકડા આરાધ્યને દૂર થવા દીધા નથી. આજે તે વહેંચાઇ રહ્યો છે ધનપતીઓના હાથમાં અને બંધાઇ ગયો છે સરકારી સંકજામાં, પબ્લિક પોલિસીની અંદર. અને હવે તેને શો-રૂમનું પૂતળું બનવાનો સમય નજીક આવી ગયો છે.

**ધર્મ અને ભગવાનની દશા એક વેશ્યાથી પણ હીનકક્ષાની છે :**

બીચારા ધર્મ અને ભગવાનની દશા એક વેશ્યાથી પણ બદતર છે... ભગવાનની સુંદર વિનિન્દિતમુકતા-દંતપંકિત બગલા ભગતોંને જોઇને ખીલી ઉઠે છે. સદાનન્દ નિરાનન્દ થઇને આ ધર્મ ખરીદવાવાળાના હાથોમાં સરાજાહેર વેંચાઇ રહ્યો છે.... બધાને આશરો આપવાવાળો પોતે જ નિરાશ્રિત થઇને બેઠો છે પોતાના ધનવાન ખરીદનારાઓની રાહ જોઇને !

**હવેલી-મન્દિરમાં દેવદ્રવ્યનો પ્રસાદ ખાવો એટલે નરકની ટિકિટ કપાવવી:**

ધર્મશાસ્ત્રમાં જે બુદ્ધિમાન બ્રાહ્મણને દેવલકવૃત્તિથી અધમ માનેલો છે... આજે એજ દેવલકવૃત્તિનું ધન જીભના ચટકારા લઇને વૈષ્ણવસમાજ ખાઇ રહ્યો છે. નાથદ્વારામાં કઇ વસ્તુ સ્વાદિષ્ટ છે.... આજ વિવેચન કરે છે... પણ મારૂં કર્તવ્ય શું છે આ કયારેય વિચારતો નથી. શ્રીનાથજીમાં ધનવાનોનું સામ્રાજ્ય છે... નાથદ્વારામાં હમણાં હમણાં પૈસા ખૂબ જ આવી રહ્યા છે, કેમકે ત્યાં ધનવાનોનું સામ્રાજ્ય છે. એમના દલાલો શ્રીનાથજીનો મહિમા વધારે છે... ગરીબો માટે ઉભા રહેનાર ઠાકોરજી હવે ફકત ધનિકો માટે ઉભા રહે છે.

**શ્રીવલ્લભના આદર્શોના સ્મશાન જેવા મન્દિર-હવેલીઓ :**

ભગવન્નામ ભાગવત દ્વારા હોસ્પિટલોને માટે કરોડોની રકમ જમા થાય છે. અને જામનગરમાં આદર્શ સ્મશાન પણ છે, પણ અહીં તો સ્મશાનથી પણ આદર્શ ગાયબ થઈ જઇ રહ્યા છે ! કદાચ આદર્શનું સ્મશાન આ ટ્રસ્ટ અને સરકારી દેવાલય.

**મન્દિરનો પ્રસાદ ખાઈ શકાતો નથી :**

...વલ્લભમતમાં આ સિદ્ધાન્તતઃ ખોટું છે અને આવા દેવસ્થાનોના ચઢાવાનો પ્રસાદ પણ ખાઈ શકાતો નથી. કારણકે ત્યાં દેવલકવૃત્તિ જ મુખ્ય છે.

**દર્શન-મન્દિર ધર્મપ્રચારનું માધ્યમ બની શકતા નથી :**

જ્યાં સુધી ભગવત્સ્વરૂપ કે મૂર્તિનો સવાલ છે, ધર્મપ્રચારને તેની સાથે કોઈ સંબંધ નથી. અને ન તો એને ઉચિત પણ કહી શકાય. કારણ કે ભગવાને ધર્મની વ્યવસ્થાને માટે વેદવ્યાસ વગેરે જ્ઞાનાવતાર અને અંશાવતાર ધારણ કરીને જ ધર્મરક્ષા કરી છે. આજની (સાર્વજનિક હવેલી-મન્દિર) વ્યવસ્થા આચાર્યોચિત અને ધાર્મિક કે ભારતીય જ નથી ત્યારે શ્રીવલ્લભાચાર્યને સંમત હોવાનો તો સવાલ જ પેદા નથી થતો.... અમારી આ બાબતમાં સૂચના છે કે એક અલગ વ્યવસ્થા... કરવી જોઈએ જેનાથી શ્રીવલ્લભસિદ્ધાન્તોની રક્ષા થઈ શકે. જો આવી વ્યવસ્થા કરવામાં નહીં આવે તો દેવદ્રવ્ય થશે, જેનો ભોગ કરવાથી શ્રીઆચાર્ય સ્પષ્ટ કહી રહ્યા છે કે નરકપાત થશે.

**નકલી બેઠકો :**

બેઠકોની ભાવગંગા તો હવે ઘેરબેઠા જ માણસને પવિત્ર કરવા પોતાના ઉંચા-ઉંચા તરંગોથી બધાજ ઘર-બાર ને જ તરબોળ કરવા લાગી છે ! ... ૮૪ બેઠકોથી સંતોષ ન થયો તેથી હવે મહાપ્રભુ શ્રીવલ્લભને મુસલમાનોંના ખેતરોમાં પોતાના ઝારી અને બીજા ચિન્હો પ્રગટ કરવા માટે વિવશ થવું પડે છે !

(**નિ.લી.ગો.શ્રીરણછોડાચાર્યજી પ્રથમેશ :** ''હમારી ધાર્મિક સ્થિતિકા વર્તમાન સ્વરૂપ એવં ભવિષ્યકી વ્યવસ્થા હેતુ પ્રતિવેદન'')

**(ખ)** શ્રીવલ્લભાચાર્યજીએ સેવાને વેંચાતી લેવાની વાત નથી કહી કે લઈ આવો પૈસા આપીને. નહીં. 'તનુવિત્તજા' પદનો અર્થ જ આ છે કે તે સમસ્ત પદ છે. જ્યાં તન લાગે ત્યાં જ ધન લાગે ત્યારે જ સેવા થઈ. પરંતુ ધન લાગે અને તન ન લાગે તો સેવા કરી નથી કહેવાતી.

(**પ્રથમેશ વાક્સુધા-૧.** પાનાનં. ૫૯)

**(ગ)** ...''સેવાઽપિ કાયિકી કાર્યા'' એમ નહીં કે પૈસા આપી દીધા. પૈસા આપીને પરણેલી સ્ત્રીને નથી લાવી શકાતી, વેશ્યાને લાવી શકાય છે. વેશ્યાથી ઘર નથી વસતુ આ વાત સ્પષ્ટ છે. તેથી સાફ વાત છે કે ભગવત્સેવા અને વરણમાં પતિ-પત્નિનું દૃષ્ટાન્ત અપાય છે કે જેમાં આત્મીય સમ્બન્ધ છે.

(**પ્રથમેશ વાક્સુધા-૧,** પા.નં.૭૪)

**(ઘ)** ભેટ પણ શ્રીઆચાર્યની સન્મુખ જ થાય છે. પ્રભુની સન્મુખ નથી થતી. દેવલકવૃત્તિથી બચવાની વિધિ અને વૈદિક વ્યવસ્થાને સંભાળીને રાખવી જોઈએ. નહીંતર બુદ્ધિ બગડશે. આવું કરવાથી પતન થાય છે, અને થયું છે. (ત્યાંજ પા.નં. ૧૭૧) વસ્ત્ર અલંકારોમાં મન વધારે જતું હોય તો આવું સાહિત્ય રાખવાની આવશ્યકતા નથી. આવું કરવાથી લૌકિક વધે છે અને

ધર્મભાવના નાશ પામે છે... તેથી વૈભવ વધારવાની શ્રીગુસાંઈજીએ ના કહી હતી અને શ્રીમહાપ્રભુજીએ નાવને (દ્રવ્ય સંપત્તિથી ભરેલી) ડુબાડીને પુરૂષોત્તમને જ ઘરમાં પધરાવ્યા હતાં. (ત્યાંજ પા.નં. ૧૮૦).

**(ચ)** ધર્મની પરમ્પરા પ્રદર્શન ઉપર આધારિત નથી પરંતુ એક યથાર્થ જીવનનો ઉ જ્જવલ પક્ષ છે... કુનવારા અને બીજા મનોરથો... નું રૂપ આગળ જઈને મહાપ્રભુ શ્રીવલ્લભની આચાર-પરમ્પરા અને સમ્પ્રદાયની મર્યાદાનો નાશ કરનારૂં થશે જેની આજે કલ્પના પણ નથી કરી શકાતી. (ત્યાંજ પા.નં.૧૯૭)

(**પ્રથમેશ નિ.લી.ગો.શ્રીરણછોડલાલજી મહારાજ,** કોટા-જતિપુરા-મુંબઈ)

**(૨૫/ક)**

**પ્રશ્ન : દેવદ્રવ્ય કોને કહેવાય ?**

**ઉત્તર :** દેવદ્રવ્ય એટલે દેવનું દ્રવ્ય દેવને ઉદેશીને અર્પણ કરાતું દ્રવ્ય કે કોઈ પદાર્થ 'દેવદ્રવ્ય' કહેવાય. તે જ પ્રકારે ગુરુને ઉદ્દેશીને અર્પણ કરાતું દ્રવ્ય 'ગુરુદ્રવ્ય' કહેવાય. પ્રભુની પ્રસાદી વસ્તુને 'મહાપ્રસાદ' કહેવાય... આ પ્રકારનાં મંદિરોમાં તો સન્મુખમાં ભેટ ધરાતું દ્રવ્ય તેમજ ટ્રસ્ટની ઓફિસમાં આવતું દ્રવ્ય તેને સ્પષ્ટ 'દેવદ્રવ્ય' કહી શકાય અને તે દ્રવ્યથી સિદ્ધ થતી સામગ્રીમાં ભગવત્પ્રસાદી થયા પછી મહાપ્રસાદપણું તો આવે છે પરંતુ તેની સાથે તેમાં દેવદ્રવ્યપણું તો રહેજ છે. તેથી વૈષ્ણવોએ એ મહાપ્રસાદને દેવદ્રવ્ય સમજીનેજ વ્યવહાર કરવો જોઈએ. તે મહાપ્રસાદ લેવામાં દેવદ્રવ્યનો બાધ તો રહેલો જ છે.

**(ખ)** મંદિરના સ્થળ ફેરફાર અંગે શ્રી ગો.પૂ.૧૦૮ શ્રીબાલકૃષ્ણલાલજીએ કહ્યું કે પુષ્ટિમાર્ગમાં સાર્વજનિક મંદિરની પરંપરાજ નથી. એમાં વ્યકિતગત સ્વરૂપ, નિજી સ્વરૂપ, ની જ વાત છે. અને તેથી તેનો સેવાપ્રકાર દેવાલયપ્રકારનો નથી. મંદિરની બાંધણી પણ ઘર જેવીજ થાય છે. કયાંય ધ્વજા-શિખર હોતા નથી. વૈષ્ણવો પણ ઘરમાં સેવા કરે છે, તેને 'મંદિર' જ કહે છે...

('સેવા-દેવદ્રવ્ય-વિમર્શ' ગ્રંથના સહલેખક **નિ.લી.ગો.શ્રીબાલકૃષ્ણલાલજી મહોદય, સૂરત :** ૨૩/ક : વૈ.વા.અંક.૩. વર્ષ.માર્ચ ૧૯૮૩-૨૩/ખ : 'ગુજરાત સમાચાર' અંક ૨૫-૫-૯૩માંથી સાભાર).

**(૨૬/ક)** ...બ્રહ્મસંબંધ લે કર સેવા કરનેસે પ્રત્યેક ઇન્દ્રિયોંકા ભગવાન્‌મેં વિનિયોગ હોતા હૈ... મન્દિર-ગુરુઘર કેવલ ઉપદેશ ગ્રહણ કરનેકે લિયે હૈં. સેવા હમેં અપને ઘરોંમેં કરની હૈ.

(**'વલ્લભવિજ્ઞાન'** અંક : ૫-૬, વર્ષ ૧૯૬૫)

**(ખ)** આજે ઘણા ઘરોમાં સેવા થાય છે, પરંતુ શું આપણે વિશ્વાસપૂર્વક કહી શકીએ છીએ કે આ સેવા સાચી સેવા છે ? શું આજની સેવા 'ચેતસ્તત્પ્રવણં સેવા' (ચિત્તનું પ્રભુમાં પરોવાઈ જવું તે સેવા છે.) નું અક્ષરશઃ સાર્થક સ્વરૂપ છે ?

હકીકતમાં તો અમે ખુદ વલ્લભવંશજ ગોસ્વામી પણ આવો દાવો કરી જ નથી શકતા

કે આજે અમે સાચી સેવા કરી રહ્યા છીએ. આવું કહેવામાં મને જરાપણ સંકોચ નથી થઈ રહ્યો, કેમકે હું દંભનું સંરક્ષણ કરવા નથી માગતો. તેથી સ્પષ્ટ છે કે જો અમારા ગોસ્વામીઓમાં સેવાની અને શ્રીમહાપ્રભુજી દ્વારા ઉપદેશાયેલા સિદ્ધાન્તોનાં પૂર્ણ પરિપાલનની ક્ષમતા હશે તો જ અમારા અનુયાયી આપ મેળે સેવા અને સિદ્ધાન્તના પરિપાલનમાં સક્ષમ બની શકશે, બાકી તો નહીં. કેમકે અમે ગોસ્વામી અને વૈષ્ણવ એક જ તત્ત્વના બે પ્રકાર છે. વલ્લભકુળ બિન્દુ સૃષ્ટિ છે તો વૈષ્ણવ નાદસૃષ્ટિ છે. આ સ્થિતિમાં શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી પ્રભુચરણ દ્વારા કરવામાં આવેલી આજ્ઞા વલ્લભકુળ અને વૈષ્ણવ બંનેના માટે પરિપાલનીય છે.

(**પૂ.પા.ગો.શ્રીમથુરેશ્વરજી મહારાજ,** વડોદરા-સુરત, પુષ્ટિબોધ ભાગ-૧, પૃ.૨૩ વિ.સં.૨૦૩૪)

**(૨૭)**

**પ્રશ્ન : આપણા સંપ્રદાયમાં મંદિરને 'મંદિર' ન કહેતાં 'હવેલી' શા માટે કહેવામાં આવે છે ?**

**ઉત્તર :** સામાન્ય રીતે ઈતર હિંદુ સંપ્રદાયમાં 'મંદિર' શબ્દ દેવાલયના અર્થમાં વપરાય છે પરંતુ આ રીતે દેવાલયના રૂપમાં મંદિર જેવી સંસ્થાનું પુષ્ટિમાર્ગમાં અસ્તિત્વ નથી. કારણ કે પુષ્ટિમાર્ગમાં જે પ્રભુ આપણા માથે પધરાવવામાં આવે છે તે પ્રભુ-સ્વરૂપ અને તેમની સેવા દરેકના વ્યકિતગતરૂપે તેમની ભાવના અનુસાર પધરાવી આપવામાં આવે છે. પોતાના શ્રીઠાકોરજીની સેવા પુષ્ટિમાર્ગીય જીવનું એકમાત્ર પોતાની ફરજ બની જતું પોતાનુંજ ધર્માચરણ છે. પુષ્ટિમાર્ગમાં સેવા સામુહિક જીવનનો વિષય નહિ પણ વ્યકિતગત જીવનનો વિષય છે. જેમ લોકમાં પત્ની અથવા માતાનો પતિ અથવા પુત્રની સેવાનો કે વાત્સલ્ય આપવાનો તેનો વ્યકિતગત ધર્મ ફરજ અને અધિકાર હોય છે, તે જ પ્રમાણે જે સેવકનું જે સેવ્ય સ્વરૂપ હોય તે સેવ્યની સેવાનો તેનો વ્યકિતગત ધર્મ અને અધિકાર છે. સેવા એ જાહેર કાર્ય કે જાહેર પ્રવૃત્તિ નથી પરંતુ સેવા એ પોતાના આંતરિક જીવન સાથે સંબંધ ધરાવતી હોવાથી તે આપણા જીવનની આપણા નિજઘરમાં થતી સ્વધર્મરૂપ પ્રવૃત્તિ છે... માટે ઈતર હવેલીઓની જેમ 'શ્રીનાથજીનું મંદિર' શબ્દ રૂઢ થઈ ગયેલો હોવાથી તે વપરાય છે. હકીકતમાં સામુહિક દર્શન કે સેવા જ્યાં થતી હોય તેવા અન્યમાર્ગીય જાહેર દેવસ્થાન જેવું એ મંદિર નથી.

(**પૂ.પા.ગો.શ્રીવલ્લભરાયજી, સુરત :** 'પુષ્ટિને શીતલ છાંયડે' પાના નં. ૧૫૭-૧૫૮).

**(૨૮)** જેઓ ઘરમાં રહીને પ્રભુની સેવા કરે છે તેઓ પોતે તો કૃતાર્થ થાય જ છે પરંતુ તેઓના પરિવારના પરિજન (સભ્યો) પણ કૃતાર્થ થાય છે... બધી ઈન્દ્રિયોથી અન્તઃકરણથી ભજનાનન્દનો અનુભવ ઘરમાં રહીને શ્રીઠાકોરજીની સેવા દ્વારા થાય છે... એટલા માટે ઘરમાં આચાર્ય શ્રીગુરૂચરણ દ્વારા પુષ્ટ કરાવીને શ્રીઠાકોરજી પધરાવો અને સમયને સેવામય બનાવો... શ્રીઠાકોરજી ઘરમાં બિરાજતા હોય તો ઘર ઘર નથી રહી જતું, તેવું ઘર પ્રભુની ક્રીડા (રમણ)નું સ્થળ બની જાય છે... નન્દાલયની લીલાનું સ્થળ (નંદાલય) બની જાય છે.

... મુકુન્દદાસ ... રામદાસ સાંચોરા... કિશોરીબાઇ... જીવનદાસ ... આ મહાનુભાવોએ ... શ્રીનાથજી તથા ઘરના શ્રીઠાકોરજીમાં ભેદ નથી જાણ્યો.

...શ્રીઠાકોરજી આપણા નિધિ એટલે કે સર્વસ્વ છે... આવા પૂર્ણપુરૂષોત્તમ શ્રીનન્દરાજકુમારને શ્રીમહાપ્રભુજીએ આપણા ખોળામાં પધરાવીને આપણને ભાગ્યશાળી બનાવ્યા છે. આ અલૌકિક નિધિ (ધન) આપીને આપણને ધન્ય બનાવ્યા છે. આનાથી મોટું કયું બીજું ફળ છે !

... જે સાંસારિક કામનાથી શ્રીઠાકોરજીનું ભજન એટલે કે દર્શન સ્મરણ સેવા કરે છે તેને કલેશ જ હાથમાં આવે છે... ઘરના ઠાકોરજી જ સર્વસ્વ છે... તેઓ જ નિત્યલીલાના આનન્દનો અનુભવ કરાવશે. તેઓ આપણા પતિ છે જે ભયથી રક્ષા તેમજ સુરક્ષા પણ કરે છે.

શું કોઇ સ્ત્રી બીજે ઠેકાણે જઇને કોઇની સેવા કરી શકે છે ? કયારેય નહીં ....ઘરના સભ્યોથી આ સહન નહીં થાય... તેવી જ રીતે જે પોતાના માથે શ્રીઠાકોરજી ઘરમાં બિરાજે છે તેને આપણે ઇચ્છામાં આવે તેવા નવા-નવા પુષ્ટિમાર્ગીય મનોરથકરીને સામગ્રી સિદ્ધ કરીને લાડ લડાવી શકીએ છીએ પણ આવો અધિકાર કોઇ બીજે ઠેકાણે કાંઇ થોડો મળી શકે છે. તેથી ''ઘરકે ઠાકુરકે સુત જાયો નન્દદાસ તહાં સબ સુખ પાયો''.

શ્રીનાથજીને પણ દેવાલયની લીલા છોડીને નંદાલયની લીલા કરવા માટે શ્રીગુસાંઇજીના ઘરમાં પધારવું પડયું. ''વ્યાજં લલૌકિકમાશ્રિત્ય શ્રીવિટ્ઠલગૃહેડગમત્''. તેથી શ્રીનાથજીનો આ પાટોત્સવ જ મુખ્ય માનેલો છે. જે ફાગણવદી સાતમનો આવે છે.

તેથી ઘરમાં બિરાજતા શ્રીઠાકોરજીનું સ્વરૂપ સમજવું ખૂબ જ જરૂરી છે. કોઇ પત્ની પોતાના પતિની સેવા ન કરે, તેના ગુણગાન જ ગાતી રહે... તો શું પતિ સંતોષ પામશે ? આ જ રીતે... જે કૃષ્ણ-કૃષ્ણ ગુણગાન કરતા રહે છે, પણ સેવા સ્વધર્મથી વિમુખ રહે છે તેઓ હરિના દ્વેષી છે (વિષ્ણુપુરાણ) સેવાથી સેવ્યને સંતોષ મળે છે આ જ વૈષ્ણવોનો સ્વધર્મ છે.

(**દ્વિતિયગૃહીય પૂ.પા.ગો.શ્રીગોકુલોત્સવજી મહારાજ,** ઇન્દોર-નાથદ્વારા, ૨૫૨ વૈ.વાર્તા, ખંડ-૨ની ભૂમિકા પૃ. ૧૫-૩૬)

**(૨૯)** શ્રીમહાપ્રભુજીએ જાુદા-જાુદા મંદીરોની પ્રણાલી ઉભી નથી કરી; પરંતુ આમાં જગદગુરૂ શ્રીવલ્લભાચાર્યનો એક લાં...બો દ્રષ્ટિકોણ હતો. દરેક વૈષ્ણવનું ઘર નન્દાલય બનવું જોઇએ. કોઇ મન્દિરની બાજાુમાં એક બહેન રહે છે. તેને મન્દિરની આરતીનો ઘંટાનાદ સંભળાય જાય છે. સેવા કરવા માટે બેઠેલી તે બહેન ઠાકોરજીના વસ્ત્ર વડા કરીને સ્નાન કરાવવા જઇ રહી હતી એટલામાં આરતીનો ઘંટાનાદ સંભળાયો. તે ઠાકોરજીને તે જ અવસ્થામાં છોડીને મન્દિરે દોડી ગઇ. થોડા સમયમાં પાછી ઘરે આવી. હવે વિચાર કરો કે આવી રીતે કોઇ સેવા કરે તો તેમાં કયારેય આનંદ આવી શકે છે શું ? અહીં તો એક-એક વૈષ્ણવનું ઘર નંદાલય છે.

(**પૂ.પા.ગો.સુશ્રીઇન્દિરાબેટીજી,** વડોદરા ''વૈષ્ણવ પરિવાર'' અંક જૂન ૯૦)

**(૩૦)** ''અતિ ધન્યવાદાર્હ હૈ કિ આપને ઇતની મેહનત કરકે સમ્પ્રદાયકે સિદ્ધાન્તનકું કોર્ટમેં

સમઝાયે'' - ''હમારા ઈસમેં પૂરા સહયોગ હોગા, તનમનધનસે... હમારે સભી ચિ.બાલક ઈસ કાર્યમેં સહયોગ કરનેકો તૈયાર હૈ''.

**(નિ.લી.ગો.શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ, જામનગર** : ગો.શ્યામ મનોહરજી (પાર્લા-કિશનગઢ) ને મોકલાવેલ તા. ૨૬-૧૦-૮૬ અને ૭-૧૧-૮૬ ના પત્રોમાં).

**(૩૧)** પુષ્ટિમાર્ગની આજે ઉપેક્ષા થવા લાગી છે. તેની પરમ્પરા જ હવે તૂટવા લાગી છે. આના મૂળમાં જો કાંઇ હોય તો તે છે આજની સાધન-સમ્પત્તિ. એ જ આપણા સંસ્કાર બગાડી રહી છે. અત્યારે પણ જે ઘરમાં અલૌકિક (પ્રભુ) સેવા હશે ત્યાં પુષ્ટિમાર્ગ જરૂર નભી શકશે. (જુલાઇ, ૨૦૦૭ પૃ.૬) શ્રીમદાચાર્યચરણના મત પ્રમાણે ગૃહસેવા અને પોતાના માથે બિરાજતા શ્રીઠાકોરજીનું અતિ સ્નેહથી જતન કરવું એ જ સાચા સંસ્કારનું મૂળ છે.... શ્રીગુસાંઇજીના વખતમાં છપ્પનભોગ જેવા મનોરથોની શરૂઆત કરતી વખતે (તેમાં) માત્ર લૌકિકતા જ વધશે એવી સ્પષ્ટ સૂચના આપેલી હતી... અત્યારે... મંદિરોનો ઉપયોગ યશ-કીર્તિ મેળવવા માટે થવા લાગ્યો છે. મંદિરોમાં મુખ્યતા મનોરથીની થવા લાગી છે. શ્રી(ઠાકોરજી), ગુરૂ તથા સેવાભાવનાની મશ્કરી થવા લાગી છે. જ્યારથી માર્ગીય સિદ્ધાન્તોનો ઉપહાસ થવા લાગ્યો છે ત્યારથી મંદીરની તેના સંચાલકોની વૃત્તિજ બદલાઇ ગઇ છે. આડંબર અને યશને પુષ્ટ કરવા માટે ... ઘરે ઘરે રખડવાની સ્થિતિ પેદા થઇ ગઇ છે. ... આ બધાનો સાચો ઉપાય આ કલિકાલમાં પોતાના સન્તાનોને જરૂરી સંસ્કાર પોતાના ઘરમાંથીજ આપવામાં આવે આ જ છે.

....મંદિરોનું સમ્પૂર્ણ વ્યાપારીકરણ થવા લાગ્યું છે... સમ્પત્તિ ... મેળવવાની લાલચ વધવાથી પ્રભુ (સ્વરૂપ-સેવા)ને પણ આપણે ધંધાના રૂપમાં ફેરવવા લાગી ગયા છીએ. (જુલાઇ-૨૦૦૭, પૃ.૬)

ઠાકોરજીની સેવા ચોરની જેમ કરવી જોઇએ... સેવ્યસ્વરૂપનો હું સેવક છું એનો ઢંઢેરો પીટવો કે એનું પ્રદર્શન કરવું તે પણ જીવની દીનતામાં વિક્ષેપ પેદા કરી શકે છે.... પોતાના ઘરમાં બિરાજતા ઠાકોરજીની સેવામાં પણ આટલી ગુપ્તતા જરૂરી છે. 'પ્રીત હીયેમેં રાખીયે પ્રકટ કિયે રસ જાય'ની રીતીથી તમારા પ્રાણપ્રેષ્ઠ તમને જે રસની પ્રાપ્તિ કરાવે છે તેને ક્યારેય પણ જાહેર કરી શકાતું નથી. (સપ્ટે.૨૦૦૪, પૃ.૭)

આજે તો શ્રીનાથજી-નાથદ્વારા, ચંદબાવા-કામવન અને બીજા ઠાકોરજીના દર્શન કરતાની સાથે જ પોતાની માથે બીરાજતા ઠાકોરજી ભુલાઇ જાય છે. પુષ્ટિમાર્ગમાં તો 'શ્રીજી'નો અર્થ જ પોતાના માથે બિરાજતા ઠાકોરજી એવો થાય છે. લક્ષ્મણબાલાજીમાં પણ 'તિરૂપતિ' શબ્દનો પ્રયોગ થાય છે. જેમાં 'તિરૂ' નો અર્થ શ્રી અને 'પતિ' નો અર્થ નાથ(એટલેકે શ્રીનાથ) જ થાય છે. એટલે કે પોતાના ઘરમાં બિરાજતા ઠાકોરજીમાં જ પોતાના સર્વસ્વનું દર્શન થવું જોઇએ. એમને આરોગાવ્યું એટલે આખી દૂનિયાને પ્રસાદ લેવડાવી દીધો એવો ભાવ સિદ્ધ થવો જોઇએ. જ્યારે અહીંઆ તો ઉલટી ગંગા વહી રહી છે. પોતાના સેવ્ય

ઠાકોરજીમાં બધાજ નિધિસ્વરૂપોના દર્શન થવાના બદલે હવે તો બધામાં અરે, ત્યાં સુધી કે જીવમાત્રમાં આપણે પોતાના ઠાકોરજીના દર્શન કરવાના વિચાર કરી રહ્યા છીએ ! અને પાછી બુદ્ધિની ચતુરાઇ પણ વાપરી રહ્યા છીએ કે બધામાં ઠાકોરજીનો અંશ છે એટલા માટે ઘરમાં પ્રભુની સેવા કરીએ કે પછી બીજાઓની સેવા કરીએ બધું સરખું જ છે !! તેથી અન્યસેવાઓ દ્વારા સંતોષ મેળવવાનું શરૂ કર્યું. આનાથી શરીર, પૈસા, કીર્તિ બધાનું રક્ષણ થાય અને ઉપરથી પરમ ભગવદીય કહેડાવવા લાગ્યા !!! (સપ્ટેમ્બર, ૨૦૦૭ પૃ.૭)

શ્રીવલ્લભ ઠાકોરજી-સ્વામિનીજીના ઉભય સ્વરૂપે બિરાજે છે તેથી લક્ષ્મી તેમની દાસી ગણાય. એટલે કે શ્રીવલ્લભને તો કોઈ જ આર્થિક પ્રશ્ન હોય જ નહીં. છતાં આપના વાર્તા પ્રસંગમાં સ્પષ્ટ બતાવે છે કે આજે સેવા (ગુરુભેટ) નથી આવી તો ઠાકોરજીની કટોરી ગીરવે રાખી પૈસા લાવી સામગ્રી લાવો અને ભોગ ધરે. પ્રભુસેવા તો થાય પણ તે પ્રસાદઆપ પણ આરોગે નહીં કે સેવકને પણ લેવા ન દે. વાર્તા પ્રસંગમાં સમજાવેલી આવી સ્થિતિ આપણા જેવાને શીખ આપવા માટે છે કે ગમે તેવી વિકટ સ્થિતિ હોય છતાં દેવદ્રવ્ય કદાપિ કોઈથી લઈ શકાતું નથી. એટલે જ બ્રહ્મસંબંધ સમયે સઘળું સમર્પિત કરવાની આજ્ઞા કરી છે કે જેથી ભગવત્પ્રસાદ સ્વરૂપે તમે લઈ શકો. અર્થ સ્પષ્ટ જ છે કે પ્રભુનો પૈસો ગુરુદેવ કે સેવક કોઈથી વાપરી ન શકાય. (ફેબ્રુઆરી, ૨૦૦૯, પૃ.૭)

(**નિ.લી.ગો.શ્રીગિરિધરલાલજી મહારાજ-પંચમેશ**, કામવન, માસિકપત્ર-વૈષ્ણવતા, સાંચે બોલ તિહારે, પ્રકાશક-પંચમ ગૃહાધીશ ગો.શ્રીવલ્લભલાલજી મહારાજ, વલ્લભવિદ્યાનગર-કામવન)

**(૩૨/ક) ગો.શ્રીહરિરાયજી :** જરા ધ્યાનથી સાંભળજો .. ‘‘તત્ર અયમ્ અર્થઃ. લાભપૂજાર્થયત્નસ્ય ઉપધર્મત્વ-દેવલકત્વાદિ’’ સ્પષ્ટ સાંભળજો, ‘‘સમ્પાદકત્વાત્’’ ... લાભ-પૂજાર્થ યત્ન કરે છે જે સેવા કરીને, જ્યારે તે લાભ-પૂજાર્થ યત્ન કરે છે જે સેવા કરીને, જ્યારે તે લાભ-પૂજાર્થ પ્રયત્ન કરે છે તો તે ઉપધર્મ થયું. દેવલકત્વ વગેરે જે દોષો છે તે તેની અંદર પ્રવેશ થશે. ...

**ગો.શ્રીશ્યામમનોહરજી :** એટલે ખાસ ધ્યાન રાખજો હોં, કે ભાવપ્રતિષ્ઠા જે સ્વરૂપની થઈ હોય તે સ્વરૂપની પણ લાભ અથવા પૂજા માટે જો સેવા કરવામાં આવે તો સેવાકર્તા દેવલક (પાપી) થઈ રહ્યો છે...

**ગો.શ્રીહરિરાયજી :** અને ઉપધર્મત્વ આવી રહ્યું છે... અને આ નિષિદ્ધ છે. ....

**ગો.શ્રીશ્યામમનોહરજી :** આ સ્થિતિમાં ગુરુ પોતાના લાભ કે પૂજાને માટે શિષ્યથી કાંઈ પણ ઠાકોરજી માટે માંગતો હોય તો તે ... શાસ્ત્રનિષિદ્ધ હોવાથી ... દાન હોવાથી દેવદ્રવ્ય હોવાથી ઉપયોગ કરવા લાયક હોતું નથી.

**ગો.શ્રીહરિરાયજી :** હા, બિલકુલ. ... આ તો બિલકુલ સ્પષ્ટ છે. ... ‘સ્વવૃત્તિવાદ’ થી પણ સ્પષ્ટ થાય છે. (**પૂ.પા.ગો.શ્રીહરિરાયજી મહારાજ, જામનગર** પુષ્ટિસિદ્ધાન્તચર્ચા સભા, વિસ્તૃત વિવરણ પૃષ્ઠ ૧૬૪, ૧૯૩)

**(ખ)** શ્રીમદાચાર્યચરણોએ ''તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા'' આમ કહ્યું છે. કારણ કે બે અલગ-અલગ વ્યકિત તનુજા વિત્તજા કરે છે તો માનસી સિદ્ધ નથી થતી... આજ અભિપ્રાયને સમજાવવા માટે આચાર્યચરણે 'તનુવિત્તજા' આ સમસ્ત પદ કહ્યું છે... મજુરી પેટે પૈસા લઈને કે દઈને બે પુરૂષો દ્વારા કરવામાં આવેલી એવી તનુજા-વિત્તજા સેવાઓ માનસીની સાધક નથી બનતી આ અભિપ્રાય સમજાવવા માટે 'તનુવિત્તજા' સમસ્ત પદ કહેલું છે. નહીંતર તો તનુવિત્તજા ન કહીને તનુજા-વિત્તજા જ કહેત... **જો બે જુદી જુદી વ્યકિત તનુજા અને વિત્તજા કરે તો બંને સેવાઓની એક સંયુકત અવસ્થા તનુવિત્તજા નથી બની શકતી.** એથી જ માનસી સિદ્ધ નથી થતી.

**(ગ)** જ્યાં સુધી લાભપૂજાર્થયત્નનો પ્રશ્ન છે તો તેતો કોઈપણ કક્ષાનો ભકત કરશે તો દેવલક જ થશે... જો કોઈ સ્વલાભપૂજાર્થ દર્શન-મનોરથ-મહાપ્રસાદ વગેરે કરે છે તો એ ચોકકસ દેવલક છે.... **બીજાના ઘરમાં, બીજાના પૈસાથી, બીજાના ઠાકોરજીના ભોગનો મહાપ્રસાદ લેવો ઘોર સિદ્ધાન્ત વિરૂદ્ધ છે.**

**(ઘ)** હવે રહ્યો પ્રશ્ન ટ્રસ્ટની આવક અને નફો, તો ટ્રસ્ટની આવક-નફાનો લાભ અમે નથી લેતા. ઉલ્ટાનું ભગવત્શાસ્ત્રોક્ત સર્વલાભોપહરણ ન્યાયથી ટ્રસ્ટનો બધો જ નફો ભગવદર્થ કે ગો-બ્રાહ્મણને માટે વાપરીએ છીએ... અમારા પ્રભુનો નિત્યનેગભોગ પોતાના પૈસાથી આરોગાવીએ છીએ.

**(ચ)** પુષ્ટિમાર્ગીય વૈષ્ણવને માટે શ્રીભાગવતકથા કરીને આજીવિકા ચલાવવી નિષિદ્ધ છે.

(**પૂ.પા.ગો.શ્રીહરિરાયજી મહારાજ,** જામનગર, અનિર્દિષ્ટપૃષ્ઠ સંખ્યાક ''તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા'')

**(૩૩) સંયુકતઘોષણાપત્ર : અમદાવાદ**

આજે ફરીથી એ સમય આવ્યો છે. તેનાથી પણ મુશ્કેલ સમય આવ્યો છે. તે સમયે તો અન્યમાર્ગીય લોકો મતોને પ્રસ્તુત કરીને ભ્રમ ઉત્પન્ન કરતા હતા. પણ આજે તો આપણા સમ્પ્રદાયના જ સુજ્ઞજનો શ્રીમહાપ્રભુજીની વાણીનો વિપરીત અર્થ કરી રહ્યા છે. લોકોને પથભ્રષ્ટ કરી રહ્યા છે. દૈવી જીવોની સાથે ઘોર અન્યાય કરી રહ્યા છે તેથી જ હાલમાં મહાપ્રભુ શ્રીવલ્લભાધીશના વંશજ પુષ્ટિમાર્ગીય યુવાઆચાર્યોએ એક 'સંવાદસ્થાપકમંડળ' ની સ્થાપના કરીને મુંબઈમાં... ચાર દિવસ સુધી એક પુષ્ટિસિદ્ધાન્ત ચર્ચાસભાનું આયોજન કર્યું હતું...સભામાં ૩૫ મહાનુભાવ આચાર્યો ઉપસ્થિત હતા. ૨૮ ગોસ્વામી આચાર્ય મહાનુભાવોએ ગો.શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રી (કિશનગઢ-પાર્લા)ના 'સિદ્ધાન્તવચનાવલી' ના ભાવાનુવાદને સહમતિ આપી હતી. કેટલાક આચાર્ય મહાનુભાવોએ અસહમતિ આપી હતી. અને કેટલાક મૌન રહ્યા હતા. અસહમતિ પ્રકટ કરવાવાળા પૂ.પા.ગો.શ્રીહરિરાયજી વ્રજભૂષણલાલજી મહારાજશ્રી, જામનગરવાળાએ પૂજ્ય ગોસ્વામી શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રીની સાથે તેમણે કરેલ ભાવાનુવાદના મુદ્દાઓ ઉપર ચર્ચા પ્રારમ્ભ

કરી હતી. ... સમયના અભાવમાં ચર્ચા નિર્ણયપર પહોંચી ન શકી. પરન્તુ વર્તમાનમાં કેટલાક ચર્ચાસ્પદ, સંશયાસ્પદ મુદ્દાઓની સ્પષ્ટતા આ ચર્ચામાં પ્રાપ્ત થઇ તે ખરેખર એક મોટી સિદ્ધી છે. એટલું જ નહીં પરન્તુ નીચે બતાવેલ મુદ્દાઓના વિશ્લેષણમાં પૂજ્ય શ્રીશ્યામમનોહરજીની સાથે સહમત થઈને પૂજ્ય શ્રીહરિરાયજીએ આપણા સમ્પ્રદાયની ઉત્તમ સેવા કરી છે :

૧. પુષ્ટિમાર્ગીય સેવ્યસ્વરૂપ પૂર્ણપુરુષોત્તમ સ્વરૂપથી જ બિરાજે છે, તે સ્વરૂપ પછી ગુરુના સેવ્ય હોય કે શિષ્ય (વૈષ્ણવ)ના સેવ્ય હોય. બન્ને (સ્વરૂપો)માંથી કોઈમાં પણ પુરુષોત્તમપણું ઓછું કે વધારે હોતું નથી.

૨. પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્ત અનુસાર કૃષ્ણસેવા કરવાનું સ્થાન ઘર જ હોઈ શકે છે, સાર્વજનિક (સ્થળ) નહીં.

૩. પુષ્ટિમાર્ગીય ભગવત્સેવાને પૈસા કમાવાનું સાધન બનાવવું ન જોઈએ.

૪. દેવલક વ્યકિત (=ભગવત્સેવ્યસ્વરૂપને પૈસા કમાવાનું સાધન અથવા આજીવિકાનું સાધન બનાવનાર) ની સેવા નિષિદ્ધ કક્ષાની હોવાથી (તે) સેવાનો અધિકારી નથી.

૫. શ્રીઠાકોરજીને માટે કોઈપણ પ્રકારની દાન-ભેટ માંગવી અથવા સ્વીકારવી એ શાસ્ત્રદ્વારા નિષિદ્ધ છે. એટલું જ નહીં પરન્તુ લાભ-પૂજાના હેતુથી પોતાના માટે દ્રવ્ય અથવા કોઈ વસ્તુને સ્વીકારવી તે શાસ્ત્રની દૃષ્ટિમાં ઋણાનુબન્ધી દોષને ઉત્પન્ન કરનાર હોવાથી બન્ધનકારક છે.

૬. પુષ્ટિમાર્ગનાં સિદ્ધાન્ત અનુસાર શ્રીઠાકોરજીને નિવેદન કરેલા પદાર્થનું જ સમર્પણ થઈ શકે છે અને સમર્પિત પદાર્થોનો જ ભગવદ્ ઉચ્છિષ્ટરૂપમાં પ્રસાદ લઈ શકાય છે. શ્રીઠાકોરજી માટે દાન અથવા ભેટના રૂપમાં આવેલ સામગ્રીને પ્રસાદના રૂપમાં લઈ શકાતી નથી. કેમકે શ્રીઠાકોરજી માટે દાન અથવા ભેટના રૂપમાં પ્રાપ્ત થયેલ પદાર્થ (દ્રવ્ય)થી આવેલ સામગ્રીને પ્રસાદના રૂપમાં પાછી લેવાથી 'દત્તાપહાર'નું પાપ લાગે છે.

૭. સેવા તો શાસ્ત્રનો વિષય છે. તેથી સેવાના સમ્બન્ધમાં શાસ્ત્રથી-શ્રીમહાપ્રભુજીના ગ્રન્થોથીજ બધો નિર્ણય થઈ શકે છે, અન્ય કોઈ પ્રકારે નહીં.

(**સંયુકત ઘોષણાપત્ર** : અમદાવાદ, મિતિ ફાલ્ગુન સુદી ૭, શ્રીવલ્લભાબ્દ ૫૧૪, દિનાંક ૧૧ માર્ચ ૧૯૯૨)

**<u>હસ્તાક્ષર :</u>**

નિ.લી.ગો.શ્રીવ્રજરાયજી મહારાજ,<br>
પૂ.પા.ગો.શ્રીવ્રજેન્દ્રકુમારજી મહારાજ (અમદાવાદ),<br>
પૂ.પા.ગો.શ્રીદેવકીનન્દનાચાર્યજી, ચતુર્થેશ (ગોકુલ-અમદાવાદ),<br>
પૂ.પા.ગો.શ્રીવ્રજેશકુમારજી મહારાજ (કડી-અમદાવાદ),<br>
પૂ.પા.ગો.શ્રીરાજેશકુમારજી મહારાજ (કડી-અમદાવાદ),

પૂ.પા.ગો.શ્રીવલ્લભલાલજી મહારાજ (કડી-અમદાવાદ),
પૂ.પા.ગો.શ્રીજયદેવલાલજી મહારાજ,
પૂ.પા.ગો.શ્રીમથુરેશજી મહારાજ,
પૂ.પા.ગો.શ્રીકન્હૈયાલાલજી મહારાજ,
પૂ.પા.ગો.શ્રીહીરરાયજી (કામા-વીરમગામ-અમદાવાદ).

**(૩૪)** આ કાર્યક્રમ (પુષ્ટિસિદ્ધાન્તચર્ચાસભા) દ્વારા બને એટલા પ્રયાસ આપશ્રીએ મુંઝવણ દૂર કરવાનો પ્રયાસ કર્યો છે; બીજો કોઈ આમાં આશય મને દેખાતો નથી. અંતમા હું તો એક જ વસ્તુ કહીશ કે સમાજની અંદર; અને આપણા સંપ્રદાયમાં એટલું બધું સિદ્ધાન્તવૈપરીત્ય થઈ ગયું છે કે ગુજરાતના એક ગામમાં હું ગયેલો-હું તો પ્રવાસ ખુબ કરૂ છું - એ ગામમાં પુષ્ટિમાર્ગના જ આપણા સંપ્રદાયના બે મંદિરો છે અને મંદિરોની દિવાલ પણ એક જ છે. પરંતુ લોકાર્થિત્વ, જેમ આપે આજ્ઞા કરી ગઈ કાલે ''લોકાર્થીચેદ્ ભજેત્ કૃષ્ણં કિલષ્ટો ભવતિ સર્વથા'', એટલું બધું લોકાર્થિત્વ સમાજમાં ઉત્પન્ન થયું છે. પરિણામ એ આવ્યું કે બન્ને મંદિરોની દિવાલો એક જ. મંગલાના દર્શનમાં વૈષ્ણવો; એક મંદિર તો બાલકૃષ્ણલાલનું છે અને બીજું મંદિર ચન્દ્રમાજીનું છે. સવાર પડે એટલે ચન્દ્રમાજીવાળા વૈષ્ણવો બાલકૃષ્ણલાલનો જે મેવો હોય તે ચન્દ્રમાજીમાં લઈ જાય અને બાલકૃષ્ણલાલજીવાળા જે વૈષ્ણવો હોય એ ચન્દ્રમાજીનો જે મેવો અને પ્રસાદ હોય તે બાલકૃષ્ણલાલજીમાં લઈ આવે ! આવી જબરદસ્ત હોંસાતોસી વૈષ્ણવસમાજમાં ઉત્પન્ન થઈ; જાણે એકબીજાની સ્પર્ધા કરતા હોય એમ. ઈર્ષા-દ્વેષનું વાતાવરણ જ્યારે સેવાના ક્ષેત્રમાં ઉત્પન્ન થાય એનાથી મોટું લોકાર્થિત્વ કયું હોય શકે ! આ બધા કેટલાક વિચારો અને જે શો-બીઝનેસ સંપ્રદાયમાં થયો એ બધાનું નિવારણ થાય એ માટે આ આખું એક સુંદર ચર્ચાસભાનું આયોજન થયું. અને મારી તો ખાસ વિનંતી છે કે આવા બધા સિદ્ધાન્તવૈપરીત્યનો ભવાડો જો વધારે થતો હોય તો ગુજરાતમાં થાય છે. ભાગવતજીમાં પણ લખ્યું છે ''ગુર્જરે જીર્ણતાં ગતાઃ'' ભકિત જો જીર્ણ થઈ હોય તો ગુજરાતમાં. ગાડરિયો પ્રવાહ વધ્યો હોય તો ગુજરાતમાં. એટલે સિદ્ધાન્તની સત્યનિષ્ઠાને ... અને મહાપ્રભુજીના પુષ્ટિસિદ્ધાન્તોનું સદ્જાગરણ ... એમાં મારાથી બનતો સહકાર હું આપવા તૈયાર છું.

(**પૂ.પા.ગો.ચિ.શ્રીદ્રુમિલકુમારજી મહોદય** : ''પુષ્ટિસિદ્ધાન્ત-ચર્ચાસભા તા. ૧૦-૧૩ જાન્યુઆરી ૯૨ પાર્લા, મુંબઈ, વિસ્તૃત વિવરણ પૃ. ૩૧૭-૩૧૮)

**(૩૫)** પુષ્ટિમાર્ગ ગુપ્ત છે, કાંઈ દેખાડવા માટે તો છે જ નહીં, ભકત અને ભગવાનની વચ્ચે આંતરિક સમ્બન્ધ દ્દઢ કરવાનો માર્ગ છે... બંનેના સંબંધ એવા હોવા જોઈએ કે કોઈ ત્રીજાને તેની ખબર ન પડે. આપણો આપણા ભગવાનની સાથે શું સમ્બન્ધ છે આને બીજી કોઈ વ્યકિતને દેખાડવાની જરૂર જ શું છે ? વખાણ કરાવવા માટે ? પોતાની મહાનતા વધારવા ? આ તો બધું જ બાધક છે.

(**પૂ.પા.ગો.ચિ.શ્રીદ્વારકેશલાલજી,** અમરેલી-કાંદીવલી, 'પુષ્ટિવનિતા' પૃ.૧૨)

(૩૬/ક)

**પ્રશ્નઃ** આજ ચલ રહે જો ડિસ્પ્યુટ્ હૈ વામેં કિતનેક સિદ્ધાન્ત ચર્ચિત હો રહે હૈં જૈસે કિ નયે મન્દિર નહીં ખોલને, ટ્રસ્ટ મન્દિર નહીં બનાને, ઠાકુરજીકે નામપે દ્રવ્ય નહીં લેનો, ઠાકુરજીકે દર્શન નહીં કરાને, તથા બિના સમજે-સોચે કોઇકુ બ્રહ્મસમ્બન્ધ નહીં દેનો. ઇન સબ વિષયમેં આપકો અભિમત ક્યા હૈ ?

**ઉત્તર :** દેખો મન્દિરકી જહાં તક સ્થિતિ હૈ તો યે બાત સત્ય હૈ કે પુષ્ટિમાર્ગીય પ્રકારસું મન્દિર તો માત્ર એક હી (શ્રીનાથજીકો) હૈ; ઓર સબ ઘરકી સ્થિતિ હતી. .... આજ મન્દિર જિતને હૈં અથવા જિન સ્થાનનકું અપન મન્દિર સમઝે હૈં વો સ્થાન ... વાકુ અપન મર્યાદાપુષ્ટિ મન્દિર કહ સકે હૈં. પુષ્ટિમન્દિર નહીં. પુષ્ટિકો પ્રકારતો માત્ર ગૃહસેવામેં હી હૈ.

**(ખ)** આજથી દોઢસો વર્ષ પૂર્વે, શ્રીમહાપ્રભુજીના સમયથી ત્યાં સુધી, પુષ્ટિમાર્ગમાં કોઇ ભગવદ્ મન્દિર ખોલવાનો ક્રમ ન હતો. પ્રત્યેક વૈષ્ણવને ઘરે-ઘરે સેવા થાય તેનો આગ્રહ રખાતો હતો. વૈષ્ણવો પોતાને ઘરે શ્રીઠાકોરજીના સ્વરૂપને સેવ્ય કરી પધરાવી ગુરુઘરની પ્રણાલિકા મુજબ સેવા કરતા..

**(ગ)** આમ તો અજ્ઞાન આજે સ્વરૂપભાવના સ્થાપન કરીને સેવ્ય કરવાની પ્રક્રિયામાં પણ છે. શ્રીગુસાંઈજીએ લખેલી શ્રીપુરુષોત્તમપ્રતિષ્ઠાપ્રકારના અન્તર્ગત ભાવક્રમના અનુસાર ગુરુમુખોદિત માર્ગથી (સેવ્યસ્વરૂપને) સેવ્ય કરવાનું પણ ભૂલાઈ ગયું છે. કેવળ ચરણસ્પર્શ માત્રની વ્યકત ક્રિયા જોઈને લોકો એને જ પુષ્ટ કરવાની વિધી માની બેસે છે.

**તનુવિત્તજા સેવા :**

"તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા" આને એમ સમજવું જોઈએ કે દેહ અને દ્રવ્ય અથવા હું અને મારું, આમનો વિનિયોગ જ્યારે ભગવદર્થે કરીએ છીએ તો તેનાથી મનની નિયન્ત્રિત એકતાનતાનો લાભ થાય છે. ...તનુજા અને વિત્તજા સેવાનો અર્થ આ જ સમજવો જોઈએ. આ શબ્દો અને તેના અર્થો ના ભ્રામક પ્રયોગોથી ભ્રમિત ન થવું જોઈએ. જેમ માટી અને પાણી લતાને પલ્લવિત અને પુષ્પિત બનાવવામાં મદદરૂપ બને છે તે જ પ્રમાણે ભગવદીયજનોનું વાત્સલ્ય અને ભાવરૂપ બીજ આ માટી-તન અને પાણી-વિત્તના સહયોગથી માનસી સેવારૂપી લતાને પલ્લવિત કરીને ફલવતી બનાવી દે છે.

**(ઘ)** ખેતરમાં ભરાયેલા પાણીને પી ન શકાય...તે અનાજ તો પેદા કરી શકે છે. તે પોતાનું કેવળ પેટ ભરવાનું સાધન જ કરે છે. તે કોઈ બીજાને માટે ઉપયોગી થતું નથી... પોતાનું પેટ ભરવા માટે ભગવદ્ગુણગાન કરે છે તેઓ આવા પ્રકારના હોય છે કે જેમ ખેતરમાં ભરેલું પાણી હોય છે. પ્રદ્મનાભદાસજી... આચાર્યચરણના નિબન્ધનો શ્લોક સમજાવતાંની સાથે જ પોતાની પૌરાણિક વૃત્તિ છોડી દીધી !... આપણા મકાનમાં વાસણ ધોવાના પનાલા છે તેમાં જે પાણી જાય છે તે એક ખાડામાં ભેગું થાય છે... તે પાણીતો માત્ર ગંધ જ મારે છે... ભગવદ્ભાવ હોવા છતાં પણ જેના સ્વભાવમાં દુઃસંગના દ્વારા દોષ ઉત્પન્ન થઇ જાય છે આવા મનુષ્ય તે ગંદા

ખાડા જેવા બની જાય છે કે જેમાં પાણી તો ભરેલું હોય છે પરંતુ તે પાણી કોઈ ઉપયોગનું નથી હોતું. તે ભરાયેલું પાણી માત્ર દુર્ગંધ પેદા કરે છે... પાંચમા (ભગવદ્ગુણગાન કરીને પોતાની આજીવિકા ચલાવનારા નીચ વકતાઓનો ભાવ) ગટરના જેવોજ દુર્ગન્ધયુકત... સ્પર્શ પણ ન કરી શકાય તેવો હોય છે. (પૂ.પા.ગો.શ્રીવ્રજેશકુમારજી તૃતીયેશ ૩૦/ક : 'આચાર્યશ્રીવલ્લભ' ઓગસ્ટ ૧૯૯૪, અંપ ૫, પુષ્ટિમાર્ગવર્તમાન, પ્રશ્ન-ઉત્તર ૪, પૃ.૭.૩૦/ખ : બ્રજ મોહે બિસરત નાહીં, પૃ.૧૪૦-૪૧. ૩૦/ગ : સિદ્ધિસોપાન, પૃ.૪૭-૪૯. ૩૦/ઘ : જલભેદ પ્રવચન, વડોદરા)

**(૩૭)** શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે દુનિયામાં ભટકતું રહેતું આપણું મન-ચિત્ત શ્રીઠાકોરજી સાથે જોડીને તેમની તનુવિત્તજા સેવા કરવી. ....તનુવિત્તની સેવા એટલે આપણે કમાયેલા પોતાના ધનથી, પોતાના ઘરમાં શ્રીઠાકોરજીની પોતાના શરીરથી સેવા કરવી તે.

(**પૂ.પા.ગો.ચિ.શ્રીવાગીશકુમારજી** 'વલ્લભીય ચેતના', ઓકટોબર ૧૫, ૨૦૦૩, પૃ.૪)

**(૩૮)** ચિત્ત ભગવત્પ્રેમમાં પરિપૂર્ણ થઈ જાય, પૂર્ણતઃ ભગવાનમાં લાગી જાય. તન્મય અને તલ્લિન બની જાય છે ત્યારે પરાસેવા થાય છે. આને માનસી સેવા કહેવામાં આવે છે. આની સાથે માણસને શરીરથી પણ સેવા કરવી જોઈએ... તનુજા સેવાથી શરીરની શુદ્ધિ થાયછે. અહન્તા-અહંપણાનો નાશ થાય છે. અહન્તા અને મમતા એક-બીજાની સાથે જોડાયેલી રહે છે તેથી તનુજા અને વિત્તજા સેવા એક સાથે કરવી જોઈએ. આમાં મુખ્યતા તનુજા સેવાની છે. માત્ર પૈસા આપી દેવાથી સેવા થતી નથી. તેનાથી તો (ચિત્તમાં) રાજસી વૃત્તિ પેદા થાય છે.

(**ષષ્ઠગૃહાધીશ પૂ.પા.ગો.ચિ.શ્રીદ્વારકેશલાલજી,** વડોદરા, શ્રીમદ્ભગવદ્ગીતા પુષ્ટિદર્શન પૃ.૧૨૫)

**(૩૯)** કઈ બાર પ્રભુ સામગ્રી પર માત્ર દૃષ્ટિ કરતે હૈ, ઉસે આરોગતે નહી હૈ. જિસ પ્રસાદકો લેનેકા આમન્ત્રણ પહલે હી દે દિયા ગયા હો ઉસે... વૈષ્ણવોંકો પહેલેસે નિમન્ત્રણ ભેજા જાતા હૈ કિ હવેલી પર દોપહર બારહ બજે પ્રસાદ લેને આના હૈ. યહ બાત ઠીક નહીં હૈ.

(**આશ્રય,** માર્ચ ૨૦૦૫, પાનું ૧૨)

શ્રીમહાપ્રભુજીકી સ્પષ્ટ આજ્ઞા હૈ કી પ્રત્યેક વૈષ્ણવકા મુખ્ય કર્તવ્ય પ્રભુસેવા હૈ. અપને ઘરમેં બિરાજતે પ્રભુકી સેવા કરના હી વૈષ્ણવકા પરમ ધર્મ હૈ... "હમ ઘરમેં સેવા નહીં કર સકતે, નિત્ય પાઠાદિ ભી નહીં હો પાતે હૈ ઈસલિયે નિયમિત મન્દિરમેં દર્શન કર આતે હૈં" યહ તો મન મનાનેકી બાતે હૈ. યહ વિચાર ઠીક નહીં હૈ. સેવા નિત્યનિયમ અવશ્ય કરને ચાહિયે. સેવાકા વિકલ્પ મન્દિર જાના નહીં હો સકતા.

(**પૂ.પા.ગો.શ્રીનવનીતલાલજી મહારાજ,** ભાવનગર-કામવન, આશ્રય, ફેબ્રુઆરી ૨૦૦૫, પાનું ૧૨)

**(૪૦)** તનુજા સેવા અને વિત્તજા સેવા એક જ વ્યકિત કરે ત્યારે જ તે માનસી સિદ્ધ કરે છે.

માત્ર તનુજા કરી લીધી અથવા માત્ર વિત્તજા કરી લીધી તો અહન્તા-મમતા દૂર નહીં થાય... કેવી રીતે ? હું તમને એક દાખલો આપું છું... જેઓ ઘરમાં સેવા કરે છે તેમના માટે તો પ્રશ્ન જ નથી. પરંતુ જો કોઇ વિત્તજા સેવા કરશે તો સમજી જાવ કે તેણે મન્દિરમાં ભેટ આપી. મનોરથકર્યો. તેની તમે પહોંચ ફડાવશો... ત્યારે તમે કહેશો 'મેં સેવા લખાવી છે'. તમે બોલો છો 'મેં સેવા લખાવી છે' ત્યારે અહન્તા કયાં દૂર થઇ ? હવે તમે મહેતાજી પાસે શું માંગશો ? ''આ પહોંચ છે, મારો પ્રસાદ લાવો''. તો જાુઓ અહન્તા-મમતામાં આપણે વધારે બંધાઇ ગયા. તેથી આવી સેવા સંસારને દૂર નહીં કરે, સંસારમાં ફસાવશે... માત્ર જો આપણે વિત્તજા કરીએ છીએ આપણા અહંકારને વધારીએ છીએ. અને અહન્તા દૂર નહીં થાય, મમતા દૂર નહીં થાય તો માનસી કેવી રીતે સિદ્ધ થશે ? કારણ કે બધા જ બંધનનું મૂળ અહન્તા-મમતા જ છે.

(**પૂ.પા.ગો.શ્રીદ્વારકેશલાલજી મહારાજ,** કામવન-સુરત, સિદ્ધાન્તમુકતાવલી પ્રવચન, ભરૂચ, જાન્યુ.૨૦૦૫)

**(૪૧/ક)** શ્રીમહાપ્રભુજી વલ્લભાચાર્યજીના પુષ્ટિસમ્પ્રદાયમાં બે દીક્ષાઓ આપવામાં આવે છે. બંને દીક્ષાઓનું પ્રયોજન અને તેના પછી કર્તવ્યનો પણ વિચાર અતિ જરૂરી છે. માત્ર શિષ્યેષણાને વશ થઇને ચેલા મુંડવાના ચક્કરમાં આપવામાં આવતી દીક્ષાથી કોઇ પ્રયોજન સિદ્ધ થતું નથી. જે ભગવત્સેવા કરવા માટે તૈયાર નથી તેવાઓને કયારેય પણ બ્રહ્મસમ્બન્ધ દીક્ષા લેવી જોઇએ નહીં. પરંતુ શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તોમાં જો તે નિષ્ઠાવાળો હોય તો તેને માત્ર નામદીક્ષા લેવી જોઇએ અને અન્યાશ્રયનો ત્યાગ કરીને શ્રીકૃષ્ણનો આશ્રય દ્રઢ કરવા માટે પ્રયત્નશીલ બનીને નામસેવારત રહેવું જોઇએ. પણ બ્રહ્મસમ્બન્ધ દીક્ષા લીધા પછી શ્રીકૃષ્ણની સેવા કરવી અનિવાર્ય છે.

શ્રીકૃષ્ણની સેવા પણ શ્રીમહાપ્રભુજી દ્વારા બતાવવામાં આવેલી રીતિને અનુસાર જ થઇ શકે છે. પોતાના ઘરમાં પોતાના પરિવારના સભ્યોની સાથે પોતાના જ દ્રવ્યથી ભગવત્સેવા કરવી જોઇએ. બીજાને પૈસા આપીને અથવા બીજા પાસેથી પૈસા લઇને કરવામાં આવતી સેવા તે ભગવત્સેવા તો કયારેય પણ નથી જ પરંતુ શ્રીમહાપ્રભુજીનો દ્રોહ થવાથી ગુરૂ-અપરાધથી ગ્રસિત બનાવીને આરૂઢપતિત બનાવે છે અને આ ભક્તિમાર્ગમાંથી ભ્રષ્ટ કરે છે. પૈસા કમાવા માટે કરવામાં આવતી ધંધાદારી સેવાથી તો ચાંડાલની સમાન હીન દેવલક બની જવાય છે. તેથી ભગવત્સેવા પોતાના ઘરમાં પોતાના પૈસાથી અને પોતાના જ શરીર દ્વારા જ થઇ શકે છે.

સેવાની જેમ ભગવત્કથા-કીર્તન પણ પોતે જ અથવા ભગવદીયોની સાથે કરવા જોઇએ. ધંધાદારી કથાકારોને દ્રવ્ય-દક્ષિણા આપીને કરાવવામાં આવતી કથા રાખમાં ઘી હોમવા બરાબર છે. આવી કથા, પારાયણ, કીર્તન અથવા સપ્તાહ પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્તથી સર્વથા વિરૂદ્ધ છે. તેથી સેવા અને કથા બંને પૈસા આપીને અથવા લઇને કરવાથી કોઇપણ જાતના અલૌકિક પુષ્ટિફલની પ્રાપ્તિ સ્વપ્નમાં પણ નથી થઇ શકતી. હા બહિર્મુખ જરૂર થઇએ છીએ.

**(ખ)** ''અમે તો રાજના ખાસા ખવાસ રે મુક્તિ મન ન આવે રે'' વ્રજાધિપનું સેવન કરવાવાળા

અમે મુકિત નથી માગતા. છતાં પણ વૈષ્ણવ ભાગવત સપ્તાહ બેસાડીને પોતાના પિતૃઓને મોક્ષના માર્ગ ઉપર મોકલે છે ! પિતૃમોક્ષાર્થ ભાગવત સપ્તાહ ! કોઈ એકસો આઠ ! કોઈ એક હજાર આઠ ! ...આપણા પિતૃ તો ગોલોકમાં જાય છે ! તેને પાછા મોક્ષમાં શું કામ મોકલો છો? ... ભાગવત સપ્તાહ પૂરી થઈ ગયા પછી માળા પહેરામણી (સૌરાષ્ટ્રની એક વૈષ્ણવ પરંપરા) કરવામાં આવે છે અને કહે છે કે હવે ગોલોક ધામ ... હવે ગોલોકધામમાં મોકલવા છે ! મતલબ એવો થયો કે પિતૃઓને અહીંથી ત્યાં માત્ર ધક્કા જ ખવડાવવા છે ! આપણું કોઈ ધ્યેય જ નિશ્ચિત નથી !! આપણે શ્રીમહાપ્રભુજીના ગ્રંથોને ખોલ્યા નથી તેનું આ દુષ્પરિણામ છે કે જે આપણા પૂર્વજોને ભોગવવું પડી રહ્યું છે.

(**પૂ.પા.ગો.ચિ.શ્રીપુરૂષોત્તમલાલજી,** જુનાગઢ, શ્રીયમુનાષ્ટક પ્રવચન, રાજકોટ, ૨૦૦૬)

**(૪૨)** આજે જે રીતે બ્રહ્મસમ્બન્ધદીક્ષા પ્રદાન કરવામાં આવે છે એમાંથી ઘણા ખરા દીક્ષાર્થીઓ એવા હોય છે જેમને પુષ્ટિમાર્ગ શું છે, દીક્ષા પછી એમનું કર્તવ્ય શું છે, પુષ્ટિમાર્ગના પાયાગત સિદ્ધાંત શું છે એના સાથે એમને કોઈપણ પ્રકારની નિસ્બત નથી હોતી. આવા દીક્ષાર્થીઓ તો ફકત જાતને વૈષ્ણવ કહેડાવવાની ઔપચારિકતા પૂરી કરે છે. ... જેમનો ધ્યેય રાસ-ગરબા, દર્શન અને પ્રસાદ પૂરતો જ સીમિત છે. આપણા સેવ્ય પ્રભુમાં નિરોધ સિદ્ધ થાય, પ્રભુનો સાનુભાવ-સાક્ષાત્ પ્રકટ થવું-થાય એ જ પુષ્ટિમાર્ગીયોનું ફળ છે અને એ જ દરેક પુષ્ટિમાર્ગીનો ધ્યેય હોવો જોઈએ. ...પુષ્ટિમાર્ગના સાચા ધ્યેયને જ આજે પુષ્ટિમાર્ગીયો વિસરી ગયા છે. ... માર્ગના ગ્રન્થોના અધ્યયનમાં અનુયાયી વર્ગની ઘટીત જતી રુચિ આ પરિસ્થિતિની ઘણા અંશે જવાબદાર છે. શ્રીઆચાર્યચરણોના ઉપદેશો જ આપણને આ પરિસ્થિતિમાંથી ઉગારી શકશે. ... પોતાના સિદ્ધાન્તનો નિશ્ચય કરતા શ્રીવલ્લભ આપણને ''કૃષ્ણસેવા સદા કાર્યા'' નો જ ઉપદેશ કરે છે. પણ માર્ગમાં વધતા જતા વ્યાપારીકરણને કારણે શ્રીવલ્લભાધીશના ગૃહસેવાના સિદ્ધાન્તને કેટલી હાની પહોંચી છે તે આપણે સહુ જોઈ શકીએ છીએ... શ્રીઆચાર્યચરણની કૃપાથી વ્રજના અધિપતિ એવા સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ આપણે ત્યાં પધારી આપણી સેવા અંગીકાર કરે છે એથી વિશેષ કૃપા બીજી કઈ હોઈ શકે ? ... એવા પુષ્ટિપ્રભુને પોતાને ઘરે પધરાવી સર્વસમર્પણ પૂર્વક એમની સેવા કરવાને બદલે જાહેર સ્થાનો (હવેલીઓ) માં પૈસા દઈ સેવા કરાવીને જ અનુનાયીવર્ગ સંતોષ માની લે છે. પછી ઘરે સેવા કરવાની એમને કોઈ જરૂર નથી લાગતી. શ્રીવલ્લભની આજ્ઞા પર નિષ્ઠાપૂર્વક ચાલવાવાળા (સિદ્ધાન્તવાદી) પણ આજે માર્ગમાં ઘણા અનુનાયીઓ છે. પણ માર્ગ (હવેલીઓ)માં સેવાના નામે થતા જાહેર પ્રદર્શનોથી એમના હ્રદય પણ વીંધાય છે. એવા જાહેર મંદિરો કે જ્યાં બધાને નફા-નુકશાનનો વિચાર છે, મનોરથીનો વિચાર છે પણ પ્રભુના સુખનો કોઈ વિચાર નથી. એવા વાતાવરણમાં શ્રીમહાપ્રભુજીનો ''ચેતસ્ તત્પ્રવણં સેવા'' નો ઉપદેશ કેટલી હદે શકય છે ? એવા વાતાવરણમાં ચિત્તની પ્રવણતા કેવી રીતે થઈ શકે છે કે જ્યાં ધર્મના નામે થતી આવી વ્યાવસાયિક પ્રવૃત્તિ ચાલતી જોઈને લાગે છે કે આપણા આચાર્યચરણ પ્રત્યેની આપણી

નિષ્ઠા મરી પરવારી છે.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જેમાં ચિત્ત પરોવાઈ જાય એ જ સેવા છે. ચિત્તની પ્રવણતા કેવી રીતે થાય ? ''તત્સિદ્ધ્યૈ તનુવિત્તજા''... પોતાના દેહ (શરીર)થી અને પોતાના વિત્ત(ધન)થી પ્રભુસેવા કરવી જોઈએ. શ્રીપ્રભુચરણ આજ્ઞા કરે છે... ધન દઈને અથવા લઈને કરવામાં આવતી સેવા ફલરૂપા માનસી સેવાને સાધી શકતી નથી એટલા માટે શ્રીઆચાર્યચરણે ''તનુજા-વિત્તજા'' અલગ ન કહી 'તનુવિત્તજા' સમસ્તપદ કહ્યું. આ વિષય પર શ્રીપુરુષોત્તમચરણ લખે છે... જો વિત્ત વેતનની જેમ દઈને સેવા કરાવવામાં આવે તો તેનાથી ચિત્તમાં રાજસ વધે છે, અહંકાર આવે છે. અને જો વિત્ત વેતનની જેમ લઈને સેવા કરવામાં આવે તો જેવી રીતે બ્રાહ્મણનું વરણ હોય પણ તેને યજ્ઞનું ફળ નથી મળતું (તેમ સેવા-મનોરથના નામે પૈસા લેનાર ગો.બા.ટ્રસ્ટ, મુખિયા વગેરેની સેવા નિષ્ફળ જાય છે). આથી સ્પષ્ટ થાય છે કે વિત્ત-પૈસા દઈને કરાવવામાં આવતી વિત્તજા સેવા અથવા વિત્ત લઈને કરવામાં આવતી તનુજા સેવા માનસીરૂપ ફળને નથી સાધી શકતી. આ બંને સેવા જયારે સાથે થાય છે, પોતાના તનથી અને પોતાના ધનથી જયારે તનુવિત્તજા સાથે કરવામાં આવે છે ત્યારે એ માનસી સિદ્ધ કરે છે. ... પરમ કૃપાળુ શ્રીવલ્લભે આપણને એમના સર્વસ્વ એવા વ્રજાધિપતિ પધરાવી આપ્યા. એવા પ્રભુને પોતાના સર્વસ્વ માનીને એમની સેવા કરવાને બદલે એ પ્રભુનો જ ઉપયોગ કરી પોતાના અર્થ સાધવાવાળા (હવેલીવાળાઓની ) શું ગતિ થશે એ તો પ્રભુ જ જાણે.

**(ખ)** ઘણો એવો વર્ગ છે જેને (સેવા-મનોરથ-કથા-કીર્તન વગેરેના) વ્યાપારીકરણનો વિરોધ જરા પણ પસંદ નથી. તેમની દલીલ હોય છે કે આનાથી પ્રચાર થાય છે, વ્યાપ વધે છે. પણ તેવા વ્યાપ વધારવાથી શું ફાયદો કે જેમાં કોઈ ફલશ્રુતિ જ ન હોય ! ... પહેલા જયારે દ્રવ્ય ખૂબ જ વધી જતું તો તેનો ભગવદ્ વિનિયોગ થાય તે ભાવથી પ્રભુને છપ્પનભોગ અરોગાવવામાં આવતો. આજે દ્રવ્ય ઘટી જાય તો છપ્પનભોગ કરવામાં આવે છે અને ભીડ ભેગી કરવામાં આવે છે.... આ (ધંધાકીય મનોરથોના) દૂષણના કારણે વધારે પડતા વૈષ્ણવોની એવી માનસિકતા બંધાઈ ગઈ કે ભેંટ ધરી દીધી એટલે ધર્મ નિભાવી લીધો. (સેવા-મનોરથ-દર્શનને) વેચવાવાળા (હવેલીવાળા)ને ખરીદવાવાળા મળી ગયા એટલે દૂષણ દિવસેને દિવસે વધતું ગયું. પણ દરેક પુષ્ટિમાર્ગીએ સમજવું પડશે કે ફકત ભેંટ ધરી દેવાથી ધર્મ નથી થઈ જતો. કેમકે ધર્મ કોઈ વેચવા કે ખરીદવાની વસ્તુ નથી. ... બીજાને સુધારવા કરતા પહેલા આપણે સુધરીયે તો ... સંપ્રદાય આ વ્યાપારીકરણના દૂષણથી મુકત થશે.

(**પૂ.પા.ગો.ચિ.શ્રીઅક્ષયકુમારજી મહોદય,** શ્રીકૃષ્ણાશ્રય હવેલી, રાજકોટ. કઃ શ્રીવલ્લભાયન માધુર્ય કાવ્ય, પ્રસ્તાવના, વિ.સં.૨૦૬૨. ખઃ ધર્મસેતુ, વર્ષ-૧, અંક-૩ પૃ.૩)

(૪૩)

**<u>મહાપ્રભુ શ્રીમદ્વલ્લભાચાર્ય વંશજ ગોસ્વામીઓનું સંયુકત ઘોષણાપત્ર - ૧૯૮૬</u>**

...જયાં સુધી સિદ્ધાન્તના નિશ્ચિત સ્વરૂપ કે વ્યાખ્યાનો પ્રશ્ન છે, અમે બધા ધર્માચાર્ય, આપણા સમ્પ્રદાયના પ્રવર્તક મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય તથા પરવર્તીઅન્ય પણ માન્ય બધા વ્યાખ્યાકારોના સન્દેહરહિત વિધાનોના આધારે આ સ્પષ્ટ શબ્દોમાં ઘોષિત કરીએ છીએ કે આપણા ધાર્મિક સિદ્ધાન્ત તેમજ પરંપરા અનુસાર ભગવત્સેવા-સેવાસ્થળ-સેવોપયોગિસમ્પતિ-સેવાકર્તા (ગુરુ કે વૈષ્ણવ) તેમજ ભગવત્સ્વરૂપનું ખાનગી અથવા પારિવારિક હોવું એક અનુલ્લંઘનીય ધાર્મિક અનિવાર્યતા છે. તેથી તેઓમાંથી કોઈને પણ સાર્વજનિક બનાવવું સર્વથા ધર્મવિરુદ્ધ હોવાના કારણે એક ઘોર ધાર્મિક અપરાધ છે.

...વાલ્લભ સમ્પ્રદાયના સિદ્ધાન્ત પ્રમાણે પોતાના ઘરમાં પોતાના ધનને તથા નિજ પરિવારજનોને ભગવત્ સ્વરૂપની સેવામાં ઉપયોગમાં લેવા એ જ આરાધનાનું વાસ્તવિક સ્વરૂપ છે.

...આથી પોતાના ઘરમાં ધનના વિનિયોગ વિના તથા પોતાના પરિવારના માણસોના સહયોગ વગર કરાતી આરાધના, વાલ્લભ સમ્પ્રદાયની આરાધનાની પરિભાષા પ્રમાણે આરાધના છે જ નહિ. આવી સ્થિતિમાં આમારા ઘરમાં આવતા લોકો દ્વારા અમારા સેવ્ય ભગવદ્સ્વરૂપના દર્શન કરવા કે ભેટ ધરવી વગેરે આચરણ આરાધનાની અન્તર્ગત માન્ય ક્રિયાકલાપ નથી.

...ભજન (સેવા) જો નિજ ઘરમાં નથી કરાતું તો એવા ભગવદ્ભજનને પુષ્ટિમાર્ગીય પરિભાષામાં ભગવદ્ભજન ન નથી કહેવાતું. પુષ્ટિમાર્ગમાં નિજઘરમાં રહીને ભગવદ્ભજન કરવાના પ્રકાર સિવાય બીજો કોઈ પ્રકાર છે જ નહિ.

...ભેટ ધરેલા ધનથહી ભોગ ધરેલી સામગ્રીને પ્રસાદરૂપે ગ્રહણ કરવી અમારે ત્યાં બિલકુલ વર્જિત છે... સાર્વજનિક મંદિરમાં દર્શનાર્થીજનસમુદાયના પ્રતિનિધિના રૂપમાં સેવા કરવાની પ્રક્રિયાને ન તો વાલ્લભસમ્પ્રદાયમાં કોઈ અવકાશ છે અને ન એવું આચરણ સિદ્ધાન્તની દૃષ્ટિએ પ્રશંસનીય પણ છે. ભગવત્સેવાનું અનુષ્ઠાન ન તો નોકરી કે ન તો ધંધાના રૂપમાં કરી શકાય છે. .... વાલ્લભસમ્પ્રદાયમાં ગો. મહારાજોને ... ભગવત્સેવાની અવેજીમાં કે પુજારીની હૈસિયતમાં કંઈ પણ ભેટ સ્વીકારવી માત્ર વર્જિત જ નથી બલ્કે અધર્મ તથા અયોગ્યતા સંપાદક છે.

...શ્રીમહાપ્રભુ બધા પુષ્ટિમાર્ગીઓની સૈદ્ધાન્તિક નિષ્ઠા સ્વધર્માનુસરણનું સામર્થ્ય તથા પારસ્પરિક સૌમનસ્ય પ્રદાન કરે.

...બધા પુષ્ટિમાર્ગીયોના નિજઘરોમાં બિરાજમાન સેવ્યસ્વરૂપ હંમેશા ખાનગી જ રહે. કયારેય સાર્વજનિક ન બની જાય ! ''બુદ્ધિપ્રેરક કૃષ્ણસ્ય પદપદ્મં પ્રસીદતુ''.

**હસ્તાક્ષર :**

પૂ.પા.ગો.શ્રીઅજયકુમારજી શ્રીશ્યામસુંદરજી (મદ્રાસ)

પૂ.પા.ગો.શ્રીશ્યામસુંદરજી શ્રીમુરલીધરજી (બોરીવલી)
પૂ.પા.ગો.શ્રીવ્રજપ્રિયજી શ્રીમુરલીધરજી (બોરીવલી)
પૂ.પા.ગો.શ્રીહરિરાયજી શ્રીકૃષ્ણજીવનજી (મુંબઈ)
પૂ.પા.ગો.શ્રીવલ્લભલાલજી શ્રીગોવિંદલાલજી (કડી-અમદાવાદ)
પૂ.પા.ગો.શ્રીહરિરાયજી શ્રીગોવિંદરાયજી (પોરબંદર)
નિ.લી.ગો. શ્રીવ્રજાધીશજી શ્રીકૃષ્ણજીવનજી (દહિસર)
પૂ.પા.ગો.શ્રીવ્રજેશકુમારજી શ્રીગોવિંદલાલજી (કડી-અમદાવાદ)
નિ.લી.ગો.શ્રીકૃષ્ણકુમારજી શ્રીરમણલાલજી (કાંદીવલી-કામવન)
પૂ.પા.ગો.શ્રીરાજેશકુમારજી શ્રીગોવિંદલાલજી (કડી-અમદાવાદ)
પૂ.પા.ગો.શ્રીવિજયકુમારજી શ્રીગોવિંદલાલજી (કડી-અમદાવાદ)
પૂ.પા.ગો.શ્રીયોગેશ્વરજી શ્રીમથુરેશ્વરજી (વડોદરા-સુરત)
પૂ.પા.ગો.શ્રીનવનીતલાલજી શ્રીગોવિંદલાલજી (કામવન-ભાવનગર)
પૂ.પા.ગો.શ્રીમુરલીમનોહરજી શ્રીવ્રજાધીશજી (દહિસર)
પૂ.પા.ગો.શ્રીરમેશકુમારજી શ્રીગોપીનાથજી (મુલુંડ-નાસિક)
પૂ.પા.ગો.શ્રીનીરજકુમારજી શ્રીમાધવરાયજી (મુંબઈ-નાસિક)
પૂ.પા.ગો.શ્રીશરદકુમારજી શ્રીમુરલીધરજી (પોરબંદર)
પૂ.પા.ગો.શ્રીચન્દ્રગોપાલજી શ્રીમુરલીધરજી (પોરબંદર)
નિ.લી.ગો.શ્રીનૃત્યગોપાલજી શ્રીકૃષ્ણજીવનજી (મુંબઈ)

**:: પત્ર દ્વારા સમ્મતિ ::**

નિ.લી.ગો. શ્રીબાલકૃષ્ણલાલજી શ્રીગોવિંદરાયજી (સુરત)
નિ.લી.ગો. શ્રીવ્રજભૂષણલાલજી મહારાજ (જામનગર)
પંચમપીઠાધીશ્વર નિ.લી.ગો. શ્રીગિરિધરલાલજી (કામવન-વલ્લભવિદ્યાનગર)
નિ.લી.ગો. શ્રીગોવિંદલાલજી (કોટા)

(**''મહાપ્રભુ શ્રીમદ્વલ્લભાચાર્યવંશજ ગોસ્વામીઓનું સંયુકત ઘોષણાપત્ર''** **૧૯૮૬.** પુષ્ટિસિદ્ધાન્તચર્ચાસભા સંક્ષિપ્ત વિવરણ, પૃષ્ઠ ૪૯-૭૮)

**(૪૪) શપથપત્ર**

શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તથી સર્વથા વિપરીત હોવા છતાંય જાહેર ટ્રસ્ટ મંદિરો/ જાહેર ખાનગી મંદિરોમાં થતા ભગવત્સેવાના ભવાડામાં ભેગા થઈને, ત્યાં નિત્યનિયમે દર્શન કરવા જવાના દુરાગ્રહથી, ધનોપાર્જન માટે કરવામાં આવતા મનોરથોની ઝાંખીના ધતિંગને આર્થિક કે બીજી રીતે સક્રિય પ્રોત્સાહન આપી, દેવદ્રવ્યથી ધરવામાં આવેલ ભોગ-સામગ્રીને કે જેનો પ્રસાદ લેતાં, શ્રીમહાપ્રભુજી આપણને 'મહાપતિત' ગણે, તેને પણ મોહવશ લઈને

તેમજ ભંડોળી ભાગવત કથાઓને આર્થિક કે બીજી રીતે પ્રોત્સાહન આપી આપણે આપણા શ્રીમદાચાર્યચરણ સાથે જબરદસ્ત વિશ્વાસઘાત કર્યો છે.

તેના પરિણામ રૂપે આજે આપણા દેશની સર્વોચ્ચ અદાલતે આપણા સિદ્ધાન્તોની અવગણના કરીને ત્રણ-ત્રણ ચુકાદાઓ આપણા વિરુદ્ધ આપ્યા છે. ... પારિવારિક ભાવનાથી પૂર્વમાં ફકત દર્શન માટે આપવામાં આવેલી છૂટના દુષ્પરિણામ રૂપે આજે સમ્પ્રદાયના ધર્મગુરુઓને પુજારીપણાની હલકી પાયરી ઉપર બધી રીતે પટકી દેવા માટે સમ્પ્રદાય વિરોધી કુનેહ સફળ થવા જાય છે. જતે દહાડે હતાશ ગોસ્વામીવર્ગ પોતાને દેવલક પુજારી માની બેસવાની માનસિકતાથી ઘેરાઈ જશે. આપણા દિવ્ય સમ્પ્રદાયની આવી દુર્ગતિ કરવરાની જવાબદારી વૈષ્ણવો ઊપર છે કે મહારાજશ્રીઓ ઊપર એ વિવાદનો વિષય હવે વીતી ગયો છે.

આવો આપણે શ્રીમહાપ્રભુજીથી આપણા દુષ્કૃત્યોની ક્ષમા-યાચના માંગીયે, સોગંદ લઈએ કે

(૧) પોતાના માથે બિરાજતા ન હોય તેવા કોઈ પણ શ્રીઠાકોરજીના દર્શનનો નિત્યનિયમ નહીં લઈએ, કે જેથી પુષ્ટિપ્રભુને નન્દાલય છોડી જાહેર અનાથાલયમાં બિરાજવાનો પરિશ્રમ થાય. કેમકે આપણે આવા દુષ્કૃત્યથી (તે ઠાકોરજીના દર્શન-સેવા કરવાનો) જાહેર જનતાનો કાનૂની અધિકાર ઊભો થતો હોય છે.

(૨) જે મનોરથો મનોરથીના પોતાના ધનથી પોતાના માથે અને પોતાને ઘરે બિરાજતા સ્વરૂપોના પોતાના અંગત ભગવદીયો સાથે ઉજવવા માટે નથી તેવા મનોરથોમાં ભેટ-સામગ્રી આપી કે દર્શન કરવા જઈને શ્રીમહાપ્રભુજીના શ્રીનિધિસ્વરૂપ, સમ્પ્રદાય કે સિદ્ધાન્ત ને હવે આપણે કદિ દગો નહીં આપીએ.

(૩) જાહેર મંદિરોમાં શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તોથી વિપરીત, દેવદ્રવ્યથી અથવા ગૈરબ્રહ્મસમ્બન્ધથી દર્શનાર્થીઓના દ્રવ્યથી ધરવામાં આવતી ભોગ-સામગ્રી શ્રીપુષ્ટિપ્રભુ આરોગતાં જ નથી. તેથી તે પ્રસાદ છે જ નહિ, બલ્કે કોઈપણ સંજોગોમાં પાતિત્યકારક જ છે. તેથી હવે આપણે તે (દેવદ્રવ્યનો પ્રસાદ) કદિ પણ લઈશું નહીં.

(૪) ભંડોળ ભેગું કરવા માટે જાહેરમાં કરવામાં આવતા ભગવત્મનોરથો કે ભાગવતકથા માં દર્શન-શ્રવણ માટે હવે કદિ પણ ભેગા થઈશું નહીં કે જેથી તેવી દુષ્પ્રવૃત્તિઓને પ્રોત્સાહન (આર્થિક કે સક્રિય સહયોગના રૂપે) મળી રહે.

આજ દિવસ સુધી આમ જે શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું ઉલ્લંઘન અજ્ઞાનવશ કે મોહવશ થઈ ગયું તે અમારા અપરાધને શ્રીપુષ્ટિપ્રભુ, શ્રીમહાપ્રભુજી અને શ્રીપ્રભુચરણો ક્ષમા કરે ! તેઓ પોતાની પુષ્ટિસૃષ્ટિના જીવોને પુષ્ટિપથની યાત્રામાં અગ્રસર થવા મતિ, રતિ અને ક્રિયાશકિત પ્રદાન કરે ! **''બુદ્ધિપ્રેરકકૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ !''**.

(**શપથપત્ર સ્થળ :** મનુ ભવન, ભગતસિંહ રોડ, પારલે (પશ્ચિમ), મુંબઈ-૫૬, તારીખ : ૧૨-૯-૧૯૮૬)

**:: શપથ લેનારની સહી ::**

કિશોરચન્દ્ર ગોસ્વામી (જુનાગઢ)
રઘુનાથ ગોસ્વામી (ગોકુળ-કામવન-પાર્લા)
શ્યામ મનોહર ગોસ્વામી (કિશનગઢ-પાર્લા)
યોગેશ ગોસ્વામી (ગોકુળ-કામવન-પાર્લા)
શરદ્ ગોસ્વામી (માંડવી-હાલોલ)

**''દાને હિ ન સ્વવિનિયોગઃ''** પ્રભુને દાન-ભેટસ્વરૂપે અર્પણ કરેલ વસ્તુ દેવદ્રવ્ય બની જાય છે. દેવદ્રવ્યનો ઉપયોગ (પ્રસાદ સ્વરૂપે પણ) પોતાનાથી કરી શકાતો નથી. પરન્તુ પોતાના માથે બિરાજતા પ્રભુની સેવામાં સમર્પિત કરાતી વસ્તુ દેવદ્રવ્ય બનતી નથી તેથી મહાપ્રસાદ તરીકે પોતાના ઉપયોગમાં લઈ શકાયછે. (નવરત્ન, શ્રીપ્રભુચરણકૃત વિવૃ.પર શ્રીપુરુષોત્તમજીની વિવૃતિ)

# ॥ ષોડશગ્રન્થમહાત્મ્યમ્ ॥

શ્રીમદાચાર્યચરણઃ સ્વીયાનાં ભક્તિસિદ્ધયે ॥ અકાર્ષુઃ ષોડશગ્રન્થાન્ સ્વસિદ્ધાન્તાર્થબોધનમ્ ॥૧॥
તદ્વ્યાખ્યાનં કૃતં પૂર્વૈઃ પ્રભુભિશ્ચ પૃથક્ કવચિત્ । યમુનાષ્ટકમ્ આરભ્ય સેવાફલમ્ ઉદાહ્રતાઃ ॥૨॥
એવં ષોડશભિર્ ગ્રન્થૈઃ પુરુષોત્તમ-સેવનમ્ ॥ પ્રતિપાદ્ય ફલત્વેન ચક્રે જીવોદ્ધૃતિં વિભુઃ ॥૩॥
અવતારદશાયન્તુ ઉદ્ધૃતી રૂપદર્શનાત્ ॥ ઇહ નામાત્મકૈર્ ગ્રન્થૈઃ સ્વદાસાનાં સદોદ્ધૃતિઃ ॥૪॥
તસ્માત્ સર્વપ્રયત્નેન દૈવૈઃ કર્તવ્યમેવ હિ ॥ સેવનં શ્રીવ્રજેશસ્ય તદ્ગ્રન્થાનાં ચ પાઠનમ્ ॥૫॥
॥ ઇતિ શ્રીદ્વારકેશચરણવિરચિતં ષોડશગ્રન્થમાહાત્મ્યમ્ ॥

## ॥ ષોડશગ્રન્થ અને શ્રીવલ્લભના અંગો ॥

કર મન શ્રીવલ્લભ-અંગન ધ્યાન । વામચરન 'કૃષ્ણાશ્રય' હોય કે દક્ષિનચરન 'સિદ્ધાન્ત' બખાન ॥ ૧ ॥
વામઉરૂ 'નવરત્ન' કહિયે । દક્ષિનઉરૂ 'ભક્તિવર્ધિની' જાન । વામભુજા 'વિવેકધૈર્યાશ્રય' જાનિકે । દક્ષિન ભુજા 'પુષ્ટિપ્રવાહમર્યાદા' જાન ॥ ૨ ॥
નાભિ 'અંતઃકરણ' કહિયે । 'સિદ્ધાન્તમુક્તાવલી' હ્રદય આન 'બાલબોધ' શ્રીમુખારવિન્દમેં । 'જલભેદ' કંઠ કર ગુણગાન ॥ ૩ ॥
'સંન્યાસનિર્ણય' ભાલજુ ઝલકે । મસ્તક 'નિરોધ' પ્રમાણ 'પચપદ્યાનિ' બુદ્ધિ માનિયે । 'યમુનાષ્ટક' મન માન ॥ ૪ ॥
અહંકાર 'ચતુઃશ્લોકી' જાનિયે । 'સેવાફલ' શુદ્ધ જાન નિત્ય પ્રતિ ક્ષણ-ક્ષણ સ્મરન કીજે । રસિક શ્રીવલ્લભ જાન ॥ ૫ ॥

| ક્રમ | ગ્રન્થ | શ્રીમહાપ્રભુજીના શ્રીઅંગનું સ્વરૂપ | શ્લોક સંખ્યા | રચના સંવત | સ્થાન | વર્ણિત વિષય | ક્યા ભગવદીય માટે પ્રકટ થયો | પુષ્ટિભક્તિનું અંગ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | શ્રીયમુનાષ્ટકમ્ | દક્ષિણ અંગ | ૯ | ૧૫૪૯ | ગોકુલ | શ્રીયમુનાજીની | શ્રીયમુનાજી | ભક્તિ |
| ૨ | બાલબોધ | મુખારવિંદ | ૧૯॥ | ૧૫૫૦ | પુષ્કરરાજ | લૌકિકમોક્ષ-પુરુષાર્થનુંનિરૂપણ | નારાયણદાસ કાયસ્થ | આશ્રય |
| ૩ | સિદ્ધાંતમુક્તાવલી | હ્રદય | ૨૧ | ૧૫૫૫ | જતિપુરા | સ્વસિદ્ધાંતરૂપ કૃષ્ણસેવા એવં બ્રહ્મવાદનું નિરૂપણ | અચ્યુતદાસ સનોઢિયા | સેવા |
| ૪ | પુષ્ટિપ્રવાહમર્યાદા | દક્ષિણભુજા | ૨૫॥ | – | – | માર્ગભેદ, સર્ગભેદ એવં ફલભેદનું નિરૂપણ | – | સેવા |
| ૫ | સિદ્ધાંતરહસ્ય | દક્ષિણચરણ | ૮॥ | ૧૫૪૯ | ગોકુલ | બ્રહ્મસંબંધની આજ્ઞા | દામોદરદાસ હરસાની ગોકુલદાસ | સમર્પણ |
| ૬ | નવરત્ન | વામઉરૂ | ૯ | ૧૫૫૮ | અડેલ | ઉદ્વેગરૂપ પ્રતિબન્ધનું વારણ | ગોવિંદદુબે સાંચોરા, મુરારિઆચાર્ય | સમર્પણ |
| ૭ | અન્તઃકરણપ્રબોધ | નાભિ | ૧૦॥ | ૧૫૨૭ | અડેલ | ભગવદ્-અપરાધ તથા પશ્ચાતાપરૂપ ઉદ્વેગનું નિરૂપણ | સ્વચંના માટે, એક વિરકત વૈષ્ણવ | સમર્પણ |
| ૮ | વિવેકધૈર્યાશ્રય | વામભુજા | ૧૭ | – | – | વિવેકધૈર્યઆશ્રય સ્વરૂપ એવં સિદ્ધાંત નું નિરૂપણ | – | આશ્રય |
| ૯ | કૃષ્ણાશ્રય | વામચરણ | ૧૧ | ૧૫૭૦ | અડેલ | શ્રીકૃષ્ણથી અતિરિકત અન્ય સાધનોની વિફલતાનું નિરૂપણ | બુલામિશ્ર | આશ્રય |
| ૧૦ | ચતુશ્લોકી | દક્ષિણકર્ણ | ૪ | ૧૫૮૦ | કાશી | પુષ્ટિમાર્ગીય ચતુર્વિધ ઉપાયોનું નિરૂપણ | રાણાવ્યાસ, ભગવાનદાસ સાંચોરા | ભક્તિ |
| ૧૧ | ભક્તિવર્ધિની | દક્ષિણઉરૂ | ૧૧ | ૧૫૫૨ | ગુજરાત | ભક્તિને વધારવાના ઉપાયોનું નિરૂપણ | પુરુષોત્તમ જોષી | ભક્તિ |
| ૧૨ | જલભેદ | કંઠ | ૨૧ | – | – | ભગવત્કથા કરવાવાળા વક્તાના ભેદ | – | ભક્તિ |
| ૧૩ | પંચપદ્યાનિ | વામકર્ણ | ૫ | – | – | શ્રોતાના ભેદ | – | આશ્રય |
| ૧૪ | સન્યાસનિર્ણય | લલાટ | ૨૨ | ૧૫૫૧ | બદરિકાશ્રમ | ભક્તિમાર્ગીય ત્યાગનું નિરૂપણ | નરહરિ સન્યાસી, એક વિરકત | સેવા |
| ૧૫ | નિરોધલક્ષણ | મસ્તક | ૨૦ | ૧૫૬૬ | – | નિરોધના લક્ષણ એવં ઉપાયનું નિરૂપણ | રાજા દુબે, માધવ દુબે | સમર્પણ |
| ૧૬ | સેવાફલ | વામ અંગ | ૭॥ | ૧૫૮૨ | આગરા | સેવામાં અનુભૂત થતા ફલ એવં તેમાં આવતા પ્રતિબન્ધોનું નિરૂપણ | વિષ્ણુદાસ છીપા | સેવા |

## પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર દ્વારા પ્રકાશીત પ્રકાશનો

| | | |
|---|---|---|
| ૧. | પુષ્ટિવાક્સુધા | ૧૫-૦૦ |
| ૨. | જિન શ્રીવલ્લભ રૂપ ન જાન્યો | ૭૦-૦૦ |
| ૩. | સિદ્ધાન્તમુક્તાવલી | અપ્રાપ્ય |
| ૪. | સિદ્ધાન્ત સૂક્તિ | નિઃશૂલ્ક |
| ૫. | વિશોધનિકા : (દે ધના ધન, ભાગ-૪) | નિઃશુલ્ક - અપ્રાપ્ય |
| ૬. | સિદ્ધાન્ત રહસ્ય | અપ્રાપ્ય |
| ૭. | શ્રીકૃષ્ણાશ્રય (શ્રીકલ્યાણરાયજીની ટીકા) | અપ્રાપ્ય |
| ૮. | ચિરકુટ ચર્ચા સમીક્ષા | નિઃશૂલ્ક |
| ૯. | ધર્માધર્માગ્રદર્શનમ્ | અપ્રાપ્ય |
| ૧૦. | શ્રીભાગવત સુધા - રસબિંદુ | ૧૫-૦૦ |
| ૧૧. | શ્રીસર્વોત્તમસ્તોત્રમ્ | ૧૫-૦૦ |
| ૧૨. | શ્રીયમુનાષ્ટકમ્ | ૧૫-૦૦ |
| ૧૩. | બાલબોધ અને પંચપદ્યાનિ | ૫-૦૦ |
| ૧૪. | સિદ્ધાન્તરહસ્ય અને નિરોધલક્ષણ | ૧૦-૦૦ |
| ૧૫. | સિદ્ધાંતમુકતાવલી અને પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ | ૫-૦૦ |
| ૧૬. | નવરત્નમ્ અને અંતઃકરણપ્રબોધ | ૧૦-૦૦ |
| ૧૭. | વિવેકધૈર્યાશ્રય | ૫-૦૦ |
| ૧૮. | શ્રીકૃષ્ણાશ્રય | ૫-૦૦ |
| ૧૯. | ચતુઃશ્લોકી, ભક્તિવર્ધિની અને જલભેદ | ૧૦-૦૦ |
| ૨૦. | સંન્યાસનિર્ણય અને સેવાફલ | ૧૦-૦૦ |
| ૨૧. | કૃષ્ણએવ તાત્પર્યમ્ | નિઃશૂલ્ક |

### :: આગામી પ્રકાશનો ::

★ પુષ્ટિવિધાનમ્-૩ સહકારીણી
★ શિક્ષાપત્ર સાર સંચય
★ શ્રીમદ્ ભગવદ્ ગીતા સાર સંચય
★ પુષ્ટિમાર્ગીય મર્યાદાના ૨૪ સૂત્રો
★ શ્રીમદ્ ભાગવત ચિંતન પ્રથમ-દ્વિતીય સ્કન્ધ (મુંબઈ)
(પ્રવક્તા : ગો.શ્રીશ્યામમનોરહજી) (વ્રજભાષા)

### :: પ્રાપ્તિસ્થાન ::

૨૧૪, અમરદિપ કોમ્પલેક્ષ, ૨-૨જપુતપરા, રાજકોટ.
(પ્રવિણ વી. ડઢાણીયા, મો. ૯૪૨૭૪૯૫૧૫૯)